# જાતિ સ્મરણ વીણા વાગે !
# એના નાદે આતમ જાગે !

## શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ગણધરોની જીવન કથા




લેખિકા
પૂ. સાધ્વીજી
શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી



પ્રકાશક
વિશ્વ મંગલ પ્રકાશન મંદિર
પાટણ (ઉત્તર-ગુજ.)

# જાતિ સ્મરણ વીણા વાગે !

# એના નાદે આતમ જાગે !

## શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ગણધરોની જીવન કથા

-: આલેખિકા :-

સ્વ. પૂ. સાધ્વીજી શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.ના શિષ્યા

પૂ. સાધ્વીજી શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.

—: પ્રેરણાદાતા :—

સ્વ. પૂ. પ્રશાંતમૂર્તિ સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મ.ના શિષ્યા

પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

પ્ર....કા....શ...ક

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર

પાટણ (ઉ. ગુજ.)

# જાતિ સ્મરણ વીણા વાગે ! એના નાદે આતમ જાગે !

[શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ગણધરોની જીવન કથા]

o શ્રી શુભદત્ત
o શ્રી આર્યઘોષ
o શ્રી વસિષ્ઠ
o શ્રી બ્રહ્મ
o શ્રી સોમ
o શ્રીધર
o શ્રી વારિષેણ
o શ્રી ભદ્રયશ
o શ્રી જય-વિજય


પ્ર...કા...શ...ક

શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર

મંત્રી– શ્રી મણિલાલ સરૂપચંદ ભાટીયા
શા. રતિલાલ અમૃતલાલ વકીલ
શા. જયંતિલાલ મણિલાલ
શ્રી રસિકલાલ કાંતિલાલ પરીખ

ગોળ શેરી, કેસર નિવાસ, પાટણ

: પ્રથમ મુદ્રણ :

વીર સં. ૨૫૧૦ વિ. સં. ૨૦૪૦

દીપાવલિ-પર્વ, તા. ૨૪-૧૦-૮૪.

મૂલ્ય : રૂપિયા : ૧૧-૦૦

-: મુદ્રક :-

કાંતિલાલ ડી. શાહ
ભરત પ્રિન્ટરી દાણાપીઠ પાછળ, પાલિતાણા

## -લેખકીય-

# ઉપકારીઓનું સસ્નેહ-સંસ્મરણ

૧ પૂજ્ય પરમોપકારી શાસનપ્રભાવક, વાત્સલ્યમહોદધિ, જિનાજ્ઞાનાં પ્રખર હિમાયતી, જેમની આંતરિક કૃપાબળે આ કાર્ય કરવા સમર્થ થઇ છું, તે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજા.

૨ સાહિત્યપ્રેમી, સાહિત્ય સર્જક, ગુરુપારતન્ત્ર્ય ગુણનાં ધારક તાર્કિક શિરોમણિ જ્ઞાનાદિ પ્રવૃત્તિમાં પ્રેરણા કરનારા સ્વ. પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

૩ શ્રુતોપાસક, શ્રુતરક્ષક, ગુર્વાજ્ઞાને પ્રાણસમ ગણનારા, શ્રુતસહાયક, પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવંત શ્રી મહિમાવિજયજી ગણિવર.

૪ મુદ્રણ-પ્રકાશન લેખનકાર્યમાં સચોટ માર્ગદર્શન આપનારા પૂજ્ય મુનિપ્રવરશ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિપ્રવર શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ.

૫ સ્વાધ્યાયપ્રેમી, વાત્સલ્યમૂર્તિ અદૃશ્યકૃપા વર્ષાવનારા વિદુષી સ્વ. પૂ. સાધ્વીજીશ્રી દર્શનશ્રીજી મ. સા.

૬ આ પુસ્તિકાનાં લેખનકાર્યમાં સતત પ્રેરણા કરનાર વડીલવર્ય પૂ. સા. શ્રી હંસશ્રીજી મહારાજ તથા પૂ. સા. શ્રીહર્ષપૂર્ણાશ્રીજી મ.

૭ સંયમ જહાજમાં બેસાડી, મુક્તિ કિનારો બતાવનારા વાત્સલ્યના પીયૂષપાન કરાવનારા, આ પુસ્તકનું પ્રેસમેટર તૈયાર કરી, અશુદ્ધિનું પ્રમાર્જન કરી આપનારા મુજ મનમંદિરવાસી ગુરુમાતા સ્વ. પૂ. ગુરુણીજી શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મહારાજ.

વળી જેમણે મને આ કાર્યમાં સહાય કરી, તે નામી-અનામી શ્રાવકો-શ્રાવિકાઓનો સાથ અનુમોદનીય છે. શ્રુતભક્તિમાં લાભ લેનાર દાતાઓનો પ્રયત્ન પણ અનુમોદનીય છે.

અંતે પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો "મિચ્છામિ દુક્કડં"

—સૌમ્યજ્યોતિશ્રી

# સ્મરણાંજલિ

પરમતારક પ્રશાંતમૂર્તિ સમર્થ સાહિત્યકાર આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

આપશ્રીએ બહેન મહારાજશ્રી દર્શનશ્રીજી મહારાજના

સમગ્ર પરિવાર ઉપર અપૂર્વ વાત્સલ્ય-ઝરણું

વહાવી પ્રભુ આજ્ઞા કેમ પાળવી ? વગેરેનું

સચોટ માર્ગદર્શન આપી અમને ભવસાગરથી

પાર ઉતારવા જે અનેકાનેક સુપ્રયત્નો

કર્યા છે, તે બધા અગણિત ઉપકારોની

સ્મૃતિરૂપે આ ગ્રંથને આપશ્રીના

શ્રેયાર્થે સ્મરણાંજલિરૂપે અર્પણ

કરતાં આનંદ અનુભવીએ

છીએ.

—સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી

—સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી

પૂ. આચાર્યદેવશ્રી કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા




જન્મ : વિ.સં. ૧૯૭૨ કા. વ. ૫ * દીક્ષા : વિ.સં. ૧૯૮૩ વૈ.સુ. ૧૧

સ્વર્ગારોહણ: વિ.સં. ૨૦૩૮ પ્ર. આ. સુ. ૯

## પ્ર૦કા૦શ૦કી૦ય

કથા-વિષયક પ્રકાશનો દ્વારા શ્રી વિશ્વ મંગલ પ્રકાશન મંદિર-પાટણે જે સાહિત્ય સંઘ-સમાજ સમક્ષ પીરસ્યું છે, એમાં આજે એક એવા ગ્રંથનો ઉમેરો થઈ રહ્યો છે કે, જે પૂર્વના પ્રકાશનોની જેમ અવસ્ય લોકો માટે પ્રિય, પ્રેરક અને બોધક થઈ પડશે. પૂ. આ. શ્રીમદ્‌ **વિજયકનકચન્દ્રસૂરીશ્વરજીમહારાજા**ની કૃપાદૃષ્ટિ અમારી મોંઘેરી મૂડી હતી, એથી એઓશ્રીની પ્રેરણાનુસાર, એઓશ્રીના જ સંસારી બહેન પૂ. વિદુષી સાધ્વીજીશ્રી દર્શનશ્રીજી મહારાજના સમુદાયવર્તી પૂ. સાધ્વીજી સૌમ્યજ્યોતિશ્રીજીની કલમે ભાવાનુવાદિત થયેલ **"જાતિ સ્મરણ વીણા વાગે એના નાદે આતમ જાગે"** નું પ્રકાશન કરતા અમારી સંસ્થા અનેરો આનંદ અનુભવે છે.

શ્રી પાર્શ્વનાથપ્રભુજીની જીવન-કથા આપણા સંઘમાં જેટલી સુપ્રસિદ્ધ છે. એટલી જ અપ્રસિદ્ધ એ તારક-પ્રભુના ૧૦ ગણધર-ભગવંતોની આ જીવન-કથા છે. આ અપ્રસિદ્ધ કથાને પ્રસિદ્ધિમાં મૂકવાનું યત્કિંચિત પુણ્ય ઉપાર્જન કરવામાં અમને નિમિત્ત-માત્ર બનવાનો લાભ મળી રહ્યો છે. એ બદલ પૂજ્ય આચાર્ય ભગવંતના શિષ્યરત્ન અમારા માર્ગદર્શક પૂ. ઉપાધ્યાયજી શ્રી મહિમાવિજયજી ગણિવરનો ઉપકાર અમે ભૂલી શકીએ એમ નથી. પૂજ્ય આચાર્યદેવશ્રીના કાળધર્મ બાદ પણ આ સંસ્થાની પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિ આજે ચાલી રહી છે. એ પ્રભાવ પૂ. ઉપાધ્યાયજી મહારાજનો છે.

પૂજ્યપાદશ્રીના સ્વર્ગગમન બાદ કથારત્ન મંજૂષા, ધર્મકા મર્મ અને સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જેવા સર્વોપયોગી ગ્રંથરત્નોના પ્રકાશનની શ્રેણીમાં આજે એક કથા ગ્રંથની વૃદ્ધિ થઈ રહી છે. અને એમાં અમારી આ સંસ્થા પોતાનો ફાળો નોંધાવવા બડભાગી બની શકી છે. એ બદલ

માર્ગદર્શક–પ્રેરક પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી મહિમાવિજયજી ગણિવર

—મુદ્રણપ્રકાશન અંગે સહયોગ દાખવનાર પૂજ્યમુનિરાજશ્રી વજ્રસેન-વિજયજી મ. પૂજ્ય મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.

—આ પુસ્તકના પ્રેરકો પૂજ્ય સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. તથા પૂજ્ય સ્વ. સાધ્વીજી શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ. તથા લેખિકા પૂજ્ય સાધ્વીજી શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.

—સુંદર મુદ્રણ કરી આપનાર પાલીતાણા ભરત પ્રિન્ટરીના માલિક શ્રી કાંતિલાલ ડી. શાહ આદિ સૌના અમે ઋણી છીએ.

પાટણ (ઉ. ગુ.)
આસો સુદ પંચમી

વિશ્વમંગલ પ્રકાશન મંદિર

બોધક

જીવન-કથા

: પૂ. મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ :

**જૈન**શાસનનું કથાનુયોગનું સાહિત્ય ખૂબ જ વિશાળ છે. એમાં એવી ઢગલાબંધ કથાઓ વાચવા મળે છે કે-જેમાં જાતિ સ્મરણની વીણાનો નાદ સાંભળીને કથાનાયકનો આત્મા જાગી ઊઠયો હોય! જાતિનું સ્મરણ થયા પછી પરિવર્તન પામેલા આત્માઓની જેટલી કથાઓ પ્રસિદ્ધ છે. એના કરતા અપ્રસિદ્ધ કથાઓ અનેક ગણી છે અને એ અપ્રસિદ્ધ કથાનકોમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦ ગણધરોની પૂર્વભવ-કથાઓ તો અજોડ છે. એકેક ગણધરની જીવનકથા એવી તો અદ્દભુત છે કે, જેમાં સંસાર પ્રત્યે વિરાગ જગાવવાની અમોઘ-શક્તિના ભંડાર ભરેલા છે.

જીવનમાં અજબ ઘડી જ્યારે આવે છે, ત્યારે વર્ષોનો પાપી આત્મા પળવારમાં કઈ રીતે અને કેટલો બધો પાવન બની જાય છે. જાતિનું સ્મરણ જ્યારે લાધે છે, ત્યારે કામી, ક્રોધી અને કુસંગી જીવનનો ગુલામ કઈ રીતે અકામી, અક્રોધી અને સત્સંગી જીવનનો સ્વામી બની જાય છે. એનો હૂબહૂ-ચિતાર રજૂ કરતી આ ગણધર-કથાઓ ખરેખર વાચવા જેવી છે, કારણ કે, એનું વાચન આપણને વિચારમાં મૂકી દે એવું છે અને એની વિચારણામાં એવી તાકાત છે કે, આપણામાં ક્ષણ માટે તો ભવ-વિરાગ અને શિવ-રાગ જાગી જ ઉઠે!

શ્રી પાર્શ્વપ્રભુના ૧૦ ગણધરોની શુભ નામાવલિ આ મુજબ છે: **“શ્રી શુભદત્ત, શ્રી આર્યઘોષ, શ્રી વસિષ્ઠ, શ્રી બ્રહ્મ, શ્રી સોમ, શ્રીધર, શ્રી વારિષેણ, શ્રી ભદ્રયશ અને શ્રી જય-વિજય.**

શ્રી દેવભદ્રસૂરિજી મહારાજે **'सिरि पासनाह चरियं'** નામે એક ચરિત્ર-ગ્રંથ રચ્યો છે. આમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવન ઉપરાંત પ્રભુના ૧૦ ગણધરોની જીવનકથા પણ પ્રાકૃતભાષામાં વિસ્તૃત રીતે આલેખવામાં આવી છે. આ ચરિત્ર ગ્રંથના આધારે **'જાતિસ્મરણ વીણા વાગે એના નાદે આતમ જાગે'**નું આલેખન કરવાનો શુભ પ્રયાસ **સાધ્વીજી શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી**એ કર્યો છે.

પરમ પૂજ્ય સુપ્રસિદ્ધ પ્રવચનકાર સાહિત્યકાર આચાર્યદેવ **શ્રીમદ્ વિજયકનકચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની પ્રેરણા પામીને સાધ્વીજી **શ્રી હર્ષપૂર્ણાશ્રીજી** અને સાધ્વીજી **શ્રીજયપ્રજ્ઞાશ્રીજી**ની ગુરુનિશ્રામાં ગણધરોની જીવનકથાને 'શ્રીપાસનાહ ચરિયં'ને નજર સમક્ષ રાખીને લખવાનો પ્રયાસ એ રીતે થયો છે કે, જેથી પાસનાહ ચરિયંની કથાવસ્તુને ગુજરાતીમાં સહેલાઇથી સમજી શકાય. પૂજ્ય આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયજી મહારાજ **શ્રી મહિમાવિજયજી** ગણિવરની પ્રેરણાથી આ પુસ્તક **શ્રી વિશ્વમંગલ પ્રકાશન મંદિર પાટણ,** દ્વારા પ્રસિદ્ધ થઇ રહ્યું છે, જેથી ચરિત્ર-ગ્રંથોના અનુવાદ-ભાવાનુવાદના સાહિત્યમાં એક સુંદર ગ્રંથની અભિવૃદ્ધિ કરવા સંસ્થા સૌભાગી બની છે, એમ નિઃશંક કહી શકાય.

**'જાતિસ્મરણ વીણા વાગે, એના નાદે આતમ જાગે'**માં શબ્દસ્થ થયેલી ગણધર-કથાઓના વાચન દ્વારા ભવથી ભીતિ, સુખથી વિરતિ, પ્રભુથી પ્રીતિ અને ધર્મમાં ધૃતિ પામવાનું બળ મેળવવા સૌ કોઈ સમર્થ બને એજ કલ્યાણ-કામના.

**આશ્વિનસ્ય પ્રથમ દિવસે**
પન્નારૂપા યાત્રિકગૃહ,
પાલિતાણા, તા. ૨૬-૯-૮૪

**મુનિપૂર્ણચન્દ્રવિજય**

## પૂજ્યપાદ પરમકરૂણાવત્સલ પ્રશાંતમૂર્તિ સુપ્રસિદ્ધ સાહિત્યકાર અપ્રતિમ પ્રભાવશાળી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની

# જીવન-જયોતના અજવાળા

### લેખિકા : પૂ૦ સા૦ શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ

સંસાર ચાલ્યો જાય છે, વણથંભ્યો ચાલ્યો જાય છે, જ્યાં જન્મ મરણની ઘટમાળો અવિરત વહેતી જ રહે છે, સંસારનું આ નક્કર સત્ય છે, દુનિયાના પૃષ્ઠમાં અનંતાનંત જન્મ-મરણોની કોઈ નોંધ લેવાતી નથી. પણ તેની જ નોંધ લેવાય છે કે, જેઓ જન્મીને અવતરીને પોતાના જીવનને ધર્મક્ષેત્રમાં જોડી દે છે, સંસારથી સંસારના દેખીતા સોહામણા પદાર્થોથી આત્માના પ્રદેશને દૂર રાખે છે, ને વીતરાગ શાસનના સુવાસિત ચરણે સમગ્ર જીવનને સમર્પિત કરી દે છે.

આવા મહાન વ્યકિતત્વને ધરાવનારાઓની જ ઇતિહાસ નોંધ લે છે. તેમાના એક મહાન આચાર્ય ભગવંત કે, જેઓ પ્રશાંતમૂર્તિ સુપ્રસિદ્ધ સાહિત્યકાર દીર્ઘચારિત્રપર્યાયી સૂરિપુરંદર તરીકે જગતમાં ઉપસ્થિત થયા, ને ૫૫ વર્ષોની સુવિશુદ્ધ ચારિત્રજીવનની ચમક રેલાવી અનેકોને તારક એવા વીતરાગ-પરમાત્માના શાસનના રસિયા બનાવી ૨૦૩૮ ની સાલમાં અમદાવાદ (રાજનગર) મુકામે આસો સુદ ૯ રવિવારે સ્વર્ગીય ભૂમિમાં ચાલ્યા ગયા.

આ મહાપુરૂષનો જન્મ (રાજનગર) અમદાવાદ વાઘણપોળ ઝવેરીવાડમાં નિવસતાં ખડખડ કુટુંબના સુશ્રેષ્ઠીવર્ય સકરચંદભાઈના ઉત્તમકુળમાં શ્રી શણગારમાતાની અણમોલી રત્નકુક્ષીએ વિ સં. ૧૯૭૨ના કાર્તિક વદ ૫ ની પ્રભાતે થયેલ, જાણે દિવ્યલોકમાંથી આવેલ ન હોય,

આ બાળકનું શુભ નામ પાડ્યું કલ્યાણ! જાણે આગામી કાળે સ્વ-પરનું કલ્યાણ જ ન કરવાનો હોય તે સંકેત જાણે તરવરતો હતો. તેમનાથી એક મોટા બહેન હતા, તેઓ પણ ખૂબ પુણ્ય લઈને અવતર્યા હોય, તેમ જણાતાં હતાં. તેમનું નામ હતું લીલાવતી. બંને બાળકો મોટા થવા લાગ્યા. પણ સંસારની ઘટના સદાય ચિત્રવિચિત્ર જ હોય છે. તેની આગળ મોટા મોટા મહારથીઓ પણ વામણા છે. કોઈ અશુભકર્મના યોગે ભાઇ કલ્યાણ સવા વર્ષના થયા, ને બહેન લીલાવતી ત્રણ વર્ષનાં થયાં, ત્યાં તો તેમની વહાલસોયી માતાએ પરલોકના પંથે પ્રયાણ કર્યું.

આ આઘાત તેઓના પિતાશ્રી સકરચંદભાઈને ઘણો લાગ્યો. બાળકો તો નાના-નાના હતાં. પણ આ આઘાત જીરવ્યે જ છૂટકો હતો. પ્રભુશાસનના અનુરાગી આવા વિનશ્વર પદાર્થોના બનાવને સમજતાં જ હોય છે. જેથી સંસારની અસારતા વિચારી ધર્મધ્યાનમાં સુદૃઢ રહેતા હોય છે. પિતાશ્રી સકરચંદભાઈ ધર્મનિષ્ઠ હતાં. નિત્ય દેવદર્શન-પૂજા જિનવાણીનું શ્રવણ 'સદ્ગુરૂ વંદન' વગેરેમાં રકત હતાં, તેથી આ શોકમય પ્રસંગની અસરમાં તણાયા વિના વિશેષ વૈરાગ્યવાન બની બીજા બાળકોને સંસ્કારોના અમીપાન કરાવી એવા સુંદર તૈયાર કર્યા કે, બન્ને ભાઇ-બ્હેનની જોડલી ઉત્તમ મનોરથ સેવવા લાગી. નાનો ભાઇ કલ્યાણ અને બ્હેન લીલાવતી! બન્ને સ્વરૂપે પણ રૂપરૂપનાં અંબાર હતાં. તેજસ્વી મુખડું! ગોરા ગોરા ગાલ, સુંદર ચાલ, સૌ એને જોતાં ને હરખાતાં. હાથમાં પૂજાનો થાળ લઈ ધોતીયુંને ખેસ પહેરીને જ્યારે નીકળતાં ત્યારે તો સૌ જન તેના પ્રત્યે આકર્ષાતા, અને એકીટસે જોઈ રહેતાં અને કહેતાં કે, કલ્યાણ! (ભગતભાઇ) કેવો રાજકુમાર જેવો દીપે છે!

આ બંન્ને બાળકોએ પિતાશ્રીનાં સુંદર સંસ્કારોને ઝીલી કોઈ દિવસ રાત્રિભોજન કર્યું નથી, સીનેમા પીક્ચર જોયાં નથી, કંદમૂળ કે

અભક્ષ્ય પદાર્થોનો પડછાયો પણ લીધો નથી, કેવા ઉત્તમ આ સંતાનો ને કેવા તેઓના પિતા? ખરેખર પુણ્યાત્માઓ પૂર્વભવથી જ પુણ્ય-કર્મનો સંચય કરી, રાગદ્વેષથી ભરચક સંસારના ભયંકર તાપમાં ફસાતા નથી, તેની વરાળથી હંમેશા દૂર જ રહેતાં હોય છે. તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે.

રાજનગરમાં સગાવહાલાઓને જાણ થઈ ગઈ કે, આ સકરચંદના બન્ને ય સંતાનો દીક્ષા લેવાના છે ને તેને પાટણ ભણવા મોકલ્યા છે ત્યારે તો ત્યાં મોટું ધમસાણ મંડાઈ ગયું. સકરચંદભાઇને હાજર કરીને કહેવા લાગ્યા: અરે! સકરચંદ શું તું ગાંડો થઇ ગયો છે? આવી કુમળી વયના બાળકોને તારે શું સાધુ બનાવવા છે? સોંપી દે અમને આ બન્નેને?

આ ધાંધલ મચતાં તેના પિતાશ્રી બંન્ને સંતાનોને અમદાવાદ લઈ આવ્યા ત્યાં કુટુંબમાં પણ ઘણી ધાંધલ મચી પરંતુ સકરચંદભાઇએ તો વજ્ર જેવી છાતી રાખી. તે સમયે વિદ્યાશાળામાં બિરાજમાન પૂ. આ. શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજા આદિ પાસે પુત્ર કલ્યાણને અભ્યાસ માટે મોકલ્યો. રોજ પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી પ્રેમ-વિજયજી મહારાજ પાસે અભ્યાસ કરે ને પૂજ્ય રામવિજયજી મહારાજના વ્યાખ્યાનો સાંભળે. ૧૧ વર્ષની લીલાવતીએ ઉપધાન કર્યા અને બાદ પૂજ્ય શ્રી હીરશ્રીજી મહારાજના પ્રશિષ્યા પૂજ્ય દયાશ્રીજી મહારાજ પાસે મહેસાણા મુકામે દીક્ષા ગ્રહણ કરી. નામ દર્શનશ્રીજી મહારાજ રાખવામાં આવ્યું. દીક્ષા અપાવી સકરચંદભાઈ ઘેર આવ્યા, બ્હેનને ન જોતાં કલ્યાણે પૂછ્યું : બાપુજી! બહેન ક્યાં? પિતાજીએ કહ્યું :– "બહેને તો દીક્ષા લઇ લીધી!?" કલ્યાણ બોલ્યો : મને કેમ ન જણાવ્યું? મારે પણ દીક્ષા તો લેવાની જ હતી ને? પિતાએ કહ્યું : ભાઇ! તને પણ અપાવવાની જ છે. માટે ચિંતા ન કરીશ.

તે કાળ એવો કપરો હતો કે, તે સમયે કોઈ નાની વયની દીક્ષા

જોવા કે સાંભળવા મળે નહિં, તેમ કોઇની આપવાની તાકાત પણ નહિ. તે સમયે સુધારકોથી સૌ ડરતાં. પણ (હાલ શ્રીમદ્ વિજયરાચંદ્રસૂરીશ્વરજી મહારાજા) તે સમયે પૂજ્ય રામવિજયજી મહારાજ કે જેઓએ આવા બાલ દીક્ષાના વિરોધીઓ સામે એવી જેહાદ પોકારી, ઘણું ઘણું સહન કરી, ગાળો ખાઇને પણ જબ્બર સામના પૂર્વક કૌવત બતાવ્યું ને બાલ દીક્ષાના માર્ગને શરૂ કરાવ્યો. આજે તેનું પરિણામ આપણે સૌ જોઈ રહ્યા છીએ કે હવે કોઇ પણ સમુદાયમાં નાની–મોટી અનેક દીક્ષાઓ થઇ રહી છે. તે મુખ્યત્વે તેઓશ્રીને જ આભારી છે. આજે જૈન શાસનની જે જાહોજલાલી વર્તાય છે, તેમાં પૂજ્ય આચાર્યદેવનો જ ભવ્યાતિ ભવ્ય ઉપકાર છે.

બહેનની દીક્ષા થઇ જતાં કલ્યાણ તો રડયા જ કરે. તેની આવી ભાવના જોઈ સકરચંદભાઈ પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે ગયા ને કલ્યાણની દીક્ષાની વાત કરી. એમણે કહ્યું કે: અમદાવાદમાં કલ્યાણની દીક્ષા થવી મુશ્કેલ છે માટે ખંભાત પૂજ્ય ગુરૂદેવશ્રી પાસે જાવ, કાર્ય થઇ જશે. આથી વૈ. સુ. ૪ ના કંસાર જમાડીને સંસારને કાપવા ચાંદલો કરી સકરચંદભાઇ કલ્યાણને ખંભાત લઇ ગયા. ત્યાં સપરિવાર પૂજ્યપાદ્ આચાર્ય દેવ શ્રીમદ્વિજયદાનસૂરીશ્વરજી મહારાજા બિરાજમાન હતા. સકરચંદભાઇ ઉપાશ્રયે ગયા અને પૂજ્યપાદ્શ્રીને બધી વાત કરી કે, આ મારો નાનકડો પુત્ર કલ્યાણ દીક્ષા લેવા માટે ખૂબ જ અધીરો બન્યો છે. તો કૃપા કરી દીક્ષા પ્રદાન કરો! પૂજ્ય આચાર્ય ભગવંતે કલ્યાણને પૂછ્યું કે તારી શી ભાવના છે? તારે દીક્ષા લેવી છે?

કલ્યાણ કહે: હા મારે દીક્ષા જલ્દી લેવી છે. મારી બહેને તો લઇ પણ લીધી. ત્યારબાદ ગુરૂદેવે કહ્યું તો વૈશાખ સુદ ૧૧ નો દિવસ શ્રેષ્ઠ છે. આ રીતે પૂજ્યશ્રીના વચન સાંભળી કલ્યાણ તો નાચવા જ મંડયો. તૈયારી થઇ ગઈ. કેટલાક શ્રાવકો કલ્યાણને સંયમના કષ્ટની વાત કરવા લાગ્યા, તો બધાને રૂવાબભેર જવાબ આપતો કે શું થઈ

ગયું ? સહન કરવાથી તો કર્મોનો નાશ થાય છે. આ પ્રમાણે સાંભળી લોકો પ્રશંસા કરવા લાગ્યા કે, ખરેખર આ બાળકની સમજણ તો બરાબર છે.

વિ. સં. ૧૯૮૩ વૈ. સુદ ૧૧ ના મંગલદિવસે સુશ્રાવક કસ્તુરભાઈ અમરચંદે જાતે ચાંલ્લો કરી શણગારેલી બગીમાં કલ્યાણને બેસાડયો વરસીદાન અપાવ્યું અને ધામધૂમથી દીક્ષા અપાવી, ઓઘો હાથમાં આવતાં તો કલ્યાણ આનંદથી નાચી ઊઠયો. મુનિરાજશ્રી કનકવિજયજી નામ સ્થાપન કરી પૂજ્ય શ્રી રામવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા. તેઓશ્રીનાં પિતાશ્રી સકરચંદભાઈએ પણ ૧૯૮૪ના ૨૬ વર્ષની ભરયુવાન વયે પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કર્યું હતું. નામે પૂજ્ય મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ પૂજ્ય ઉપા.શ્રી ધર્મવિજયજી મહારાજના શિષ્ય બન્યા હતા.

પૂજ્યપાદ મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ દિનપ્રતિદિન સંયમી જીવનમાં આગળ વધતાં વિનયવૈયાવચ્ચ અભ્યાસ આદિમાં પ્રવીણ બન્યાં ને ત્રણેય પૂજ્યપાદ શ્રીગુરુદેવોના કૃપાપાત્ર બન્યા. પોતાના પિતાશ્રી મહારાજની પણ અનેક રીતે સેવા તેઓએ કરી હતી. પૂજ્ય સુબુદ્ધિવિજયજી મહારાજ પણ સંયમી જીવનમાં આગળ ધપી, ગુણ સમૃદ્ધિને વરેલા, પરિણામે પંન્યાસપદથી વિભૂષિત થયા હતાં. તેઓએ પણ જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચ આદિ દ્વારા પોતાના આત્માને ખૂબ જ શોભાવ્યો હતો. આ રીતે સંયમ સાધના કરતાં અંધેરી મુકામે ૨૦૧૪ ની સાલમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસી બનેલા તેઓને પૂજ્ય કનકવિજયજી મહારાજે ખૂબજ સુંદર આરાધના–નિર્યામણા કરાવેલ.

શ્રી દર્શનશ્રીજી મહારાજ પણ ખૂબ ઉચ્ચ સંયમજીવનને જીવ્યા. તેઓનું જ્ઞાન અપ્રતિમ હતું, ત્યાગ અદ્દ્ભુત હતો. તપ તેજોમય હતો ને ભગવાનની આજ્ઞાનું પાલન યથાશક્ય ખૂબ સુંદર ભાવનું હતું.

તેઓનો શિષ્યા-પ્રશિષ્યા પરિવાર બહોળો હતો. તેઓશ્રી પણ ખૂબ સાધનામય જીવન જીવી ૨૦૨૨ માં પાટણ મુકામે ઉગ્ર વ્યાધિમાં પણ સમાધિને વર્યા ને અંતિમ શ્વાસ લીધો. તેઓશ્રીને પણ અંતિમ આરાધના પૂજ્ય પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજે કરાવી. તેઓનો પરિવાર લગભગ આજે ૧૨૯ ઠાણાનો છે. બધા આજે સુંદર આરાધના કરી રહ્યા છે. બીજા પણ તેમના ઘણાં સગાઓએ દીક્ષા લીધેલ.

પૂજ્યપાદ શ્રી કનકવિજયજી મહારાજે દરેક ક્ષેત્રે આગવી પ્રતિભા પ્રાપ્ત કરી હતી. તેના ફળ સ્વરૂપે ૨૦૨૯ માં માગસર સુદ ૨ ના મુંબઈ શ્રીપાળનગરે આચાર્યપદથી અલંકૃત બન્યા હતાં. પ્રથમ વ્યાખ્યાનની શુભ શરૂઆત ૧૯૮૪ સુરતમાં પૂજ્યપાદ દાનસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી થયેલ. આ વિભૂતિનું યથાર્થ જીવન-કવન આલેખવું અશકય છે તપસ્વી-યશસ્વી-જ્ઞાની-ધ્યાની, તત્ત્વજ્ઞાનના પ્રખર ચિંતક-લેખક, પ્રશાંતમૂર્તિ પૂજ્યશ્રીની વ્યાખ્યાન શક્તિ ગજબની, તો સ્મરણશક્તિ અજબની હતી. સિદ્ધાંતને વફાદાર કર્મના મર્મોને ઝીણવટથી સમજાવનાર, સૌ કોઈ નાના તથા મોટા પ્રત્યે વાત્સલ્ય ધરાવનાર, સૌની હિતચિંતા કરનાર, વગેરે વગેરે ગુણો દૃશ્યમાન હતાં. વિશેષ કેટલું લખાય ! ટૂંકમાં ગામોગામ દેશોદેશ વિચરી હજારો આત્માના કલ્યાણને ઈચ્છનાર સૂરિદેવશ્રી મહાન વ્યકિતત્વને શોભાવનારા હતા. તેઓશ્રીમાં સહનશીલતા પણ ગજબની હતી. અશાતાકર્મના ઉદયથી શરીરમાં વ્યાધિ તો વારંવાર દેખા કરતી હતી, પણ જ્યારે જુઓ ત્યારે તેઓશ્રી સમભાવમાં જ રમતાં હોય, કાં સ્વાધ્યાયમાં મગ્ન હોય, કાં તો લેખનમાં મગ્ન હોય, વ્યાધિ બિચારી શું કરે? હાય હોય નહિં, પૂછીએ ત્યારે કહે; એ તો બંધાયેલા ભોગવાઇ જાય છે. તેમાં શી ચિંતા ?

તપધર્મની સિદ્ધિ પણ તેઓશ્રીમાં અદ્ભુત હતી. ૯ વરસીતપ એક છઠ્ઠથી બીજો અડધો છઠ્ઠથી, ૧૧ વરસીતપની ભાવના, ૧૨૫ અઠ્ઠમ અઠ્ઠાઈ ચાર ચોમાસી, બે માસી ૪, દસ તિથિ ઉપવાસ, સાથે વ્યાખ્યા-

નાદિ વાચના-લેખન-ચિંતન ચાલુ જ હોય. આવી રીતે અનેક રીતે આરાધના કરી-કરાવી જીવનને ખૂબજ શોભનીય બનાવેલ. મારા તો અનન્ય ઉપકારી હતાં. પ્રભુ-પથના પ્રયાણમાં અનેક રીતે મારી ઉપર ઉપકાર વર્ષા કરી મારા આત્માને ધન્ય બનાવી દીધો ! તેઓશ્રીનાં જિનવાણીથી નીતરતા પ્રવચનોએ જ મારામાં કંઈક સમજણ આણી, જેથી આજે પણ પ્રભુ-માર્ગમાં થોડી ઘણી સુદૃઢતા આવી શકી છે. એ બધો ઉપકાર આ ઉપકારીના ફાળે જાય છે.

છેલ્લું ચાતુર્માસ અમદાવાદ લક્ષ્મીવર્ધક સંઘ જૈન ઉપાશ્રયે શ્રી સંઘની જોરદાર વિનંતીથી થવા પામેલ, શ્રી સંઘમાં ઘણો લાભ થયેલ. ઘણી ઘણી આરાધનાઓ થવા પામેલ. શ્રી સંઘનો આનંદ અનેરો હતો. પર્યુષણા મહાપર્વ સુધી તો આરાધનાના રંગે શ્રી સંઘને આનંદના હિલોળે ચડાવેલ હતો. પણ ભાવિની ભીતરનાં ભેદની કોને ખબર હતી ?

પર્યુષણા બાદ પૂજ્યશ્રીના ૫૫ વર્ષના સુદીર્ઘચારિત્ર પર્યાયની અનુમોદનાર્થે ભવ્યાતિભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાઇ ગયો. આનંદના સાગરીયા ઉછળ્યા. સૌ કોઇના આનંદનો પાર ન હતો. અનેક રીતે મહોત્સવ અદ્‌ભુત ઉજવાયો. વિવિધ-પ્રકારની ગહુંલીઓનું અપૂર્વ આયોજન થયું. વ્યાખ્યાનની જાહેર શ્રેણી પણ સુંદર યોજાઇ. વગેરે અભૂતપૂર્વ હતું. પણ શી ખબર કે, આ આનંદના સાગરીયા શોક સાગરીયામાં પલટાવાના છે. ? આસો સુદ ૨ થી પૂ. પાદશ્રીની તબિયત નરમ થવા લાગી, તાવે જોર પકડયું, છતાં જાહેર વ્યાખ્યાન કર્યું શરીરની વેદનાને ગણકાર્યા વિના ૧ાા કલાક પ્રવચનના પીયૂષ શ્રી સંઘને પાયા. આટલી બધી અડગતા-મક્કમતા-સહિષ્ણુતા હતી. વ્યાખ્યાન પછી ચાર તાવ થઈ ગયો, છતાં ડૉકટરને બોલાવવાની ના હતી. આવી રીતે અઠવાડિયું પસાર થઇ ગયું. અને આસો સુદ ૯ ને રવિવારનો ગોઝારો દિવસ આવી ગયો. બરાબર ૪ાા વાગ્યે એકદમ ગભરામણ થઈ. પોતે

સજાગ બની ગયા. શ્રી નવકારમંત્ર ને શંખેશ્વર પાર્શ્વનાથ ભ૦ નું રટણ સ્મરણ કરતાં સમાધિપૂર્વક એ મહાપુરૂષ સ્વર્ગના ધામ ભણી સંચર્યા. ચિરવિદાય લીધી.

મૃત્યુને મહોત્સવરૂપ બનાવ્યું. અનેકોને જીવન કેમ જીવવું? તેનો સંદેશો આપી ગયા. તેઓશ્રીની વિરહવ્યથાથી આજે પણ સૌ વ્યથિત છે. પરંતુ તેમની આરાધનાના દીવડાની જ્યોતથી આનંદિત છીએ. તેઓશ્રી શાસનના એક ઝળહળતા સિતારા બની ગયા. જગતના ચોગાનમાં તેજસ્વી–યશસ્વી, તરીકે ગવાઇ ગયા. તેઓશ્રીના શિષ્ય પરિવારમાં પૂ. પાદશ્રી ઉપાધ્યાયજી ભગવંત શ્રી મહિમાવિજયજી ગણિવર પૂ. પૂર્ણાનંદવિ. મ., પૂ. શાંતિભદ્રવિ. મ., પૂ. યશકીર્તિવિ. મ. આદિ પૂ૦ ગુરૂદેવશ્રીના પગલે પગલે આત્માને પાવન કરી રહ્યા છે.

પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ પૂજ્યશ્રીના આજીવન અંતેવાસી અને પરમ શ્રુતાનુરાગી છે. છેવટ સુધી ભક્તિ વૈયાવચ્ચ કરવામાં કશીય ઉણપ રાખી ન હતી. આ બધા પરિવાર માટે તો પૂજ્ય ગુરૂદેવની વિદાય વસમી બની છે. છતાં આજે તેમના ગુણદેહને હૈયામાં કંડારી–સ્વ–પરનું કલ્યાણ સાધી રહ્યા છે.

પૂજ્યશ્રીનું સાહિત્ય પણ અનોખું હતું. તેઓશ્રીએ ૮૫ ઉપર ગ્રંથો લખી શાસનની સુંદર સેવા કરી છે. અનેકોને ધર્મમાર્ગે ચડાવ્યા છે. પ્રાંતે, પૂજ્યપાદશ્રી જ્યાં હો ત્યાંથી અમારા ઉપર અમીવર્ષા વરસાવે, જેથી અમારા જીવનમાં શાસનનો રાગ સુદૃઢ બને ને કર્મના અણુઓને વિદારી વહેલી તકે કલ્યાણના ભાગી બનીએ એવી પ્રાર્થના!

## "જાતિસ્મરણ વીણા વાગે એના નાદે આતમ જાગે"
## પુસ્તકના પ્રકાશનમાં દ્રવ્ય સહાયક
## ભાવિકોની શુભ નામાવલિ

પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ સુવિશુદ્ધ ચારિત્રનિધિ સ્વ. પૂજ્ય સા. મ. શ્રી **દર્શનશ્રીજી** મહારાજના શિષ્યા સાધ્વીજી શ્રી **હર્ષપૂર્ણાશ્રીજી** મહારાજની શુભ પ્રેરણાથી.

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦૦ | જ્ઞાનખાતાના | પાલીતાણા (વાપીવાળી ધર્મશાળા) |
| ૫૦૧ | ઉષાબેન સુમતિલાલ | વિલેપારલા |
| ૫૦૧ | એક સુશ્રાવિકા તરફથી | રાજકોટ |
| ૨૦૧ | ,, ,, ,, | મુંબઈ |
| ૧૦૧ | અનોપબેન કાન્તીલાલ | માટુંગા |
| ૧૦૧ | હીરાબેન પોપટલાલ | ડીસા |
| ૧૦૧ | વિદ્યાબેન સરદારમલ | વાપી |
| ૧૦૧ | એક સુશ્રાવિકા તરફથી | પાલીતાણા |
| ૧૦૧ | રતીલાલ ચુનીલાલ | હરસોલી |
| ૧૦૧ | ચંપકલાલ હીરાચંદ સીસોદ્રા | (ગણેશ) |
| ૫૧ | શોભના ચંપકલાલ | સુરત |

## પૂજ્ય સ્વ. સા. મ. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મહારાજના સંયમજીવનની અનુમોદનાર્થે તેઓના શિષ્યા સા.શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મહારાજ તથા સાધ્વીશ્રી હિતધર્માશ્રીજી મહારાજની શુભ પ્રેરણાથી

| રૂા. | નામ | ગામ |
|---|---|---|
| ૨૦૦૧ | બાબુભાઇ જરીવાલા | મુંબઇ (શ્રીપાળનગર) |
| ૧૦૦૧ | બાબુલાલ સંઘવી | દાદર (નાયગાંવ) |
| ૧૦૦૧ | ગુણવંતલાલ પાનાચંદ | સીસોદ્રા (ગણેશ) |
| ૧૦૦૧ | સી. કે. મહેતા | મુંબઇ (પેડરરોડ) |
| ૫૦૧ | રમણુલાલ વનેચંદ | ફણસા |
| ૫૦૧ | ગુલાબચંદ ઘેવરચંદ | વાપી |
| ૫૦૧ | જયકુમાર ભીખાભાઇ | સુરત |
| ૫૦૧ | જૈન શ્રી સંઘ | સીસોદ્રા (ગણેશ) |
| ૫૦૧ | હેમચંદ હીરાચંદ (કરજણવાળા) | નવસારી |
| ૨૫૧ | ઠાકોરલાલ કેસરીચંદ | કાલિયાવાડી |
| ૨૫૧ | સ્વ. કોમલ યોગેશકુમાર | સુરત છાપરીયાશેરી |
| ૧૦૧ | સૌમ્યગ્રુપની બ્હેનો તરફથી | સાવરકુંડલા |
| ૧૦૧ | ફુલચંદભાઇ રંગીલદાસ | સુરત છાપરીયાશેરી |
| ૧૦૧ | હરખચંદ મગનલાલ | ,, ,, |
| ૧૦૧ | જયંતીલાલ છગનલાલ | ,, ,, |
| ૧૦૧ | પ્રકાશચંદ્ર મણીલાલ | ,, ,, |
| ૧૦૧ | મોહનલાલ હરકીનદાસ | ,, ,, |
| ૫૧ | અમૃતલાલ ઠાકોરદાસ | ,, ,, |

# અ...નુ...ક્ર...મ


| | | |
|---|---|---|
| ૧ | શ્રી શુભદત્ત | ૧ |
| ૨ | શ્રી આર્યઘોષ | ૪૮ |
| ૩ | શ્રી વસિષ્ઠ | ૮૯ |
| ૪ | શ્રી બ્રહ્મ | ૧૨૪ |
| ૫ | શ્રી સોમ | ૧૬૬ |
| ૬ | શ્રીધર | ૨૧૦ |
| ૭ | શ્રી વારિષેણ | ૨૧૧ |
| ૮ | શ્રી ભદ્રયશ | ૨૫૧ |
| ૯-૧૦ | શ્રીજય-વિજય | ૨૮૧ |

## પૂજ્ય આ. શ્રી કનકચન્દ્રસૂરિજી મ. પ્રેરિત-સંપાદિત

# શ્રી વિશ્વમંગલ-પ્રકાશન-મંદિરનું સાહિત્ય


| | |
|---|---|
| બોલે આતમનો એક તારો રે | ૭-૦૦ |
| ધનનો મદ | ૨-૦૦ |
| સફલતાના સોપાન | ૨-૫૦ |
| સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે. | ૩-૫૦ |
| કથારત્ન મંજૂષા ભાગ-૧ આવૃત્તિ ૩ જી | ૧૧-૦૦ |
| ,, ભાગ-૨ | ૯-૦૦ |
| ત્રિષષ્ટિ જિનેન્દ્ર સ્તવ સંગ્રહ (સંસ્કૃત) | ૨-૦૦ |
| શત્રુંજય માહાત્મ્ય (ગુજરાતી ભાવાનુવાદ) | ૨૦-૦૦ |
| પ્રાચીન સજ્ઝાયમાલા | ૨-૦૦ |
| દર્શન ભક્તિ સુધા | ૧૧-૦૦ |
| દર્શન માધુરી | (ભેટ) |
| સુબુદ્ધિ સૌરભ | (ભેટ) |
| શાંત સુધારસ (મૂલ ભાવાનુવાદ) | ૨-૦૦ |
| શ્રમણ શિક્ષા | ૨-૦૦ |
| સમાધિ દર્શન રાસ | ૪-૦૦ |
| ભક્તિ સુધા માધુરી | ૪-૦૦ |
| શ્રાદ્ધ દિન કૃત્ય દીપિકા | ૪-૦૦ |
| દીક્ષા તપગીત મંજરી | ૪-૦૦ |
| સ્વાધ્યાય દોહન | (પ્રેસમાં) |

**વિશ્વમંગલ પ્રકાશન મંદિર**

**મણિલાલ સરૂપચંદ ભાટીયા**

**ગોળ શેરી-પાટણ-ઉ. ગુ.**

જાતિ-સ્મરણ-વીણા વાગે!

એના નાદે આતમ જાગે!

પ્રથમ ગણધર

શ્રી શુભદત્ત

[૧]

## : પ્રવેશક :

અરે ! ઓ માનવ, જરા પેલા પિંજરામાં પૂરાયેલા પંખીની દશા તો જો. હા પિંજર તો સોનાનું, રૂડું ને રૂપાળું છે, છતાં પંખી ઝુરી રહ્યું છે. કેમ ? કારણનો જરા વિચાર તો કર !

હા....ખ્યાલ આવ્યો. પેલા નીલગગનમાં મુક્તિના ગીતો ગાતા, સ્વેચ્છાથી વિચરી રહેલા પંખીઓને જોતાં આ પંખીને પિંજરનું બંધન કારમું લાગી રહ્યું છે! આવી અવસ્થામાંથી જો કોઇ એને છોડાવે તો ! તો તો એ શાંતિનો શ્વાસ લે. હતાશાનો ત્યાગ કરે અને પેલા નીલગગનમાં વિચરી રહેલા પંખીની પાછળ પ્રયાણ પણ આદરે

અરે માનવ! જો તો ખરો. તારી પણ આવી દશા છે! તું પિંજરામાં પૂરાયેલો છે ખરો ? બારીકાઇથી નિરીક્ષણ કર ! તને પણ તારી જાત પિંજરામાં પૂરાયેલી જણાશે.

સંસારરૂપી પિંજર સોહામણું છતાં દુઃખદાયી છે. પણ કોઇ ભવ્યાત્માનેજ આ પિંજર બંધન સમ ભાસે. અને તેવા આત્માઓ સ્વેચ્છાથી મુક્તિના ગાન ગાતાં, મુક્તિપંથે વિચરી રહેલા મહાત્માને જોઇ પોતાની જાતને અધન્ય માની હતાશા અનુભવે અને મુક્તિના ઉપાયોની શોધમાં નીકળી પડે. જીવ-માંથી શિવ બનેલા આત્માઓની વાતો સાંભળી, તેના દુઃખનો આરોવારો રહેતો નથી. ઓ માનવ! તારે આ પિંજરમાંથી છુટવું છે? તારે સત્યના રાહે વિચરવું છે? તારે

મુક્તિના માર્ગે પ્રયાણ કરવું છે? તો તું આ પિંજરાના સ્વરૂપનું દર્શન કરવા પ્રયત્ન કર! તારે આનું દર્શન કરવું છે, તો પરમાત્મા પાસે જા! એ તારક તને જરૂર દર્શન કરાવશે! અને એક દિ' તું મુક્તિપંથે જ ચાલી જઈશ.

માનવો! ચાલો ત્યારે તમારે સંસારરૂપી પિંજરાનું દર્શન કરવું છે? તો વાંચો "**જાતિસ્મરણ વીણા વાગે, એના નાદે આતમ જાગે.**"

એક પ્રશ્ન જાગશે કે પણ આમાં શું છે? આ શીર્ષક હેઠળ રજૂ થતી કથાઓમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના, દશ ગણધરોના પૂર્વભવોનું વર્ણન છે, જેમાં સંસારની અસારતા, કષાયની કુટિલતા અને આર્ય સંસ્કૃતિના આદર્શોની રજૂઆત થઈ છે, એ જીવનને ઉર્ધ્વગામી બનાવશે.

આ છે શ્રી દેવભદ્રસૂરિ વિરચિત "**सिरि पासनाह चरियं**" માં પ્રદર્શિત ૨૩ મા પાર્શ્વનાથ પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોને જણાવનારી જુદા જુદા શીર્ષક હેઠળ રજૂ થતી રસપ્રદ કથાઓ!

"જાતિ સ્મરણ વીણા વાગે, એના નાદે આતમ જાગે" નામ સાંભળતાં જ વીણાની સ્મૃતિ થઇ જાય છે ખરૂંને?

તમે ભરનિદ્રામાં સૂતા હો અને વીણાના નાદનું શ્રવણ થાય, વીણામાંથી રેલાતા સુરીલા સ્વરો કર્ણપટ પર અથડાય, તો જાગૃતિ સાથે આનંદ રસની પ્રાપ્તિ થાય ખરૂં ને? અહીં પણ મોહનિદ્રામાં સૂતેલા આત્માઓને જાતિસ્મરણરૂપી વીણાનો નાદ સાંભળતાં સાડા ત્રણ ક્રોડ રૂંવાટામાં ઝણઝણાટી, સુરીલા

નાદથી જાગૃતિ, સુરીલા નાદમાં પૂર્વભવોની ચેષ્ટાનું સ્મરણ અને તુર્ત જ મોહતંદ્રાને ત્યાગી વિચારણામાં પ્રવૃત્તિ થાય એવી સંભાવના છે.

અહો ! આ શું ! આવું તો મેં ક્યાંય સાંભળ્યું છે ! હાં, આ સુરીલા નાદમાં મારા પોતાના વ્યતીત જીવનનું સંગીત સાંભળી રહ્યો છું. આવો ઉહાપોહ થતા જ સત્યની પીછાણ, પતનની ગર્તામાંથી નીકળી આત્મકલ્યાણની કેડીએ પ્રયાણ, સાધના દ્વારા ઉચ્ચજીવનની પ્રાપ્તિ અને સર્વજ્ઞ ભગવંતની નિશ્રામાં પછી ગણધર પદવીની ઉપલબ્ધિ !

ગણધર એટલે ! સર્વજ્ઞ, સર્વદર્શી બનેલા પરમાત્માના મુખે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રિપદીનું શ્રવણ કરી અંતર્મુહૂર્ત-કાળમાં દ્વાદશાંગીની રચના કરનાર, બીજબુદ્ધિના ધારક એક પ્રતાપી મહાપુરુષ !

ચાલો, હવે આપણે જોઇએ, પાર્શ્વનાથ પ્રભુએ સ્વમુખે પોતાના દશ ગણધરોના પૂર્વભવનું જે વર્ણન, અશ્વસેન નરનાથ સમક્ષ કરેલ, એનું કથા ચિત્ર !

## મુક્તિમાર્ગના પથિક ? મને તારી યાદ સતાવે.
## યાને
## શુભદત્ત ગણધર પૂર્વભવ કથાનક

અનાદિ અનંતકાળથી કર્મને પરવશ આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે. એ અનાથપણે જીવી, અશરણપણે યાતના દુઃખોને સહી, મરણને શરણ થયો. અને એથી પરિભ્રમણ

ચાલુ જ છે. પણ કેટલાક આત્માઓ એવા છે કે, પુરુષાર્થના બળે કર્મલઘુતા પામી, બહિરાત્મદશાને ત્યાગી, અંતરાત્મ-દશાને વર્યા. વળી કેટલાક તો મોહને પરાસ્ત કરી પરમાત્મ-દશાને વર્યા.

આવી સર્વોચ્ચ કક્ષાને પામેલા, ઉચ્ચપુણ્યના અધિપતિ ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વપ્રભુની આ કથા છે. જેઓ કમઠ-મરૂભૂતિના ભવથી દશભવ પર્યંત વૈરની ઝડી વર્ષાવતા કમઠ ઉપર પણ સમતાભાવ રાખી, પરિષહાદિ સહી કૈવલ્ય-દશાને વર્યા.

આ છે અશ્વસેન રાજવીના પુત્ર, વામારાણીના નંદન, ત્રિજગત્વંદ્ય, પાર્શ્વકુમારના તીર્થંકરપણાના ભવની વાત!

ત્રણ જ્ઞાનના ધારક, બાલ્યવયથી જ વિરાગી છતાં યુવા-વસ્થામાં માતાપિતાના આગ્રહથી એ તારકને પ્રભાવતીદેવી સાથે પાણિગ્રહણ કરી અનાસક્ત ભાવે સંસારમાં પ્રવેશ કરવો પડ્યો. પછી લોકાંતિકદેવની વિજ્ઞપ્તિ થતાં ઉદ્ઘોષણા પૂર્વક વાર્ષિકદાનનો પ્રારંભ થતા લોકો પણ પ્રભુ હાથે દાન ગ્રહણ કરવા ઉત્સુક બન્યા.

આ પછી પ્રભુની મહાભિનિષ્ક્રમણની પ્રવૃત્તિ શરૂ થઈ. અહો! લોકોની ચપળતા તો જુઓ! એય ઝપાટાબંધ જાય! કેવી દોડાદોડી! અહાહા! શી મેદની! સહસ્રકિરણો વચ્ચે વાદળાંથી અનાવૃત્ત સૂર્યમંડળ જેવા રાજકુમાર પાર્શ્વપ્રભુ કેવા શોભે છે!

મહાભિનિષ્ક્રમણનો મહોત્સવ મંડાયો:

જય જય નંદા! જય જય ભદ્દા!
જય જય નંદા! જય જય ભદ્દા!
ચિરં નંદ! ચિરં જય!

ગગનભેદી પ્રઘોષપૂર્વક આખી મેદનીએ ભક્તિમય અંતઃકરણમાંથી આશીર્વાદનો અસ્ખલિત પ્રવાહ છોડયો.

અરે! ઓ! કરૂણા સાગર! અમારો સૌનો ત્યાગ! દૂર દૂર ચાલ્યા જતાં સ્વામી તરફ પહોંચી શકે, ત્યાં સુધી દૃષ્ટિપાત કરી, મેદની પ્રભુને નિહાળી રહી.

જુઓ, માનવો! એ જાય! દર્શન કરી લો! અને જીવન ધન્ય બનાવી લો! હમણાં જ થોડા વખતમાં જ પ્રભુ અદૃશ્ય થઈ જશે.

અને અણગાર બનવા પ્રભુ આશ્રમપદ ઉદ્યાનમાં આવી પહોંચ્યા. પ્રભુએ સ્વમુખે "નમો સિદ્ધાણં" બોલવાપૂર્વક સર્વવિરતિનો સ્વીકાર કર્યો. અને સ્વીકારેલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા ચાલી નીકળ્યા, વનવગડાની વાટે!

કીર્તિલોભ, સ્વર્ગીય સુખની સ્પૃહા, સ્પર્ધા કે પરાભિભવથી નહિ, કિંતુ મોક્ષનો ઉપાય સમજી એ તારકે પ્રતિજ્ઞા વહન કરી. આત્મવિકાસ, સાવદ્યયોગોનો ત્યાગ, અસાવદ્ય યોગમાં પ્રવૃત્તિ, જાવજ્જીવ પ્રતિજ્ઞાનું પાલન, એજ મારૂં કર્તવ્ય! આવા નિરધાર સાથે સાવદ્યયોગના સૈન્ય સામે, સામાયિકરૂપ સૈન્યના જોરથી યુદ્ધવીર પ્રભુ સાવદ્યયોગને હઠાવતા જાય છે. સામાયિકનાં બળમાં વૃદ્ધિ થતા વિજયની તૈયારી થાય છે.

પ્રભુએ સામાયિકની પ્રતિજ્ઞારૂપ આધ્યાત્મિક બીજનું નિઃસંગતારૂપી વાડથી રક્ષણ કર્યું, ધ્યાનરૂપી પૌષ્ટિક ખોરાક દ્વારા સમતારસની પુષ્ટિ કરી, એટલે જ આજે તેમનું આધ્યાત્મિકવૃક્ષ ફાલીફુલી અનેક શાખા પ્રશાખાથી વ્યાપ્ત થઈ ગયું. અને અતિ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિ ઉપર સર્વતોમુખી વિકાસ સાધી શક્યું.

અહાહા ! આંતરીક શુક્લધ્યાનરૂપી ક્ષીરસાગરમાં કેવી ભરતી ! મર્યાદા મૂકી એ પૂરબહાર રેલાઇ રહ્યો છે ! અહા ! વાતાવરણમાં કેટલી બધી પવિત્રતા વિસ્તરી રહી ! આશ્રમપદ ઉદ્યાન ! અઠ્ઠમના તપસ્વી ! ફાગણ વદ–૪ નો દિવસ ! વિશાખા નક્ષત્રમાં ચંદ્રમા ! અહો ! આ બધો શો ચમત્કાર ! અહો ! પ્રભુજી અર્હંત્–સર્વજ્ઞ બન્યા. ધન્ય ઘડી ! ધન્ય દિવસ ! ધન્ય પળ ! પ્રભુ પાર્શ્વનાથ સર્વજ્ઞ–સર્વદર્શી–બુદ્ધ–અર્હંત્ થયા.

ઇંદ્રનું આસન કંપ્યું. અવધિજ્ઞાનથી કેવલજ્ઞાનની પીછાણ થઇ. ૬૪ ઇંદ્રો સહિત દેવાત્માઓનું માનવલોકમાં અવતરણ થયું. સમવસરણની રચના થતા દેવ–દાનવ–માનવોથી પૂજિત પ્રભુ, નવ સુવર્ણકમલ ઉપર પાદન્યાસ કરી, સમવસરણમાં પધાર્યા.

“નમો તિત્થસ્સ” કહેવાપૂર્વક પ્રભુએ પૂર્વાભિમુખ સિંહાસન અલંકૃત કર્યું. આ બાજુ વાણારસી નરેશ અશ્વસેન મહારાજાને “પ્રભુના કેવલજ્ઞાનની વધામણી” વનપાલકે આપી. સમાચારથી હર્ષાન્વિત બની વનપાલકને પારિતોષિક દાન આપ્યું. પરમાનંદમાં મગ્ન ભગવાનની ઋદ્ધિ નિહાળવા આતુર

અશ્વસેન મહારાજા, વામા માતા, અંતઃપુરની રાણીઓ, પ્રભાવતીદેવી, શ્રેષ્ઠિ, સામંત, મંત્રી યુક્ત અપૂર્વ ઋદ્ધિ સહિત હાથી ઉપર આરૂઢ થયા. સમવસરણ સન્મુખ પ્રયાણ કર્યું. દૂર દૂર દેવતાઓનું આગમન, દિવ્યધ્વનિના સુરો અને અષ્ટ મહા પ્રાતિહાર્ય યુક્ત પ્રભુની શોભા નિહાળતા આનંદના સાગરિયા ઉભરાઈ ગયા. સૌના હૈયા હેલે ચડયા. અને હર્ષાવેશમાં અશ્વસેન મહીપતિએ વામારાણીને કહ્યું, "હે દેવી! તને ધન્ય છે કે તે આવા ઉત્તમપુત્ર-રત્નને જન્મ આપ્યો. અહો! તેની ઋદ્ધિ તો નિહાળો! અન્ય કોઇને સંભવે નહિ, એવી ઋદ્ધિ! ઓ! પ્રભાવતીદેવી! તું ખરેખર ધન્યવાદને પાત્ર કે ત્રિભુવનપતિ જેવા સ્વામીને પ્રાપ્ત કર્યા. વળી તે નગરાદિ પણ ધન્ય છે કે જે ભૂમિ પ્રભુના ચરણકમલ વડે પાવની થઈ!

સમગ્ર પ્રજા પ્રભુની સ્તવના કરતાં સમવસરણમાં પ્રવેશી. બાર પર્ષદા, જાતિવૈરધારી પ્રાણીઓ પણ વાત્સલ્યથી વૈરભાવને તિલાંજલી દઈ સુખે રહ્યા હતા. આ છે ભગવાનનું દેશના સ્થાન! તેમાં પ્રભુ સન્મુખ હાથ જોડી ઇંદ્ર મહારાજા અને અશ્વસેન રાજવીએ ભાવવાહી સ્તુતિ કરી.

ત્યારબાદ ભવ્ય જીવોને તારનારી, યોજનગામિની, સ્વસ્વભાષામાં પરિણમતી, મેઘધ્વનિસમ ગંભીર વાણીનો વરસાદ વરસવા લાગ્યો.

દૃશ્ય રમણીય બન્યું. જાણે વર્ષાઋતુ હોય, આકાશ વાદળોથી વ્યાપ્ત હોય, વીજળીઓ ચમકી રહી હોય, એવી

શોભામાં બગલાની પંક્તિ અને ઈંદ્રધનુષ્ય આકાશની આભાને વધારી રહી ! વળી ગર્જારવ સહિત વર્ષાદ વરસતા જમીન નવપલ્લવિત થાય, અંકુરાનો પ્રાદુર્ભાવ થાય, અંકુરામાંથી પલ્લવ, શાખા, ફૂલ અને પ્રાંતે વૃક્ષને ફલની પ્રાપ્તિ થાય ! તેમ સુરાસુર પૂજિત ભગવંતની વાણીનો વર્ષાદ પણ આવું જ વાતાવરણ સર્જે છે. વીજળીની શોભાને ધારણ કરતું ભામંડલ દીપી રહ્યું છે. ઉજ્જવલ ચામરોરૂપી બગલાની પંક્તિ, પ્રભુની આગળ ગમન કરનાર એક હજાર યોજન ઉંચો ઈંદ્રિધ્વજરૂપી મેઘધનુષ્ય, દેવદુંદુભિના નાદરૂપી ગર્જારવ ઊછળી રહ્યો છે.

વાણીરૂપી વર્ષા વરસતા ભવ્યજીવોના અંતઃકરણમાં શ્રદ્ધા રૂચિયુક્ત પ્રણામની ઉત્પત્તિ, પ્રણામ શુદ્ધિમાં વ્રતગ્રહણેચ્છારૂપ અંકુરો, આ અંકુરામાંથી દેશવિરતિ–સર્વવિરતિરૂપ પત્ર, અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર તેમજ મુનિભગવંતની પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનારૂપ શાખા, દેશવિરતિ, સર્વ-વિરતિની આરાધનાથી આગામી ભવમાં સ્વર્ગીય સુખની પ્રાપ્તિરૂપ પુષ્પ અને અંતે સંવેગજનની, નિર્વેદકારિણી, સંસારસ્વરૂપ દર્શિની જિનવાણી વડે પ્રકાશિત કરેલા ધર્મરૂપ વૃક્ષ પર મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ, પરમાનંદની અનુભૂતિ, સ્વસ્વભાવનું પ્રકટીકરણ ફલિત થાય છે. અને કર્મક્ષયથી આત્માની નિરાવરણ દશા તેમજ અનંતગુણ રાશિની પ્રાપ્તિ ! આ છે ભગવાનના મુખારવિંદથી નીકળતી વાણીનો પ્રભાવ. તેનાથી પ્રભાવિત થયેલા કેટલાક પુણ્યાત્માઓએ સમકિતનો સ્વીકાર કર્યો, સંસારની અસારતા, મોહની પરવશતા અને

જીવનની ક્ષણિકતા, વિષયસંગના કટુવિપાકને જાણી ભવવિરક્ત થયેલા કેટલાક રાજકુમારો ચારિત્ર લેવા સજ્જ થયા.

તે જ સમયે પ્રભુની દેશનાને પ્રાંતે વીશવર્ષની વયવાળા, રૂપરૂપના અંબાર, લાવણ્યથી યુક્ત, વજ્રઋષભનારાચ સંઘયણ-વાળા, સમચતુરસ્ર સંસ્થાન, પૂર્વભવ નિકાચિત ગણધર નામ કર્મવાળા, અનેક પ્રશસ્ત લક્ષણાન્વિત વિશિષ્ટકુલોત્પન્ન શુભદત્ત, આર્યઘોષ, વસિષ્ઠ, બ્રહ્મ, સોમ, શ્રીધર, વારિષેણ, ભદ્રયશ, જય-વિજય નામના પુણ્યશાલી આત્માઓએ પ્રવ્રજ્યા સ્વીકારી પછી એમણે ભગવંતને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક "भगवन किं तत्तं" આ પૃચ્છાપૂર્વક ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત ત્રિપદીની પ્રાપ્તિ-પૂર્વક અંતર્મુહૂર્ત કાળમાં ચૌદપૂર્વ, દ્વાદશાંગીની રચના કરી.

સૌધર્મેન્દ્રે લાવેલ રત્નથાળમાંથી વાસનિક્ષેપપૂર્વક દશ ગણધરોને ગણની અનુજ્ઞા અપાઈ. તે સમયે અંતરિક્ષમાંથી દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી.

સુરેન્દ્રથી પૂજિત, વ્રતપાલનમાં રક્ત, તપોલક્ષ્મીથી સુશોભિત, પ્રશાંત, પ્રકર્ષબુદ્ધિધારક, ભગવંતની પર્યુપાસનામાં તલ્લીન, મહાસત્ત્વશાલી આ દશે પુણ્યાત્મા ગણધર પદવી વર્યા. આ છે પ્રભુના શાસનનો મહિમા, આવી છે પ્રભુ શાસનની ઉત્તમતા !

પ્રભુના દીક્ષાસમયથી જ સંસારની અસારતા, વિષયોની વિષમતા, કષાયોની કુટિલતા, આયુષ્યની ચપળતા, પદાર્થોની

અનિત્યતા, સ્વજનોની અશરણતા અને સંસારની બિભત્સતાથી ભાવિત અંતઃકરણવાળી, હંમેશા વૈરાગ્યને ધારણ કરતી, પ્રભાવતી રાણી એવી શુભભાવનાઓ ભાવતી હતી કે—

અહો ! તે દિવસ, તે ધન્ય પળ, ક્યારે આવશે ! જ્યારે પાર્શ્વપ્રભુ મને સંસારવાસથી મુક્ત કરાવનારી દીક્ષા આપશે ! એવા દિવસો ક્યારે આવશે કે, અંગ–ઉપાંગાદિનો અભ્યાસ કરી, ગુરુકુલ વાસમાં રહી હું વિહાર કરીશ ! એ ઘડીપળ ક્યારે પ્રાપ્ત થશે, જ્યારે બેંતાલીશ દોષરહિત શુદ્ધ તુચ્છ આહારને હું અમૃત માની આરોગીશ !

ઉત્તમ મનોરથોને દિનપ્રતિદિન સેવતી, "સંયમ કબહી મીલે સસનેહી પ્યારા" એ ભાવનાને સિદ્ધ કરવા, સંયમના સેવેલા સોણલા સાકાર કરવાની ભાવનાવાળી પ્રભાવતીદેવી, રાજરાજેશ્વર, શ્રેષ્ઠિ, સેનાપતિ, મંત્રી આદિની હજાર કન્યાઓ સાથે દીક્ષા ગ્રહણ કરવા ઉપસ્થિત થઈ. અને ભવપાશમાંથી મુક્ત થવા ઈચ્છતા પંખીડાને મુક્તિમંઝીલે પહોંચવા પ્રભુએ દીક્ષા આપી.

પ્રભુના પ્રથમ સમવસરણમાં ગણધર, સાધુ–સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ તીર્થની સ્થાપના થઈ. બીજે દિવસે ભગવંતની દેશના સાંભળવા ઉત્સુક થયેલા ગણધર, સાધુ–સાધ્વી, દેવ–દેવી, નર–નારી, સમવસરણમાં ઉપસ્થિત થયા. જિનેશ્વર ભગવાનના મુખકમળ ઉપર અનિમેષ નયણે નિહાળતા જાણે ભ્રમરો અથવા તો ભીંતમાં આલેખેલ ચિત્ર જ ન હોય તેમ

એકતાન બની ગયેલી સભા સમક્ષ પ્રભુએ યોજનગામિની સંસારોદ્ધારિણી, ભવવિનાશીની દેશના દીધી.

દેશનાને પ્રાંતે આનંદ અનુભવતા અશ્વસેન મહારાજાએ ગણધરાદિને વંદના કરી અત્યંત કુતુહલથી પ્રભુને પૂછયું: "હે ભગવન્! મારા મનમાં એક આશ્ચર્ય ઉત્પન્ન થયું છે. તો આપ મારા પ્રશ્નનો ઉત્તર આપશો? પ્રભુ! આ ગણધરોએ પૂર્વભવમાં શું કર્યું ? જેથી આપના દર્શનમાત્રથી સર્વપાપોને ત્યજી દીક્ષા અંગીકાર કરી! વળી આવી નિર્મળ બુદ્ધિ, અને અનુપમ–રૂપાદિ ગુણોની પ્રાપ્તિ એમને શાથી થઈ?"

"હે મહાનુભાવ! આ તો પૂર્વકૃત પુણ્યનો પ્રભાવ છે."

"મને તેમના પૂર્વભવો જાણવાની ઉત્કંઠા છે. તો આપ સર્વ ગણધરોના પૂર્વભવો કહો."

પ્રભુએ પણ પ્રથમ ગણધરના પૂર્વભવોને ફરમાવતાં જણાવ્યું કે—

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઇંદ્રપુરી સમ કોસાંબીનગરી છે. ત્યાં વિજયઘોષ રાજવી રહે છે. તેની ઔદાર્યાદિ ગુણાન્વિત પદ્માવતી રાણી છે. વળી ત્યાગભોગાદિ ગુણોથી વિખ્યાત જયમંગલ નામનો પુત્ર છે.

રાજમહેલમાં કર્માનુસાર સુખનો ભોગવટો કરનાર રાજપુત્ર ઉદાર હોવાથી લોકોને દાન આપી ધનનો સદ્વ્યય કરવા લાગ્યો. ત્યારે એકવાર રાજવીએ કહ્યું, "પુત્ર! દાનધર્મ ઉચિત છે, પણ પોતાના વૈભવાનુસાર દાન કરવું જોઈએ.

યોગ્યાયોગ્યની વિચારણા કરવી જોઇએ. સર્વથા ધનનો વ્યય થતાં દેશનો ત્યાગ કરવો પડશે. વળી ધનથી તો નૂતન હાથી-ઘોડાનો સંગ્રહ તેમજ રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ કરવી જોઈએ. ગમે તેમ વ્યય કરવો યુક્ત નથી. જાતિ, રૂપ, સૌભાગ્યાદિ ગુણો પણ ધન વિના તુચ્છ છે. ધન વિનાના માનવીની કશી કિંમત નથી. પરિણામે દાસપણું સ્વીકારવું પડે. માટે હે વત્સ! લક્ષ્મીની વૃદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઇએ."

રાજકુમારે કહ્યું: "સારૂં પિતાજી આપની આજ્ઞા પ્રમાણ."

જુઓ! આ છે સંસારી જીવોની દશા! લક્ષ્મી ચપળ છતાં તેને પ્રાપ્ત કરવા માતા-પિતાદિના વિયોગો સહન કરવા પડે, જીવનમાં હોળી-દિવાળી જોવી પડે, તો પણ માનવી એને મેળવવા સદા પ્રવૃત્તિશીલ હોય છે. તેની પ્રાપ્તિમાં જ એ સર્વસ્વ માને છે.

પિતાના વચનથી દુઃખિત છતાં રાજકુમાર અધિકાધિક દાન આપવા લાગ્યો. એટલે રાજાએ તેની અવજ્ઞા કરી. લોકમાં પણ એ અપયશ પામ્યો. પિતાથી અપમાન પામેલો રાજપુત્ર સ્વજન-પરિવારને જણાવ્યા વિના, વેશપરિવર્તન કરી નગરની બહાર ચાલ્યો ગયો.

રાજમહેલના વૈભવને માણનારો પણ રાજકુમાર અપમાનને નહિ જીરવી શકતાં, સુખ-સાહ્યબીને ઠોકર મારી પાદચારી બન્યો. નગર છોડી ઉત્તરદિશા સન્મુખ એણે પ્રયાણ આદર્યું. કેટલાક દિવસો બાદ એ યમુના નદીના કિનારે

આવ્યો. ત્યા ગંભીરથ નામના ગામમાં કુલપુત્રને ત્યાં રહ્યો. કુલપુત્ર સાથે રાજપુત્રને પ્રીતિ થઈ. રાજપુત્ર તેના ઘરની સાર–સંભાળનું કામ કરવા લાગ્યો. મધુર વાણી વાત્સલ્યાદિ ગુણોથી રાજપુત્રે તેનું મન રંજિત કર્યું.

ગુણોથી આકર્ષાયેલ કુલપુત્ર વિચારવા લાગ્યો કે, શું આ રાજપુત્ર હશે? કે સામંતપુત્ર હશે? એ દિન પ્રતિદિન તેના પર અધિક પ્રેમભાવ દેખાડવા લાગ્યો. ત્યાં રહી તે સુખપૂર્વક દિવસો પસાર કરે છે.

એકવાર અચાનક કુલપુત્ર બિમાર થયો. એને વ્યાધિઓ પીડવા લાગી. અને એ ગમે તેમ ગાંડાની જેમ અસંબદ્ધ પ્રલાપ કરવા લાગ્યો. કેટલીક વાર કારણ વિના રૂદન! તો ખીલખીલાટ હાસ્ય! ઘડીમાં શરીર શીતલ! તો ઘડીમાં ઉષ્ણ! આવી અવસ્થા જોઇ સ્વજનો ચિંતાતુર થયા. વૈદ્યોને બોલાવ્યા. તેમણે નાડી તપાસી. પણ રોગના કાંઇ જ ચિહ્નો જણાયા નહિ. તેથી વૈદ્યો પણ હતાશ થઈ ગયા. અને નિદાન કર્યું કે કફપિત્તાદિનો કોઇ વિકાર જણાતો નથી. પણ લક્ષણથી શાકિનીથી ગ્રસ્ત થયેલ હોય, તેમ જણાય છે.

પછી મંત્રાદિ જાણનારા તાંત્રિકોને બોલાવવામાં આવ્યા. શાકિનીએ અજબ શક્તિ દેખાડી. અને એક દિવસ કુલપુત્રને મૃતઃપ્રાય બનાવી દીધો. એ ચેષ્ટા રહિત થયો. તેને મરેલો જાણી સ્વજનાદિ શોકાતુર થઇ કલ્પાંત કરવાપૂર્વક છાતીફાટ રૂદન કરવા લાગ્યા. આ છે અજ્ઞાની જીવોની દશા!

સંયોગની પાછળ વિયોગ ડોકિયું કરીજ રહ્યો છે. જન્મે તેને મોત અવશ્ય આવે. મૃત્યુના પંજામાંથી કોઇ છુટતું નથી. છતાં માનવ ભૂલે છે અને રોકકળ કરી કર્મબંધન કર્યે જ જાય છે.

આ બાજુ રાજપુત્ર કોઇ કામ માટે બહાર ગયો હતો, તે પણ થોડીવારમાં આવ્યો. આવતાવેંત રૂદનના અવાજ સાંભળી સ્તબ્ધ બની ગયો: અરે ! આ શું ! આ બધા શા માટે રડે છે ? એમ એ વિચારતો હતો, ત્યાં તો કુલપુત્રને મરેલો જોયો. એ અત્યંત શોકાકુલ થઈ હૃદયમાં સંતાપ કરવા લાગ્યો. સ્વજનો કુલપુત્રના શરીરને ઠાઠડીમાં બાંધી શ્મશાને લઈ ગયા. ચિતા પ્રદીપ્ત કરી. તેમાં મૂકી ભસ્મીભૂત કરી વીલા મોંએ સૌ પાછા ફર્યા.

કુલપુત્રનું સમગ્ર કુટુંબ દુ:ખી થયું. વિશેષમાં રાજપુત્ર વિયોગના દુ:ખથી જર્જરિત શરીરવાળો થયો. ચિંતા-સાગરમાં ડૂબી ગયો. હવે શું કરવું ? કાંઈજ ઉપાય સૂઝતો નથી. તેથી કર્તવ્યમૂઢ બની નીચીદૃષ્ટિ નાંખી બેસી રહ્યો.

હવે એ સમયે ઘરની દૂરથી કોઈ એક પ્રદેશમાંથી ભિક્ષા માટે કોઇ પુરુષ આવ્યો. ઘરનાં સ્વજનોને રડતાં જોઈ એ પૂછવા લાગ્યો: અરે ભાઇ ! શું થયું છે ? આમ શા માટે રડો છો ?

"ઘરનાયક શાકિની દોષથી મૃત્યુ પામ્યો છે" એમ સામેથી જવાબ મળ્યો, ત્યારે પરદેશીએ કહ્યું, "જો એમ જ છે, તો શોક કરવા યોગ્ય નથી. પણ મહાપુરુષાર્થ કરવા જેવો છે !"

આપ જ ઉપાય બતાવો, શો મહાપુરુષાર્થ કરીએ? વળી તમારૂં આગમન મોડું થયું. અમે તો તેનું શરીર જલાવી દીધું. હવે શું? ત્યારે પરદેશીએ કહ્યું, "અરે! આ તો બધી નજરબંધી છે. શાકિનીએ જ મરેલો બતાવેલ છે. તેથી જ એનામાં ચેતનાનો નાશ, અગ્નિમાં દાહ, ઇત્યાદિ દષ્ટિ-વ્યામોહ પેદા થયો છે. વાસ્તવમાં તો તે મર્યો જ નથી. પરંતુ જીવ સહિત તેના કલેવરને મરેલું જાણી સ્મશાનમાં અગ્નિમાં નાખેલું જણાય છે. જ્યારે માનવરહિત મધ્યરાત્રિએ શાકિનીઓ સ્મશાનમાંથી મડદું કાઢી તેના ભાગ વહેંચી ખાય છે. તે સમયે કોઇ મહાસત્ત્વશાળી તેનો સામનો કરવા સમર્થ થાય, તો પેલો માણુસ ફરી સજીવન થાય, એ નિશ્ચિત છે.

મહાપુરુષ! એટલા માત્રથી જ કુલપુત્રનું ક્ષેમ થતું હોય તો તો બહું સારું? હજુ બહુ વેળા વીતી નથી. એમ કહી રડતાં કુટુંબને મૂકી, પરિકર બાંધી, ખડ્ગાદિ લઇ સાહસિક રાજપુત્રે સ્મશાનની વાટ લીધી. સ્વજનોએ એને વાર્યો છતાં રાજપુત્ર તો ચાલી નીકળ્યો. મંદ મંદ પગલા ભરતો એ ધીમે ધીમે સ્મશાનની સમીપમાં આવ્યો. અને એક વૃક્ષની પાછળ અદશ્ય રીતે રહ્યો.

રાજકુમાર સાવધાની પૂર્વક રહ્યો, ત્યાં મધ્યરાત્રીનો સમય થયો. કાર્યની સિદ્ધિ માટે રાજપુત્ર સજ્જ થઇ ગયો. અંધારી રાત, સ્મશાન ભૂમિ, ભયાનક વાતાવરણુ, ભયંકર પશુઓના ચિત્કારો ભલભલાનાં હાજાં ગગડી જાય, એવું વાતાવરણ! આવા સમયે વટવૃક્ષની નીચે શાકિનીઓ ભેગી થઇ. ડાકલાઓ

વાગી રહ્યા. ડમરાના અવાજો જોરશોરથી સંભળાવા લાગ્યા. ત્યાં શાકિનીઓ ભયંકર અટ્ટહાસ્ય કરતી આવી, અને સ્મશાન-ભૂમિમાંથી કુલપુત્રનું શરીર લઇ આવી.

આ બધું દશ્ય છૂપા રહેલા રાજપુત્રે જોયું. તે તો સ્તબ્ધ જ થઇ ગયો. હવે શું થશે ? તે જોવા લાગ્યો. અને યમરાજ જ ન હોય, તેમ રક્તનયનવાળો એ તલવાર લઈ શાકિનીની સન્મુખ દોડયો. એ એકદમ ત્રાડૂક્યો, " રે ! રે ! પાપિણી ! વૈરિણી ! તું કયાં જાય છે ? ઊભી રહે. એમ કહી તેના વાળ પકડયા, એને ખેંચીને કહેવા લાગ્યો," અરે ! એય ! મૃત્યુ તારી સમીપમાં જ છે. તારા ઈષ્ટ દેવતાનું સ્મરણ કર ! શાકિની તેના વચન સાંભળી ભયભીત બની ગઈ અને પગમાં પડી કરગરવા લાગી.

હે પુત્ર ! તું જે કહીશ તે કરીશ. શા માટે તું મને હેરાન-પરેશાન કરે છે ? શા માટે મને મારી નાંખે છે ? ત્યારે સાહસિક રાજપુત્રે કહ્યું : તું મૃત્યુથી બચવા ઇચ્છતી હોય તો આ કુલપુત્રને જીવાડી મને સમર્પણ કર. એ શાકિનીએ પણ આ સ્વીકાર્યું અને બીજી શાકિનીઓ પાસે પણ સ્વીકારાવ્યું. દરેક શાકિનીએ પોતપોતાનો ભાગ પાછો આપ્યો. અને અક્ષતશરીરી કુલપુત્ર પ્રગટ થયો. વળી તમારે કયારે પણ તેનું અનિષ્ટ કરવું નહિ ' એવા શપથ રાજકુમારે લેવડાવ્યા.

કુલપુત્રને સજીવન જોઇ રાજકુમાર આનંદિત થયો. પછી

તેને લઈ પાછો તેના ઘરે ગયો. તેને જીવતો જોઈ સ્વજન-પરિવાર આશ્ચર્યચકિત થઇ ગયો. ત્યારે વિસ્મિત ચિત્તવાળો રાજપુત્ર વિચારવા લાગ્યો કે, જુઓ તો ખરા! વિધિનો વિલાસ! માણસ ચિંતવે છે કાંઇ અને થાય છે કોઇ જુદું જ! વળી મરેલો પણ સજીવન થાય, એ મોટું આશ્ચર્ય છે. ખરેખર તે પુરુષોનું જીવિત સફળ છે કે, જેઓ નિરંતર દુઃખીઓના દુઃખને નિવારણ કરવા તત્પર હોય છે. વળી જગતમાં એવો પુરુષ નથી કે, જેની પાસે લક્ષ્મી ન હોય. પણ જો એ પરોપકાર રહિત હોય, તો તેવી લક્ષ્મીથી પણ શું?

આમ રાજપુત્ર ચિંતવી રહ્યો હતો એટલામાં "આ તો કુલપુત્રનો જીવનદાતા!" એમ કહી તેના ચરણકમળમાં સ્વજનો નમી પડ્યા અને કહેવા લાગ્યા કે, રાજપુત્ર! તેં તો ઘણો ઉપકાર કર્યો. તેનો બદલો વાળવા અમે સમર્થ નથી. જો પૃથ્વીનું દાન આપવામાં આવે, તો પણ તારા ઉપકાર આગળ તુચ્છ છે. વળી બાહ્ય વસ્તુ અર્પણ કરવાથી કાંઇ ઉપકાર વળે? તો પણ હે મહાભાગ્યશાળી! તું આ ઘર, ધન, ધાન્યાદિ સર્વ સામગ્રીનો યથેચ્છ ઉપયોગ કર! ત્યારે પ્રશંસાગર્ભિત વાણી સાંભળી લજ્જા પામેલા તે રાજપુત્રે કહ્યું; "હે મિત્ર! મેં તો કંઈજ કર્યું નથી. તારો થોડોજ ઉપકાર કર્યો છે પણ તું તો ઘણો ઉપકાર કરીશ! એમ કહી એ મૌન રહ્યો.

થોડા દિવસ ત્યાં રહી, ઉપકારના બદલાની અપેક્ષા વિના, કુલપુત્રને જણાવ્યા વિના રાજપુત્ર ચાલી નીકળ્યો. ખરેખર

ઉપકારી પુરુષો કોઇ 'હિ' બદલાની અપેક્ષા રાખતા નથી. ત્યાંથી રાજપુત્ર ગર્જનપુરનગરમાં આવ્યો, તે વખતે વસંત ઋતુ પુરબહાર ખીલી રહી હતી. વાતાવરણ સુરમ્ય હતું. આંબાની મંજરી પ્રફૂલ્લિત થઈ હતી. મધુર પવન વાઇ રહ્યો હતો. તરૂવરની શોભા અત્યંત સુશોભિત હતી. કોકિલ ગુંજારવ કરી રહી હતી. ભમરાઓના ગુંજન સંભળાતા હતા. શૃંગારાદિ સજી નારીઓ નગરમાં વિચરી રહી હતી. કામી જનના હ્રદયમાં આનંદનાં સાગરિયા હિલોળે ચઢ્યા હતા. કામદેવના મંદિરે મહોત્સવ પ્રારંભાયા હતા.

તે સમયે મહાઋદ્ધિ યુક્ત, કુવલયચંદ્ર યુવરાજ સહિત ગર્જનપુરાધિપ વસંતરાજા આવ્યા. તે વખતે ઉદ્યાનમાં નાટ્યારંભ થઇ રહ્યો હતો, નાટક જોવામાં લોકો તલ્લીન બની ગયા હતા. નાટારંભની સુંદરતા જોઈ રાજપુત્ર કુવલયચંદ્ર આનંદ માણી રહ્યો. સર્વજન સમુદાય નાટક જોવામાં વ્યગ્ર બન્યો હતો.

ત્યાં અચાનક રંગમાં ભંગ પાડનાર પ્રસંગ ઉપસ્થિત થયો. સૂર્યમંડલને પણ પોતાના તેજથી પરાભવ પમાડનાર અને સુભટોને તૃણ સમાન ગણતા કોઈ તેજસ્વી પુરુષે પ્રવેશ કર્યો, એ જાણે એકદમ કોપાયમાન ન થયો હોય, તેમ બોલવા લાગ્યો: રે! અધમ રાજપુત્ર! કુવલયચંદ્ર! મારી સન્મુખ થા. અથવા મારા ચરણમાં પડ. એ સિવાય તારો છૂટકારો નહિ થાય. અને એકદમ યમરાજની જિહ્વા જેવી તીક્ષ્ણ તલવાર ખેંચી એ પ્રહાર કરવા તૈયાર થયો.

એકાએક આવી પરિસ્થિતિ ઉપસ્થિત થતાં રાજા ક્ષોભ પામ્યો. નગરજનો ખળભળવા લાગ્યા. નાટક જોનારા પ્રેક્ષકો પણ ભાગવા લાગ્યા. નાટ્યભૂમિ જાણે યુદ્ધભૂમિ બની ગઈ. અત્યંત ભયાનક વાતાવરણ જોતાં કુવલયચંદ્ર તલવાર રહિત, તેની સન્મુખ દોડયો. બંને વચ્ચે પરસ્પર મોટું યુદ્ધ થયું, નિઃસહાય એકલો અટૂલો રાજપુત્ર લડી રહ્યો છે, તે દ્રશ્ય જોતાં જ કરૂણાસાગર, કુતુહલ જોવા ઉદ્યાનમાં આવેલ જયમંગલકુમારનું હૃદય દ્રવી ઉઠયું. અને એ વિચારમગ્ન બન્યો: અહો! આ કેટલું અયોગ્ય! આટલો જનસમુદાય છતાં કેમ કોઈ સહાયક થતું નથી? શું આ તે ન્યાયમાર્ગ છે? કુમાર આપત્તિમાં હોવા છતાં સુભટો કેમ દૂર રહ્યા છે? કાંઇ વાંધો નહીં. ચાલો, હું જ તેને સહાયક થાઉં. પરાભવ પામતા તેને મધ્યસ્થવચનથી અભિનંદુ! એમ વિચારી જયમંગલકુમાર તે બંનેની વચ્ચે પડયો. અને કહેવા લાગ્યો "અરે લોકો! તમે બંને મારા વચનને સાંભળો. બહુલોકથી વ્યાપ્ત, વસંત મહોત્સવમાં આવી પ્રવૃત્તિ ઉત્તમપુરુષોને ઉચિત નથી. તમારૂં પરાક્રમ, કીર્તિ નકામા છે. કારણ વિના યુદ્ધનો આરંભ ઉચિત નથી. તેથી આ સ્થાન ત્યજી ક્ષત્રિયના આચારવડે અન્યત્ર યુદ્ધ કરો.

તેના આ વચનથી કુવલયચંદ્ર સહિત તે પુરુષ બહાર નીકળ્યો. ત્યાં બંને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. રાજા આ દ્રશ્ય જોઇ અત્યંત ખેદ પામ્યો. એણે અંગરક્ષકોને કહ્યું: "અરે! રાજપુત્ર એકાકી જાય છે. તેની સાથે જાઓ. શું

તમારો એ સેવકધર્મ નથી કે આપત્તિમાં પડેલા સેવકની ઉપેક્ષા કરો છો ? જાણે દૈવદુર્યોગ જ ન હોય તેમ સેવકવર્ગ સ્તબ્ધ થઈ ગયો. આ જોઇ કૃપાનિધિ જયમંગલ રાજપુત્ર કુવલયચંદ્રને સહાયક થયો. મોટું યુદ્ધ થયું. કુવલયચંદ્રને પ્રહાર લાગ્યો. એ પીડા પામ્યો. ત્યારે તેને પાછળ મૂકી જયમંગલ તે પુરુષ સાથે યુદ્ધ કરવા લાગ્યો. શરીર ઉપર અનેક પ્રહારો લાગ્યા.

કોપાનલથી અરૂણનયનવાળા, પ્રચંડભુજાબળથી તલવારોની વર્ષાથી ગગનને ઢાંકી દેતાં યુદ્ધ કરી બંને આરામ કરવા બેઠા. હવે આ બાજુ કુવલયચંદ્ર ચિંતવે છે: અહો ! આ મહાપુરુષ કોણ હતો ? જીવિતની પરવા કર્યા વિના મને સહાયક થયો. મારે કોઇ જ સંબંધ નથી. નથી કોઈ ઓળખાણ-પીછાણ, છતાં મારી વ્હારે ધાયો. પિતાએ અંગરક્ષકોને આજ્ઞા કરી છતાં જરા ય ખસ્યા નહીં.

ત્યારે આ અજાણી વ્યક્તિ શા માટે મદદગાર બની ? કાંઈ જ સમજાતું નથી ? શું નિમિત્ત હશે ? એમ ચિંતવતા કુવલયચંદ્રને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ, એ મૂર્ચ્છિત થઇ ધરણી પર પડ્યો.

કોઇ માનવ ઘોર નિદ્રામાં સૂતો હોય, એકદમ વીણાનો અવાજ સંભળાય, તો તરત જ જાગૃત થઇને તેના નાદમાં ઘેલો બની જાય. તેમ અહીં કુવલયચંદ્રે જાતિસ્મરણરૂપી વીણાનો નાદ સાંભળ્યો. એની મોહનિદ્રા વિલય પામી. સુમધુર સંગીતે એ ઘેલો બન્યો. કર્મપટલ દૂર થયા. અને પૂર્વે

અનુભૂત–ભવોનું રહસ્યમય સંગીત સાંભળ્યું. અને કોઈ નવીન દૃશ્ય નીહાળી રહ્યો. જ્યારે આ બાજુ શસ્ત્રોને છોડી, યુદ્ધભૂમિના દેખાવને સંહરી, તે સુભટ બોલ્યો: ઓ કુવલયચંદ્ર! ઓ રાજપુત્ર જયમંગલ! આવી અનિષ્ટ ચેષ્ટા વડે સર્યું! ઇપ્સિતાર્થની સિદ્ધિ થઈ ચૂકી, એમ બોલતો જયમંગલને હાથમાં લઇ કુવલયચંદ્ર પાસે ગયો.

જુએ છે તો કુવલયચંદ્ર બેભાન પડ્યો છે. આ શું થયું! તુર્ત જ જલાદિ સિંચનપૂર્વક ચેતના પ્રાપ્ત કરાવી. અને પેલો સુભટ બોલ્યો: રે પુત્રો! પૂર્વજન્મનો સંબંધ શું તમે ભૂલી ગયા? પૂર્વભવમાં તમે બંને અને મેં સાથે જ સંયમ ગ્રહણ કર્યું હતું. તપાદિ અનુષ્ઠાનની આચરણાપૂર્વક દીર્ઘપર્યાય પાળ્યો હતો. અંતે અણસણ કરી, ચાર શરણના સ્વીકારપૂર્વક ત્રણે જણા મરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયા. હું દીર્ઘપર્યાય આયુષ્યવાળો અને તમે બંને મધ્યમ આયુષ્યવાળા દેવ થયા. ત્યાં પણ પ્રીતિપૂર્વક દિવ્યસુખ ભોગવતા હતા.

એકવાર કેવલીની દેશના સાંભળી. કેવલીએ તમને બંનેને દુર્લભબોધિ કહ્યા. ત્યારે તમે મને કહ્યું કે: "તારે અમને વીતરાગધર્મ વિષે પ્રતિબોધ કરવો. આમાં પ્રમાદ કરવો નહીં. અને મેં પણ તમારું વચન સ્વીકાર્યું. તે શું તમે ભૂલી ગયા? આપણે દેવના ભવમાં એક શય્યાએ દેવના સુખ અનુભવતાં! તે શું યાદ નથી?

હવે દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી ચ્યવી તમે બંને જુદા જુદા દેશમાં રાજપુત્ર થયા. વળી હે જયમંગલ-

કુમાર ! પિતા વડે અપમાન પામેલો તું અહીં આવ્યો. અને કુવલયચંદ્ર પણ વસંત મહોત્સવ જોવા અહીં આવી ચડયો. ત્યાં તમારૂં બંનેનું મિલન થયું. તમને બંનેને સાથે જોઇ બોધિલાભાર્થે તમને પ્રતિબોધ પમાડવા હું આવ્યો અને અકાળે યુદ્ધારંભ બતાવ્યો.

આ સાંભળી પ્રતિબોધ પામેલા જયમંગલકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સુભટની ફરિયાદમાં ફરી ફરી યાદ કરતાં પૂર્વભવો સ્મૃતિપથમાં આવ્યા. અને બંને રાજપુત્રો જિનધર્મમાં નિશ્ચલ થયા. દેવે પણ સુભટનું રૂપ સંહરી લીધું. અને મુકુટ–કુંડલધારી, દિવ્યાભૂષણોથી વિભૂષિત દિવ્યરૂપ દર્શાવી દેવલોકે ગયો.

આ બાજુ રાજપુત્ર જુએ છે તો ન ધનુષ્ય ! ન પ્રહાર ! ન ઢાલ ! ન શરીરને પીડા ! કેવળ આકુળતા રહિત પોતાને જોતાં બંને રાજપુત્રો વિસ્મય પામ્યા. અને જન્માંતરીય સ્નેહાનુભાવથી પ્રીતિપૂર્વક એકબીજાને નિહાળતા નાટયભૂમિએ ગયા.

વિનયપૂર્વક રાજવીને પ્રણામ કરી બંને સન્મુખ બેઠા. આ બાજુ વસંતસેન મહારાજાએ કુવલયચંદ્રને પૂછયું : આ કોણ મહાપુરુષ છે ? અપૂર્વ પુરૂષાર્થ કરનાર જે તને સહાયક થયો. વળી હે વત્સ ! આ મહાબળવાન નિષ્કારણ ઉપકારી કોણ છે ? ત્યારે પિતાને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તુર્ત જ નાટયભૂમિમાં ભવોભવના નાટકને દર્શાવતું રાજવીને પણ જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પિતા–પુત્રને જાતિસ્મરણ સાથે

દેશાંતરીય રાજપુત્રને પણ જાતિસ્મરણ જ્ઞાન ! ત્રિવેણી સંગમ ! શું ભવ્ય પરિણતિ ! રાજવી પણ પૂર્વાનુભૂત સર્વવૃત્તાંત કહેવા લાગ્યો.

હે વત્સ ! ખરે જ વિધિ અનુકૂળ છે. તમારા પૂર્વવૃત્તાંતને સાંભળી મને પણ બોધિની પ્રાપ્તિ થઈ! હે વત્સ ! શું તું ભૂલી ગયો ? યાદ કર. એક જ ગુરુકુલમાં તમે-અમે વસતા, તપસંયમાદિ આરાધના કરતા હતા. શું તું મને ઓળખતો નથી ! હું દેવગુપ્તનામનો મુનિ હતો !

"અહો ! પિતાજી ! હવે મને યાદ આવ્યું. ! આમ વાર્તાલાપ ચાલુ હતો, ત્યાં તો પ્રાતિહારનું આગમન થયું. અને ભૂપતિને વિજ્ઞપ્તિ કરી : હે દેવ ! અત્યારે ભોજનવેળા થઇ છે, તો સત્વર રાજમહેલે પધારો. ત્યારે રાજવી, કુવલયચંદ્ર અને જન્માંતરીય સાથી જયમંગલકુમાર ત્રણે રાજમહેલે પધાર્યા. આવશ્યક કાર્ય કરી, દેવપૂજાદિ કૃત્યો પતાવ્યા પછી ભોજન કરી બંને રાજપુત્રોને બોલાવીને કહ્યું કે—

"હે રાજકુમાર ! સાંભળ મને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. તેથી પૂર્વભવોની સ્મૃતિપૂર્વક નિર્મલ વિવેકની પ્રાપ્તિ થઈ. જેથી સંસારમાં પરિભ્રમણનું દુઃખ ખટકે છે. અને તેથી જ હું સંસારવાસ ત્યજવા ઈચ્છું છું.

અનંતીવાર રાજસુખ મેળવ્યા, ભોગવ્યા છતાં આ જીવને ક્યારેય વિરાગભાવની પ્રાપ્તિ થઇ નથી. અનંત સંસાર પરિભ્રમણ દરમ્યાન જીવે શું મેળવ્યું નથી ? શું ભોગવ્યું નથી ? બધું જ મેળવ્યું છે છતાં વિષય-કષાયમાં આસક્ત, તૃષ્ણાગ્રસિત જીવને ક્યારેય એ બધું ત્યાગવાનું મન થતું નથી.

પણ આજ મહાપુણ્યોદયે લઘુકર્મીતાથી મને સંસારવાસ રૂપી પિંજરમાંથી મુક્ત થઇ, મુક્તિ મંઝિલે પહોંચાડવા સમર્થ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છા થઇ છે. તો હે પુત્રો! તમે રાજ્યભાર સ્વીકારો, મારા આત્મોન્નતિના માર્ગમાં અંતરાયભૂત ન બનો. કિંતુ ધર્મમાર્ગમાં સહાયક બનો. મેં પૂર્વે પ્રવ્રજ્યા પાળી હતી, તે સંસ્કારો અત્યારે જાગૃત થયા છે. તેથી તમે મારો માર્ગ નિષ્કંટક બનાવો. કર્મની સામે શૂરવીર બની, કર્મશત્રુને પરાસ્ત કરવાના માર્ગે જવા અનુમતિ આપો." પિતાની વૈરાગ્યભાવના જાણી સ્નેહાનુબંધથી, સંયોગની પાછળ ડોકિયું કરતાં વિયોગનાં દુઃખથી બંને રાજપુત્રો વ્યથિત થયા અને રૂદન કરવા લાગ્યા. રાજાએ નિષેધ કર્યો. વૈરાગ્યવાસિત વચનથી સમજાવ્યા :

"હે પુત્રો! શા માટે કાયર બનો છો? સુખ પછી દુઃખ, ચડતી પછી પડતી, સંધ્યા પછી ઉષાનું આગમન–આ કુદરતી–ક્રમ ચાલુ જ છે! માટે ક્યારે દુઃખની હારમાળા સર્જાય, તેની કલ્પના જીવ કરી શકતો નથી. અકાલે વ્યાધિ ઉત્પન્ન થાય છે. પ્રતિસમય જીવના માથે મોત ભમતું હોય છે. મૃત્યુથી કોણ અજ્ઞાત છે? સૌ કોઇ મૃત્યુથી સુપરિચિત છે. મોહદશામાં જીવ રૂદન કરે છે. માટે મોહદશાને ત્યાગી, પરલોક માર્ગની સાધના કરવા ઉદ્યત થયેલ મને રજા આપો."

"ઓ! પિતાજી! આપે કીધું તે સત્ય છે. તો અમે પણ આપની સાથે સંયમ અંગીકાર કરીએ. સાધનાની પગદંડીએ પ્રયાણ કરી, આત્મકલ્યાણ સાધીએ. પ્રતિક્ષણ વિચિત્ર પરિણામી આ રાજ્યથી સર્યું."

ત્યારે રાજપુત્રની વૈરાગ્યગર્ભિત વાણી સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. સાથે આનંદ પામ્યો, છતાં ફરી રાજપુત્રને કહ્યું, "તારી વાત સાંભળી આનંદ અભિવ્યક્ત કરૂં છું, છતાં હે પુત્ર! તું રાજ્યભાર વહન કર. નાયકરહિત રાજ્યનો ત્યાગ યોગ્ય નથી. રાજા વિના પ્રજા પણ દુઃખી થાય છે, તેથી અત્યારે રાજ્યની ધૂરા વહન કર. પછી સંયમ ગ્રહણ કરજે.

શું તને ખબર નથી કે ઋષભદેવ પ્રભુએ લોકોને કલા બતાવી હતી. સમગ્ર વ્યવહાર માર્ગ બતાવ્યા પછી દીક્ષા અંગીકાર કરી હતી ખરૂં ને? તો તારે તે રાજ્યધૂરા વહન કરવી જોઇએ. સ્વજન પરિવારને ત્યજવા યોગ્ય નથી. માટે જ હે પુત્ર! તું રાજ્ય સ્વીકાર. જેથી મારો માર્ગ સરળ બની જાય. ત્યારે તેણે કહ્યું.: પિતાજી! જો આપનો આગ્રહ જ છે તો આ અત્યંત ઉપકારી, સ્નેહાળ મારા ભાઈ જયમંગલને રાજ્ય અર્પણ કરો. ખરે જ! ઉપકારી ઉપકારને ભૂલતાં નથી. કિંતુ તેનો બદલો વાળવા તત્પર બને છે.

ત્યારે પિતાએ કહ્યું: હે વત્સ! એ સ્વીકારે તો કંઇ અયુક્ત નથી. ત્યારે જયમંગલ કુમારે કહ્યું: હે પિતાજી! કુવલયચંદ્ર ત્યાગી બને અને ભોગની દુનિયાને તિલાંજલી આપે તો, પછી એવી ભોગની દુનિયામાં રહી મને આ રાજ્યથી શું? પૂર્વભવે સાથે સંયમ સ્વીકારી, અધ્યયનાદિ કરતાં, દેશ-પરદેશ વિચરી સંયમ સાધના કરીને દેવલોકમાં ઉત્પન્ન થયા હતા તો અત્યારે શા માટે અમે સાથે પ્રવ્રજ્યા ગ્રહણ ન કરીએ? બંને પુત્રોની વાણી સાંભળી રાજવીએ કહ્યું: તમારે મારી આજ્ઞાનો ભંગ ન કરવો જોઈએ.

આ છે આર્યાવર્તના ખાનદાન કુટુંબના નબીરા! રાજ્ય સ્વીકાર માટે આગ્રહ છતાં સ્વીકારવાની ના પાડી, સંતોષ-વૃત્તિને ધારણ કરનારા. જ્યારે અત્યારે સત્તાને માટે મારામારી, કાપાકાપી, ભાઈ–ભાઇઓના ખૂન કરતાં પણ અચકાય નહીં. આ છે આધુનિક યુગના નબીરા ? પણ ભૂતકાળમાં સત્તાધારી છતાં અવસરે રાજ્ય ત્યાગી અણગાર અવસ્થાનો સ્વીકાર કરતા, ધન્ય છે ! તે રાજર્ષિ અને રાજપુત્રોને ! હવે રાજાએ બંનેને અર્ધું અર્ધું રાજ્ય આપવાપૂર્વક શુભદિવસે રાજ્યા-ભિષેક કર્યો. તે બંનેને રાજ્યપદે સ્થાપન કર્યા.

રાજપુત્રોને રાજા સમાન ગણવા. તેમનું વચન ઉલ્લંઘવું નહિ. એવી મંત્રી સામંતાદિને રાજાએ હિતશિક્ષા આપી.

હવે આ બાજુ સંવેગરંગ તરંગમાં ઝીલતા, સંસારપાશથી મુક્ત થવા ઇચ્છતા રાજાએ ગરીબજનોનો ઉદ્ધાર કર્યો. અને દીન–અનાથોને દાન દીધું. બંદીવાનોને છોડાવ્યા. પછી હજાર પુરૂષોથી ઉપાડાયેલી શિબિકામાં બેસી ચંપકવન ઉદ્યાનમાં આવીને અચલસૂરિની પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. તે રાજર્ષિએ પ્રમાદ તજી, સંયમ સાધના કરતાં દેશવિદેશ વિચરવા લાગ્યા.

આ બાજુ જયમંગલ અને કુવલયચંદ્ર જાણે સહોદર ભાઈઓ જ ન હોય, એક જ ગુરુના શિષ્યો જ ન હોય, તેમ અત્યંત પ્રીતિપૂર્વક રાજ્યલક્ષ્મી ભોગવવા લાગ્યા. નીતિ-પૂર્વક રાજ્યનું પાલન એવી રીતે કરતાં હતા કે પ્રજાને ભૂતકાલીન રાજાનું સ્મરણ સ્વપ્નમાં પણ આવતું નહીં. રાજ્યની પ્રજા સુખી થઇ દ્રવ્યાદિની વૃદ્ધિ, ગુણવૃદ્ધિ તથા

રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ કરતાં તેમની કીર્તિ સર્વત્ર ફેલાઇ. રાજ્ય કરતાં કોણે અપયશ ન મેળવ્યો ? કોણે નીતિનું ઉલ્લંઘન ન કર્યું ? ઘણા રાજવીઓએ કર્યું. પણ પાપભીરૂ એવા બંને રાજપુત્રો, પરલોક તરફ દૃષ્ટિ રાખી, સુંદર રીતે રાજ્યપાલન કરતાં હતાં. અને બંને રાજા, જાણે સૂર્ય—ચંદ્ર જ ન હોય ! તેમ શોભી રહ્યા હતા. અને કાળનિર્ગમન કરતાં હતાં.

હવે એકવાર રાજસભામાં તે બંને બેઠા હતા, તે વખતે પ્રતિહારીએ પ્રવેશ કર્યો. અને વિનંતિ કરી; "હે દેવ ! કોસંબીનગરીથી વિજયઘોષ રાજવીના પ્રધાન પુરુષો આવ્યા છે. અને આપના દર્શન માટે દ્વારદેશે ઊભા છે. ત્યારે તેમણે કહ્યું : "સભામાં આવવા દો" એમ સાંભળી પ્રતિહારે સભામાં પ્રવેશ કરાવ્યો. પ્રધાનપુરુષોને જોતાં જ જયમંગલકુમાર હર્ષ પામ્યા. ઓહ ! આ તો પિતાના જ પ્રધાનપુરુષો ? પછી તેઓની ઓળખાણ થતાં તેમનું સ્વાગત કર્યું અને રાજપુત્રે આપેલ આસન પર તેઓ બેઠા.

પ્રધાનપુરુષોએ પણ કુશળતા પૃચ્છાપૂર્વક પંચાંગ પ્રણિપાત કરી તેમના પિતાએ આપેલ ગૂઢલેખ રાજપુત્રને અર્પણ કર્યો. જયમંગલકુમારે તે વાંચીને સમાચાર જાણ્યા.

શારીરિક બલ નષ્ટ થતાં જર્જરિત દેહધારી, દૃષ્ટિનાશ દ્વારા વૃદ્ધાવસ્થાને અનુભવતા, મરણને શરણ બનવાની તૈયારીવાળા, પુત્રનાં વિયોગથી દુઃખિત પિતાનો એ પત્ર હતો. આ પત્રમાં લખ્યું હતું.

હે પુત્ર ? તારી વિરહવેદનાથી આકુળ બનેલ, તારા દર્શન માટે ઉત્સુક બન્યો છું. તો તું જલ્દી નિઃસંશય પણે આવી જા. અને પિતાને સુખ ઉપજાવ.

પત્ર વાંચી અંદર આનંદ છતાં રાજપુત્રનાં નયનમાંથી અશ્રુધારા વહી રહી હતી, રાજપુત્રની આવી સ્થિતિ જોઇને કુવલયચંદ્રે કહ્યું, "હે મહારાજ ! સર્વ દુઃખી અવસ્થામાં ધીરતા એ મહાપુરુષનું અલંકાર છે, તો આ શું છે ? શું મહાસાગર મર્યાદા મૂકે ? ત્યારે કહેવા અસમર્થ જયમંગલ-કુમારે પિતાનો પત્ર તેને અર્પણ કર્યો. તે વાંચી તેને રહસ્ય સમજાયું. ખરેખર ! આ રાજપુત્રનું રૂદન સ્થાને જ છે. પિતાની દુઃખિત અવસ્થાના સમાચાર સાંભળી કોને દુઃખ ન થાય ? સૌ કોઇને થાય.

પછી આશ્વાસન આપતાં કુવલયચંદ્રે કહ્યું, "હે મહા-યશ ! તું શા માટે સંતાપ કરે છે ? તારે જલ્દી જવું જોઈએ. આ તો મોટું કામ છે. વળી હે રાજપુત્ર ! ધનવિસ્તાર, રાજ્ય કે પ્રિયજનનો મેળાપ સુલભ છે, પણ માતપિતાનું દર્શન દુર્લભ છે, પુત્રદર્શનાભિલાષી, માતા-પિતાના દર્શન વિના જન્માંતરમાં પણ દુઃખ વિરમતું નથી, તેથી અત્યારે તારે કાલક્ષેપ કરવાની જરૂર નથી. હે મહાભાગ્યશાળી ! મોહને છોડી તારે જલ્દી જવું યુક્ત છે. એવા તેના વચન સાંભળી જયમંગલે કહ્યું. હે મહારાજ ! તમે કહો છો તે સત્ય છે. વળી પિતાની ઈચ્છા ઉલ્લંઘવી ઉચિત નથી. તેમ પ્રેમાનુબંધ પણ છોડવો યુક્ત નથી. તેથી જ ડોલાયમાન

સ્થિતિવાળું મારૂં મન જવા માટે નિર્ણય કરી શકતું નથી. તો હવે હું શું કરૂં? એક બાજુ પિતાશ્રીની દર્દભરી આરજૂ મારા હૃદયને કોરી નાંખે છે તેમજ શબ્દદેહે પ્રગટેલ પિતાશ્રીની હૃદયવેદના જાણી મન વિચારશ્રેણીએ ચઢયું છે. તો બીજી બાજુ ભાઇનો વિયોગ! તથા વાત્સલ્યોદધિ પિતાની મનોવેદના, દર્શનની ઉત્સુકતા જાણી, તેથી હે રાજપુત્ર! તું જ કહે, મારે શું કરવું જોઇએ? તેણે કહ્યું, હે મહાભાગ્યશાળી! આપણા પ્રણયભંગ કરતાં માતા–પિતાનો પ્રણયભંગ કરવો ઉચિત નથી. તું જલ્દી જા. હું પણ તારી સાથે આવીશ. આકુળવ્યાકુળતા તજી પિતૃવદન નીહાળવા જલ્દી પ્રયાણ કરીએ.

ઓહ! તમે એમ શા માટે કહો છો? નાયક વિનાનું આ રાજ્ય કોણ ચલાવશે! પાછળથી તમને પશ્ચાત્તાપ થશે. કેમ તમે પિતાની હિતશિક્ષા ભૂલી ગયા? તો તમે રાજ્યનું સુખભર પાલન કરો. હું પણ માતા–પિતાને પૂછીને ફરી આવી જઇશ.

અશ્રુપૂર્ણ નયને અનેક પ્રધાનાદિ પુરુષો, ઘોડા–હાથી સહિત જયમંગલકુમારે કોસંબીનગરી તરફ પ્રયાણ કર્યું, અવિઘ્નપણે, અવિલંબિતપણે પંથ કાપતાં કોસંબીનગરી સમીપે આવી પહોંચ્યા. પુત્ર આગમનના સમાચાર રાજવીને મળ્યા. પછી મહોત્સવપૂર્વક પુત્રનો નગર પ્રવેશ કરાવ્યો. પિતા–પુત્રનું અપૂર્વ મિલન થયું. ચિરકાળ પછી પિતા–પુત્રનું મિલન જાણે ગંગા યમુના નદીનું મિલન જ જોઈ લો! રાજપુત્રે પિતાના ચરણારવિંદમાં વંદના કરી. તેમણે પણ પ્રીતિપૂર્વક

ચુંબન કરી ખોળામાં બેસાડી પૂર્વ વૃત્તાંત પૂછ્યો, પછી તેણે લજ્જાથી અવનત મસ્તકે પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. અન્યોન્ય વાર્તાલાપવડે સમય પસાર કરી તે પોતાના ભવનમાં ગયો.

સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થયા બાદ રાજાએ બોલાવ્યો. વિનયપૂર્વક પ્રણામ કરી પોતાના આસન ઉપર બેઠો. પિતાના મુખ સન્મુખ દૃષ્ટિ રાખી વારંવાર નીહાળવા લાગ્યો, તે વખતે રાજાએ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. હે વત્સ! પ્રાણ-પ્રિય! તું આ રાજ્ય ગ્રહણ કર. અમે તો પાંચ રાત્રિના મહેમાન છીએ. આત્મશ્રેયાર્થે અરિહદત્ત ગણિની પાસે સંથારક પ્રવ્રજ્યા સ્વીકારી, અમે અણસણપૂર્વક આરાધના કરવા ઇચ્છીએ છીએ. અત્યાર સુધી તારા વિરહમાં જીંદગી પૂરી થઇ. હવે તો અમે ધર્મારાધના કરીએ ને?

પિતાની વાણી સાંભળી રાજકુમાર શોકમગ્ન થયો, શું કરવું? એમ વિચારણા કરતાં તેના મુખ પર ગ્લાનિ છવાઈ ગઈ. અને મૌનપણે તે રહ્યો છે, ત્યાં તો રાજવીએ પ્રધાન પુરુષના હાથમાં રહેલ સુવર્ણ કળશવડે રાજ્યાભિષેક કર્યો, ત્યારે તેણે કહ્યું: "પિતાજી! આ શું? આ શું? ત્યારે રાજાએ કહ્યું: અત્યારે તો આ જ ઉચિત છે. તું રાજ્યનું સુંદર પ્રકારે પાલન કરજે. અમે તો પૂર્વપુરૂષોએ આદરેલ માર્ગે પ્રયાણ કરીએ છીએ. એમ કહી સર્વની સાથે ક્ષમાપના કરી અંતઃપુર, નગરજન, સામંતાદિને ખમાવી, અરિહદત્ત ગણિ સમીપે જઈ સંથારક પ્રવ્રજયા સ્વીકારી. પછી સમાધિમય ચિત્ત બનાવી, સાધુ પાસે આરાધના સૂત્ર ભણી, અપ્રમત્તપણે

આરાધના કરી, પંચ નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક વિજયઘોષ રાજર્ષિ કાળધર્મ પામ્યા. અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા.

આ બાજુ જયમંગલકુમારે પણ અપ્રતિમ પ્રતાપથી સર્વ સામંતચક્રને વશ કર્યું. તેમજ જિનશાસનની પ્રભાવનાના કાર્યો, સાધુભગવંતની ચરણ સેવા કરવાપૂર્વક રાજ્યલક્ષ્મીને ભોગવવા લાગ્યા.

તેની ઋદ્ધિ સિદ્ધિ નીહાળી તેની અપરમાતા ઇર્ષ્યાથી વ્યાકુલ થઇ. અને પોતાના પુત્ર જયશેખરને જાણે સ્વપ્નમાં પણ રાજ્યલક્ષ્મીનો લાભ થશે નહીં, એમ વિચારી જયમંગલને મારી નાંખવાના ઉપાયો ચિંતવવાપૂર્વક તે તકની રાહ જોવા લાગી. ખરેખર! સત્તાલોલુપી જીવો પ્રાણ નાશ કરવા સુધી પ્રવૃત્તિ આદરવા તૈયાર થાય છે. જ્યારે જયમંગલકુમાર સત્તા, રાજમહેલ પરિવારાદિની અનિત્યતા ચિંતવતો હતો. રાજ્યને દોરડાના બંધન સમાન માનતો હતો. વળી આત્માને બેડી પહેરાવી કારાગૃહમાં જ નાંખ્યો હોય, તેમ માનતો હતો. સંસારના દરેક પદાર્થમાં અનિત્યતા ચિંતવતો વૈરાગ્યથી તે રાજ્યપાલન કરતો, વળી જયશેખરકુમારને તેણે યુવરાજપદે સ્થાપન કર્યો, તો પણ અપરમાતા પોતાના વિચારને અમલમાં મૂકવા પ્રયત્ન કરતી હતી. ખરેખર દુષ્ટ મહિલાઓનું ચરિત્ર પણ દુષ્ટ જ હોય છે.

આ વાતની જયમંગલકુમારને ગંધ સુદ્ધા આવી ન હતી. અને તેની પણ જાણે સગીમાતા હોય તેમ તેના ઉપર

વાત્સલ્ય બતાવતી હતી. પણ ભીતરમાં ઇર્ષ્યા રાખતી હતી. આ છે કષાયાધીન જીવોની દશા.

એકવાર રાજકુમારે વિજયયાત્રા માટે પ્રયાણ કર્યું, અપરમાતા પણ કપટથી તેની સાથે ગઇ. પ્રયાણ કરતાં યમુના નદીના કિનારે પડાવ નાંખ્યો. તે સમયે સમસ્ત પૃથ્વી ઉપર રાત્રી વ્યાપી ગઈ. તારલીયાનો આછો પ્રકાશ રેલાઇ રહ્યો છે. આ રાત્રી ! જેમાં પ્રાણીઓ નિદ્રાધીન છે ! વિધુ ચંદ્રમા ઔષધિપતિ, સર્વત્ર સુધા વર્ષાવી રહ્યો છે. અને સમગ્ર સેવકવર્ગ મીઠી નિદ્રા માણી રહ્યો છે.

બસ તે જ સમયે અપરમાતા જયમંગલની પાસે આવી અને કહેવા લાગી : અરે ! ઓ જયમંગલ ! જયશેખરને અચાનક રોગાદિ આપત્તિ પ્રાપ્ત થઇ છે. માટે તું મારી સાથે ચાલ, એમ સાંભળી તુર્ત જ સ્નેહાધીન જયમંગલ મહા અનર્થકારી પળને અવગણી તે તેના આવાસે ગયો. ને સુંદર શય્યા ઉપર તે બેઠો. તેણે ઉગ્રવિષ મિશ્રિત તાંબુલનું બીડું તેને આપ્યું. તેણે પણ વિકલ્પરહિત ખાધું. વિષ તેના શરીરમાં વ્યાપી ગયું. તે ચેષ્ટા રહિત થયો. અને જાણે કાષ્ટ જ ન હોય તેમ ભૂતલ પર પડયો. "જુઓ કર્મતણી ગતિ ન્યારી." પોતાના લઘુબાંધવની પીડા નિવારવા માટે આવેલ, પણ ઉલટું જ વાતાવરણ સર્જાયું. નારી ચરિત્ર દુર્લક્ષ્ય છે. તેનો પાર પામી શકાતો નથી. હવે તે દુષ્ટાએ તેને પોટલામાં બાંધી તે પોટલું જમુના નદીમાં વહેતુ મૂકયું.

અરે સત્તા ! તારા પાપે કેટલાયના પ્રાણનાશ ! પેલી રાજ્યસત્તાને ખાતર શોકયના પુત્રને બેહાલ દશામાં નાંખનાર નારીને પણ ધિક્કાર છે. ઉપકારી, સ્નેહી, ગુણવાન માણસને પણ સ્ત્રી સંકટમાં પાડે છે. તે કુલાચારને ગણતી નથી. શીલને કલંકિત કરવામાં તેમજ અપયશની પ્રાપ્તિને પણ તે ગણતી નથી. તે ઉપકારીના ઉપકારને પણ વિસરી જાય છે. આવી પાપી, સર્પિણી સ્ત્રી માનવીના જીવ હરી લે છે. ખરે જ વ્યાધિનો પ્રતિકાર કરાય, પિશાચી, સર્પિણીનું રક્ષણ કરી શકાય, પણ પેલી કપટની ખાણ મહિલાની રક્ષા કરવી દુર્લભ છે. સ્વયં સંકટમાં પડે છે. અને બીજાને પણ પાડે છે. તે દુષ્ટાએ સરળ સ્વભાવી રાજપુત્રને દુઃખી અવસ્થામાં નાંખ્યો.

જમુનાના જળના ઉછળતા તરંગો વડે ઉછળતું, પાણી, પોટલામાં ભરાતું હતું, ડૂબતું ડૂબતું, અનુશ્રોતવડે તે પોટલું આગળ ચાલ્યું. અને તે નદીકિનારે આવ્યું. આ બાજુ જલમાં ડૂબકી ખાતાં ખાતાં તે રાજપુત્રનો વિષવિકાર દૂર થયો.

જુઓ તો ખરા ? પુણ્યનો પ્રભાવ ! વિષવિકાર નષ્ટ થતાં રાજપુત્ર સજીવન થયો, તેથી જ

“ પુણ્યાનુબંધી પુણ્ય જ હોય ત્યારે
થાયે લીલા લ્હેર,
“ પાપાનુબંધી પાપ જ હોય ત્યારે વર્તાયે
કાળો કેર,

અને પુણ્ય યોગે રાજપુત્ર કિનારે આવ્યો. પોટલાનાં

બંધનમાં રહી, ચેતના પ્રાપ્ત થતાં વિચારવા લાગ્યો. આ શું ? આ કયો પ્રદેશ ? હું કયા ? શું આ સ્વપ્ન ! અથવા મતિ-વિભ્રમ ! એમ વિચારી રહ્યો હતો, ત્યાં તો સૂર્યનારાયણુના દર્શન થયા.

અરૂણુના ઉદયે, ગગનમાં વ્યાપે પ્રકાશધાર; પદ્મ વિકસે, કુમુદ સંકોચાયે, નાશી છૂટે અંધકાર.

પંખી કલરવ કરે, ભૃંગ વને કરે ઝંકાર, જાગ્યો જાણે તેહને, જેહ જગતમાં જગાવણુહાર.

પ્રાતઃકાળનું દૃશ્ય રમણીય હોય છે. પ્રાતઃકાળનો દિવ્ય-પરિમલવાહી પવન વૃક્ષોને ધીમે ધીમે ગલગલીયા કરી આનંદમાં નચાવી રહ્યો છે. સૂર્યમંડલને પણુ જાણે આજનો દિવસ અહીં જ ગાળવાનું મન થયું હોય, તેમ સૂર્યનું મંડલ ધીમે ધીમે આગળ વધી રહ્યું હતું. આહ ! શી કુદરતની શોભા ! શી કુદરતની પ્રસન્નતા ! શી નિસર્ગની સુંદરતા ! જોવા જેવી જણાય છે. તે સમયે નદી કિનારાના સમીપવર્તી ગંભીરય ગામથી પૂર્વે જીવિતદાન અર્પણુ કરેલ તે કુલપુત્ર અહીં આવ્યો છે. ત્યાં આવી તેણે પાદપ્રક્ષાલન કરી, દેવ-ગુરુનું સ્મરણુ કરી, સૂર્યદેવની અંજલીપૂર્વક પૂજા કરી. પછી નદી કિનારે થોડો આગળ વધ્યો. નદીમાં તે પાણી પીવા જાય છે ત્યાં તો નદીમાં તેણે પોટલી જોઈ.

આશ્ચર્યચકિત, કૌતુકવડે તે ત્યાં ગયો. તેણે પોટલી ખોલી. તેની અંદર વિકસિત નયનવાળા એવા કુલપુત્રે-જયમંગલને જોયો પછી કરૂણુાનિધિ તેણે હસ્તાલંબનથી જળમાંથી બહાર

કાઢયો. ધીરે ધીરે તે પોતાના ઘરે લઈ ગયો. અને તેલવડે મર્દન, સ્નાન કરાવી ઉજ્વલ શ્વેતવસ્ત્ર પહેરાવી ભોજન કરાવ્યું. તે પણ સ્વસ્થ થયો. બીજે દિવસે કુલપુત્રે પૂછ્યું, "હે મહાયશ! તું કોણ છે? તું શાટે નદીમાં પડયો? ત્યારે તેણે વિચાર્યું. જુઓ તો ખરા! આ કુલપુત્રની મહાનુભાવતા! અહો! તે મને ઓળખતો પણ નથી! એમ વિચારી જયમંગલ લજ્જા પામ્યો, કેવી રીતે પોતાની જાતને પ્રગટ કરવી એમ વિચારી તેણે કહ્યું: " હે કલ્યાણકારી પુરુષ! એક દુષ્ટ રાજસેવકે મને આવી અવસ્થામાં નાંખી, નદીની અંદર તરતો મૂકયો હતો.

પાપી એવા તે દુષ્ટે અયોગ્ય કર્યું! તેણે તને દુઃખિત અવસ્થામાં નાખ્યો. એમ કહેવા–પૂર્વક કુલપુત્ર સંતાપ કરવા લાગ્યો. ત્યારે તેણે કે કહ્યુ કલ્યાણકારી! વિધિનો દુર્વિલાસ કોણે જોયો નથી? પેલા જળપ્રવાહના તળભાગમાં રહેલી માછલીઓને જાળમાં માછીમારો પકડે! ગગનચારી પક્ષીઓ શિકારીના પાશમાં જકડાય! પર્વતકાય હાથી પણ બંધનમાં સપડાય! ભવમાં ભમતાં જીવોને આપદા પડે! તો મને આપદાની પ્રાપ્તિ થઇ તેમાં શું? ખરેખર પૂર્વે હું પણ આપત્તિમાં પડયો હતો, પણ ભાગ્યયોગે કોઈ મહાપુરુષ, કરૂણાનિધિ રાજપુત્રે મને સંકટમાંથી ઊગાર્યો. હતો. અહો! પ્રાણસાટે મને જીવિતદાન આપવા તૈયાર થઇ મને મૃત્યુના મુખમાંથી ઉગારનાર કોઈ સામાન્ય પુરુષ ન હોતો.

આ વાત સાંભળી રાજપુત્રે વિચાર્યું. અહો! આ મહાનુભાવ

હજુ પણ મારા ઉપકારનું સ્મરણ કરે છે. તો ચાલ હું પૂછું તો ખરો કે, તે કોણ પુરુષ હતો. પછી પોતાની જાતને છૂપાવી તે પૂછવા લાગ્યો : હે કલ્યાણકારી પુરુષ! તે ઉપકારી–પુરુષ કોણ ? ત્યારે તેણે કહ્યું : હે મહા ભાગ્યશાળી ! તે મહાપુરુષને મેં વિનયપૂર્વક, નમસ્કારપૂર્વક, પોતાનું સ્વરૂપ પૂછ્યું. પણ તે મહાપુરુષે કાંઈ જ જવાબ આપ્યો નહીં, પણ મૌનપણે રહ્યો.

આ સાંળળી રાજપુત્રે વિચાર્યું "હજુ પણ મારા શુભકર્મનો ઉદય વર્તે છે કે આ મને ઓળખતો નથી. ચાલો અત્યારે તો હું અહીં જ રહું, પછી થઈ પડશે આગળ જોઇ લઇશું.

આમ બંને વચ્ચે વાર્તાલાપ ચાલુ હતો, ત્યાં તો ગામની બહાર ભેરી–ભંકારના અવાજો સંભળાવા લાગ્યા. દિશાઓ બહેરી થઈ ગઇ. ચારે બાજુ કોલાહલ–કોલાહલ મચી ગયો. એ સાંભળીને આ શું ! આ શું ! એમ બોલતા ગામલોકો અને કુલપુત્ર અવાજની દિશા ભણી દોડયા. ત્યાં તેમણે ચાતુરંગીય સેના જોઈ. તેના સેનાપતિએ ગામલોકોને પૂછ્યું. શું આવા પ્રકારના સ્વરૂપવાળો કોઇ પુરુષ તમારા ગામમાં આવ્યો છે? ત્યારે ગામલોકો શૂન્યમનસ્ક બની ગયા. એટલામાં કુલપુત્રે કહ્યું : હા, તમે જે પુરુષની વાત કરો છો, તેવો જ પુરુષ અહીં મારા ઘરે છે.

વાત સાંભળી તેને આશા બંધાઇ અને સેનાપતિ હર્ષિત થયો. આ વાતથી તેને રાજપુત્રની પ્રાપ્તિ જેટલો જ આનંદ

થયો. હર્ષાવેશમાં આવી પોતાના પહેરેલા સર્વ આભરણો તેને આપી દીધા. પછી ગામમાં પ્રવેશ કર્યો.

કુલપુત્રના ઘરે તેણે જયમંગલ રાજવીને જોયા. તરત જ સેનાપતિ, પ્રધાનાદિ ચરણકમલમાં નમી પડયા. પછી સર્વે યોગ્યસ્થાને બેઠા. કુલપુત્ર તો આ બધું જોઈ જ રહ્યો. ત્યાં રાજવીએ પૂછયું: "તમે અહીં કેમ આવ્યા? કેવી રીતે આવ્યા? ત્યારે તેમણે કહ્યું: "દેવ! સાંભળો. મધ્યરાત્રીએ તમે જયશેખર રાજપુત્રની આપત્તિ દૂર કરવા, એકાકી અપરમાતાના આવાસે ગયા હતા. ત્યાર પછી આપના કાંઇ જ સમાચાર નથી, તમારી ખૂબ શોધખોળ કરી પણ તમારો પત્તો લાગ્યો નહીં એ નાથ! તમે કયાં ગયા? કયાં રહ્યા? આપનું શું થયુ? તે અમે કોઈ જાણતા નથી. ઘણી શોધખોળને અંતે પણ આપનો પત્તો લાગ્યો નહીં.

ત્યારે અપરમાતા પાસે ગયા. અને પૂછયું તો કહ્યું: રાજપુત્ર તો તુરત અહીંથી નીકળી ગયા હતા. તે સિવાય હું કશું જ જાણતી નથી. આ સાંભળી સર્વ લોકો આકુળવ્યાકુળ થઈ ગયા.

આપના વિયોગથી આબાલ વૃદ્ધ સૌ કોઇએ પાનભોજનનો ત્યાગ કર્યો. અંતઃપુર મરવા તૈયાર થયું. અહીં કિનારાની સમીપવર્તી કેટલાક દુષ્ટ લોકો તલવારાદિ લઇ દોડી આવ્યા. અમે મહાકષ્ટે તેમનો સામનો કર્યો. અમારી સ્થિતિ કફોડી થઈ. આંખમાંથી અશ્રુધારા વહાવતાં જાણે પાતાલમાં પ્રવેશ કરવા ઇચ્છતા ન હોય, તેમ પ્રધાનલોકો અધોમુખે રહ્યા.

હતા. ત્યાં તો પુણ્યયોગે કોઇ ચૂડામણિ શાસ્ત્રના પરમાર્થને જાણનાર પુરુષ આવ્યો. દાનાદિ પ્રદાનપૂર્વક તેને અમે પૂછ્યું : "અમારા સ્વામી ક્યા છે ? તેણે પણ શાસ્ત્ર દ્વારા જાણીને સર્વ વૃત્તાંત અમને કહ્યો."

વિષયપ્રયોગ પછી નદીપ્રવાહમાં તણાઇ ગંભીરય ગામમાં ગયા. ત્યાં સુધી તમારી સર્વ હકીકત કહી. તેના વચનથી અમને આશા બંધાઈ. તેની સવિશેષ પૂજા કરી. પછી અમે પ્રયાણુ આદર્યું. પવનવેગી ઘોડાઓ દ્વારા અવિલંબિતપણે અમે અહીં આવ્યા. પુણ્યોદયે અમને આપના દર્શન થયા. હે નાથ ! પ્રસાદ કરો ! અશ્વરત્ન ઉપર આપ આરૂઢ થાઓ.

ત્યારબાદ તેણે ઉપકારી કુલપુત્રની વસ્ત્રાદિ પ્રદાનપૂર્વક પૂજા કરી અને અશ્વારૂઢ થઈ ત્વરાથી પ્રયાણુ કરતાં તેઓ સર્વે પડાવ આગળ આવ્યા. વધામણી થઈ અને રાજપુત્રના સમાચાર સાંભળી, જીવતો આવેલો જોઈ દુષ્ટ-અપરમાતા ત્યાંથી ભાગી ગઈ. જયશેખર તો આ બધી વાતોથી અજાણુ હતો. તેથી તે તો ત્યાં જ રહ્યો. રાજાએ બધી વાત કહી. અપરમાતાની દુઃચેષ્ટા જણાવી. અને તે જોઈ સંસાર ઉપર વિરાગદષ્ટિથી નીહાળતા રાજવી ચિંતનમાં ડૂબી ગયા.

અહો ! તે ધન્યાત્મા ! પુણ્યાત્મા ! જેઓ સમગ્ર સંસાર-વાસ ત્યાગી પ્રવ્રજ્યા અંગીકાર કરે છે ! વળી તૃણુ-મણી, શત્રુ-મિત્રને સમદષ્ટિથી જોતા, સંયમની સાધના સાધતા તે મુનિપુંગવોને ધન્ય છે ! જેઓ રાજ્યલક્ષ્મીને સાપની કાંચળીની જેમ ત્યજી મોક્ષસુખ માટે ઉદ્યમી બને છે. અરે !

હું જ પાપી છું, તુચ્છ રાજ્યલક્ષ્મીનો ભોગવટો કરી રહ્યો છું. અજ્ઞાની જીવો જ રાજ્યમાં પડ્યા રહે, પણ હું તો જાણવા છતાં મહા અનર્થકારી રાજ્યમાં પડ્યો રહ્યો ? પાપીણીએ નિમિત્ત વિના મને અનર્થમાં પાડયો ? પંચ-નમસ્કાર સ્મરણ વિના મર્યો હોત, તો મારી શી દશા થાત ? ધિગ્ ! ધિગ્ ! ધિગ્ ! અનર્થના કારણભૂત સંસારને ! અને ઉંડાચિંતનમાંથી પ્રગટેલી ચિનગારીએ તેનું આત્મસ્વરૂપ પ્રકાશિત કર્યું. કષાયોની કુટિલતા, વિષયોની વિષમતા, જીવનની ક્ષણભંગુરતા, સંસારની હેયતા, સંયમની ઉપાદેયતા સમજાતા તેની હૃદયરૂપી વીણામાંથી વૈરાગ્યની સુરાવલી રેલાઇ રહી, એના નાદે તેના રોમરોમમાં વીતરાગના રાગ ઉત્પન્ન થયા. તેનો મનરૂપી મોરલો નાચી ઉઠયો અને અંતિમ નિર્ણય થયો.

ભોગની ભૂતાવળમાંથી પ્રગટેલ ભોગવાસનાને તિલાંજલી દઈ, સંસારસમુદ્રથી તારનાર સંયમીજીવન સ્વીકારવાની તેને અપૂર્વ ભાવના પ્રગટી. વિરાગી રાજવીના અરમાનોને પૂર્ણ કરનારી પાવની પળ ડોકિયું કરી રહી હતી. અને એ પળ જાણે પ્રત્યક્ષ થવા જ ન સર્જાઈ હોય તેમ ચિંતન–મગ્ન રાજા સમીપે પ્રતિહાર આવ્યો. અને વિજ્ઞપ્તી કરી "હે મહારાજ ! ભવસમુદ્રમાં ડૂબતા જીવોને યાનપાત્ર તુલ્ય શ્રીસમન્તભદ્રાચાર્ય સહસ્રામ્રવનમાં સમોસર્યા છે." આ ગુરૂ મહારાજનું આગમન સાંભળતાં જ તેના સાડા ત્રણ કરોડ રૂંવાડા ઊભા થઇ ગયા તેના આનંદની અવધિ ન રહી. રાજા પારિતોષિક દાન આપીને ગુરુભગવંત સમીપે ગયા.

પરમભક્તિથી તેમને વંદના કરી. તે ધરણીતલે બેઠો. ગુરુએ પણ આશીર્વાદપૂર્વક રાજાને બોલાવી કહ્યું : "હે રાજન્ તું ભવકૂપમાં પતિત જીવોને હસ્તાલંબન તુલ્ય દેવપૂજાદિ કરે છે કે નહીં? તને ધન–ભવન–શયન–દેહાદિની અનિત્યતા સમજાય છે ખરી? જેને સંસારના સમસ્ત પદાર્થોની અનિત્યતા સમજાય, તેનો ભવરાગ નષ્ટ થઈ જાય. વળી અપૂર્વ–અપૂર્વ ગુણપ્રાપ્તિમાં તું પ્રયત્ન કરે છે કે નહીં!" ત્યારે તેણે કહ્યું : "પણ ગુરુદેવ! પાપપંકમાં મગ્ન, ભવાભિનંદી મારા જેવાને આવી પ્રવૃત્તિ ક્યાંથી હોય? પણ વિષયમાં લુબ્ધ, ધર્મચિંતનમાં મૂઢ મારા ઉપર ગુરુદેવ મહેરબાની કરો! મારા ઉપર કૃપા વર્ષાવો, મને ધર્મોપદેશ આપો?"

ભગવંતે પણ દુઃખદાવાનલથી અસહ્ય વેદના અનુભવતા આ દગ્ધહૃદયને સુધાવર્ષી, મુખચંદ્રની શીતળતાથી શાંત કરનાર દેશનાનો પ્રારંભ કર્યો. તેની સમક્ષ અક્ષયસુખયુક્ત નિર્વાણરૂપી મહાફલ આપનાર સાધુધર્મનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. વિષયાસક્ત જીવોની દુર્દશાનું આબેહૂબ વર્ણન કરી સંસારની ભયાનકતા દર્શાવી તેમની સંસારનિસ્તારિણી, કર્મવન બાળવામાં દાવાનલ સમ ધર્મદેશના સાંભળી રાજવી ભવવિરક્ત થયો. સંસારવાસ ત્યાગવાની તેને ભાવના પ્રગટી. પછી ગુરુવંદન કરી પોતાના પડાવના સ્થાને ગયો. મંત્રી–સામંતાદિને બોલાવી. તેઓની સમક્ષ જયશેખરને રાજ્યપદે સ્થાપન કર્યો. સમગ્ર રાજઋદ્ધિ તેને અર્પણ કરી, સર્વજનોની સાથે ક્ષમાપના કરી. દીન–અનાથોને દાન દેવા પૂર્વક પ્રશસ્ત દિવસે શાસ્ત્રોક્ત

વિધિ અનુસાર સમંતભદ્રસૂરિ પાસે જયમંગલ રાજાએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. નિર્મલબુદ્ધિથી ટૂંક સમયમાં અંગોપાંગાદિનો અભ્યાસ કર્યો. વિવિધ તપાદિ ક્રિયામાં પરાયણ ગુરુકુલવાસમાં લીન તેઓ ગ્રામનગરાદિમાં વિહાર કરવા લાગ્યા. દેશવિદેશ વિચરતાં એકવાર તેઓ કેટલાક સાધુથી પરિવરેલા ગર્જનપુર-નગરે આવ્યા ત્યાં ચંપક ઉદ્યાનમાં તેઓ ઉતર્યા. ગુરુ આગમનના સમાચાર કુવલયચંદ્રે જાણ્યા. પછી પ્રધાન રાજેશ્વર સેનાપતિ, શ્રેષ્ઠીયુક્ત તે વંદનાર્થે આવ્યો. તેણે વિધિપૂર્વક તેમને વંદના કરી.

અહો ! આ તો જયમંગલ રાજર્ષિ ! જોતાવેંત જ તે બોલી ઉઠયો. તે આનંદિત થયો અને ધરણીતલે બેઠો. પછી તે અંજલિપૂર્વક ઉપાલંભ સહિત વિનંતી કરવા લાગ્યો: “હે ભગવંત ! શું મને છોડી એકલા સંયમ સ્વીકારી વિચરવું આપને યોગ્ય છે ? શું તમે પૂર્વભવ ભૂલી ગયા ? અનાથ નિરાધાર મને છોડી એકલા સંયમ સ્વીકાર્યું ? હે નાથ ! અનાથ એવા અમે કોનું શરણ સ્વીકારીએ ? અરે ! ખરેખર હજુ પણ મારૂં ચારિત્રાવરણકર્મ ગાઢ છે ! જેથી મને તમારી સાથે સંયમ સ્વીકારવામાં વિયોગ થયો ! વધુ શું કહું ? ઓ ભગવંત ! મને છોડી, પાપપર્વતને ભેદવામાં વજ્રસમ દીક્ષા આપ્યા વિના આપ જશો જ નહીં. મને આપની સાથે જ લઈ જાઓ. આપ વિના હું રહી શકું નહીં. મને આપની યાદ ખૂબ સતાવે છે. ઓ મુક્તિમાર્ગના પથિક ! મુક્તિ પંથે મને પણ ચડાવો. મુક્તિ સોપાન મને પણ બતાવો.”

તેની ગદ્‌ગદિત વાણી સાંભળી જયમંગલ રાજર્ષિ બોલ્યાઃ "હે મહાભાગ્યશાલી! એમાં મારો શો દોષ? પૂર્વકર્મથી જ આમ બન્યું! છતાં ઇચ્છિત મેળવવા તું ઉદ્યમવંત થા, કેવલ તારો ઉદ્ધાર કરવા જ અમે ગુરુ પાસે આજ્ઞા લઈ અહીં આવ્યા છીએ. "તો તો ભગવંત! સમ્યક્ પ્રકારે મારો નિસ્તાર કરજો." એમ કહી વંદન કરી તે પોતાના મહેલે આવ્યો. જમાલિ નામના મોટા પુત્રને રાજ્ય આપી, તેણે કાલોચિત સર્વકાર્ય કરી, ભોગસુખને ત્યજી જયમંગલ-મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. તેઓ જીવમાંથી શિવ બનવાના રાહે ચઢયા, સર્વ સાધુ ક્રિયાના તે અભ્યાસી થયા. સમાધિ-મય, સર્વ કલ્યાણથી યુક્ત જાણે નિઃશ્રેયસની પ્રાપ્તિ કરી હોય, તેમ માનતા, નિષ્કલંક ચારિત્રનું તેઓ પાલન કરવા લાગ્યા.

એકવાર વિચરતાં તે બંને રાજર્ષિ હસ્તિનાપુર નગરે આવ્યા. વેદનીય કર્મોદયના વશથી કુવલયચંદ્ર રાજર્ષિને જરાદિ રોગો સમકાળે ઉત્પન્ન થયા. તેનું શરીર બગડવા લાગ્યું. તેના હાડકાં ઢીલા થઇ ગયા. તેથી તેઓ પ્રતિદિન આવશ્યક ક્રિયા કરવા અસમર્થ થયા. તેમનું સૂત્રાદિનું પરા-વર્તન કરવાનું કામ અટકી ગયું. ત્યારે તેમણે વિચાર્યુંઃ સંયમસાધના માટે જ શરીરની પુષ્ટિ. આહારાદિ ગ્રહણ, પણ સંયમની સાધના થઈ શકતી ન હોય, તો મને આ શરીરવડે પણ શું? તેથી ક્ષણભંગુર અસાર રોગાયતન એવા શરીરને મારે ધર્મારાધના વડે પોષવું જોઇએ. જો ધર્મારાધના પણ સીદાતી હોય, તો શાસ્ત્રોક્ત વિધિપૂર્વક શરીરનો ત્યાગ કરવો

જ યોગ્ય છે. એમ તેમણે નિશ્ચય કરી શરીરની મમતા તજી. પછી નિઃસ્પૃહી તે મુનિવરે જયમંગલ મુનિને પોતાનો નિશ્ચય જણાવ્યો. તેમણે પણ નિશ્ચય જાણી તેને અનુમતિ આપી. તેમણે શુભમુહૂર્તે સંઘ સમક્ષ, દેવ–ગુરુને નમસ્કારપૂર્વક ચાર આહાર સંબંધી પ્રત્યાખ્યાન કર્યું. અંગાદિ સૂત્રોના શ્રવણપૂર્વક તે મહાત્માએ કેટલોક કાળ પસાર કર્યો. અંતે પંચનમસ્કાર સ્મરણ-પૂર્વક તે કાળધર્મ પામી અચ્યુત દેવલોકમાં દેવ થયા.

તે દિનથી જયમંગલ મુનિ પણ ભવની ભીષણતા ચિંતવતા વિશેષ સંવેગી બન્યા. છઠ્ઠ, અઠ્ઠમાદિ તપશ્ચર્યા કરી, એકાંતમાં રાત્રીએ દુષ્કર પ્રતિમા વહન કરીને રહ્યા. આ બાજુ તે પુત્રની હત્યારી, પાપીણી અપરમાતા, પોતાના દુષ્ટ ચારિત્રથી કંપતી ભયભીત થઈ ભાગતી, ક્ષુધાતૃષાથી પીડાતી, દુઃખને વહન કરતી આશ્રમપદને વિષે પ્રાપ્ત થઈ. તેને તાપસોએ જોઈ, કંદ–મૂલ–ફલાદિ દાનવડે સત્કારી. વૈરાગી એવી તે તાપસીવ્રત સ્વીકારી ત્યાં જ રહી. એકવાર શરીરમાં વિસૂચિકા નામનો વ્યાધિ ઉત્પન્ન થયો. રોગનો પ્રતિકાર કરવા અસમર્થ તે મૃત્યુ પામી અને વ્યંતરી થઈ.

નિષ્કારણ વૈરી તેણે વિભંગજ્ઞાન દ્વારા જયમંગલ મુનિને પ્રતિમામાં રહેલા જોયા કાયોત્સર્ગ ધ્યાનમાં લીન તેમની ઉપર એ વૈરભાવથી ઉપસર્ગ કરવા લાગી. વૈરી વૈર લીધા વિના છૂટે નહીં, વૈરથી વિનાશ અવશ્ય થાય છે. અને તે દુષ્ટ વ્યંતરીએ રાત્રીએ ભયંકર વાતાવરણ સર્જી, અટ્ટહાસ્ય કરતી ભીષણનયનવાળી રાક્ષસીના રૂપો વિકુર્વ્યાં. બુત્કાર કરતાં

સર્પોવડે તીક્ષ્ણ દાંતવડે ચામડાને ફેડતી. એમ તેણે વિવિધ ઉપસર્ગો કર્યા. પણ ધર્મધ્યાનમાં અડોલ તે મુનિ જરાપણ ડોલાયમાન થયા નહીં. મુનિને નિશ્ચલ જાણી, સમસાગરમાં લીન જોઈ, પાપીણી તે મુનિને ઉપાડી સમુદ્રમાં નાંખવા તૈયાર થઇ.

આ બધા ઉપસર્ગો અવધિજ્ઞાનથી કુવલયચંદ્ર દેવે જાણ્યા. તુર્ત જ અચ્યુતદેવલોકથી પવનવેગે તેમની પાસે આવ્યા. ક્રોધાતુર, દુષ્ટ ચેષ્ટા કરતી વ્યંતરીને દૂર કાઢી. ત્રણ પ્રદક્ષિણા કરી મુનિને વંદના કરી.

હવે ક્ષિતિમંડલને પ્રદીપ્ત કરનાર, તિમિરનાશક, દિશા–પ્રકાશક સૂર્યદેવ ગગનમંડલને શોભાવવા લાગ્યા. તે સમયે મુનિવરે કાયોત્સર્ગ પાર્યો. તેઓ યોગ્યસ્થાને બેઠા. ફરીથી દેવે વંદના કરી. અને વિસ્મય પામેલા મુનિવરે પૃછયું. " હે કલ્યાણકારી ! મહાસત્ત્વશાળી ! તું કોણ છે ? શા માટે તેં વ્યંતરીને હઠાવી ! એ તો મને પૂર્વકૃત દુષ્કૃત ખપાવવામાં સહાયક થઇ. પરમાર્થથી તો મારે એનું સન્માન કરવું જોઈએ.

અહો ! સમતાસાગર મુનિના વચણો ! મુખાકૃતિ સમરસથી તરબોળ ! મૈત્રીભાવનું જીવંત પ્રતીક ! ધન્ય છે, તેમની સમતાને ! ધન્ય છે મુખકમલમાંથી નીકળતી વાણીને ! ધન્ય તેમની મૈત્રીભાવનાને ?

શત્રુ પ્રત્યે મિત્રતા દાખવનારાઓને વૈરની જવાળા ભરખી શકતી નથી. તેમની ઉત્તમ ભાવના જાણી દેવે કહ્યું : અહો ! તમે કહ્યું તે સત્ય છે. પણ " ઉત્તમચારિત્રધારી ઉપર ઉપસર્ગ

કરી, તે દુરન્ત સંસાર અટવીમાં દારૂણ દુઃખને ન પામો." એ આશયથી મેં વ્યંતરીને દૂર કાઢી. ત્યારે તેણે કહ્યું : સારૂં, તમે તેની દયા ચિંતવી. પણ હવે તમારૂં મૂળ સ્વરૂપ બતાવો. તમે કયા દેવલોકના વાસી છો? તમારૂં નામ શું? તે કહો. કેમકે મારા મનમાં કુતૂહલ ઉત્પન્ન થયું છે. દેવે પણ પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો.

પછી ક્ષણમાત્ર મુનિની સેવા કરી. નાટ્યવિધિ બતાવી, દિવ્યાભૂષણધારી દેવ અદ્રશ્ય થઇ ગયો. હવે પોતાનું મૃત્યુ સમીપ જાણી મુનિ સમેતશિખર ગિરિ ઉપર ચઢયા. તેમણે ઉપવાસનું પ્રત્યાખ્યાન કર્યું. ત્યાંથી કાળધર્મ પામી તે જયંત વિમાનમાં ૩૧ સાગરોપમ આયુષ્યવાળા દેવ થયા.

દિવ્યસુખની અનુભૂતિ કરી તે મહાત્માનું નિર્જર લોકમાંથી ચ્યવન થયું, અને માનવલોકમાં અવતરણ થયું. જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતાર્ધ ક્ષેત્ર છે. તેમાં ક્ષેમપુરી નામની નગરી છે. ત્યાં વસે ધનંજય નામે સામંત, તેની પત્ની લીલાવતીના ગર્ભમાં તે સુસ્વપ્નથી સૂચિત પુત્રપણે અવતર્યો. સમય પૂર્ણ થતાં લીલાવતીદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો.

તેની વધામણી થઈ. સ્વજનો મળી બાર દિવસ પછી પુત્રનું નામ શુભદત્ત પાડયું. પૂર્વે આરાધિત જ્ઞાનપ્રભાવથી આ જન્મમાં થોડા જ કાળમાં સમગ્રકળાને ગ્રહણ કરી લીધી. અને બાલ્યાવસ્થા પસાર કરીને યૌવનવય પામ્યા. મહાકષ્ટથી અનિચ્છાપૂર્વક તેઓ કન્યા પરણ્યા. છતાં વૈરાગી શુભદત્તે સંભૂતમુનિ પાસે ગૃહસ્થધર્મ સ્વીકાર્યો. ગૃહસ્થધર્મનું પાલન

કરતાં તેમણે કેટલાક વર્ષો પસાર કર્યા. હવે તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. માતા-પિતાના વિરહથી તે દુઃખિત થયા. તેને સમગ્રસંસાર દુઃખમય લાગ્યો. તેથી જ મહેલ તો જાણે પ્રેત-વન! બાંધવો એટલે બંધન! પ્રિયાના સંગમાં વ્યાધિની કલ્પના! ભોગો તો સર્પની ફણા સમ! અહો સમસ્ત સંસાર દુઃખરૂપ! સ્થૂલદેહની ભીતરમાં રહેલ આત્માનું દર્શન થતાં વૈરાગ્યના રંગે રંગાઇ ગયો. રાગના મહેલમાં ત્યાગના ગીત બજી રહ્યા હતા. મનોહર નૃત્ય, ગીતાદિમાં પણ અરતિના દર્શન કરતો હતો.

તેથી જ શુભદત્ત કેટલાક મિત્રો સહિત સ્વજનોને જણાવ્યા વિના નગરની બહાર ગયા અને પાછા ફરતા આશ્રમપદ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં દેવતાનું આગમન, દેવદુંદુભિનો નાદ સુણી અશ્ચર્યચકિત થઇ દેવોને પૂછ્યું: દેવતાએ મારા કેવલ જ્ઞાનનો મહિમા કહ્યો. અને કુતૂહલથી અહીં તે આવ્યો. મને જોતાં જ તેને ભવવૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે દીક્ષા ગ્રહણ કરી પૂર્વભવે આરાધિત જ્ઞાનની નિર્મલતાવડે તત્ક્ષણ દ્વાદ-શાંગીની રચના કરી તે પ્રથમ ગણધર થયા.

## જાતિ-સ્મરણ-વીણા વાગે!

## એના નાદે આતમ જાગે!

દ્વિતીય ગણધર

શ્રી આર્યઘોષ

[ ૨ ]

# માયાનું તાંડવ નૃત્ય
# યાને
# દ્વિતીય ગણધર પૂર્વભવ કથાનક

નિદ્રાનો નાશ કરી સૂર્ય જાગૃતિ અર્પણ કરે છે. તેમ જગતની મોહરૂપી નિદ્રાને દૂર કરી જ્ઞાનદાન કરતાં શ્રી પાર્શ્વ પ્રભુ એકદા વાણારસીનગરીમાં સમવસર્યા. દેવકૃત સમવસરણમાં બિરાજમાન પ્રભુએ અમૃતના કલ્લોલ સરખો ધર્મોપદેશ કર્યો. પ્રભુના મુખકમળમાંથી વાણીરૂપી મકરંદનું પાન કરવાને ભમરાની માફક ભવ્યલોકો ઉલ્લસિત મનવાળા થયા.

અશ્વસેન ભૂપાલ સમક્ષ પ્રથમ ગણધરના પૂર્વભવની વૈરાગ્યપોષક, વૈરની કાતિલતા દર્શાવનારી રસપ્રદ કથા કહ્યા બાદ દ્વિતીય ગણધરના પૂર્વભવનું કથન કરતાં અરિહંત પરમાત્મા ફરમાવે છે કે–

આ જંબૂદ્વીપમાં ઐરાવત નામનું ક્ષેત્ર છે. ત્યાં વિશાળ કુલભવનોથી વ્યાપ્ત, લક્ષ્મીના મંદિરરૂપ, ધાન્ય–સમૃદ્ધિથી ભરપૂર શ્વેતપુર નામનું નગર છે. તેમાં સમગ્ર ક્ષત્રિયકુલના તિલક સમાન પરાક્રમી ક્ષેમપાલ નામનો રાજા રહે છે. તેની સકલજનને માનનીય, વૈરાગ્યની ભૂમિ જ ન હોય, તેવી કમલાવતી નામની પત્ની છે. તેની સાથે રાજવૈભવ, વિષય સુખોને ભોગવતાં તે રાજાને કેટલાક વર્ષો પસાર થયા. સુખ-

પૂર્વક એક પછી એક દિવસો પસાર થતાં હતાં. પણ રાણીનું મન ચિંતાથી આકુળ વ્યાકુળ હતું. એક જ ચિંતા તેને સતાવતી હતી. સંતાન વિહોણું જીવન તેને વસમું લાગતું હતું. તે માતા બનવાના અરમાન સેવતી હતી. પણ "શેર માટીની ખોટ હતી" ખોળાનો ખૂંદનાર પુત્ર ન હતો. તેથી જ તે હંમેશા ઉદાસીન શોકગ્રસ્ત રહેતી હતી. એટલું જ નહીં, પણ પુત્ર પ્રાપ્તિ માટે ઉપાયોને ચિંતવતી રાજવૈભવોને પણ તુચ્છ ગણતી દુઃખપૂર્વક દિવસો પસાર કરતી હતી.

એક સમય એવો હતો કે, જ્યારે આર્યાવર્ત સંસ્કાર પ્રધાન શીલાલંકારથી વિભૂષિત હતો, નારી, માતા બનવાના અરમાનો સેવતી હતી. પણ આજે તો આર્યાવર્તની નારી સંસ્કારહીન અને શીલ રહિત બની ગઇ છે. માતા બનવાના સૌભાગ્યને પ્રાપ્ત કરનારી નારીએ મર્યાદા મૂકી દીધી છે. એટલું જ નહીં, પણ એ ગર્ભપાત દ્વારા બાળકની હત્યા કરનારી બની ચૂકી છે. રે નારી! તારા ક્ષણિક મોજશોખને ખાતર ગર્ભહત્યા દ્વારા હીચકારૂં કાર્ય કરી તું શા માટે કલંકિત થાય છે! માતા ન બનાય તો કાંઇ નહીં, પણ આવા પાપી કાર્ય દ્વારા તારી શી ગતિ થશે? નારી! પણ તું એટલું જરૂર વિચારજે કે જો તારે સુખી જ થવું હોય, તો બીજાને સુખ આપજે. જો તું બીજાને દુઃખ આપીશ, તો જરૂર તું દુઃખી થઇશ! આ સત્ય હકીકત ભૂલીશ નહીં. આ વાત આર્યાવર્તની નારી સમજતી હતી. માટે જ તું અનાર્ય ચેષ્ટા ત્યજી દે. અને વહાલસોયી માતા બની ઉત્તમ-

રત્નોને જન્મ આપનારી બનજે. પણ આવું ગોઝારૂં કૃત્ય કરીશ નહીં.

આ બાજુ પુત્ર વિનાની કમલાવતી જાણે શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ કાંતિવિહીન નિઃસ્તેજ જણાતી હતી. રાણીની દુઃખદ અવસ્થા જાણી રાજાએ દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : હે રાજન્! પુત્ર વિનાનું જીવન મને કારમું લાગે છે. અને આ આંગણું ઉજ્જડ દીસે છે. પુત્ર પ્રાપ્તિની તીવ્ર ઝંખનારૂપી વિકલ્પોથી તરંગિત થયેલું મારૂં મન ક્યાંય રતિ પામતું નથી. તો હે રાજન્! કોઈ ઉપાય કરો, જેથી મારી ઈચ્છા પરિપૂર્ણ થાય.

કમલાવતીદેવીની ઇચ્છા પૂર્ણ કરવા રાજાએ અનેક મંત્રવાદી, તંત્રવાદીને બોલાવ્યા. વૈદ્યો દ્વારા તેના શરીરની ચિકિત્સા કરાવી, દેવતાઓની પૂજા કરાવી, પણ રાણીની મનોકામના પૂર્ણ થતી નથી.

આ બાજુ ક્ષેમપાલ રાજવી નિર્ભયપુરના રાજા દેવસેન સાથે વારંવાર યુદ્ધ કરતો હતો. અને નગરને આક્રમણ કરવા દ્વારા લૂંટતો હતો.

દેવસેન ભૂપાલ પાસે સૈન્ય, હાથી, ઘોડા વિગેરે સામગ્રી પૂરતી ન હતી. જ્યારે ક્ષેમપાલ રાજવી પાસે સૈન્યાદિ અતુલ સામગ્રી હતી. તેથી તે ક્ષેમપાલ સાથે લડાઈ કરવા અસમર્થ હતો. તેથી નગરને કિલ્લાથી સજ્જ કરી, નગર રક્ષા કરવા દ્વારા તે દિવસો પસાર કરતો હતો. પણ વારંવાર થતાં

તેના આવા આક્રમણથી રાજા ઉદ્વિગ્ન થયો હતો અને તેથી તે તેના પ્રતિકારનો ઉપાય ચિંતવતો હતો.

એકવાર સભામાં તેણે મંત્રી, પ્રધાન વર્ગની હાજરીમાં ક્ષેમપાલ રાજવીના આક્રમણ સંબંધી વાતો કરી. પછી દેવસેને કહ્યુંઃ હે પ્રધાનો! મંત્રીઓ! કોઈ ઉપાય શોધી કાઢો, જેથી ક્ષેમપાલ રાજાનો નિગ્રહ કરી શકાય. કેમકે તે જીવતો હશે, ત્યાં સુધી મારૂં અને દેશનું કુશળ થશે નહીં! આ વાત સાંભળી સભા મૌન બની ગઇ. તેના નિગ્રહનો ઉપાય જડતો નથી. શું કરવું? બધા આવા વિચારમાં ગરકાવ થઇ ગયા હતા. રાજા બધા સભાજન ઉપર દૃષ્ટિપાત કરે છે, પણ ચિંતા નિવારવા કોઇ જ હામ ભીડતું નથી.

રાજવીની ચિંતાતુર દશા નિહાળી યુદ્ધવ્યૂહના સેનાપતિ દ્રોણે કહ્યું : હે દેવ? મને આદેશ આપો. છમાસની અંદર હું તે રાજાનો નિગ્રહ કરીશ, જો તેમ ન કરી શકું, તો મારા આત્માનો નિગ્રહ કરીશ. તરત જ ભૂપાલે આદેશ આપ્યો : હે સેનાપતિજી! તમે આ કામ જલ્દી કરો, જેથી તે જલ્દી મરણને શરણ થઈ જાય. સેનાપતિજીએ રાજાની આજ્ઞા સ્વીકારી. રાજાએ પોતે તેને તંબોલનું બીડું આપ્યું. તે લઇ દ્રોણ રાજભવનથી નીકળી ઘરે આવ્યો. પછી તેણે કુટુંબચિંતા, કુટુંબ-વ્યવસ્થા કરી અને શ્વેતપુર નગર તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં તેને એક કાપાલિકનો ભેટો થયો. તેને પ્રણામપૂર્વક પૂછ્યું. હે ભગવન્! તમે ક્યાં જાઓ છો? ત્યારે તેણે કહ્યું : "હું શ્વેતપુર નગરે જાઉં છું." દ્રોણ કહે :

ભગવન્! ત્યાં શા માટે જાઓ છો? કાપાલિકે કહ્યું: હે ભાઇ! તું સાંભળ, શ્વેતપુર નગરનો રાજા અપુત્રીયો છે. તેથી પુત્ર-પ્રાપ્તિ માટે મંત્રતંત્રાદિને જાણનારાઓને આમંત્રણ આપે છે. એમ મેં સાંભળ્યું છે. વળી તે બાબતમાં કોઈક ઉપાય દેવગુરુની ઉપાસના દ્વારા હું જાણું છું, તેથી તે શ્વેતપુરના રાજાને જોવાની મારી ઇચ્છા છે.

આ સાંભળી દ્રોણ હર્ષિત થયો, મનમાં ચિંતવવા લાગ્યો કે, આનો સેવક બની તેની સાથે હું જાઉં. રાજાનું દર્શન પણ થશે અને ઈચ્છિત કાર્યની સિદ્ધિ પણ થશે. એમ વિચારી તેની સેવા કરવા લાગ્યો. તેની સેવા ભક્તિથી ખુશ થયેલ કાપાલિક સ્નેહથી તેની સાથે વર્તવા લાગ્યો.

માર્ગમાં બંને જણા વાતો કરતાં કરતાં ચાલી રહ્યા છે, એકવાર કાપાલિકે તેને પૂછયું: હે વત્સ! તું કયાં જવા ઇચ્છે છે? શા માટે જાય છે? દ્રોણે કહ્યું ખરેખર તમારા દર્શનથી મારૂં સર્વ કાર્ય સિદ્ધ થઈ ગયું છે. તેથી હે ભગવંત! તમે જ દેવ છો. તમે જ ગુરુ છો તમે જ સેવનીય છો. સમગ્ર કાર્યરૂપી સમુદ્રને તરવામાં નાવડી સમાન તમે જ છો! હે કલ્યાણકારી! બીજું હું શું કહું? તમે જ મારૂં સર્વસ્વ છો. તમારી કૃપાથી જ મારા કાર્યની સિદ્ધિ થશે એમાં કોઇ શંકા નથી.

દ્રોણના વિનયયુક્ત, પ્રીતિયુક્ત વચનથી પોતાની ઉપર આસક્ત જાણી, આંતરિક રીતે કિલષ્ટ ચિત્તવાળા, બાહ્યથી સુંદર આચરણ દર્શાવતા તે કાપાલિકે કહ્યું: હે વત્સ! તું શંકા નહિ કર. તું નિર્ભય થા. તું મારી સાથે ચાલ. તારા

ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે. તારૂં કાર્ય સિદ્ધ થશે કે તરત જ તારા ઘરે વિસર્જન કરીશ તું મારૂં વચન સ્વીકાર. એમ વાર્તાલાપ પૂર્વક સમય પસાર કરતા દ્રોણે પૂછયું : હે સ્વામી તમારે શું કંઇ કામ છે કે, શ્વેતપુર નગરે જાઓ છો ?

ત્યારે પેલો કાપાલિક એટલે ઠગ-શિરોમણિ, માયાજાળમાં ભોળા લોકોને ફસાવનાર, દુષ્ટવિદ્યાનો સાધક, લોકના ધનાદિથી જીવન નિર્વાહ કરનાર, મધુરભાષી પણ કપટી હતો જ્યારે દ્રોણ સરળ સ્વભાવી હતો.

દ્રોણને જવાબ આપતાં તેણે કહ્યું : હે બેટા ! તું સાંભળ. મારા ગુરુએ જ્યારે પરલોકમાં પ્રયાણ કર્યું ત્યારે મને થોડો ઉપદેશ આપ્યો હતો કે, કૃષ્ણચતુર્દશીએ અક્ષતમૃતકને સાધવાથી સર્વ કામિત સિદ્ધિ થાય છે. પણ શું કરૂં ? તેની સિદ્ધિ હું કરી શકયો નથી. કેમકે મંત્રસિદ્ધિ માટે ભક્તિવંત એકાગ્રચિત્તવાળા ઉત્તરસાધકની જરૂર પડે છે. આજ સુધી તેના અભાવમાં કાર્ય કરી શકયો નથી, પણ આજ તારી સહાયથી તે હસ્તામલકવત્ સમીપમાં જ જણાય છે.

હવે તેની વાણીથી આકર્ષાયેલ દ્રોણે કહ્યું : હે ભગવન્ ! એમાં શું વિચાર કરવાનો ! મારૂં જીવન તમને સમર્પણ કરેલ છે. તમને જેમ ગમે તેમ કરો. આ સાંભળી તે હર્ષિત થયો અને દ્રોણ સહિત કુશસ્થલનગરે ગયો. ત્યાં તેઓ જીર્ણ દેવળમાં રહ્યા. કૃષ્ણ ચતુર્દશીનો દિવસ નજીકમાં આવી રહ્યો હતો. તેથી દ્રોણને કહ્યું : બેટા ! તું સ્મશાનમાં જા અને અક્ષત શરીરવાળું મડદું લઇ આવ. રાત્રે વિધિપૂર્વક તેને

સાધીને આપણે કૃતકૃત્ય થઇશું. પછી તેના વચનને સ્વીકારી દ્રોણ સ્મશાન તરફ ચાલ્યો.

તે સમયે સૂર્યાસ્ત થયો. અવનિ ઉપર અંધારપટ છવાઈ ગયો. સંધ્યાના રંગથી ગગન વ્યાપ્ત થઈ ગયું. દ્રોણે સ્મશાનમાં પ્રવેશ કર્યો. ત્યાં મૃતકને જોવા લાગ્યો. પણ તેને અક્ષત અંગવાળું મૃતક મળ્યું નહીં. ત્યારે તે આકુળ-વ્યાકુળતાથી ચોતરફ જોવા લાગ્યો. ત્યાં તો તેણે વટવૃક્ષની નીચે એક મૃતક જોયું. જે ઉત્ફેરની વ્યાધિથી ગ્રસ્ત હતું. હૃદય અંગમાં પીડા વહન કરતો, ચેતનારહિત, જાણે મરણને શરણ થયેલ ન હોય, એવી અવસ્થામાં એક માણસ પડયો હતો. તેનું હુષ્ટપુષ્ટ શરીર, અક્ષત કાયા દેખી દ્રોણ હર્ષિત થયો. તે કાપાલિક સમીપે આવ્યો. તેને સર્વ વૃત્તાંત જણાવ્યો. કાપાલિકે પણ તેની પ્રશંસા કરી. અને તેણે મૃતકને સાધવાની સર્વ સામગ્રી તૈયાર કરી. થોડી રાત્રિ પસાર થઇ. બાદ બંને જ્યાં મૃતક હતું, ત્યાં સ્મશાન ભૂમિમાં ગયા. ત્યાં એક ભાગમાં તેણે મંડલનું આલેખન કર્યું. પૂર્વે જોયેલ તે મૃતક મંગાવ્યું. તેને સ્નાન-વિલેપનાદિ કરી મંડલમાં સ્થાપન કર્યું.

યમની વિકરાલ જિહ્વા સમાન તીક્ષ્ણ તલવાર કરમાં ધારણ કરી, તેણે દ્રોણને મૃતકના ચરણમાં માલિશ કરવાનો આદેશ કર્યો. અને તેણે વિધિ શરૂ કરી. સર્વ દિશામાં બલિ પ્રક્ષેપ કર્યો. નાસાગ્રે દૃષ્ટિ સ્થાપન કરવાપૂર્વક તે મંત્ર સ્મરણ કરવા લાગ્યો. હવે જે મૃતકને દ્રોણ માલિશ કરી રહ્યો હતો, તેનું શું થયું તે જોઇએ.

ચંદનવિલેપન, પવનના વેગથી ચરણુમાં કરાતા માલિશથી વેદના નષ્ટ થતા મૃતક જેવી અવસ્થાવાળા તે માણુસને ચેતના પ્રાપ્ત થઈ. તેને ફેરની ઉપશાંતિ થઈ ગઇ. તે ચિંતવવા લાગ્યો, આ શું ? અહીં મને કેમ સુવડાવ્યો છે? આ પુરુષ શા માટે મારા પગમાં માલિશ કરે છે? વળી આ પુરુષ હાથમાં તલવાર લઇ શું ધ્યાન ધરી રહ્યો છે? આ વિચારણુા કરતા સહેજ શરીર ચલાયમાન થયું. તે જોઇ કાપાલિક વિશેષ પ્રકારે ધ્યાનમાં લીન થયો.

અને પેલો દ્રોણુ, મંત્ર માહાત્મ્યથી વિસ્મિત થયેલો, અન્ય વ્યાપારથી વિરામ પામેલો, તેને માલિશ કરવા લાગ્યો. જાગૃત થયેલ માનવ, પોતાના વિનાશને જોતો, ઉપાયરહિત, આત્મરક્ષા માટે ક્રોધાતુર થઇ તે જ તલવાર ખેંચી લઇ ઉઠયો અને દ્રોણુ ઉપર પ્રહાર કર્યો. તુર્ત જ આક્રંદ કરતો તે પૃથ્વીતલ ઉપર પડયો. અને પેલો માયાવી કાપાલિક ભાગી ગયો. વળી તે પુરુષ પણુ જલ્દીથી નાશી ગયો. રાત્રી પૂરી થઇ ગઈ.

ગગનગોખે સૂર્યદેવ ડોકિયું કરી રહ્યા હતા. સહસ્રરશ્મિ પોતાની પ્રભાથી ગગનમંડલને સુશોભિત કરી રહ્યા હતા. પંખીઓ કિલકિલાટ કરતા હતા. સમગ્ર માનવસૃષ્ટિ જાગૃત થયેલી પ્રવૃત્તિમય બની રહી હતી; ત્યાં તો પેલો કાપાલિક ક્યાંકથી તે સ્થળે આવી ચડયો. તલવારના ઘાથી પીડિત પૃથ્વી પર આળોટતા દ્રોણુને જોયો. તમાશાને તેડું ન હોય, જોતજોતામાં તો જનમેદની ઉભરાઇ ગઇ. અને તેઓ કાપાલિકને પૂછવા લાગ્યા. આ શું? આ શું? ત્યારે દંભી તેણે

કહ્યું : આ ભૂમિ અનિષ્ટ જણાય છે. લોકોએ કહ્યું : ત્યારે તેની ઉપશાંતિ કેવી રીતે થશે? તેણે કહ્યું : અહીં ભોગ આપવાથી નહીં. પણ આ માણસને સાજો કરવામાં આવે તો ઉપદ્રવ શમી શકે. તેથી અશિવના ભયથી લોકો તેને ઘરે લઈ ગયા. ઉપચાર દ્વારા તેનો ઘા રૂઝવી નાંખ્યો. ફરી તે સ્વસ્થ થયો.

દ્રોણને આ પ્રસંગથી વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે ચિંતવવા લાગ્યો : અહો ! આ સત્ય છે. માનવ ચિંતવે છે કંઇ અને વિધિવશ પરિણામ આવે છે કંઇ ! પૂર્વે મેં ચિંતવેલ કે આ કાપાલિક સાથે જઈ, વિશ્વાસ પમાડી. રાજાને હણુવો, પણ અત્યારે હું કષ્ટમાં પડયો. ખરેખર ! ક્રૂર અધ્યવસાયનું આવું ફળ, તો ક્રૂર ચેષ્ટાથી તો કેવું ફળ પ્રાપ્ત કરી શકાય !

તેની વિચાર ધારાએ વેગ પકડયો. તેના અશુભ અધ્યવસાયોએ વિદાય લીધી તેને શુભ અધ્યવસાયો ઉત્પન્ન થયા. અને તે પશ્ચાતાપ કરવા લાગ્યો : ખરેખર મેં અકાર્યનો આરંભ કર્યો. સ્તોકજીવિત માટે પરને દ્રોહ કરવાનું કાર્ય રાજાની આગળ સ્વીકાર્યું. પરદ્રોહથી શું સુખની પ્રાપ્તિ થતી હશે ! કદી નહીં. તેમજ પર્વત ઉપર આરોહણ કરનાર શું પાતાલમાં પ્રવેશ કરે ? કોઇને દુઃખ દેવાથી સુખ મળતું હશે ? કદી નહીં, એમ ઊંડા મનોમંથન દ્વારા તેને સત્યની પીછાણ થઇ, અશુભ અધ્યવસાયથી પીછે હઠ કરી.

અગ્નિમાં પ્રવેશ કરવો, પર્વત ઉપરથી પડવું, સર્પના બીલમાં રહેવું, વિષ ભક્ષણ કરવું, શત્રુનાં ઘરમાં રહેવું શ્રેષ્ઠ

છે. પણ દુઃખના કારણભૂત પરજીવિતના નાશનો વિકલ્પ કરવો તે યોગ્ય નથી. કેમકે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે તે અનર્થને સર્જનાર છે. ખરેખર તેઓ ધન્ય છે, જેઓ પોતાના જીવિતવડે બીજાને દુઃખ દેતા નથી. વળી કહ્યું છે કે—

दिन्ने दुक्खे दुक्खं, सुहे सुहं लब्भइ ।

આ લોકવાયકાને ત્યજી મારા જેવા મોહ કરે છે. પણ અહીંથી હું પાછો ફરૂં, એવા સ્થાને જાઊં, જ્યાં મને કોઇ ઓળખે નહીં. વળી જીવહિંસાથી અન્યજન્મમાં પણ મને લક્ષ્મીની પ્રાપ્તિ નહીં થાઓ, એવો સંકલ્પ કરી આગળ વધ્યો.

વિચારમગ્ન, સરળ દ્રોણને સ્વસ્થ જોઈ કાપાલિકે ફરી શ્વેતપુર આવવા કહ્યું, પણ કલુષિત અધ્યવસાયથી નિવૃત્ત થયેલ દ્રોણે કહ્યું : “હે ભગવન ! શ્વેતપુર ગમન કરવાની ભાવનાથી મારૂં મન વિરામ પામ્યું છે, ધનઉપાર્જન કરવાની ઇચ્છા જરા પણ રહી નથી, તો તમે તમારા ઇચ્છિતને કરો.”

ત્યારે દુષ્ટ બુદ્ધિવાળો તે ચિંતવવા લાગ્યો કે, હું મારી ઇચ્છિતસિદ્ધિને શી રીતે પ્રાપ્ત કરીશ ! મારી ઇચ્છા પૂર્ણ ન થઇ, પણ હું પ્રયત્ન કરૂં તેથી તેણે કહ્યું : વત્સ ! તું કેમ વિષાદવાળો દેખાય છે ? હે કલ્યાણકારી ! જો તારી શ્વેતપુર જવાની ઈચ્છા ન હોય, તો અહીં જ રહે, પણ થોડે સુધી મારી સાથે ચાલ. જેથી તારા ઉપકારનો બદલો આપી તને વિસર્જન કરૂં.

આ બાજુ લોભની ઉત્કટતાથી, વેદનીય કર્મના ઉદયથી, ભવિતવ્યતાના યોગે અનર્થને નહીં જાણતા તેણે તેના વિચારને

સ્વીકાર્યો. બંને જણા એક યોજન સુધી સાથે ગયા. ત્યાં એક વનમાં ચંડિકાદેવીનું મંદિર જોયું. ક્ષણમાત્ર ત્યાં આરામ કર્યો. મનોકામના પૂર્ણ કરવા ઇચ્છતા તેણે દ્રોણને કહ્યું : જો આ શાલવૃક્ષ છે, તેની બાજુમાં ત્રણ હાથ નીચે નિધિ છે. તેમાં પાંચલાખ દીનાર છે. તે લઇ તું તારે ઘરે જા, તેણે પણ તેનું વચન સ્વીકાર્યું. નિધાનભૂમિ સમીપે બંને ગયા. કુસુમ અક્ષત નાંખવાપૂર્વક દેવતાનું પૂજન કર્યું. ચંડિકાદેવીનું સ્મરણ કર્યું. હે દેવી! આ પુરુષનું હું બલિદાન આપું છું. એમ કહી તેણે પૂજા કરી. દ્રોણને ખાડો ખોદવા કહ્યું. આશાપિશાચીણીથી ત્રસ્ત તેણે ત્રણ હાથથી કંઇ ન્યૂન ખાડો ખોદ્યો પણ તેને કાંઈ જણાયું નહીં. અને ખાડામાંથી બહાર નીકળવા લાગ્યો. ત્યાં તો પેલો પાપી ખાડો પૂરવા લાગ્યો. તે જોતાં જ દ્રોણે વિચાર્યું." આ પાપી, દુષ્ટ, નિધાનના બહાને મને મારવા ઇચ્છે છે. અને એકદમ ચીસ પાડી. તે સાંભળી ભાગ્યયોગે ત્યાં માણસો આવી ચડયા.

બન્યું એવું કે તે સમયે તે પ્રદેશમાં શિવાદિત્ય નામનો સાર્થવાહ આવ્યો હતો. તેણે ચીસ સાંભળતાં જ આ શું? આ શું? એમ વિચારી પોતાના પુરુષોને ત્યાં મોકલ્યા. વાંછિતપૂર્ણ ન થતાં માયાવી કાપાલિક ત્યાંથી ભાગી ગયો.

દ્રોણને માણસોએ ખાડામાંથી બહાર કાઢયો. સાર્થવાહની પાસે લઇ ગયા. સાર્થવાહે પૂછયું : "અરે? અરે? શું તું મૃત્યુને આલિંગન કરવા ખાડામાં પડયો હતો? ત્યારે તેણે મૃતકવૃત્તાંતથી ખાડો પૂરવા સુધીની સઘળી હકીકત જણાવી.

તે સાંભળી સાર્થવાહે કહ્યું, હે મહાયશ! આ તો તને મારવાનો જ પાખંડિચંડાલનો પ્રયત્ન હતો. કેમકે પ્રાણીવધ વિના કદાપિ મંત્રસિદ્ધિ થતી નથી.

પણ તારા પુણ્યોદયે, યમ સમાન કાપાલિક પાસેથી તું છૂટી ગયો. નહીંતર તો તું યમમંદિરે પહોંચી ગયો હોત, ત્યારે દ્રોણે કહ્યું: ખરેખર એમ જ છે. જો મેં કંઇપણ સુકૃત ન કર્યું હોત, તો આ ઉપાધિમાંથી બચી શકત જ નહીં. એમ કહી સાર્થવાહ સાથે ચાલ્યો તેના સ્થાને ગયા. ત્યાં ભોજન સમય થયો હોઈ દેવગુરુનું સ્મરણ કરી, દીન-અનાથોનો ઉદ્ધાર કરી, દ્રોણ સાથે સાર્થવાહ ભોજન કરવા બેઠો. બાદ તેમણે તંબોલપાન કર્યું, પછી તેને ઉચિત સમયે પૂછયું."
"હે કલ્યાણકારી! તમારે ક્યાં જવું છે? શું કારણ? ત્યારે તેણે સર્વ હકીકત કહી. તે સાંભળી સાર્થવાહે કહ્યું: પોતાના જીવની જેમ જ બીજા જીવનું રક્ષણ કરવું જોઇએ. જે અશુભ-અનિષ્ટ સંયોગની પ્રાપ્તિ થાય છે તે જીવઘાતથી ઉત્પન્ન થયેલ પાપનું જ પરિણામ છે. વળી કલ્યાણકારી પુરુષ! તારૂં જે કાર્ય છે તે સિદ્ધ થયું નથી, માટે પોતાના નગરે જવું પણ ઉચિત નથી, જો તારી ઇચ્છા હોય, શરીરની અનુકૂળતા હોય, તો મારી સાથે ચાલ. હું દક્ષિણ માર્ગે જાઉં છું. તારો પણ નિર્વાહ થશે.

પરોપકારી સાર્થવાહની વાત કબૂલ કરી. બંને જણાએ કાંચીપુરી તરફ પ્રયાણ કર્યું. સાર્થવાહે ભંડોપગરણાદિ ગધેડા વગેરે ઉપર નાંખી દીધું. સાર્થે પ્રયાણ આદર્યું ત્યાં માર્ગમાં અટવી આવી.

પુણ્યયોગે અટવીમાં મુનિનું દર્શન થયું. બંને પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા. અહો! જંગલમાં પણ મંગલ કરનારૂં આપદાને નષ્ટ કરનારૂં, મુનિદર્શન થયું. ધન્ય ઘડી! ધન્ય દિવસ! અમારા વાંછિતની સિદ્ધિ થઈ ગઈ! એમ વિચારતા બંને મુનિ સમીપે ગયા.

આ મુનિવર તે રાજપુરનગરના રાજા સમુદ્રદત્ત હતા. તે રાજવૈભવને ત્યજી, અણગારી આલમમાં વિચરતા સાર્થથી ભ્રષ્ટ થએલ, ભમતાં ભમતાં આ અટવીમાં આવી ચડયા હતા. તે ક્ષુધા પિપાસાથી પીડિત, મૂર્ચ્છિત થયેલ, પંચ નમસ્કાર સ્મરણમાં તલ્લીન, વટવૃક્ષની નીચે પડયા હતા. પ્રચુર જલ તથા કંદમૂલાદિ હોવા છતાં સાધુને અકલ્પિત હોવાથી તે ગ્રહણ ન કરતાં પ્રતિજ્ઞા–પાલનમાં દૃઢ રહ્યા. કરૂણા સાગર દ્રોણે તેમની શુશ્રૂષા કરી. તેમના અંગનું મર્દન કર્યું. તે જલ લઇ આવ્યો. તેમને જલપાન કરાવ્યું. તેમની શારીરિક પીડા ઉપશાંત થઇ. ચેતનદશા પ્રાપ્ત થતાં તેમના નયનકમલ વિકસિત થયા.

દ્રોણને જોઇ જીવદયા પ્રેમી, રગેરગમાં સંયમની ક્રિયા વ્યાપ્ત થયેલ એવા તે મુનિવરે કહ્યું : “ હે મહાયશ! તે જળનો શા માટે ઉપયોગ કર્યો? અરે રે! મારા નિમિત્તે જળજીવોની વિરાધના? પરજીવના વધવડે પોતાના જીવિતની રક્ષા કરવી, એનો શાસ્ત્રમાં નિષેધ છે. વળી ઘણા ઉપચારોથી રક્ષિત, પાલિત શરીર પણ વીજળીના તેજની જેમ ચિરકાલ સુધી રહેનાર નથી તો આવા અવિનાશી શરીરને માટે તે

અકાર્ય કેમ કર્યું. ભક્તિભાવિત ચિત્તવાળા દ્રોણે કહ્યુ : આ મહાતપસ્વી અહીં જીવ વિરાધના કઇ ? ત્યારે દ્રોણની સમક્ષ ગુરુ ભગવંત જીવનું સ્વરૂપ વર્ણવતા કહે છે કે, "તું જો, આ જલ પણ એકેંદ્રિય જીવ કહેવાય. જીવરહિત અચિત્ત જળ જ મુનિને કલ્પે. વળી પૃથ્વી–અગ્નિ–વાયુ–વનસ્પતિમાં પણ એકેંદ્રિય જીવો છે. શંખ, ગંડોલા વગેરે બેઇંદ્રિય જીવો છે. કીડી, મંકોડા, તેઇંદ્રિય જીવો છે. વીંછી–તીડ–પતંગાદિ ચઉરિંદ્રિય જીવો છે. વળી જળચર, સ્થળચર, ખેચર વગેરે પંચેંદ્રિય જીવો છે. જળચર જીવો મગર–મત્સ્યાદિ છે. હાથી, ઘોડા વગેરે સ્થળચર જીવો છે. હંસ, પોપટ વગેરે ખેચર જીવો કહેવાય. આ પ્રમાણે જગત્ગુરુ પરમાત્માએ જીવ સ્વરૂપ દર્શાવેલ છે. સ્વજીવની જેમ તેનું રક્ષણ કરવું જોઇએ. કોઇએ ચિરકાલ ચારિત્ર પાળ્યું, શ્રુતાભ્યાસ કર્યો, તપ તપ્યો, પણ જીવદયા રહિત હોય, તો તે સર્વે નિષ્ફળ છે. વળી ગિરિવરમાં પ્રધાન જેમ મેરૂ છે, તેમ મુનિજનોમાં પ્રધાન તીર્થંકર પરમાત્માએ સર્વધર્મમાં પ્રધાન જીવદયા કહેલ છે. તેના પાલનમાં મુનિવરોએ પ્રયત્નશીલ રહેવું જોઇએ. મૂર્છિત થયેલ મારા માટે તે જલનો ઉપયોગ કર્યો, તે ખરેખર ખોટું થયું છે

મુનિ ભગવંતના મુખકમળથી નીકળેલ જીવસ્વરૂપદર્શિની વાણી સાંભળી સંવેગભાવને પામેલ દ્રોણે કહ્યું: હે ભગવંત ! પૃથ્વી આદિમાં જીવ છે. તેનું રક્ષણ કરવું જોઈએ, તો પછી અમારા જેવા હંમેશા આરંભાદિમાં ચકચૂર પાપી જીવો કેવી રીતે સંસાર સાગરનો પાર પામશે ? ત્યારે સંવેગી દ્રોણને ભગવંતે

પણ મધુરી વાણીવડે કહ્યું : હે મહાયશ! સમ્યગ્ શ્રદ્ધાધારી જીવને સંસાર સમુદ્ર તરવો તે તો ગાયના પગલાને ઓળંગવા સમાન છે. જો તું ભવથી ભયભીત થયો હોય, પૂર્વકૃત દુષ્કર્મના વિલાસથી સંતપ્ત થયો હોય, મોક્ષની ઇચ્છા હોય, તો તું સમ્યક્ત્વને ધારણ કર. મિથ્યાવિકલ્પનો તું ત્યાગ કર. જો વળી મિથ્યાત્વ એટલે અદેવમાં દેવબુદ્ધિ, કુગુરુમાં ગુરુભાવ, કુધર્મમાં ધર્મબુદ્ધિ તેનો તું ત્યાગ કર. વળી ૧૮ દોષવર્જિત જિનેશ્વર એ જ મારા દેવ છે. દશવિધ યતિધર્મમાં રક્ત સાધુ એ જ મારા ગુરુ છે, જિનેશ્વરે કહેલ જીવદયા પ્રધાન ધર્મ એ જ ધર્મ છે. તેને સ્વીકારી તું જીવદયાદિ કાર્યમાં પ્રવૃત્તિ કર તો તને મિથ્યાત્વ અંધકાર દૂર થતાં સમ્યક્ત્વરૂપી પ્રકાશ પ્રાપ્ત થશે. અને તું સંસારૂપી સમુદ્ર તરી શકીશ.

સંસાર સાગર તરવા બીજો કોઇ ઉપાય નથી. જે કોઇ કર્મક્ષય કરે છે, કર્મક્ષય કર્યો, કર્મક્ષય કરશે, તે આ જ ઉપાયદ્વારા કરે છે. બીજા દ્વારા નહીં. ચતુર્ગતિરૂપ સંસાર અટવીમાં ભમતાં જીવોને મનુષ્યજન્માદિ સામગ્રી દુર્લભ છે. આર્યક્ષેત્ર, આર્યજાતિ, ઉત્તમ કુલ, રૂપ આરોગ્યાદિ દુર્લભ છે. તેમાં ભગવાનના વચન ઉપર શ્રદ્ધા, સંયમની પ્રાપ્તિ તો અત્યંત દુર્લભ છે. મહાપુણ્યોદયે કેટલાક આત્માઓને સંસાર-નિસ્તારિણી દીક્ષાની પ્રાપ્તિ થાય છે. તેના વિના અનંતકાળ ભવભ્રમણ ચાલુ જ રહે. માટે ભગવાનના શાસનને પામી મોક્ષ પ્રાપ્તિમાં અપાયભૂત રાગદ્વેષાદિ દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

સંસારમાં ક્ષણિકસુખના સાધનો, અપ્સરા સમાન રૂપગર્વિતા કામિની, રાજ્યાદિ વૈભવોની પ્રાપ્તિ હજી થાય, પણ કર્મક્ષયમાં નિમિત્તભૂત સંયમધર્મની પ્રાપ્તિ દુર્લભ છે, જો તું દુઃખને ઈચ્છતો ન હોય, સુખ જ ઇચ્છતો હોય, તો અહીં જ પાપવ્યાપારો ત્યાગી સુંદરજીવન જીવ. એકાગ્રચિત્તે ભગવંતની વાણી સાંભળી, મુનિચરણકમલમાં મસ્તક સ્થાપી તે કહેવા લાગ્યો. ભગવંત! હું સર્વથા યાવજ્જીવ આપના ચરણકમલની સેવા કરવા ઇચ્છુ છું. પણ કુટુંબથી બંધાયેલ છું, તેથી તેમની ભાળસંભાળ કરી, સંયમી બનવા ઇચ્છું છું. ત્યારે તેમણે કહ્યું : સારૂં ત્યારે, જો તારી ઇચ્છા એમ જ છે, તો તું મિથ્યાત્વનો ત્યાગ કર, અણુવ્રત, ગુણવ્રત શિક્ષાવ્રતરૂપ, ગૃહસ્થધર્મ સ્વીકાર.

હવે ગુરુ પાસેથી વ્રતાદિનું સ્વરૂપ વિસ્તારથી જાણી, વ્યાધિથી પીડિતને દિવ્ય ઔષધ સમાન તેણે વ્રતોનો સ્વીકાર કર્યો. આ છે જૈનશાસનનો પ્રભાવ! અનેક આત્માઓના જીવનનું પરિવર્તન લાવનાર સંયમીઓની વાણીનો પ્રભાવ!

દ્રોણનું જીવન પરિવર્તન પામ્યું. ત્રિકાલ જિનપૂજા, ગુરુવંદનાદિ કૃત્યો તેના પ્રાણ બની ગયા. તે મહાત્મા બન્યો. સત્તાલોભે પરનો નાશ કરવા પ્રયત્નવંત બનેલ તે આત્માની જીવનદિશા પલટાઇ. ગુમરાહીને જીવનઉદ્યોતની પ્રાપ્તિ થઈ. તેની રગેરગમાં જીવદયા વસી ગઇ.

આર્યાવર્ત એટલે જીવદયાની પ્રેમી અને અહિંસાના નાદોથી પાવની બનેલી ભૂમિ. ચોમેર અહિંસાના નાદોની

ગર્જના ! ઇતિહાસના પાને પાને સુવર્ણાક્ષરે અહિંસા પ્રેમી રાજર્ષિઓના ચરિત્ર આલેખાયેલ છે. અઢાર દેશમાં હિંસાનો બહિષ્કાર કરવા દ્વારા અહિંસાનું પાલન કરનાર પેલા ગુર્જરેશ્વર કુમારપાળ ભૂપાલ !

શ્રી હીરસૂરિજીની પ્રેરણાથી માંસાહાર, શિકારને તિલાંજલિ આપી સમગ્રદેશમાં અમારી પ્રવર્તન કરાવનાર મુસ્લીમ સમ્રાટ દિલ્હીનરેશ અકબર બાદશાહ ! આ છે જીવદયા પ્રેમી રાજર્ષિ.

જ્યારે આજે તો ઘરે ઘરે હિંસક વાતાવરણ વ્યાપી ગયું છે. આર્યાવર્તની ભૂમિ હિંસાથી ખદબદી રહી છે. "Live And Let Live" નો સિદ્ધાંત ભૂલાઇ ગયો છે. ભૌતિક સુખની પાછળ પાગલ થયેલ માનવો ક્રૂર બની ગયા. એક કાળ એવો હતો કે, શ્રાવકો પણ જંગલમાં સંડાસ જતા ત્યારે આધુનિક યુગમાં સંડાસનો ઉપયોગ કરતા કોઇ કોઈ મુનિભગવંતની જયણા ક્યા ?

વળી લોકો કિડિયારાં હોય ત્યાં લોટ નાંખતાં, પ્રભાત સમયે ચબૂતરે દાણા નંખાતા, ઘરની સ્ત્રી કૂતરા માટે રોટલા ઘડતી, જ્યારે આજે તો વિપરીત વાતાવરણ સર્જાયું છે. સૂક્ષ્મજીવોની રક્ષા તો ગઇ, પણ મચ્છર, ઊંદર, દેડકા મારવાનાં હિંસક કાર્ય રૂપ જીવહિંસા ચોમેર વ્યાપી ગઈ છે. શાળાઓમાં ઇંડા વગેરે દ્વારા બાળકોને માંસાહારી બનાવવાના પ્રયત્નો, કૃત્રિમ રીતે ઇંડાનું ઉત્પાદન. આવી હિંસક પ્રવૃત્તિ વધી રહી છે. આ તો પશુહિંસાની વાત થઇ. પણ હિંસા વ્યાપક સ્તરમાં

વ્યાપતી ગઇ. માનવ પણ હિંસક બન્યો. માનવ દ્વારા માનવીય જીવોની કત્લેઆમ થવા લાગી છે.

દર વર્ષે માતાનાં પેટમાં ઉછરતા નિર્દોષ ૫૦ લાખ બાળકોને ડૉકટરો દ્વારા દુનિયામાં પ્રવેશ કરતાં પહેલાં જ પેટમાં કકડા કરી મૃત્યુને શરણે પહોંચાડાઈ રહ્યા છે. હાય! માસુમ બાળકોના નાશથી, ક્ષણિક મોજશોખ ખાતર માતાઓ આનંદિત થાય છે.

ગર્ભપાતથી અટકયું નહીં, હવે તો ગ્રેજ્યુએટ શિક્ષિત યુવાનોએ, યુવાનીના મદમાં છકી જઈ મા-બાપોને "ઘરડા-ઘર" દ્વારા કતલ કરવાની યોજના અમલમાં મૂકી દીધી છે. જન્મદાત્રી મા-બાપને નિઃસહાય દશામાં મૂકનાર એમની શી દશા થશે?

મા-બાપો ઘરડા ઘરે!

બાળકો ઘોડિયા ઘરે! માતા વાત્સલ્યવિહોણી બની, યુવાનો કૃતઘ્ન બન્યા અને આ પરિસ્થિતિ સર્જાઇ. આ છે આજના આર્યાવર્તની જીવદયાવિહીન પ્રજાની વાત! પૂર્વકાલીન અધ્યાત્મ-વાદમાં માનતી પ્રજાઓની જીવદયા કયાં? અને આજે ભૌતિક-વાદમાં હરણફાળ ભરી રહેલ વિજ્ઞાન દ્વારા સર્જાતી હિંસા કયાં? આ તે વિજ્ઞાન કે વિગત જ્ઞાન? હાય! આ ઘોર હિંસાથી કોણ બચાવશે? ફક્ત કેવલી પ્રણીત ધર્મ, સાધુ મહાત્માઓ. તે સિવાય અન્ય કોઈ નહીં.

હવે ધર્મારાધનામાં તત્પર સર્વેએ કેટલાક દિવસે અટવી પસાર કરી. મુનિ ભગવંતે સાર્થવાહ અને દ્રોણને કહ્યું:

તમારી સહાયથી મોટી આપત્તિ દૂર થઇ ગઈ. હવે દ્રાવિડદેશ તરફ જવા મારી ભાવના છે. મારો કંઈ પણ અપરાધ હોય, તો ક્ષમા કરો. સમગ્ર ઇચ્છિત દેવામાં ચિંતામણિ તુલ્ય જિન ધર્મમાં ઉદ્યમ કરવો જોઇએ.

ગુરુ ભગવંતની વાણી સાંભળી. પણ તેમના વિરહથી દુઃખિત થયેલા બંનેની આંખોમાંથી અશ્રુજલ વહેવા લાગ્યા. કેમકે વિરહ વ્યથા સહવી અસહ્ય છે. સંયોગ કરતાં વિયોગનું દુઃખ વસમું હોય છે, એને સહવું કઠિન છે.

તેથી જ સજલનયણે મુનિભગવંતને કહ્યું : હે ધર્મદેશક ભગવંત! આપ વિના અમે ક્યાં જઈશું ? કયા જઇ ધર્મ-વાણી સુણશું ! આપની પાસેથી જે કાંઇ મેળવ્યું, તેથી અમારૂં જીવન ધન્ય બની ગયું છે. વળી ગુરુદેવ ! જાણતા અજાણતા અમારાથી કોઈ અપરાધ થયો હોય, તો ક્ષમા કરજો. ફરી આપના દર્શન વડે અમારા ઉપર અનુગ્રહ કરજો. મુનિએ પણ ધર્મલાભપૂર્વક દ્રાવિડદેશ તરફ પ્રયાણ કર્યું. સાર્થવાહે કાંચીપુર તરફ પ્રયાણ કર્યું. દ્રોણ પણ નિરંતર ચિંતામણિ રત્નને પ્રાપ્ત કરેલ આત્માને માનતો, ક્યારે ગુરુભગવંતના ચરણની સ્પર્શના કરવાનો અવસર મળશે ? એવી ભાવના ભાવતો તેની સાથે ચાલ્યો. કાળક્રમે આનંદપુરે આવ્યા. ત્યાં સાર્થવાહ રહ્યો, તેણે વેપાર માંડયો. દ્રોણને પણ ઘરકાર્ય તથા વેપારમાં જોડી દીધો. દિવસો જતાં તે વેપાર કાર્યમાં કુશળ થયો. કોઇ તેને ઠગી ન શકે, એમ વિશ્વાસ થતાં તેણે સર્વકાર્યનો ભાર તેના શિરે નાંખી સુખ-

પૂર્વક થોડા દિવસો પસાર કરી ત્યાંથી સાર્થવાહ કાંચીપુર ગયો. ત્યાં તેણે વેપાર શરૂ કર્યો. એકવાર કોઈ એક ઠગ મહાનીલમણિની છાયાથી શોભિત પાંચ મુદ્રિકા લઈને આવ્યો. તેણે રમ્ય સુશોભિત આકર્ષક મુદ્રિકાની પરીક્ષા કરી ૫૦૦૦ સુવર્ણ મૂલ્યદાનપૂર્વક ખરીદી લીધી. પેલા ઠગે માંડ માંડ મૂલ્ય સ્વીકાર્યું. ઘણો લાભ થયો, એમ વિચારી દ્રોણે ધૂર્તને વિસર્જન કર્યો. પેલો ઠગ પણ પોતાના પાપને ઢાંકવા જલ્દીથી અદૃશ્ય થઈ ગયો.

ચોરગતિથી ભાગતા તેને જોઈ દ્રોણને શંકા થઈ કે આ મુદ્રિકા વણિક કેમ જલ્દી જલ્દી ચાલ્યો જાય છે. જરૂર કંઈક કારણ હોવું જોઈએ. આમ વિચારતો હતો, ત્યાં તો સૂર્યાસ્ત થયો. સમસ્ત વિશ્વ અંધકારરૂપી સમુદ્રમાં ડૂબી ગયું. જાણે આકાશ રૂપી વૃક્ષના આંતરાને શોભાવતા શ્વેતપુષ્પ સમૂહ જ ન હોય, તેવો સર્વદિશાને પ્રકાશિત કરતો તારાસમૂહ શોભી રહ્યો હતો અંધકારરૂપી શત્રુના મસ્તકને ખંડન કરવાથી નીકળેલ રૂધિરથી લેપાયેલ અરૂણ ચંદ્રમંડલ ઉદયાચલ ઉપર આરૂઢ થયું હતું શીતરશ્મિ શીતલ ચાંદની વેરી રહ્યો હતો, ચંદ્રના કિરણોથી આકાશ પ્રકાશિત થયું હતું. જાણે દિશાવધૂના વક્ષસ્થલ ઉપર લટકતી સ્ફટિકમાલા જ ન હોય અથવા મુક્તાવલિની જેમ ચંદ્રમાની પ્રભા શોભી રહી હતી.

કરૂણ ક્રંદન કરતી ચક્રવાકીના અવાજથી જાણે તર્જના જ ન કરાયેલ હોય, તેમ ચન્દ્રમા અસ્ત થયો. ચક્રવાકી અને ચક્રવાકના મિલન માટે આતુર સૂર્યોદય થયો. મધુર શાંત

નિદ્રાને ત્યજી દ્રોણુ ઉઠયો. પાંચે મુદ્રિકા સાર્થવાહને બતાવી નીલમણિથી સુશોભિત તેને બરાબર જોઇ. શંકા થતાં નખના અગ્રભાગ વડે મસ્તક ઉપર લગાડતાં તેમાંથી નીકળેલા અવાજથી આ કૃત્રિમરત્નથી યુક્ત છે, એમ નિશ્ચય કર્યો. દ્રોણુને કહ્યું. અરે! તું તો ઠગાયો. દ્રોણે કહ્યું: તમે કેવી રીતે જાણ્યું. ત્યારે તેણે એક મુદ્રિકા લઈ જતુબંધ ઉખેડી કૃત્રિમ રત્ન બનાવ્યું. આ જોઇ દ્રોણુ વિલખો પડી ગયો, તેની રતિ નષ્ટ થઇ ગઈ! તેના શરીરમાં દાહ ઉત્પન્ન થયો.

દ્રોણુ વિચારવા લાગ્યો. અજાણુતા સાર્થવાહનું મેં ધન ગુમાવ્યું. તે હવે કેવી રીતે ફરીથી પ્રાપ્ત કરીશ? હવે હું શું કરૂં? કેવી રીતે તેના ઉપકારનો બદલો વાળી કૃતાર્થ થાઉં? એમ વિષાદને ધારણુ કરતો તે ભોજનવેળાએ ભોજન કરતો નથી. તે જોઈ સાર્થવાહે કહ્યું: કેમ વિષાદથી આચ્છાદિત મુખમુદ્રા જણાય છે? શું તું ઠગે લીધેલ મુદ્રિકા દ્રવ્યના નાશથી દુઃખ વહન કરે છે? અથવા શું તારે બીજું કોઇ કારણુ છે?

હા! તમારા ધનનો નાશ થયો, તેથી જ મારૂં મન આકુળ વ્યાકુળ થાય છે. કયાંય હું શાંતિ પામતો નથી.

પરોપકારી સાર્થવાહે કહ્યું: તારે જરા પણુ સંતાપ કરવો નહીં. એમાં તારો શો અપરાધ? ધનઉપાર્જન કરનારને કયારેક લાભ થાય છે, તો કયારેક મૂળધન જેટલી રકમ મળે છે. કયારેક સર્વધનનો નાશ થાય છે. એમાં તારે શું? વિષયાસક્ત જીવો વેશ્યાના સંગમાં, મદ્યપાન, જુગારમાં ધનનો

વ્યય કરે તો તે ઉચિત નથી. અને ચિત્તસંતાપ અનુભવે તો વ્યાજબી છે. પણ ધનોપાર્જનમાં ધનવ્યય પણ થાય તેમાં શું ? ધનની શી મહત્તા ? તું વિષાદને ત્યજ અને પોતાના કાર્યમાં રક્ત થા. ચિંતાથી શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થાય છે. વળી કાર્યસિદ્ધિ થતી નથી. કહ્યું છે કે,"

ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિત્તા સમાન.

તેથી જ अलं विषादेन

પછી બાહ્યથી તેના વચનને સ્વીકારી ગૃહ–વેપારાદિ કાર્યમાં લાગ્યો. ચિંતા અનલથી બળતો તે એક દિવસ સાર્થવાહને જણાવ્યા વિના, શંબલરહિત નિઃસહાય, મધ્યરાત્રીએ એકલો અટૂલો નગરીથી નીકળી, પ્રથમ ઠગી જનાર ઠગ જે માર્ગે પલાયન થયો હતો, તે ઉત્તરદિશાના માર્ગ સન્મુખ ચાલ્યો. રસ્તામાં એક બ્રાહ્મણનો ભેટો થયો, તેની સાથે ગમન–અવસ્થાન કરતાં તે બંનેને પરસ્પર પ્રીતિ થઇ ગઇ. કેટલેક દિવસે તેઓ શંખપુર પહોંચ્યા. અચાનક બ્રાહ્મણ માંદો પડયો. સહચારીને શા માટે અહીં ત્યજી દેવો જોઇએ ? અત્યાર સુધી માર્ગમાં મને સહાયક થયો, તો તેની સેવા કરવી જોઇએ. એમ વિચારી નિઃસ્વાર્થભાવે ઔષધાદિ દ્વારા તેને સાજો કર્યો. ત્યારે તે નિષ્કારણવત્સલ દ્રોણ ઉપર સંતુષ્ટ થયો. અને કહેવા લાગ્યો : "તારા સદ્ભાવને જોઈ મારૂં ચિત્ત તારા પ્રત્યે આકર્ષાયું છે. તો હું તારી ઉપર કંઇક ઉપકાર કરવા ઈચ્છું છું. તો તું આ બે મંત્રને ગ્રહણ કર. તેમાં એક વિષનાશક-

મંત્ર છે, જ્યારે બીજો જ્વરનાશક છે. સુમુહૂર્તે દ્રોણે તે ગ્રહણ કર્યો. યોગ્યાવસરે ઉપયોગ કરજે એમ કહી તે મથુરાપુરી ગયો.

અને દ્રોણ ઠગની શોધ કરતો, ભમતો ભમતો ગજપુર નગરે આવ્યો. ત્યાંનું વાતાવરણ ગમગીન હતું. સમસ્ત નગરના લોકો આકુળ-વ્યાકુળ હતા. તે જોઈ તેણે તેનું કારણ પૂછ્યું. ત્યારે લોકોએ કહ્યું. "અમારા રાજકુમારને મહાજ્વર લાગુ પડયો છે. અને નિઃચેષ્ટ દશામાં છે. તેની વેદનાને ન જીરવનાર રાજકુમાર જીવિત ત્યજવા તત્પર બન્યો છે. વળી તે છ માસથી વ્યાધિથી પીડાય છે. તેનું શરીર ક્ષીણ થતું જાય છે. તેને ભોજન ઇચ્છા નષ્ટ થઈ ગઇ છે. તેથી રાજાને વારંવાર જીવન ત્યજી દેવા માટે કહે છે. રાજા પણ પુત્રના દુઃખે દુઃખિત છે.

રાજા પુત્રને આશ્વાસન આપવાપૂર્વક કહે છે કે, કુમાર એવો વિચાર ન કર. આપણે ઉપાયો કરીએ જેથી થોડા દિવસમાં તું નિરોગી થઇશ તું ધીરતા ધારણ કર. વિષાદને ત્યજી દે. અનેક ઉપાયો કરવા છતાં કાંઇ અસર ન થઈ, ત્યારે રાજાએ નગરમાં ઘોષણા કરાવી કે, "જે કુમારના વ્યાધિને દૂર કરશે, તેને રાજા મહાદાન આપશે."

અને ટૂંક સમયમાં સમસ્ત નગરમાં રાજાનો સંદેશ વ્યાપી ગયો. પણ કોઇ મંત્રવાદી ઘોષણા ઝીલવા તૈયાર નથી. ત્યારે દ્રોણે બ્રાહ્મણ પાસે પ્રાપ્ત કરેલ મંત્રનું સ્મરણ કર્યું. તે રાજકુલમાં ગયો. ત્યાં રાજપુત્રને જોયો, મંત્ર બલે તેને

જ્વરરહિત કર્યો. કુમાર સ્વસ્થ થયો. સમસ્ત રાજમહેલમાં આનંદ-કલ્લોલ છવાઇ ગયો.

રાજપુત્રને જીવિત દાન આપનાર તેને રાજાએ કહ્યું: તારે જે જોઇએ તે માંગ. ત્યારે દ્રોણે ઠગ દ્વારા ઠગાયો ત્યાં સુધીનો સર્વ વૃત્તાંત કહ્યો. રાજાએ ૫૦,૦૦ દીનારનું દાન આપ્યું. તેને પોતાના સર્વ આભરણો આપી દીધા. પછી સારા સહાયકો સહિત દ્રોણને વિસર્જન કર્યો. અવિરત પ્રયાણ વડે તે કોલ્લપુરનગરને પામ્યો.

ત્યાં જિન દર્શનાર્થે જતાં માર્ગમાં પૂર્વે જે ઠગી ગયેલ તે ધૂર્તને જોયો. પણ ધૂર્તનું સ્વરૂપ જુદું જ હતું. અત્યારે તો તે વિશ્વવંદનીય સાધુ વેશને ધારણ કરી ઇર્યાસમિતિપૂર્વક, સુસાધુયુક્ત ભિક્ષાર્થે નગરમાં વિચરતો હતો. દ્રોણને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું : ભગવંત ! કાંચીપુરીમાં પૂર્વે જોયેલ તે જ તમો છો ? સુવર્ણ મુદ્રિકાવડે ઠગી જનાર તમે જ ને ? તે સાંભળી ધૂર્ત મુનિવરે કહ્યું : હે કલ્યાણકારી ! હું તે જ છું. મારી સઘળી વીતક કથા તને કહીશ. તું પુષ્પાવતંસ ઉદ્યાનમાં આવજે. અત્યારે કહેવાનો અવસર નથી. "સારૂં હું આવીશ." એમ કહી દ્રોણ જિનાલયમાં ગયો. દેવવંદન કરી સ્વસ્થાને આવ્યો. ભોજનાદિથી પરવારી પુષ્પાવતંસ ઉદ્યાનમાં ગયો.

આશ્ચર્યચકિત દ્રોણે ધૂર્ત મુનિને વંદના કરી. ધર્મલાભ-પૂર્વક મુનિ પણ વાર્તાલાપ કરવા લાગ્યા : દ્રોણ ! કાંચીપુરીમાં તને ઠગી ચોરવેગે જતાં મને વાણારસીના ઠગો મળ્યા. દ્રવ્ય સહિત મને જાણી મારી સાથે ચાલ્યા. વિશ્વાસ પમાડી સાથે

કુગ્રામમાં રહ્યા. ત્યાં મારૂં સર્વસ્વ હરી ઠગો પલાયન થઈ ગયા. દ્રવ્ય હરણથી દુઃખિત હું બે ત્રણ દિવસ સંભ્રાંત ચિત્તવાળો સંતપ્ત થયો, જાણે સર્વસ્વ જતું રહ્યું હોય, તેમ કાંઇ જ સૂઝતું ન હતું. અને તેથી જ મારા મનમાં વિચારો ઉદ્ભભવ્યા: અરે! અરે! મહાપાપી મેં સરળ ચિત્તવાળા તેને ઠગીને તેનું ધન અપહરણ કર્યું. તે મારી પાસે પણ ન રહ્યું, અને તેની પાસે પણ નહીં. ખરેખર પુણ્ય હોય, તો ધનની પ્રાપ્તિ અને ભુક્તિ થઇ શકે છે. પાપી એવા મારે જીવવાથી શું? એમ વિચારતાં તેને મહા વૈરાગ્ય ઉત્પન્ન થયો. જીવિતનાશાર્થે પર્વત ઉપરથી ઝંપાપાત કરવા જતાં તેને વૈરોચન નામના મુનિ ભગવંતે જોયો. અને પર્વત ઉપરથી પડવાનું કારણ પૂછ્યું, ત્યારે મેં સર્વ વૃત્તાંત કહ્યો કરૂણાસાગર મુનિભગવંતે મને નિષેધ કરવાપૂર્વક ઉપદેશ આપ્યો:

હે પુરુષ! એક તો પરધન હરણ વડે પાપ ઉપાર્જન કર્યું. વળી અત્યારે જીવિત ત્યજવાથી તું બીજું પાપ ઉપાર્જન કરીશ? દેહના નાશથી, પર્વત ઉપરથી ઝંપાપાત કરવાથી કે અગ્નિમાં બળવાથી કાંઇ સુખ ઉત્પન્ન થતું નથી. પણ અનેક દુઃખની પરંપરા સર્જાય છે.

મુનિની હિતકારી વાણી સુણતાં હૃદય પરિવર્તન થતાં હું તેમના ચરણકમળમાં પડી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો: “હે વાત્સલ્ય મહોદધિ ગુરુદેવ! મારો સંસારથી નિસ્તાર કરો. હું આપને શરણે આવ્યો છું. પાપી, અજ્ઞાની મારો ઉદ્ધાર કરો! મારી કાકલુદી ભરી માંગણી જોઈ તેમણે પાપરૂપી

વ્યાધિને દૂર કરવામાં પરમ ઔષધ સમાન મને દીક્ષા આપી. દીક્ષિત થઈ ગુરુજી સાથે વિચરતા મને તારો ભેટો થઈ ગયો, તે સારૂં થયું. તું મારા અપરાધને ક્ષમા કર.

ત્યારે દ્રોણે કહ્યું: એમાં તમારો શો અપરાધ? એ તો કર્મપરિણામ જ જાણો. સંયમી જીવનમાં રક્ત બનો, એમ કહી દ્રોણ કાંચીપુર ગયો.

ખરેખર જ્ઞાની ભગવંતો કહે છે કે પરદ્રવ્ય હરણથી અધમ મનુષ્યો ધર્મરૂપ બગીચામાં આગ લગાડે છે. હરણ કરેલું ધન સુખે ભોગવી શકતો નથી. આ ભવમાં પણ સુખ પ્રાપ્તિ નહીં. વળી પરભવે સદ્ગતિ નહીં. ચોરી કરનાર નિર્ધનતા, દુર્ભાગ્યતા વગેરે ફળ પામે છે. માટે ચોરીનું વ્યસન ત્યજવું જોઇએ. અત્યાર સુધી ક્યાંય સાંભળ્યું નથી કે ચોરી કરનાર મનુષ્ય કરોડપતિ બન્યો. સુખનો ભોક્તા બન્યો હોય. જે ચોરીરૂપ પાપના વૃક્ષ ઉપર આરૂઢ થયો, તે પોતાના સ્વાસ્થ્યને જ ખોઈ બેસે છે. એટલું જ નહીં, પણ સ્થિરતા–ધીરતા–વિવેક સદ્ગતિને પણ હારી જાય છે. પરધન હરણ કરનાર સકુટુંબ જિંદગી પર્યંત દુઃખ ભોગવે છે, માટે ચોરી ત્યજી દેવી જોઈએ.

દ્રોણે કાંચીપુર જઇ સાર્થવાહને ૫૦૦૦ દીનાર દ્રવ્ય અર્પણ કર્યું. તે સંતુષ્ટ થયો. તેને ઉપાલંભ દેતાં કહ્યું કે: હે કલ્યાણકારી પુરૂષ! અમને કહ્યા વિના તું ક્યાં ચાલ્યો ગયો હતો. તારા જેવા પુરૂષ વિના મને ધનવડે અને મહેલ વડે પણ શું? આમ બંને વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો, ત્યાં

રાજમાર્ગે પસાર થતાં એક કાપાલિકને તેણે જોયો. તેના કાન છેદી, ગધેડા ઉપર બેસાડી, ગળામાં શરાવમાલા, કણવીર કુસુમથી વ્યાપ્ત મસ્તક, સર્વાંગ મસિથી લિપ્ત, આગળ બાળકોના અવાજો સહિત વધસ્થાને લઇ જવાતો હતો. તેને જોતાં આશ્ચર્યચકિત દ્રોણે સાર્થવાહને કહ્યું : અહો ! આ તો તેજ કાપાલિક છે, જેણે મને બે વાર મરણને શરણ કરવા પ્રયત્ન કર્યો હતો, તેનાથી તમે મારૂં રક્ષણ કર્યું હતું.

ત્યારે વધસ્થાને લઈ જવાતા માણસને સાર્થવાહે પૂછ્યું: ઓ ભાઈ ! શા માટે તમે આ મહાતપસ્વીને મારો છો ? તેના વચનથી કુપિત થયેલ તે પુરૂષે કહ્યું : આ તો વધને યોગ્ય જ છે. તે તો તપસ્વી નહિ પણ પાખંડિચંડાલ છે. તેના વધનું કારણ તું સાંભળ—

આ પાપી કાંચીપુરના રાજપુત્ર સિરિપાલને વશીકરણ વિદ્યા શિખવવાના બહાનાથી રાત્રીએ કાત્યાયની દેવીના મંદિરમાં લઇ ગયો હતો. દેવી સમક્ષ પુરૂષ બલિદાન નિમિત્તે રાજપુત્રને મારવા તૈયાર થયો હતો. આ બધું સંતાઇને રહેલ રાજ-પુરૂષોએ જોયું. તેઓએ એકદમ દોડી આવી લાકડીના પ્રહારથી જર્જરિત કરી તેને બાંધી રાજા સમક્ષ રજૂ કર્યો. રાત્રીનો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી તેને મારવાનો રાજાએ આદેશ કર્યો.

રાજાના આદેશને સાંભળી આરક્ષક પુરુષોએ વિનંતી કરી. “ હે દેવ ! આ ક્ષત્રિયધર્મ નથી કે જે, તપસ્વીપુરુષને મહાન અપરાધ હોવા છતાં મરણ પમાડે ? તેનો દેશનિકાલ

કરવો જોઈએ જેથી સમગ્ર ધન અક્ષત રહે. ત્યારે રાજાએ કહ્યું. સારૂં એમ. પણ આ તો વિષવૃક્ષ સમાન છે. અનેક જીવોનો નાશક છે, એનો તો સર્વથા નાશ જ કરવો જોઇએ. તેથી રાજાની આજ્ઞાનુસાર વધાર્થે સ્મશાનભૂમિમાં લઈ જઇએ છીએ.

આરક્ષક પુરુષના મુખેથી સઘળી વાત સાંભળી બંને જણા આશ્ચર્ય પામ્યા. તે સમયે સાર્થવાહે દ્રોણને કહ્યું : અહીં કાંઈ ભેદ સમજાતો નથી.

આ દ્રશ્ય જોતાં દ્રોણ ચિંતવવા લાગ્યો. અહો ! વિષય-કષાયાસક્ત જીવો, શ્રદ્ધા–સંવેગ રહિત અનાર્યો કાર્યાકાર્યને જાણતા નથી. અકૃત્ય કરતાં અચકાતા નથી, વળી તેનાથી પ્રાપ્ત થતાં ફળની પણ વિચારણા કરતા નથી. અંતે દીપકની જ્યોતમાં આસક્ત થયેલા પતંગિયાની જેમ વિનાશને નોતરે છે. અકાર્ય કરવામાં નિરત જીવો દુષ્ટ હાથીની જેમ રોકી શકાતા નથી. તેથી મરણદશાને વરે તેમાં શી નવાઈ? સંસારમાં અપયશ, ઉભયલોકમાં દુઃખ–પરંપરાની પ્રાપ્તિ, વળી થોડા જીવિતવ્યને માટે ગર્હિત કાર્ય કરી અનંતકાલ તીક્ષ્ણ-દુઃખ સહન કરવાનું એમના લમણે ઝીંકાય છે.”

આવી ચેષ્ટા કરનાર તો જન્મે નહીં તેજ સારૂં છે. અથવા તો જન્મતાવેંત મરણને શરણ થાય, તે જ ઉત્તમ છે. મહામૂઢ જીવો જાણવા છતાં દુષ્ટ ચેષ્ટામાં પ્રવર્તે છે. દુઃષ્કર્મ ઉપાર્જન કરવા દ્વારા દુઃખોની હારમાળા સર્જે છે. મોહાંધ જીવોને ધિક્કાર છે. ચક્ષુવિહીન અંધ ખાડામાં પડે પણ ચક્ષુધારી પડે તે તો મહા આશ્ચર્ય ગણાય છે. તેથી હે સાર્થવાહ!

આત્મહિતાર્થે આપણે પ્રયત્ન કરવો જોઇએ. કેમકે જેવી કરણી તેવી ભરણી! ખાડો ખોદે તે પડે. બાવળ વાવી આંબાના ફળની ઇચ્છા કરવી નકામી છે. તેથી પરલોકના શ્રેયાર્થે શુભ અનુષ્ઠાનોમાં પ્રવર્તવું જોઈએ.

ઉચ્ચભાવના ભાવતા તે બંનેના જોતાં જ કરૂણાક્રંદ કરતા, મરણરૂપી મહાભયથી કંપિત શરીરવાળા સર્વજન સમક્ષ તે કાપાલિકના શરીરના ટૂકડે ટૂકડા કરવાપૂર્વક યમસદને પહોંચાડયો. તેની દારૂણ વિટંબણા જોઇ દુઃખિત હૃદયવાળા બંને જણા પોતાના ઘરે ગયા.

પદે પદે વૈરાગ્યોત્પાદક, મોહની ભીષણતા, માયાની તાંડવલીલા દર્શાવતા દ્રશ્યો નિહાળી દ્રોણનું હૃદય દ્રવિત થયું. પૂર્વે મુનિના દર્શનથી ઉત્પન્ન થયેલ વૈરાગ્યનો હળદરિયો રંગ ચોળમજીઠ બની ગયો. તેને હવે તો સદ્ગુરુ-સંગની ઉત્કંઠા વ્યાપી ગઇ. તેનું મન કયાંય સુખ અનુભવતું નથી.

પછી ભોજનકાર્યથી નિવૃત્ત થયા બાદ સાર્થવાહ સમક્ષ રજા માંગતા દ્રોણે કહ્યું: સ્નેહાનુબંધને ત્યજી મારા નગરે જવા મને રજા આપો. ખરેખર! હું સ્વગૃહની જેમ જ આટલા દિવસ તમારી સમીપે રહ્યો હતો. પ્રેમતંતુથી બંધાયેલ મારૂં મન જવા માનતું નથી. પણ શું થાય? ગયા વિના છૂટકો નથી. દાક્ષિણ્ય ગુણાધીશ! તમારૂં હું શું વર્ણન કરૂં? તારા એકેક ગુણ કહેવાને ભારતી સમર્થ નથી, તો સઘળા ગુણોનું વર્ણન તો હું શી રીતે કરૂં? પરકલ્યાણ કરવામાં નિરત તમારા જેવા કોઇ જ વિરલા હોય છે.

ગુણાનુરાગી વર્ણન કરી રહ્યો ત્યાં સાર્થવાહે કહ્યું : હે મહાનુભાવ ! ગુણરહિત મારામાં તમારા જેવા મહાપુરુષો ગુણોનું આરોપણ કરે, પણ આ પ્રશંસા હું જીરવી શકતો નથી.

સાર્થવાહના વચનને નકારતા પુનઃ જવા માટે રજા માંગી. પ્રીતડીનાં બંધનથી બંધાયેલ તે સાર્થવાહને ત્યજી શકતો ન હતો. " ખરેખર પ્રીત બાંધવી સહેલી પણ નિર્વહવી દુષ્કર છે." વળી "પ્રીતડી બાંધતાં રે બંધાય-ના. સાથી જનમોજનમના ભૂલાય ના " છતાં પ્રીતિના બંધનોને કાચાસુતરની જેમ તોડી, મનડું વાળી, સાર્થવાહને છોડી શંબલ સહિત સ્વનગર સન્મુખ તેણે પ્રયાણ કર્યું.

માર્ગ લાંબો હતો. જરાથી જર્જરિત શરીરાદિના કારણે મંદ વેગે, વિશ્રામ કરતો કેટલાક દિવસે તે તુંબવનનગરે પહોંચ્યો. ત્યાં નયનચકોરને ચંદ્રમાના દર્શનતુલ્ય તેને શ્રી ગુણધરસૂરીશ્વરના દર્શન થયા. તેમને આદર સહિત વંદના કરી. પોતાના સંશયનું નિરાકરણ કર્યું.

હવે આ બાજું ગ્લાનમુનિના વૈયાવચ્ચકાર્ય માટે રોકાયેલા પૂજ્યશ્રીના તપસ્વી શિષ્ય સુપ્રભમુનિને રાત્રીએ એકાએક વિષધર ડંસ્યો. વિષની તીવ્રતાથી તેઓ તત્ક્ષણ ચેષ્ટારહિત થયા.

ગારૂડિકો આવ્યા. મંત્રતંત્રાદિ ઉપચારો કરવા છતાં કારગત નીવડયા નહિ. ત્યાં તો દ્રોણ વંદનાર્થે આવ્યો. આજુબાજુમાં આકુળ-વ્યાકુળતા જોઈ તેણે તેનું કારણ પૂછયું. ત્યારે મુનિભગવંતે તેને સઘળી હકીકત કહી. પરોપકારી પુરુષનું વ્યસન પરોપકાર હોય છે. તેથી દ્રોણે કહ્યું, મને તે મહાત્મા

બતાવો. ત્યારે તેને વિષધર ડંસેલ મુનિને બતાવ્યા. તત્ક્ષણ વિષહર મંત્રના સ્મરણથી તેના વિષનું નિવારણ કર્યું. વિષાવેગ હઠતા ચેતનાવંત મુનિ ઊઠ્યા. પણ તત્ક્ષણે એક આશ્ચર્ય ઉત્પન્ન થયું.

આ આશ્ચર્ય અદ્ભૂત કોટીનું હતું. તેને ભવોભવનું દર્શન કરાવ્યું. તે મુનિને દ્રોણના દર્શન માત્રથી ઇહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. મૂર્ચ્છિત થઈ તે ધરણી ઉપર પડચા. આનંદમય વાતારણ શોકમાં પલટાઇ ગયું.

શું પુનઃ વિષોદ્ગાર થયો ? દ્રોણ ખેદ પામ્યો. તે ફરીથી તેનું નિવારણ કરવા ઊઠયો, ત્યાં તો વિકસિત લોચણવાળા ચેતનાવંત, સાધુ એકદમ ઊઠચા. જોતાં જ આશ્ચર્યચકિત દ્રોણે પૂછ્યું, ભગવન્ ! શું પુનઃ વિષવિકાર થયો ? ત્યારે મુનિ મહાત્માએ કહ્યું : મહા ભાગ્યશાળી ! હું વિષથી મૂર્ચ્છિત થયો નથી, પણ મોહવિષ દૂર કરનાર તારા દર્શનથી મને પૂર્વભવોનું સ્મરણ થયું છે. ત્યારે તેણે કહ્યું. કેવી રીતે ? ત્યારે તેમણે પૂર્વભવ જણાવ્યો :

આ ભવથી પૂર્વના ત્રીજા ભવે કુંકણ દેશમાં સાલૂર નામનું ગામ હતું ત્યાં સોમિલ નામે બ્રાહ્મણ વસતો હતો. તેના તું અને હું બંને પુત્રો હતા. એટલે કે સગા ભાઇઓ, બાલ્યવયમાં જ જનની મરણને શરણ થઈ હતી. પિતાએ મહાકષ્ટે મોટા કર્યા, આપણે બાલ્યાવસ્થા વટાવી, વેદવિદ્યાને ભણ્યા. ત્યાં વેદકથાદિ કહેવા વડે ઉદરપૂર્તિ કરવા લાગ્યા. આપણે ઉદરપૂર્તિ માટે ભમતા, પણ જેમ પતિવ્રતા સ્ત્રી પતિનો ત્યાગ

ન કરે, તેમ દરિદ્રતા આપણો ત્યાગ કરતી ન હતી. વ્યાધિને આધી લાગેલી છે, તેમ દરિદ્રતા આપણો પીછો છોડતી ન હતી.

આપણે કોઈ કોઈવાર ભોજન વિના પડયા રહેતા, કોઇવાર અધું જ ભોજન પ્રાપ્ત કરતા, પ્રેત-પિચાશની જેમ પૂર્ણ ભોજન કરી કદી પણ રાત્રિએ સૂતા નહિ હવે દારિદ્રને આપત્તિ છોડતી નથી. તેમ એકવાર દુકાળ પડયો. ભૂખમરો થયો. ધાન્યસમૂહ પણ ખૂટી ગયો ધાન્ય નિષ્પત્તિ તો દૂરે રહી. લોકો હતાશ થઇ ગયા. દાતારો પણ પરાન્મુખ થયા. રાજલોક પણ કરવેરા વગેરે દ્વારા ઉપદ્રવ કરવા લાગ્યા. તસ્કરો પણ ઇચ્છાપૂર્વક લૂંટફાટ કરવા લાગ્યા, આવી અવસ્થામાં પિતાએ તને અને મને કહ્યું: "બેટા! જીવનનિર્વાહ થઈ શકે તેમ નથી, તો દેશાંતર જવું યુક્ત છે."

પિતાના વચનથી તેં અને મેં કહ્યું: "પિતાજી! થોડી વાર અહીં જ રહીએ, તમે વિકલ્પ કરો નહીં. આપણે દેશાંતર જઈશું. એમ વિચારી આપણે લોકોને પૂછપરછ કરી અને મનોહર સૌરાષ્ટ્ર દેશમાં સુભિક્ષકાળ વર્તે છે, એમ જાણી પિતા સાથે મહાપ્રયત્ને ગયા. વાતાવરણ અને અન્નપાનાદિના ફેરફારને કારણે જતાવેંત જ પિતાની તબિયત બગડી ગઈ.

જ્વર, શ્વાસ, મહાભીમ રોગોની ઉત્પત્તિ થઇ. ધનરહિત આપણે ઔષધિનો ઉપચાર તો શી રીતે કરી શકીએ? ઉપચાર રહિત રોગો વધવા લાગ્યા. અને પિતા મૃત્યુ પામ્યા. તેઓ પરલોકે સિધાવ્યા. પિતૃમરણથી દુઃખિત આપણે તેમનું મૃતક કાર્ય કર્યું. એક બાજુ આધાર સ્તંભ સમા પિતાનો

વિયોગ તો બીજી બાજુ દારિદ્રતાનો યોગ ! ઘુણ નામના કીડાથી કાષ્ઠ અંદરથી કોતરાઈ જાય, તેમ આપણું અંતઃકરણ આ બેથી કોતરાઈ ગયું !

દુઃખી અવસ્થામાં જ પ્રાયઃ માનવને પાપ-પુણ્યના ભેદ સમજાય છે. ઐશ્વર્ય-ઋદ્ધિ-સમૃદ્ધિ એ ધર્મની દાસી છે, દરિદ્રતા અધર્મની દાસી છે. તેથી જ સુખાભિલાષીઓએ પુણ્ય ઉપાર્જન કરવું જોઇએ. પાપપ્રવૃત્તિને ત્યજવી જોઇએ. આપણે બંને વિચારવા લાગ્યા. હવે શું કરવું ? શું પોતાના સ્થાને જઈએ ? અથવા દેશાંતર જઇએ ? અથવા કોઈ રાજપુત્રની સેવા કરીએ ? કે અહીં જ રહીએ ? એમ વિકલ્પમાળાઓથી આપણું મન ચિંતાસમુદ્રમાં ડૂબેલું હતું, ત્યાં તો પુણ્યયોગે ત્યાં જ આવીને પ્રતિમાવહન કરતા એક મુનિને આપણે જોયા. મુનિદર્શનથી મનમયૂર નૃત્ય કરવા લાગ્યો. મુનિ સમીપે જઇ વંદના કરી, મહાત્મા કાઉસ્સગ્ગ ધ્યાનમાં હતા, એટલે તેમના મુખકમલને આપણે અનિમેષ નયણે નિહાળી રહ્યા હતા. તેમણે કાઉસ્સગ્ગ પાર્યો. આપણે ફરી વંદના કરી. તેમણે પૂછ્યું : તમે કોણ છો ? કેમ વિષાદ યુક્ત જણાવ છો ? અને આપણે મૂળથી આપણો પૂર્વવૃત્તાંત કહ્યો. સ્વદેશ ગમનનો પોતાનો સંકલ્પ જણાવ્યો. આપણા દુઃખની વાત સાંભળી મહાત્માએ આપણને ધર્મનું આશ્વાસન આપ્યું. ખરે જ મહાપુરુષો પરદુઃખભંજન હોય છે.

પરદુઃખ-ચિંતા કરનાર મુનિએ કહ્યું : તમારી જેમજ

ગૃહસ્થાવસ્થાવાસમાં હું પણ અનેક પ્રકારના વિકલ્પોના તરંગોથી વ્યાકુળ હતો. પણ સુગુરુ ચરણની સેવાથી હાલ સંયમ લઈ ચિંતા રહિત ગામ–નગરાદિમાં વિચરૂં છું. તમે પણ સંસારવાસ ત્યજી મુનિભગવંતોનું શરણ સ્વીકારો. મોહદશાની ભીષણતા સમજી તમે દુઃખોને જલાંજલિ દ્યો. દેશાંતર જવા છતાં પણ પૂર્વકૃત પુણ્યયોગે વાંછિતની સિદ્ધિ થાય છે, માટે દેશાંતર ગમન પણ નિષ્ફળ છે. પુણ્યશાલીને તો ઘરે બેઠા ગંગા આવે છે. તેઓ પૂજનીય બને છે. જ્યારે બીજા જીવો દેશાંતર ગમન કરે તો પણ તેઓ ઈષ્ટની પ્રાપ્તિ કરી શકતા નથી. તેમને દાસપણું કરવું પડે છે. માટે સર્વ પ્રયત્ન વડે સુકૃત ઉપાર્જન કરો. કુવિકલ્પોને ત્યજી તમે ધર્મમાં ચિત્ત પરોવો.

મુનિમુખે ધર્મોપદેશના શ્રવણથી સંસાર સ્વરૂપ સમજાતાં આપણે બંનેએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, સંયમી જીવન તપ–ચરણાદિથી નિરતિચાર પાળી, અણસણ કરી, કાળધર્મ પામી તું અને હું બંને નિર્જરાલયમાં ઉત્પન્ન થયા. દિવ્ય સંપત્તિને ભોગવી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી હું પોતનપુરનગરમાં વણિક પુત્રપણે ઉત્પન્ન થયો. કેટલાક વર્ષો સંસારસુખ ભોગવી મેં આ ગુણંધરસૂરિની સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. અત્યારે તને જોતાં જ મને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું છે.

પૂર્વે અનુભવેલ સર્વ વૃત્તાંત સાંભળી કર્માવરણ શિથિલ થતાં દ્રોણને પણ જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. અને રાત્રિમાં આવેલ સ્વપ્નની જેમ ભવસ્વરૂપ નિહાળ્યું. જાતિ સ્મરણ વીણા

વાગી ગઈ. પૂર્વભવ સ્મરણરૂપ નાદથી મસ્ત બનેલ આત્મા સુષુપ્ત દશામાંથી જાગૃત થઈ ગયો.

તરત જ સૂરીશ્વરજીના ચરણે પડી તેણે વિજ્ઞપ્તિ કરી : "ભગવન્! ઘણા દિવસથી કુટુંબચિંતા ત્યજી, સાર-સંભાળ કર્યા વગરનું મારું મન સંયમ લેવા માટે ડોલાયમાન થાય છે. તો મારે શું કરવું ? સંયમ લેવા ઉત્કંઠા ધરાવતા તેને ગુરુભગવંતે ધર્મોપદેશ આપી સંસારનું સ્વરૂપ દર્શાવ્યું.

સંસારરૂપી રંગભૂમિ ઉપર નૂતન સ્વાંગ સજી જીવ નાટકિયાની જેમ ચેષ્ટા કરે છે. ક્યારેક હાસ્યરસથી શ્રોતા-જનોને મુગ્ધ બનાવી દે છે. ક્યારેક નરકાદિના ભીષણ દ્રશ્યો બતાવી રૌદ્રતા દર્શાવે છે. ક્યારેક દિવ્યલોકમાં દિવ્યસુખોનો ભોગવટો કરનાર દેવનું સ્વરૂપ બતાવી આનંદમગ્ન બનાવે છે. તો ક્યારેક તિર્યંચનું રૂપ દર્શાવી પરવશતા-કઠોરતાનું દર્શન કરાવી દે છે. તો મૃતાવસ્થા દેખાડી કરૂણરસથી આક્રંદ કરતાં વાતાવરણને શોકમગ્ન બનાવી દે છે. આ છે જીવનું સ્વરૂપ-પરિવર્તન સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ દરેક યોનિમાં જન્મ-મરણની પરંપરાને પ્રાપ્ત કરતાં ક્યારેક માતા, તો પિતા-પુત્રાદિના સ્વરૂપને ધારણ કરે છે. વળી કોઈ જીવ એવો નથી કે, જેણે ધન ઉપાર્જન કરવા માટે પ્રયત્ન ન કર્યો હોય! કુટુંબચિંતા ન કરી હોય, દુષ્કર્મો ન કર્યા હોય, પરને ઠગ્યા ન હોય! અર્થાત્ જીવે સર્વ પાપ-વ્યાપારો આચર્યા છે.

ઇતિહાસનું કોઇ પાનું એવું નથી જેમાં સંસારીજીવોની તમામ ચેષ્ટાનું વર્ણન ન ભર્યું હોય. અર્થાત્ સમસ્ત જીવોની

આ કહાની આલેખાયેલી છે. એના વાંચન દ્વારા જીવ બોધ પામી શકે છે. વળી સંસારી જીવો બાહ્ય કુટુંબની ચિંતા કરે છે. આંતરિક કુટુંબની ચિંતા તો જાણે વિસ્મરણ થઈ ગઈ છે. વળી ક્ષણિક નાશવંત આ બાહ્યકુટુંબની ચિંતાથી શું ? તને શાશ્વત સુખની પ્રાપ્તિ બાહ્યકુટુંબની આળપંપાળથી મળશે ખરી ? કદી નહીં મળે. છતાં મોહમસ્ત જીવ એમાં જ રચ્યો-પચ્યો રહે છે. માટે આ બે માંથી જેની ચિંતા કરવી તને યોગ્ય લાગે તેમ તું કર. બાહ્યકુટુંબ એ તો ઉપચરિત છે. જ્યારે નિરૂપચરિત તો આંતરિકકુટુંબ છે. બાહ્યકુટુંબની આળ-પંપાળ ત્યજવા જેવી છે. આંતરિકકુટુંબની ચિંતા આદરણીય છે.

તેથી હે કલ્યાણકારી મહાભાગ ! જો નિરૂપચરિત કુટુંબ ઉપર પ્રીતિ જાગૃત થઇ હોય, તો તેના ઉપચારભૂત તું પ્રવ્રજ્યાનો સ્વીકાર કર.

ગુરુવચને તત્ત્વ સમજાતાં સંવેગી દ્રોણે કુટુંબ ચિંતાને તિલાંજલી દઈ ગુરુ સમીપે પ્રવ્રજ્યા સ્વીકારી લીધી. પછી તે અપ્રમત્તપણે સંયમની સાધના કરવા લાગ્યો. દ્રોણ મહાત્મા બન્યો. તેણે શરીરની મમતા ત્યાગી, ત્યાગી જીવન ઉપર પ્રીતિ ધારણ કરી, છઠ્ઠ-અઠ્ઠમાદિ તપદ્વારા શરીર શોષવી, સિદ્ધાંતનો અભ્યાસ કરી, અર્થવિચારણામાં મગ્ન, બાળગ્લાનની વૈયા-વચ્ચમાં ઉત્સુક ગુરુ સહિત ગામ-નગરાદિમાં વિચરવા લાગ્યા. એકવાર સિદ્ધાંત શ્રવણમાં તત્પર ભવ્ય લોકો સમક્ષ ગુરુ ભગવંત તત્ત્વવાણીનું ઝરણું વહાવી રહ્યા હતા અને દ્રોણ-મુનિ પણ વંદનાદિ વિધિપૂર્વક શ્રવણ કરવા બેઠા હતા. તે

સમયે નિર્ભયપુરથી એક પુરૂષ આવ્યો. સૂરીશ્વરજીને વંદના કરી ઉચિત સ્થાને બેઠો.

ગુરુ ભગવંતે મધુરાલાપપૂર્વક આગન્તુકને પૂછ્યું–" હે કલ્યાણકારી પુરૂષ! તારૂં કયાંથી આગમન થયું છે? ત્યારે તેણે કહ્યું : હું નિર્ભયપુરથી આવેલ છું. તે સાંભળી સૂરિ સમીપ બેઠેલા દ્રોણમુનિ તે માણસને ઓળખી ગયા. પછી તેને કહ્યું :– થોડીવાર તું અહીં જ રહેજે. વ્યાખ્યાનની પૂર્ણાહૂતિ થયે કુટુંબસંબંધી વાતો પૂછીશ. તેણે પણ તે સ્વીકાર્યું.

વ્યાખ્યાનની સમાપ્તિ થઈ, જનસમુદાય પણ પોતાને સ્થાને ગયો, ત્યારે દ્રોણમુનિએ આગંતુકની સાથે પોતાના કુટુંબ સંબંધી વાતચીત કરી, કુટુંબની સમગ્ર કરૂણાજનક સ્થિતિનું વર્ણન કરતાં તે પુરુષે કહ્યું : તમે ઘરથી ગયા પછી તમારી પત્નીને શૂલવેદના ઉત્પન્ન થઈ. તેનાથી પીડિત બે ત્રણ દિવસ બાદ મરણને શરણ થઇ હતી. વળી તમારો મોટો પુત્ર નિરંકુશપણે દ્યુતાદિ વ્યસનમાં રક્ત થયો હતો. ઘરનું સર્વસ્વ ગૂમાવ્યું. છેવટે ખાવાપીવાનાં પણ ફાંફાં પડવા લાગ્યા ત્યારે તે ચોરી કરવા લાગ્યો. પણ પાપ થોડું જ ઢંકાય. પાપનો ઘડો ફૂટ્યો અને એકદિ' રાજપુરુષના હાથમાં તે સપડાયો અને રાજા સમક્ષ તેને રજૂ કર્યો.

તેને જોઇ રાજાએ પૂછ્યું : આ કોણ છે? તેનો જવાબ આપતાં આરક્ષક પુરુષોએ કહ્યું : દેવ! તમે રાજકાર્યાર્થે દ્રોણ નામના પ્રધાનપુરુષને મોકલેલ તેનો જ્યેષ્ઠ પુત્ર છે. ત્યારે રાજાએ તેને કારાગારમાં નાંખ્યો અને કહ્યું : દ્રોણ જ્યારે આવશે ત્યાર પછી જે કરવા યોગ્ય હશે તે કરશું. ખરેખર

વ્યસન એ પાપની વેલડી, તેમજ વિષ વેલડી છે. તે માનવનું જીવન ખેદાનમેદાન કરી નાંખે છે.

આ બાજુ દ્રોણપુત્ર કારાગારમાં દિવસો પસાર કરી રહ્યો છે. હવે દ્રોણમુનિ પણ સ્વજન પરિવારની દયાજનક સ્થિતિનું વર્ણન સાંભળી સંસાર સ્વરૂપને વિશેષ પ્રકારે ભાવવા લાગ્યા : અહો કર્મપરિણતિ ! કર્મવિલાસ ! કુટુંબ વિષમદશાને પામ્યું. આ દશામાંથી મારે તેનો ઉદ્ધાર કરવો જોઇએ. જો ગુરુ આજ્ઞા આપશે, તો ત્યાં જઈ દુરાચારી, પાપી પુત્રને પ્રતિબોધ કરી ધર્મમાર્ગમાં સ્થિર કરીશ. એમ વિચારી ગુરુ સમક્ષ જઇ, ગુરુચરણે વંદના કરી પોતાનો સર્વ અભિપ્રાય કહ્યો. ગુરુએ પણ લાભનું કારણ વિચારી કેટલાક સુસાધુઓ સાથે તેમને મોકલ્યા અને તેઓ નિર્ભયપુરે પહોંચ્યા. ત્યાં ઉચિત સ્થાને આશ્રય કરી તેઓ રહ્યા.

તેમના આગમનના સમાચાર વાયુવેગે ત્યાં પ્રસરી ગયા. તેના આગમનથી રાજા હર્ષિત થયો. ચાલો, મારૂં કામ સિદ્ધ થયું. પણ આ તો દ્રોણમુનિ બન્યા હતા. રાજા આશ્ચર્યચકિત થઈ ગયો. વંદનાપૂર્વક ઉચિતાસને બેઠો. ગુરુભગવંતે પણ ત્યાં કાલોચિત ધર્મકથા કહી. તે સાંભળી રાજાએ પૂછયું : આ કોની કથા છે? ત્યારે તેણે પણ ધૂર્તવંચના, કાપાલિકની માયાજાળ, જન્માંતરને જણાવતા જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ પર્યંત પોતાનો સર્વ વૃત્તાંત આમૂલચૂલ જણાવ્યો, તે સાંભળી રાજા પણ વૈરાગ્ય પામ્યો. વૈરાગ્યવંત રાજા કહેવા લાગ્યો કે કલુષિત ચિત્તવડે જીવો જે કાર્યો કરે, તેના કિંપાક ફલોના વિરસવિપાકને અનુભવે છે. પૂર્વકૃત કર્માનુસાર સુખ–દુઃખનું

નિર્માણ થાય છે, દુઃચેષ્ટા વડે આત્માને જીવો મલિન કરે છે. કર્મપ્રેરિત સુખ–દુઃખ અનુભવતા જીવોને વિષે કોઈ કર્તા નથી. પણ તેમાં નિમિત્તભૂત પોતાની શુભાશુભ કરણી જ છે. અશુભ કરણીરૂપ તાંતણા વડે આત્માને બાંધી જીવરૂપી કરોળિયો સંસારરૂપી જાળમાં ફસાય છે.

તેથી હે દ્રોણમુનીશ્વર ! તમે જે કર્યું, તે સારૂં કર્યું છે, કેમકે સમગ્ર દુઃખને ક્ષય કરનારી માતા પ્રવ્રજ્યા છે. વળી અમારૂં પ્રયોજન પણ તમારા અનુભાવથી સિદ્ધ થયું છે. કેમ કે તે જ દિવસથી મારી વૈરની જ્વાળા શાંત થઈ ગઈ હતી, તેથી હે રાજન્ ! કુશળને ઇચ્છતા તારે શુભ પરિણામમાં રહેવું જોઇએ. દુષ્ટ પરિણામથી આસ્રવ ને પરભવમાં દુઃખજ પ્રાપ્ત થાય.

રાજા પણ વંદનપૂર્વક ભગવાનને વિનંતિ કરવા લાગ્યો. ગુરુભગવંત ! મારે લાયક જે કાંઈ કામ હોય તે જણાવો, એમ કહી રાજા પાછો ફર્યો. હવે પિતાના આગમનને સાંભળી લજ્જાથી બીડાઇ ગયેલા નયન છે, જેના તેવો તે લઘુપુત્ર આવ્યો. તેણે વંદના કરી. તેને પણ આદરપૂર્વક બોલાવ્યો. કહ્યું કે તું ક્યાં રહે છે? તું શું કરે છે? ત્યારે તેણે અશ્રુપૂર્ણ નયને પૂર્વપુરૂષે કહેલ તે જ કુટુંબનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

ત્યારે મુનિવરે પણ સકલ કલ્યાણકારી જિનધર્મનું સ્વરૂપ મોટા પ્રબંધથી જણાવ્યું. તેણે પણ જિનધર્મ સ્વીકાર્યો. મિથ્યાત્વાદિ પાપસ્થાનકોના તેણે પ્રત્યાખ્યાન કર્યા અવાર નવાર તે મુનિના પરિચયમાં આવવા લાગ્યો. ધર્મવાસિત મનવાળા તેને એકવાર મુનિભગવંતે કહ્યું : કલ્યાણકારી ! જો તારો વડિલ બાંધવ પ્રવ્રજ્યા સ્વીકારે, તો કારાગારથી મુક્તિ અપાવું

તેણે જઇને બધી વાત વડિલ બાંધવને કરી. તે સાંભળી કારાગારના વસમા દુઃખને સહન કરતાં ઘણો કાળ પસાર થઈ ગયો હતો અને કારાગારમાંથી મુક્તિને ઇચ્છતા, નિર્વેદ પામેલ તે વડિલ બાંધવે પણ મુનિની પ્રતિજ્ઞા સ્વીકારી લીધી. તે જાણી દ્રોણમુનિ હર્ષિત થયા. તેમને કાર્યસિદ્ધિ થયાનો હર્ષ સમાતો ન હતો.

કરૂણાસાગર મુનિએ પણ રાજવી પાસે તેને કારાગૃહથી મુક્તિ અપાવી. મુક્તિમાર્ગના પથિક બનવા તત્પર તેને પ્રવ્રજ્યા ગ્રહણ કરાવી. તેઓ વિહાર કરી ગુરુ સમીપે આવ્યા. ચિરકાળ નિષ્કલંક ચારિત્રને પાળી કાળધર્મ પામી દ્રોણમુનિ સૌધર્મ દેવલોકે મહર્દ્ધિક દેવ થયા.

દેવલોકમાં દિવ્યભોગોને ભોગવી ત્યાંથી ચ્યવી જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધદેશમાં રાજગૃહનગરે રાજાના અમાત્યના પુત્રપણે અવતર્યા. તેમનું આર્યઘોષ નામ પાડયું. તેઓ પૂર્વે પ્રાપ્ત કરેલ સંયમના અનુરાગથી સંસારના સમસ્ત પદાર્થો પર વિરાગદશા ભાવતા યૌવનવયને પામ્યા. દારપરિગ્રહ વિના માતા–પિતાના આગ્રહથી કેટલોક કાળ ગૃહસ્થાવસ્થામાં મુનિ ભગવંતોની સેવામાં પસાર કર્યો. બાદ વૈરાગી બનેલા કેટલાક મિત્રોની સંગાથે હે અશ્વસેન મહારાજા! તે અહીં આવ્યો અને પ્રવ્રજ્યા અંગીકાર કરી. અને આર્યઘોષ નામના દ્વિતીય ગણધર થયા. માયાના તાંડવ નૃત્યને જણાવતા દ્વિતીય ગણધરનો પૂર્વભવ કહ્યો. હવે હે રાજન્! તૃતીય ગણધરના પૂર્વભવોને એકાગ્ર ચિત્તે સાંભળો.

જાતિ-સ્મરણ-વીણા વાગે!

એના નાદે આતમ જાગે!

તૃતીય ગણધર

શ્રી વસિષ્ઠ

[ ૩ ]

# રે ધન! તારા પાપે!
# યાને
# તૃતીય ગણધર પૂર્વભવ કથાનક

કૈવલ્યરત્નથી યુક્ત, પૃથ્વીતલને પાવન કરતા આંતર સમૃદ્ધિમાં લીન, પાર્શ્વનાથ પ્રભુ વાણારસીનગરીમાં સમોસર્યા. મોહનિદ્રામાં સુપ્ત જનોને જાગૃત કરનારી અમૃતના આસ્વાદ સરખી તેમની દેશના વરસી રહી છે, ભવ્યજનોના મનમયૂર નૃત્ય કરી રહ્યા છે. વાણી સુધારસે અનેક જનસમુદાયની ઉત્ક્રાંતિ થઈ રહી છે, અશ્વસેન મહારાજા સમક્ષ પ્રભુ સ્વગણધરોના પૂર્વભવો દર્શાવી રહ્યા છે. હવે પ્રભુ તૃતીય ગણધરના પૂર્વભવનું વર્ણન કરતાં ફરમાવે છે કે:

આ જંબૂદ્વીપનાં પૂર્વવિદેહમાં પુષ્કલાવતી નામની વિજય છે. તેમાં સૌમનસ નામનું નગર છે. ત્યાં દર્પથી ઉદ્ધુર, શત્રુઓ રૂપી હાથીને વિષે કેસરી કિશોર સમાન મહાપરાક્રમી વિજયસિંહ નામે રાજા હતો. તેની ઈંદ્રાણીના રૂપને પણ તિરસ્કાર કરવા સમર્થ એવી સૌન્દર્ય રૂપ, સૌભાગ્યાદિ વિશ્રુતગુણરૂપી અલંકારથી સુશોભિત નિર્વાણી નામની પત્ની હતી.

તે દેવીનો મહાપરાક્રમી, તેજસ્વીપણાથી પૃથ્વીતલ ઉપર યશને પ્રાપ્ત કરેલ એવો નિરૂપમરૂપશાલી કામદેવ સરખો જયસુંદર નામે પુત્ર હતો. તેને પાણી માંગે ત્યાં દૂધ હાજર થાય, સેવકો સલામ ભરે, સુખમાં કંઇ જ કમી નથી! તે

સુંદર રાજવૈભવને ભોગવે છે. તે રાજપુત્રને અતિ ભક્ત, તેના કાર્યમાં રક્ત, ચરણકમલની સેવા કરવામાં અપ્રમત્ત નંદક નામનો બાલમિત્ર છે. બંનેની મૈત્રી એવી જામી છે કે, દેહથી જેમ છાયા દૂર ન રહે, તેમ હંમેશા સાથે ભોજન, શયનાદિમાં સહચારી. બંને દિવસો પસાર કરે છે. માત્ર શરીરથી જુદા, પરસ્પર પ્રીતિના તાંતણે બંધાયેલા ક્ષણમાત્ર વિરહ સહી શકતા ન હતા.

હવે એકવાર રાજા સુખે મીઠી નિદ્રા લઈ રહ્યો છે, મંદ મંદ સમીર વાઇ રહ્યો છે, પાછલી રાત્રિનો સમય છે, તે વખતે રાજાને અચાનક ચિંતા ઉત્પન્ન થઇ.

નિદ્રાદેવીએ વિદાય લીધી, મન પવનવેગે વિચારણા કરવા લાગ્યું કે, આ જયસુંદરકુમાર રાજલક્ષણોપેત, પૂર્વપુરુષપદ પ્રદાનયોગ્ય, રાજ્યસિંહાસનને શોભાવનારો છે. તેથી મોટા સન્માનથી તેને ક્યારેક રાજવી બનાવવામાં આવશે, તો બીજી બધી પટ્ટરાણીઓ પોતાના રાજપુત્રોને રાજ્ય ન મળશે, એવી શંકાથી વિષપ્રયોગ દ્વારા તેના જીવિતવ્યનો નાશ કરશે. માટે મારે પુત્રના ક્ષેમકુશલ માટે ક્યાંક મોકલી દેવો જોઈએ. વેષપરિવર્તન કરી પૃથ્વી ઉપર પરિભ્રમણ કરશે. પછી તેને યોગ્ય સમયે રાજવી કરશું.

એમ વિચારી રાજાએ જયસુંદરકુમારને બોલાવ્યો, છળ-કપટ કરી તેનો તિરસ્કાર કરી રાજમહેલમાંથી બહાર ચાલી જવા આજ્ઞા કરી. પિતાના અપમાનથી દુઃખિત તે મધ્યરાત્રિએ બાલમિત્ર નંદકની સાથે રાજમહેલ અને નગરને છોડી ચાલી

નીકળ્યો. પૂર્વદિશા સન્મુખના માર્ગે પ્રયાણ કર્યું. રાજ-વૈભવમાં ઉછરેલ, ક્ષુધાતૃષાના તો સ્વપ્નમાં પણ દર્શન કર્યો નથી, વળી પૃથ્વીતલ ઉપર સ્પર્શ પણ કર્યો નથી, છતાં મુશ્કેલીનો સામનો કરતા મુસાફરીમાં આગળ ધપ્યે જ જાય છે. એમ કરતા પાંચ યોજન પસાર કરી અત્યંત પરિશ્રમથી થાકી ગયેલો જેમ તેમ કરી તે ખેટકને વિષે પ્રાપ્ત થયો.

ત્યાં એક બ્રાહ્મણના ઘરે રહ્યો. તેણે આકૃતિથી કોઈ મહાપુરૂષ હશે, એમ ધારી સ્વાગતપૂર્વક ભોજન કરાવ્યું. ત્યાં તે ત્રણ રાત્રિ રહ્યો.

ફરી પરિશ્રમના થાકને દૂર કરી સ્વસ્થ થતા નંદક સાથે આગળ પ્રયાણ કર્યું. ક્રમથી કુસુમપુરનગર વટાવી, ત્યાંથી આગળ વધતા માર્ગમાં અનેક પ્રતિકૂળતા આવવા લાગી, પણ ધીરતાપૂર્વક આગેકદમ બઢાવી રહ્યા હતા. માર્ગમાં ચાલતા શિયાળાનો સમય હતો, અત્યંત શીત પવન ગાત્રોને કંપાવી દેતો હતો, ક્યારેય આવી વેદના અનુભવી ન હતી, તેથી આગળ ડગ ભરવા રાજપુત્ર અસમર્થ થયો, તેથી નંદકે કહ્યું : હે રાજપુત્ર ! આ બાજુ જુઓ ! કેવું રમ્ય ઉપવન દીસે છે ! તેની શોભા તો નીહાળો ! જુઓ તો ખરા ઘણા પત્રશાખા-ઓથી વ્યાપ્ત અનેક વૃક્ષો શોભી રહ્યા છે. પક્ષીગણ કિલ-કિલાટ કરી રહ્યો છે, ખુશબોદાર પુષ્પોની ફોરમથી વાતાવરણ મહેંકી રહ્યું છે ભમરાઓ ગણગણાટ કરી રહ્યા છે. સમગ્ર વનરાજી ખીલખીલાટ હાસ્ય કરતી ન હોય એમ જણાય છે. તો ચાલો આપણે ત્યાં જઈએ. ક્ષણવાર વિશ્રાંતિ લઈએ.

શીતસમીરથી ઉત્પન્ન થયેલી પીડા દૂર થતાં આપણે આગળ જઈશું. રાજપુત્રે પણ કહ્યું: સારૂં ત્યારે આપણે ત્યાં જઈએ.

પછી બંને જણાએ ઉદ્યાનના મધ્યભાગમાં રહેલ દેવમંદિરમાં પ્રવેશ કર્યો. મંદિરના એક ભાગમાં તેઓ વાસ કરી રહ્યા. આ બાજુ રાજપુત્ર ક્ષણવાર ઉભો થયો. તેટલામાં તેના મસ્તક ઉપર શીતલબિંદુ ટપકવા લાગ્યા. આશ્ચર્યથી આ શું ? એમ વિચારી તેણે ઉંચે જોયું. તો કોઈ પુરુષ હાથમાં જળકળશ ભરી ઉંચા હાથ રાખીને રહ્યો હતો. તે જોઇ રાજપુત્રે વિચાર્યું: અહીં કોઇ પરદેશી સુતેલો જણાય છે. માટે અન્ય જગ્યાએ જઈએ. ત્યાં તો પગના અવાજથી ત્યાં રહેલ માણસ બોલ્યો: હે મહાયશ ! અહીં રહી મારૂં રક્ષણ કરો, ત્યારે રાજપુત્રે કહ્યું: તું કોણ છે ? ત્યારે તે પરદેશી બોલ્યો: હું કુણાલ-દેશનો વાસી છું. જ્વલન નામનો બ્રાહ્મણ છું. સાક્ષાત્ દારિદ્રમૂર્તિ છું. સ્વપ્નમાં પણ સુખના દર્શન કર્યા નથી. હું જીવન નિર્વાહ કરવા અસમર્થ છું કલા-કૌશલ્યથી રહિત છું. હંમેશા ઘરે ઘરે ભિક્ષા માંગુ છું અને દિવસાંતે ભોજન કરૂં છું. આ દરિદ્ર અવસ્થા મને ખૂબ પીડે છે. તેથી હું અહીં આવ્યો છું.

આ કાત્યાયનીદેવીનું મંદિર છે. તે મનવંછિતપ્રદાન કરવામાં કલ્પલતા સમાન છે. એમ લોકમુખથી સાંભળી, તેની આરાધના કરવા અહીં આવ્યો છું. સર્વથા આહાર ત્યાગી ભગવતીની સેવા કરી રહ્યો છું. આજે મારે વીસમો ઉપવાસ છે. એમ સાંભળી અનુકંપાપ્રેરિત રાજકુમારે કહ્યું, "જો એમ જ છે.

તો તેની ઉપર તું જલકળશ રાખી કેમ રહ્યો છે? ત્યારે જ્વલને કહ્યું. જ્યારે દેવી કૃપા કરશે ત્યારે આ જળવડે તેનો અભિષેક કરીશ." કેમકે ઉપવાસ દ્વારા શરીર ક્ષીણ થઈ ગયું હોય, એટલે જળ લેવા જવાય નહીં, એટલે આગળથી જ તૈયાર કરી રાખ્યું છે.

ત્યારે રાજપુત્રે કહ્યું : આવી સ્થિતિ વડે તું લાખો ઉપવાસ કરીશ, તો પણ દેવી સંતુષ્ટ નહિ થાય, કેમકે દેવતાઓ સત્ત્વથી સંતુષ્ટ થાય છે. સત્ત્વવિહીનને સિદ્ધ પ્રાપ્ત થતી નથી. કાર્ય સિદ્ધિ માટે પ્રાણનો ભોગ આપવા પણ તત્પર રહેવું જોઇએ જીવિતની અપેક્ષા વિના કષ્ટ સહન કરવા પડે. જો ઉપવાસ દ્વારા જ ઇચ્છિતની પ્રાપ્તિ થતી હોત તો જગતમાં કોઈ જીવ દુઃખી જ ન રહે. બધા જીવો સુખી થઈ જાય. પણ એમ બનતું નથી.

હવે કરુણારસ ભંડાર કુમાર, હાથમાં નીલમણિની કાંતિ જેવી તીક્ષ્ણ તલવાર લઈ દેવી સંગાથે ગયો. એકદમ દેવીને કહેવા લાગ્યો, આ ગરીબના ઇચ્છિતને તું આપ? અથવા મારા મસ્તકકમલની પૂજા સ્વીકાર." એમ કહી એકદમ દેવીનો કેશપાશ હાથમાં પકડી તલવાર વડે ઘાત કરવા તૈયાર થયો, ત્યાં તો દેવીએ તેને પકડી લીધો. પછી કહ્યું : હે વત્સ! શા માટે તું સાહસ કરે છે? જે કાર્ય હોય, તે તું મને કહે. ત્યારે સાત્ત્વિક રાજપુત્રે કહ્યું : "જો એમ જ છે, તો અત્યંત દુઃખી આ બ્રાહ્મણની ઇચ્છાને તું પૂર્ણ કર." ત્યારે દેવીએ કહ્યું : હે વત્સ! સત્ત્વરહિત જીવોમાં અગ્રેસર તે વાંછિત દાનને

માટે અયોગ્ય છે. તેથી જો તારી પોતાની કંઇપણ ઇચ્છા હોય, તો હું પૂર્ણ કરું અને નિવૃત્ત થાઉં.

ત્યારે સાત્વિક શિરોમણિ રાજપુત્ર બોલ્યો : “હે દેવી! તું મારા ઇચ્છિતને આપવા ઇચ્છે છે, તો આ ગરીબના મનોરથને પૂર્ણ કર. તેના નિશ્ચયને જાણી દેવીએ બ્રાહ્મણને કહ્યું : જે જોઇએ તે માગ. ત્યારે અમર્શવડે બ્રાહ્મણ બોલ્યો : હે દેવી! ઇચ્છિત આપતા પહેલાં ઉભી રહે, હું કહું તે સાંભળ. શા કારણથી તેં મને દર્શન આપ્યું નહિ? વીસ ઉપવાસ પૂર્ણ થયા છતાં એમ જ ઉભી છે! અને આ મહા-પુરુષના વચનમાત્રથી વર આપવા તૈયાર થઇ ગઇ? હું આટલા દિવસથી તારી આરાધના કરૂં છું, છતાં તને કંઈ જ થતું નથી? તેના રોષયુક્ત વચન સાંભળી દેવી બોલી : “સાંભળ બ્રાહ્મણ! લાખો ઉપવાસથી અમારૂં મન સંતુષ્ટ થતું નથી, અમે સત્ત્વથી આકર્ષાઇએ છીએ. અને ઇચ્છિતને આપીએ છીએ. તું તો સત્ત્વવિહીન છે. વળી કોઈ મહાપુરુષના વચનમાત્રથી અમે અનુસરતા નથી, પણ તેના સત્ત્વથી સંતુષ્ટ થઇએ છીએ. તૃણની જેમ જીવિતને પણ ત્યાગવા તૈયાર થાય છે, એવા સત્ત્વશાળી જીવો જ સિદ્ધિ મેળવે છે.

ખરેખર સત્ત્વથી જ દેવતાઓના સિંહાસન ચલાયમાન થાય છે. મંત્રસિદ્ધિ પણ સત્ત્વશાળી જીવોને જ થાય છે. કાયરને નહિ.

દેવીએ કહ્યું : બોલ તને જે ગમે તે કહે. ત્યારે જ્વલને વિચાર્યું : સત્ત્વરહિત એવા મારી પાસે બીજાના ઉપરોધથી મેળવેલ લક્ષ્મી શું ચિરકાળ રહેશે? પોતાના સામર્થ્યથી કે

પુણ્યથી મેળવેલ લક્ષ્મી ટકતી નથી, તો શા માટે આવી લક્ષ્મી મેળવવા પ્રયત્ન કરવો જોઇએ? એના કરતાં તો પોતાના પરાક્રમથી પ્રાપ્ત કરેલી ભિક્ષા પણ સુખને દેનારી છે. પુણ્ય રહિત પ્રાણીની તૃષ્ણા શું પૂર્ણ થતી હશે? તો આનાથી મારે સર્યું! એમ વિચારી તે વેગથી સંથારા ઉપરથી ઉઠ્યો, ઉપવાસથી શરીર ક્ષીણ થયું હતું છતાં તેને એકદમ વીર્યોલ્લાસ ઉત્પન્ન થયો અને પોતાના ઘર સન્મુખ દોડ્યો, તેની ધનની આશા વિરામ પામી ગઈ.

આ બાજુ વિલખી પડેલી દેવી ફરીથી તેને બોલાવવા લાગી અને આદરપૂર્વક કહ્યું : ભદ્ર! શા માટે તું ગૃહાભિમુખ દોડે છે. ઇચ્છિતને માંગ. ત્યારે બ્રાહ્મણે કહ્યું : "દેવી પુણ્ય-વિહીન, સત્ત્વરહિત જીવોની પાસે ધન, પર્વતશિખર ઉપરથી પડતા જલની જેમ કેટલોક કાળ સ્થિર રહેશે? તો હે દેવી! તું મારા અપરાધને ક્ષમા કર. તુરત જ દેવી બોલી: તારા અપરાધને ક્ષમા કરૂં છું. અત્યારે તું વીર્યવંત બન્યો છે. આપવા છતાં પણ ગ્રહણ કરતો નથી, તો પણ મનોવાંછિત પૂર્ણ કરવા સમર્થ આ મણિને તું ગ્રહણ કર. હું તારા સત્ત્વથી સંતુષ્ટ થઈ છું.

ત્યારે બ્રાહ્મણે કહ્યું : પ્રીતિભંગના ભયથી ગ્રહણ કરૂં છું. પણ અર્થીપણાવડે તો નહીં જ. એમ વિચારી પિપાસા રહિત મણિ ગ્રહણ કરી થોડો આગળ ગયો. ત્યાં તો તેને વિચાર સ્ફૂર્યો. જો મારી લબ્ધિ નથી, તો આ રત્નથી મને શું લાભ. જગતમાં દષ્ટિપાત કરતા જોઇએ છીએ કે, મણિ રહિત પણ

પુણ્યશાલી જીવો સુખ વૈભવ, વિલાસોનો ભોગવટો કરે છે, તો પછી મનોવંછિતને ઇચ્છતા જીવે પુણ્યોર્જન કરવા હંમેશા પ્રયત્ન કરવો જોઇએ. અન્ય ઉપાયો વડે શું ? એમ વિચારી પાછો વળી તે દેવતાના કરકમલમાં મણિ મૂકી ચાલ્યો ગયો. ત્યારે સાત્ત્વિક રાજપુત્રને દેવીએ મણિ સ્વીકારવા કહ્યું : તારા સંસર્ગથી કાયરને પણ વીર્યોલ્લાલ ઉત્પન્ન થયો, વળી દાતારને જોઈ બીજા જીવોને પણ દાન દેવાની ઇચ્છા ઉત્પન્ન થાય, માટે આ મણિને તું જ ગ્રહણ કર !

ત્યારે રાજપુત્રે કહ્યું : દેવી ! આ તો તારા ભવનમાં નિવાસ કરવાનો મહિમા છે. અન્યને એવા પ્રકારની ભાવના ઉત્પન્ન થતી નથી, ત્યારે દેવીએ કહ્યું : સારૂં. પણ હે વત્સ ! તું આ મણિ સ્વીકાર. એમ કહી રાજપુત્રના હસ્તમાં મણિ મૂકી દેવી અદૃશ્ય થઈ ગઈ.

રાત્રિ વીતી ગઇ, ગગનતલને દીપાવતો, હિમપટલીને ઓગાળતો સૂર્ય ઉદયાચલે આરૂઢ થયો. ત્યારે રાજપુત્ર મણિ લઇ નંદકની સાથે દેવમંદિરમાંથી નીકળ્યો. પૃથ્વી ઉપર અનેક દેશોમાં મણિના પ્રભાવથી ઇચ્છિતને સંપાદન કરતો તે કેટલોક કાળ ભમ્યો. ત્યારબાદ પિતાના પ્રધાન પુરુષોએ પ્રણય પૂર્વક વિનંતી કરતા તે પાછો સ્વદેશે ગયો. અને રાજ્યલક્ષ્મીને પામ્યો.

આ બાજુ જ્વલન બ્રાહ્મણ કુણાલદેશમાં પોતાના ઘરે ગયો. પતિને આવેલા જોઈ પત્ની હર્ષિત થઈ ગઈ. દેવતાનો

વૃત્તાંત સાંભળી સંતુષ્ટ થઇ. અને પૂર્વની જેમ વર્તવા લાગી પણ તે દિવસથી બ્રાહ્મણની રહેણી કરણીમાં વિચિત્ર પરિવર્તન થઇ ગયું. કોઈની પણ તે આગતા સ્વાગતા કરતો નથી. દીન-વચનો પણ ઉચ્ચારતો નથી. કેવલ ઘરે ઘરે ફરી જે ભિક્ષા મળે તેનાથી સંતોષ માની દિવસો પસાર કરવા લાગ્યો.

એક દિવસ તેનું મન વિચારે ચઢયું. વિચાર કરતાં તેને સત્યની પીછાણ થઈ કે, ખરેખર વાસનાજ સુખ-દુઃખને ઉત્પન્ન કરે છે. પરમાર્થથી તો વાસનાથી છુટકારો એજ સુખનો સાક્ષાત્કાર કરાવે છે. ગૃહસ્થો પાપારંભ કાર્યોમાં સુખની કલ્પના કરે છે. કલ્પનાના વમળમાં તેઓ અટવાઇ જાય છે. વળી શિરલોચ, ભૂમિશયનાદિ કષ્ટકારી પણ સુખદાયી ક્રિયાને તેઓ દુઃખદાયી માને છે. જ્યારે તેને પરલોક તરફ દષ્ટિપાત કરનાર મુનિ ભગવંતો સુખકારી માને છે. મુનિઓ જેવું ઉચ્ચારે તેવું જ આચરણ પણ કરે છે. વાસનાથી મન જ્યાં ત્યાં ફંગોળાય છે. અને આનંદ અનુભવે છે. પણ હવે મારે પણ વાસનાને તિલાંજલિ દઇ શુભ વિચારમાં ઓતપ્રોત રહેવું જોઇએ.

એક દિવસ પાછલી રાત્રિનો સમય છે. સમસ્ત સૃષ્ટિ મીઠી નિદ્રા માણી રહી છે, કેટલાક જીવો સ્વપ્નસૃષ્ટિમાં વિચરી રહ્યા છે, આજ અવસ્થાની અનુભૂતિ જવલને પણ કરી. સ્વપ્નદશામાં પોતાને ભયભ્રાંત નિહાળે છે ચોતરફ વ્યાઘ્ર સિંહ વગેરે હિંસક પશુઓ વીંટળાઈ રહ્યા છે. ત્યાં તો કોઇ પુરુષ સહાયક બને છે. લાકડીના પ્રહારથી વ્યાઘ્રાદિને નસાડી

મૂકે છે અને પોતાને મહાગિરિ શિખરે લઈ જાય છે. સ્વપ્ન-સૃષ્ટિમાં મગ્ન જ્વલન હર્ષ અનુભવવા લાગ્યો. જાગૃત અવસ્થામાં વિચારવા લાગ્યો : અહો ! અદ્‌ભૂત સ્વપ્ન ! પણ તેનો અર્થ શો ? તે સમજાતું નથી. પણ સામાન્યથી કલ્યાણકારી જણાય છે.

પ્રભાત થયું, તે નિત્ય કાર્યથી નિવૃત્ત થયો, સ્વપ્નપાઠક સમીપે ગયો. તેને સ્વપ્નફલની ઉત્કંઠા કોરી રહી હતી, તેને વિનયપૂર્વક સ્વપ્ન ફલ પૂછયું. સ્વપ્નપાઠકે પણ સ્વપ્નશાસ્ત્રાનુસાર કહ્યું : ઓ બ્રાહ્મણ ! આ સ્વપ્ન કાંઇ સામાન્ય નથી. થોડા જ દિવસમાં તને કોઈ મહાપુરુષનો સંગમ થશે. એટલું જ નહીં પણ તારી અનર્થ પરંપરા પણ વિખરાઈ જશે. સ્વપ્નફળ સુણી સંતુષ્ટ ચિત્તવાળો જ્વલન ઘરે આવ્યો. એક દિવસ એ ઘર આંગણે બેઠો હતો, સ્વપ્નના સાક્ષાત્કારની પળોની રાહ આતુરતાથી જોઇ રહ્યો હતો, ત્યાં તો એકદમ ગુંજારવ કરતા ધૂળ ઉછાળતા અત્યંત વેગથી સમીરકુમાર ચઢી આવ્યા.

અનિલકુમારની સવારી જોરદાર આવતા જોતજોતામાં ભાંગફોડ શરૂ થઈ ગઈ. આ બાજુ જ્વલનની મંડપવેલી પણ ભગ્ન થઇ ગઈ. બિચારો જ્વલન શું કરે ? એક પછી એક ઉપાધિ ઉપસ્થિત થવા લાગી વ્યાકુળ ચિત્તવાળો જ્વલન ત્યાંથી ઉઠ્યો. તે વેલી લઈ આવ્યો, તેને ફરી આરોપણ કરવા પ્રયત્નવંત થયો.

જયાં વેલીનું આરોપણ કરે છે, ત્યાં નિધાનનું પ્રગટીકરણ થાય છે. અનિલકુમારે પણ ઉપકાર કર્યો, તેની કુહાડી તાંબાના

કુંભે અથડાઈ, રણકાર ઉપડ્યો, ખરેખર તેના સુખનો રણકો બાજી ઉઠ્યો. તે એકદમ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. આ શું ? વિસ્મિતચિત્તથી દૃષ્ટિપાત કરે છે. નિધાનની પ્રાપ્તિ થઈ. ઘરમાં સ્થાપન કરે છે. વેલી દ્વારા મંડપારોપણ કરે છે. નિધાનનું ઉદ્ઘાટન કરતાં મહામૂલ્યવંત દિપ્તીવંત રત્નો, દસ યુવતિના દેહને વિભૂષિત કરનારા અલંકારો, જાત્યકંચન જુએ છે. જોનારનું મન પણ મોહિત થઇ જાય. તે જોઇ આનંદની અનુભૂતિ કરતો જ્વલન વિચારે છે. ખરેખર તે મહાપુરૂષ અને કાત્યાયનીદેવીની વાણી સત્ય છે. સત્ત્વવિહીન પુરુષને ક્યારેય સંપત્તિની પ્રાપ્તિ થતી નથી.

ખરેખર મેં જે કર્યું, તે યોગ્ય છે, કેમકે આપદામાં પણ દેવી અર્પિત રત્ન ગ્રહણ કર્યું નહિં. તેથી જ સત્ત્વ એટલે સર્વલક્ષણમાં પ્રધાન. સત્ત્વ એટલે ઇચ્છિતપૂરણે કામધેનુ. સત્ત્વ એટલે વંછિત પૂરણે કલ્પવૃક્ષ. સત્ત્વ એટલે દેવતાના ચિત્તને ક્ષોભ પમાડનાર છે. સત્ત્વશાળી જીવોને વિષધર પણ મિત્ર બની જાય છે. જલથી અગ્નિનું શમન, મંત્રતંત્રાદિની સિદ્ધિ પણ સત્ત્વશાળી જીવોને જ થાય છે, સત્ત્વથી આકર્ષિત દેવદાનવો પણ તેના દાસ બની સેવા કરે છે. સત્ત્વથી શું થતું નથી ?

આ બાજુ દેવીના વચનને સ્મૃતિપથ પર લાવતા, નિધાન-કળશને અધોમુખ કરતા તેણે ભૂજપત્રિકા નિહાળી. તે ગ્રહણ કરી, વાંચવા લાગ્યો. ભૂજપત્રિકાના લખાણે તો તેને વધુ આશ્ચર્યમાં ગરકાવ કર્યો.

અહો ! ભૂજપત્રિકામાં આશ્ચર્યકારી કઈ બીના હશે ! જેણે તેને ભવોભવનું દર્શન કરાવ્યું. આત્મામાં રહેલ નિધાનને પ્રકટ કરવા તેને પ્રયત્નવંત બનાવ્યો.

ભૂજપત્રિકામાં પૂર્વભવની કથા હતી. તે શ્રીદત્ત નામનો વણિક હતો, ધન ઉપાર્જન કરવા જલયાત્રા ખેડી, ૮૦ લાખ પ્રમાણ ધનની પ્રાપ્તિ કરી. આ હકીકત વાંચતા જ તેના આંતરચક્ષુ ઉઘડી ગયા. તેને અનેરી દુનિયાના દર્શન થયા. અહો ! આ કોણ શ્રીદત્ત ? મેં ક્યાંક સાંભળેલ અથવા અનુભવેલ છે. આ આભરણ દ્રવ્યાદિ મેં ક્યારેક ભોગવેલ છે તેમજ ઉપાર્જેલ છે. એમ વિચારતાં જ્વલનને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું ને ધરણીતલે પડ્યો, ચેતના રહિત થયો. આવી દશામાં તેને નિહાળતા બ્રાહ્મણી વિચારવા લાગી કે આ શું થયું ? ક્ષણમાં હર્ષની અનુભૂતિ, તો ક્ષણાંતરે શોકમગ્નતા ! શું નિધાનદેવતાએ કોઇ વિકાર ઉત્પન્ન કર્યો ? ભયભીત થયેલી બ્રાહ્મણી વીંઝણો વિંજવા લાગી, ચેતનતા પ્રગટ થતાં તે સ્વસ્થ થયો. ધર્મપત્ની તેને કહેવા લાગી.

હે પ્રિયતમ ! પ્રાણેશ ! દોષને ઉપાર્જન કરનાર રત્નના નિધાન કરતાં તો પરઘરેથી મેળવેલી લુખી ભિક્ષા પણ સુખકારી છે. શ્રેષ્ઠ ભોજન કે શ્રેષ્ઠ સંપત્તિ હોય, પણ પ્રાણ નાશકારી હોય, તો તેથી શું ? એથી પણ ઉત્તમ પરિણામે સુખકારી કંદુકના ઢગલા છે. તેથી હે સ્વામી ? આ નિધાન જ્યાંથી મેળવ્યો, ત્યાં જ પૂજન કરીને મૂકી આવો ? આ રત્નનિધાનની જરૂરીયાત નથી. તમે જીવતા હશો તો ઇચ્છિત લાભની પ્રાપ્તિ જરૂર થશે.

તાત્પર્યને નહિ સમજતી પત્નીના વાર્તાલાપને સાંભળીને સ્મિતપૂર્વક જ્વલને કહ્યું: તું શા માટે ભયભીત થાય છે? આ નિધાન-દોષથી મને શરીર વિકાર થયો નથી. પણ જન્માંતરના સ્મરણથી ઉત્પન્ન થયેલ આ વિકાર છે.

બ્રાહ્મણી પણ આશ્ચર્યાન્વિત કહેવા લાગી: તે કેવી રીતે? ત્યારે તેણે નિધાનસ્વરૂપ દર્શિની ગાથાયુક્ત ભૂજપત્રિકા બતાવી. તેણે ગ્રહણ કરી તે વાંચી. પણ ભાવાર્થને નહિ જાણતી તેણે કહ્યું: "હું કાર્ય-અકાર્યને જાણતી નથી, તો તમે સ્પષ્ટ અર્થને કરો." ત્યારે જ્વલન પોતાના પૂર્વભવનું સ્વરૂપ દર્શાવતા જણાવે છે કે આજ નગરમાં પૂર્વે શ્રીદત્ત નામનો નાવાવણિક હતો. તેની ધનસંપત્તિ અપાર હતી. કાળ પણ પલટો ખાય છે. એક દિન કાળના વહેણ પલટાયા. વ્યાપારાદિમાં તેની ઋદ્ધિનો નાશ થયો. કોશભંડાર ખાલીખમ થઈ ગયા. ધન પણ પાણીના રેલાની જેમ વહી ગયું. વૈભવનો નાશ જોઈ તે ખેદ પામ્યો. તે વખતે બાલમિત્ર ક્ષેમંકરે તેને આશ્વાસન આપ્યું. હે પ્રિય મિત્ર? તું શા માટે ખેદ કરે છે? સત્ત્વ કેળવ. દ્રવ્ય ઉપાર્જન કરવા દેશાંતર જા, પુરૂષાર્થ કર.

ત્યારે શ્રીદત્તે કહ્યું: હે પ્રિયમિત્ર! બુદ્ધિવૈભવ છતાં, વૈભવ રહિત મારા માટે તો બધું નિષ્ફળ છે. આજે તો બુદ્ધિશાળી કરતાં વૈભવશાળી વધુ પૂજનીય છે. સૌ કોઇ તેને આદરમાન કરે છે. તો હે મિત્ર! તું જ કહે, હું શું કરૂં? કોઇ ઉપાય બતાવ. મારું મન વિચારમાં ફસાયેલું ડોલાયમાન થાય છે. મને કોઈ માર્ગ સુઝતો નથી. ખરેખર તું જ માર્ગ બતાવ.

વિધિ પણ વિમુખ થઇ છે. ઈપ્સિતાર્થે જે પ્રયત્ન કરૂં છું, તેમાં નિષ્ફળતા મળે છે.

ક્ષેમંકરે કહ્યું : મિત્ર, એમ જ છે, તો પણ તું વિષાદને ત્યજી દે. બુદ્ધિને ફેરવ. પુરૂષાર્થ કર, જરૂર લક્ષ્મી તને અનુસરશે. ત્યારે શ્રીદત્તે પણ પરદેશ જવા માટે તૈયારી કરી તેણે વહાણો લીધા, ભાંડોપગરણ ભર્યા, મોટા સંરંભથી ક્ષેમંકરની સાથે તે સમુદ્ર તટે આવ્યો અને રત્નપુર તરફ પ્રયાણ કર્યું. ત્યાં તેણે વ્યાપાર યોગ્ય સામગ્રી લીધી કર્ણધારને પૂજ્યો. સિતપટ લહેરાવ્યો, લાંગર નાખ્યા, સમુદ્રદેવતાની પૂજા કરી, શુભ તિથિ મુહૂર્ત્ત યોગે પરિજન સહિત શ્રીદત્ત વહાણ ઉપર આરૂઢ થયો. તૂર્યનાદથી દિશા લહેરી બની, અનુકૂલ પવન વાતો હતો, તે સમયે વહાણ આગળ વધવા લાગ્યું.

વહાણ વેગે વધી રહ્યું છે, આખી પૃથ્વી પરિભ્રમણ કરતી હોય તેમ જણાય છે. જળકલ્લોલો ઉછળી રહ્યા છે, તારાસમૂહ જાણે અલૌકિક દિસતો હતો.

આકાશમાં વાદળાઓ ઘૂમરાઇ રહ્યા હતા, મેઘ વરસવા લાગ્યો, સિતપટ સંવરી લઇ લાંગર નાખ્યાં. કિનારે સમગ્ર વ્યાપાર સામગ્રી ઉતારી, તેણે વ્યાપાર માંડયો. ધન ઉપાર્જન કર્યું. તેને અપરિમિત લાભ થયો. ત્યાર પછી ધનની ગણતરી કરી ભૂજપત્રિકામાં લખ્યું. તેને રત્નના ડાભડામાં મૂકી કુંભમાં સ્થાપન કર્યું. ફરી નવી સામગ્રીઓથી વહાણ ભર્યા

સમુદ્રમાં વહાણ ચાલ્યા, પવનની અનુકૂલતાથી, મોટા વેગથી, વહાણ આગળ ધપી રહ્યા છે. સાથે તેનું ભાવિ પણ ઉજ્જવલતા દર્શાવતું આગળ વધી રહ્યું હતું.

હવે આ બાજુ ધન જોઈ ક્ષેમંકરની બુદ્ધિ બગડી ગઈ. ખરેખર લક્ષ્મી જોઇ મહાપુરૂષોના મન પણ ચલાયમાન થઇ જાય, તો સામાન્ય પુરૂષ ક્ષેમંકરની શી વાત? મણિ, કંચન રત્નાદિએ તેનું મન આકર્ષ્યું, તેને લોભવાસના જાગૃત થઇ, ખરેખર લોભને થોભ નથી.

લોભ એટલે મોક્ષમાર્ગના પથિક મહાશયોને લૂંટનાર.

લોભ એટલે મોહરાજાનો મુખ્ય પ્રધાન.

લોભ એટલે સંસારનું મૂળ.

લોભ એટલે ચિંતારૂપ લતાઓનો કંદ.

લોભ એટલે ગુણોનો કોળીયો કરી જનાર રાક્ષસ.

લોભ એટલે પુરૂષાર્થની સિદ્ધિમાં મહાન વિઘ્ન. કષાયોમાં દુર્જય લોભ છે. લોભ જિતવાથી ત્રિલોકીમાં શું ન જીતાયું? સમગ્ર જીતાયું, લોભાર્ત્ત માણુસ કયું કષ્ટ–કાર્ય કરતો નથી? લોભથી હણાયેલો માણુસ શું અકાર્ય કરતો નથી? લોભરૂપ છરીથી હણાઇ ગયેલી અંતર્દષ્ટિવાળો માણુસ પોતાના માતા પિતા બાંધવોને પણ અનર્થના ખાડામાં નાંખે છે.

આ બાજુ લોભાભિભૂત ક્ષેમંકર પણ મિત્રનું કાસળ કાઢવા પ્રયત્નવંત બન્યો, તેની જ પળોની રાહ જોવા લાગ્યો. પ્રેમસંબંધની તેને વિસ્મૃતિ થઈ. તે કુલક્રમની અવગણના કરીને સર્વદ્રવ્યગ્રહણ કરવા અભિલાષી થયો.

કેવી રીતે શ્રીદત્તને મારવો? એમ ઉપાય ચિંતવવા લાગ્યો. અસ્તવ્યસ્ત મનવાળા તેને શ્રીદત્તે પૂછ્યું : ક્ષેમંકર! શું તું

ઇંદ્રિયનિરોધ કરી યોગીની જેમ એકાગ્રચિત્તે ધ્યાન ધરે છે? ત્યારે કપટને ઢાંકી ક્ષેમંકરે કહ્યું: મિત્ર! કેવલ ધ્યાન જ ધરતો નથી, પણ દેવતાને પ્રાર્થના કરૂં છું કે, "જો તારી ભક્તિ પૂજા, વંદન, સત્કારાદિનું ફલ હોય, તો હવે પ્રતિકૂળતા વિના અમે ઘરે પહોંચીએ, બ્રાહ્મણને પણ વિઘ્ન ન થાઓ, જો ક્ષેમપૂર્વક ઘરે પહોંચીશું, તો હું તારી ત્રિસંધ્ય પુજા કરીશ." શ્રીદત્તે કહ્યું: તું શા માટે ફોગટ ચિંતા કરે છે. જે થવાનું હશે, તે ચોક્કસ થશે. જે ન થવાનું તે કદી ન બને. ચિંતાતુર માણસોને કદી કાર્યની સિદ્ધિ થતી નથી.

ક્ષેમંકરે કહ્યું: એમ જ પણ તત્ત્વને જાણવા છતાં જીવો ચિંતાવ્યાપારને ત્યજતા નથી. અનેકવિધ વાર્તાલાપ વડે દિવસ પસાર કરી તેઓ રાત્રિએ સૂતા.

ભાવિને જણાવતું જ ન હોય તેમ શાંત નિદ્રામાં પોઢેલ શ્રીદત્ત સ્વપ્ન નિહાળી રહ્યો છે. ભવિષ્યના એંધાણ પ્રત્યક્ષ થવા લાગ્યા. સ્વપ્નમાં પોતાને સંકટમાં જુવે છે. શરીરચિંતા માટે ઉભા થયેલ તેને ક્ષેમંકરે સમુદ્રમાં નાંખ્યો. આવું સ્વપ્ન નિહાળી વિસ્મય પામેલ જાગૃત થઇ શ્રીદત્ત વિચારવા લાગ્યો.

દૃષ્ટ, અનુભૂત–પ્રકૃતિના વિકારથી સ્વપ્ન આવે છે. ખરેખર વિધિની વિચિત્રતા નિરાળી છે. તે ન ઘડવાનું ઘડે છે. ખરેખર! આ મારો પરમ મિત્ર છે. એકાગ્રચિત્તવાળો, કોઇ કારણથી ચિંતાતુર જણાય છે. કાંઇ પણ ઉત્તર દેતો નથી. મારો કલ્યાણકારી સહાયકારી મિત્ર શું અનર્થને કરે? કદાપિ

નહિ. પણ હું માનું છું કે દ્રવ્યસંચયથી જ એનું મન ચલાયમાન થયું હશે. દ્રવ્યલોભે બુદ્ધિભ્રંશ થયો હશે. જે હશે તે ખરું, ભાવિમાં જે હશે તે મિથ્યા થવાનું નથી.

આ બાજુ શ્રીદત્ત શયનથી ઉઠી પ્રાભાતિક કાર્ય કરી ક્ષેમંકર સમીપે બેઠો.

ક્ષેમંકર પણ યોગીની જેમ ધ્યાનમગ્ન બેઠો છે. માયાવીની માયાનો તાગ બ્રહ્મા પણ ન પામી શકે. તેની માયાજાળમાં જીવો ફસાઈ જાય છે અને અનર્થને પામે છે.

ક્ષેમંકરની આવી અવસ્થાને નિહાળી શ્રીદત્ત સાવધાન થયો. વળી સ્વપ્નાનુસારે વિશેષ ઉપયોગવાળો બન્યો.

હવે મધ્યરાત્રીનો સમય છે. ધીમે પગલે શરીરચિંતા માટે ઉઠે છે. આ બાજુ ક્ષેમંકર પણ લાગ જોતો હતો, તેને જતો જોઈ તેની પાછળ દોડ્યો. તે જગ્યાએ ગયો, ત્યાં વેષપલટો કરી તે મૌનપણે રહ્યો.

શંકાશીલ મનવાળો શ્રીદત્ત આજુબાજુ જોતો હતો જેવો તે ઉઠ્યો, તેવો પાછળથી ક્ષેમંકર તેને જળ તરફ લઈ ગયો, પડતા એવા તેણે તેને પકડયો અને બંને સમુદ્રમાં પડ્યા.

પુણ્યયોગે શ્રીદત્તને ફલક મળ્યું. પ્રિયપુરુષની જેમ ગાઢ આલિંગન કરતો ફલકના સામર્થ્યથી તે સમુદ્ર તીરે પ્રાપ્ત થયો. શીતલ સમીરથી ચેતનાવંત થયો, તે આજુબાજુ દૃષ્ટિપાત કરવા લાગ્યો.

ભાગ્યોદયે ત્યાં કંદમૂળની શોધખોળ કરતો કોઇ તાપસ

આવ્યો. તેને પૂછ્યું : ભગવંત આ કયો પ્રદેશ છે ? પાણી ક્યાં જાય છે ? મને પાણી ક્યાંથી મળશે ? તાપસે કહ્યું : આ વેલાગમ નામનો પ્રદેશ છે. પાણી અહીંથી દૂર દૂર વહે છે. ક્ષીણબલવાળો તું ત્યાં જવા અસમર્થ છે. તો આ કમંડલના જલનું પાન કરીને સ્વસ્થ થા.

શ્રીદત્તે પણ તે સ્વીકાર્યું. કમંડલુજલ પીધું. સ્વસ્થ થઇ તાપસની સાથે આશ્રમે ગયો ત્યાં કુલપતિના દર્શન કર્યાં. ચરણકમલમાં વંદના કરી. તેમણે ધર્માશિષ દીધી, તે પૃથ્વીતલે બેઠો. કુલપતિએ તેની ઓળખાણ કાઢી. તેને પોતાનો વૃત્તાંત પૂછ્યો. શ્રીદત્તે પણ સમુદ્રમાં પતન, ફલક પ્રાપ્તિથી સમુદ્ર તીરે આગમન પર્યંતનો પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. વિસ્મય પામેલા કુલપતિએ કહ્યું : અહો ! ક્ષેમંકર ઘણું જ અનુચિત કર્યું. અહો ! વિધિની વિચિત્રતા તો જુઓ. અહો ! કાર્યપરિણતિની દુર્લક્ષ્યતા જુઓ, કે જે આવા પુરૂષોને પણ વિષમદશા પ્રાપ્ત કરાવે છે.

સંસારી જીવોને એવા તો ઘણા સંકટ અને આપત્તિ પડે છે. પણ સત્ત્વશાળી તેને ગણતા નથી. માટે હે વત્સ ! ચિત્તસંતાપને કર નહિ. ત્યારે તેણે કહ્યું : ભગવંત ! કલ્પવૃક્ષ સમાન તમારા ચરણકમલના દર્શન થતાં જ મારો ચિત્તસંતાપ દૂર થઇ ગયો છે. કલ્યાણવેલડી ઉલ્લસિત થઈ છે કિં બહુના ? કુલપતિએ કહ્યું : ખરેખર તને ગુરુ પ્રત્યે બહુમાન છે. તો જરૂર ગુરુકૃપાથી અવશ્ય તારો ભાગ્યોદય થશે. ગુરુકૃપાથી શું પ્રાપ્ત થતું નથી ! ગુરુકૃપાથી અનર્થોનું વિસર્જન થાય,

અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે. જે માનવી ઉપર દેવ–ગુરુ–ધર્મની કૃપા વર્ષી નથી, તેનું જીવતર નકામું છે. ખરેખર ગુરુકૃપાના બળે જ એકલવ્ય અજોડ બાણાવલિ થયો. તો તારૂં પણ કાર્ય સિદ્ધ થશે, એમાં શો સંદેહ?

હવે આ બાજુ ભોજનવેળા થઈ. કુલપતિએ કોમળ ફલમૂળાદિ મંગાવી શ્રીદત્તને આપ્યા. ક્ષુધાતુર તેણે ફળાદિ આરોગ્યા. તાપસ આશ્રમે કેટલાક દિવસ રહ્યો અને સ્વસ્થ થયો.

પછી એક દિવસ કુલપતિને પ્રણામ કરી તેણે પોતાના સ્થાને જવા અનુજ્ઞા માંગી. ત્યારે કુલપતિએ કહ્યું : હે વત્સ! મારી પાસે કેટલીક મંત્રસિદ્ધિ છે. તેના વડે સમ્યક્ પ્રકારે ભાવિ જાણીને પછી તને વિસર્જન કરૂં. ત્યારે તેણે કહ્યું : સારૂં આપનું વચન પ્રમાણ. તે દિવસ વ્યતીત થયો, અંધકારભરી રાત્રિના સમયે કુલપતિએ પટ ઉપર મંત્રાક્ષર આલેખ્યા. કુસુમાદિ વડે પૂજન કરી એક ઋષિકુમારના શરીરમાં દેવતાનું અધિવાસન કર્યું.

ત્યારબાદ ૧૦૮ પુષ્પોના પ્રક્ષેપપૂર્વક મંત્રનું સ્મરણ કર્યું. ક્ષણમાત્રમાં જ દેવતાધિષ્ઠિત તાપસકુમાર બોલવા લાગ્યો : શા માટે મને યાદ કર્યો? કુલપતિએ કહ્યું : હે મહાયશ! આ શ્રીદત્ત વહાણથી જ્યાં પડયો, ત્યાંથી અહીં આવ્યો તે જાણ્યું, પણ હમણાં તેનું વહાણ ક્યાં છે? અક્ષત છે કે નહિ? વળી ક્ષેમંકરનું શું થયું તે કહો.

ત્યારે દેવતાએ કહ્યુ : ક્ષેમંકર પોતાનું અક્ષેમ કરનારો થયો, તે સમુદ્રમાં મગરમચ્છના મુખવડે ચિરાયો, અને યમ-

રાજનો અતિથિ થયો. વળી આ શ્રીદત્ત જો દસ દિવસ પર્યંતે રત્નપુરે જશે, તો અવિલુપ્ત દ્રવ્યસમૂહવાળું તેનું વહાણુ મળશે. એમ કહી તેને મૂળ અવસ્થામાં આણ્યો. કુલપતિએ મંત્રસ્મરણુ વિધિ સંહરી લીધી.

સર્વ પરમાર્થને જાણી કુલપતિને પ્રણામ કરી તાપસોએ બતાવેલ માર્ગે તેણે રત્નપુર પ્રતિ પ્રયાણુ કર્યું. તાપસો સીમાડેથી પાછા વળ્યા. પછી અવિલંબિત પ્રયાણુ વડે તે રત્નપુરને પ્રાપ્ત થયો. ત્યાં શંખ નામના શ્રેષ્ઠિના ગૃહે રહ્યો. બનવા જોગ તે જ રાત્રિએ તે શેઠે સ્વપ્નમાં એમ નિહાળ્યું કે, કોઇ એક પુરૂષે કુવામાં પડેલી પોતાની પુત્રીને હસ્તાલંબન દઈ બહાર કાઢી. અને ખરેખર તે જ સ્વપ્નના ફળની પ્રતીક્ષા કરતો હોય, તેમ શ્રેષ્ઠિએ તેને આદરમાનપૂર્વક સ્થાન આપ્યું.

શ્રેષ્ઠિને પુત્રી પરણુવા યોગ્ય વયને પામેલી હતી. પણુ ઉત્તમ વરના અભાવે કુંવારી હતી, તેની ચિંતા શ્રેષ્ઠિને કોરી રહી હતી. તે ચિંતા જાણે દૂર કરવા જ ન આવ્યો હોય, તેમ શ્રીદત્તે તેના ગૃહે વાસ કર્યો.

હવે મનોહર રૂપધારી શ્રીદત્તને શ્રેષ્ઠિએ ભોજન કરાવ્યું. બાદ પૂછ્યું : હે ભદ્ર ! તારૂં કયાંથી આગમન થયું ? વળી તારે કયાં જવાનું છે ? ત્યારે તેણે સંક્ષેપથી પોતાનો વૃત્તાંત કહ્યો. પછી સ્વપ્નાનુસાર પુત્રીને યોગ્ય જાણી તેની સાથે તેનો વિવાહ કર્યો, તે પણુ શ્રેષ્ઠિપુત્રી સાથે ત્યાં જ રહ્યા.

આ બાજુ નવરાત્રિ પસાર થઈ ગઈ અને વહાણુ ત્યાં આવ્યું. નાયક વિનાના નિર્યામકોએ અન્યોન્ય વિચારણા કરી

સર્વ દ્રવ્ય પોતાને આધીન કર્યું. 'તટ ઉપર જઇ વહેંચી લઇશું' એમ નિશ્ચય કરી વહાણ થંભાવ્યું.

હવે શ્રીદત્ત પણ તે કિનારે આવ્યો. વહાણની ભાળસંભાળ કરતા એણે વહાણના નિર્યામકોની સમક્ષ આવી કુશળતા પૂછી. ત્યારે તેઓએ કહ્યું: તું કોણ છે? તેણે કહ્યું: હું વહાણનો સ્વામી છું. એમ સાંભળી લોભાયમાન નિર્યામકો ક્રોધાતુર થઇ ગયા, અને કહેવા લાગ્યા: અરે! તું અસંબદ્ધ પ્રલાપ શા માટે કરે છે!

અમારા જીવતા છતાં અન્ય તું કોણ સ્વામી? ગરમાગરમ ચર્ચા કરી શ્રીદત્તને દૂર કરી વહાણમાંથી ભાંડોપગરણ ઉતારવા લાગ્યા.

તે નગરમાં ચંદ્રાપીડ નામના રાજાની આજ્ઞા વર્તતી હતી. મોટા ભેટણા સહિત નિર્યામકો રાજા પાસે ગયા. પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. મોટા ભેટણાથી હર્ષિત થયેલ રાજાએ તેઓની વાત સ્વીકારી. પરમ સંતોષને અનુભવતા તેઓ પાછા ફર્યા.

હવે શ્રીદત્તે વહાણ સંબંધી હકીકત શંખશ્રેષ્ઠીને કહી. મહાજન સહિત તેઓ રાજકુલે આવ્યા. કુસુમ, તંબોલાદિ પ્રદાનપૂર્વક વિજ્ઞપ્તિ કરી: "હે મહાશય! સામાન્યથી લોકો પણ નિશ્ચય કરીને વિસંવાદનું નિવારણ કરે, ત્યારે તમારે તો સ્પષ્ટ નિર્ણય કરવો જ જોઇએ. એક પક્ષને પ્રમાણ કરતો ન્યાયમાર્ગ હોય, તો ખરેખર કલિકાલની રાજ્યસ્થિતિ ઉતરતી છે. વળી હે દેવ! બીજા પક્ષને પૂછવું યુક્ત છે. પછી વિચા-

રણાપૂર્વક જે કરવું ઘટે, તે કરવું જોઇએ. માટે ન્યાયદાતા! ન્યાય આપો.

મહારાજની વાત સાંભળી રાજા લજ્જા પામ્યો. નિર્યામકોને બોલાવ્યા શંખશ્રેષ્ઠિને બીજા પક્ષ સંબંધી વાત પૂછી, ત્યારે શ્રેષ્ઠિએ શ્રીદત્તને પોતાની વાત કહેવા જણાવ્યું.

ત્યારે તેણે કહ્યું: હે દેવ! સાંભળો મારા મિત્રે લોભથી મને મારવા સમુદ્રમાં પાડયો. વળી મેં પણ તેનો હાથ ખેંચ્યો, તે પણ સમુદ્રમાં પડયો, પછી દિવ્યયોગે-ભાગ્યોદયે, ફલક મળતા હું મહાકષ્ટથી અહીં આવ્યો છું. તો હે દેવ! આ વહાણ મારૂં છે. નિર્યામકો તો ગરીબ છે. ત્યારે રાજાએ પુરપ્રધાન પુરુષોને કહ્યું. આમાં પરમાર્થ શો?

બંને પક્ષની હકીક્ત સાંભળી ન્યાય કરવા માટે બંને પક્ષને વહાણમાં રહેલ સામગ્રી, તેનું મૂલ્ય, ગુપ્તધન કેટલું છે તે પૂછો એમાંથી જેમાં સત્ય હશે તે પક્ષે ન્યાય મળશે.

રાજાએ સૌ પ્રથમ નિર્યામકોને પૂછયું. જુઓ, આ વહાણ તમારૂં છે, ખરૂંને! તો તેમાં કેટલા મૂલ્યવાળી સામગ્રી તેમજ ગુપ્તધન છે તે જણાવો. આ સાંભળીને નિર્યામકો ક્ષોભ પામ્યા. કાપો તોય લોહી પણ ન નીકળે એવી સ્થિતિ થઇ. તેઓ અન્યોન્ય વિચારવા લાગ્યા હવે શું કરવું?

આ બાજુ રાજાએ તેઓની ચેષ્ટા જોઈ શ્રીદત્તે તે તરફ દૃષ્ટિ નાંખી. તેણે સર્વસંખ્યા સહિત દ્રવ્યની ગણતરી કરાવી. તેથી રાજાએ અનુમાન કર્યું એનું જ છે તો પણ વધુ ખાત્રી કરવા

તપાસ કરાવવી જોઇએ. સત્ય જણાય તો એને સર્વ અર્પણ કરવું. ત્યારે શ્રીદત્તે પોતાના નામથી અંકિત પેટીઓ મંગાવી. રાજા સમક્ષ ઉઘાડી, તેમાંથી રત્નનો ડાબડો કાઢયો. પૂર્વે લખેલ દ્રવ્યસંખ્યા જણાવતી ભૂજપત્રિકા બતાવી. તે રાજાએ વાંચી ત્યાર બાદ નિશ્ચય કર્યો કે, આ સર્વ સામગ્રી શ્રીદત્તની જ છે. પછી નિર્યામકોને ધમકાવી બહાર કાઢયા. શ્રીદત્તે સર્વદ્રવ્ય પોતાને આધીન કર્યું. શંખ શ્રેષ્ઠિ પણ સંતુષ્ટ થયો. રાજાએ સ્વહસ્તે તંબોલ આપ્યું, લોકો પણ પોતાને સ્થાને ગયા.

હવે શ્રીદત્તે વ્યાપાર શરૂ કર્યો. ધન ઉપાર્જન કર્યું. પછી શ્રેષ્ઠીની રજા લઇ, શ્રેષ્ઠીએ કરેલ દાન સન્માનાદિપૂર્વક ભાર્યા સહિત, સમગ્રધન સામગ્રીને ગ્રહણ કરી મોટા આડંબરપૂર્વક પોતાના નગર પ્રતિ પ્રયાણ કર્યું. દીનદુઃખીજનોનો ઉદ્ધાર કરતો, સર્વ લોકોને આનંદ પમાડતો પોતાના નગરે પહોંચ્યો રાજા, પુર–પ્રધાનાદિએ તેનું સન્માન કર્યું. સ્વજન વગેરે પણ તેને માનપાન દીધું.

એકવાર ક્ષેમંકરના પરિવારે પૂછયું ! “ક્ષેમંકર કયાં ગયો ! ત્યારે તેણે સમુદ્રમાં પતનથી પુણ્યોદયે ફલકની પ્રાપ્તિ સુધીનું વૃત્તાંત જણાવ્યા બાદ સમુદ્રમાં પડયા પછી ક્ષેમંકરનું શું થયું તે કયાં ગયો ? તે હું જાણતો નથી, એમ સર્વ હકીકત કહી સંભળાવી. તે જાણી સ્વજનવર્ગ શોકાતુર થયો. તેનું મૃતકાર્ય કર્યું. ક્ષેમંકરના સ્થાને તેના પુત્રને સ્થાપન કર્યો. તેનું શ્રીદત્તે વસ્ત્રાલંકારથી સન્માન કર્યું. તે પણ શ્રીદત્તની સેવા કરવા લાગ્યો.

એકવાર શ્રીદત્તે સર્વ ભાંડને વહેંચી તેના બદલે સુવર્ણ લીધું, રત્નના દસ યુવતિયોગ્ય શ્રેષ્ઠ અલંકારો ઘડાવ્યા, પછી ભૂર્જપત્રિકામાં લખી તેને નિધાન કલશમાં સ્થાપન કર્યું. કોઇને ખબર ન પડે, તેમ ઘર-આંગણે પૃથ્વીતલે કલશ દાટી દીધો. બાકીના દ્રવ્યને ભોગોપભોગમાં વાપરવા લાગ્યો. એમ તેના સુખપૂર્વક દિવસો પસાર થઈ રહ્યા છે.

હવે આ બાજું પૂર્વે પરિણીત તેની પત્ની, સપત્નીના માન સન્માનાદિને સહન નહીં કરતી ઇર્ષ્યાથી વ્યાપ્ત ચિત્ત-વાળી દુષ્ટ ભાવના ભાવતી હતી. શ્રીદત્તને મારવાનો ઉપાય તે શોધવા લાગી એક દિવસ કોઇપણ ઉપાય નહિ મળતા, તેણે ભોજનમાં તાલપુટચૂર્ણ મિશ્ર કર્યું. તેને જમવા માટે આમંત્રણ આપ્યું. તે પણ ભોજન કરવા લાગ્યો. સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે, અત્યારે જ એનું પ્રાણપંખેરૂં ઉડી જશે. જોત-જોતામાં જ ઉત્કટ વિષ પ્રયોગથી તેનો હંસલો ઉડી ગયો અને પિંજર પડી રહ્યું.

શ્રીદત્તની આવી અવસ્થાને જોઇ, આ શું ? એમ કોલા-હલ ઉછળ્યો. મંત્ર-તંત્રાદિના જાણકારો આવ્યા. તેના લીલી કાંતિવાળા શરીરને જોઇ વિષવિકારના અનુમાન કરાયા. કોણે આ કાર્ય કર્યું તેની સ્વજન વર્ગે શોધ કરી અને તેનું મૃતકાર્ય પતાવ્યું.

વિષપ્રયોગથી જીવિતનો નાશ કરનાર પ્રથમની સ્ત્રી જ છે, એ જણાતાં તે ઘરથી ભાગી ગઈ અને દુઃખી થઇ. જ્યારે બીજી સ્ત્રી ઘરની સ્વામિની થઈ.

શ્રીદત્તનો જીવ વિષરૂપી બાણથી હણાયેલ મહાદુઃખાનુભવ કરતો આર્ત્તધ્યાનમાં તત્પર મરીને મૃગપણે ઉત્પન્ન થયો. પૂર્વ ભવની વૈરિણી પત્ની મરીને શિકારીપણે ઉત્પન્ન થઈ. અને તે મૃગને માર્યો ત્યાંથી મરી તે જંગલમાં મહાકાયાવાળો અનેક હાથિણીથી પરિવરેલો હાથી થયો. તરુવરોમાં નદી વગેરે અનેક સ્થળોએ સ્વછંદપણે વિચરતા એક વાર તેણે ભીષણ વનદવને જોયો. અનેક જ્વાળાઓથી વ્યાપ્ત, ધુમાડાના ગોટાઓને ઉછાળતો, ગાઢ અંધકાર કરતો, વાંસના અથડાવાથી ઉત્પન્ન થતાં તડ્....તડ્, અવાજથી જાણે અટ્ટ હાસ્યને કરતો, સર્વ લોકોને કોળિયો કરનાર જ ન હોય, તેવા આકારનો એ વનદવ હતો.

હવે મહાપ્રલયને જોઈ તે મહાનુભાવ યુથપતિ પ્રાણ રક્ષણાર્થે ત્યાંથી ભાગી ગયો. જાણે દુષ્ટકર્મનો ઉદય જ ન હોય, તેમ થોડે ગયો ત્યાં તો સ્તોક કાદવ, જલ ઉપર વ્યાપ્ત પરાળના મધ્યભાગમાં પ્રવેશ્યો.

હવે વનદાવાનલ શાંત થયો. ક્ષુધાતૃષાથી પીડાતો, તે ઝડપથી કિનારે જવા ઉઠયો, પણ અગાધ કાદવમાં ડુબેલો, ઘણા દારૂણ દુઃખથી સંતપ્ત જીવતો છતાં મરણ પામ્યો. મરી તે હાથી જ્વલન થયો.

આ પ્રમાણે ભૂજપત્રિકાના દર્શનથી પ્રાપ્ત થયેલ જાતિસ્મરણથી પૂર્વભવનું વર્ણન કર્યું. માટે હે પ્રિયા! તું શંકા કર નહિ. મૂર્છાગત અવસ્થા પૂર્વે અનુભૂતભાવનું સ્મરણ કરતાં પ્રાપ્ત થઇ છે. આ નિધાનભૂત પિશાચનો દોષ નથી.

એ સાંભળી બ્રાહ્મણી વિસ્મયને પામી : અહો ! મહા આશ્ચર્ય ? જે અસંભવિત કાર્યને સાંભળે છે.

જાતિસ્મરણ જ્ઞાનથી તેની દ્રવ્ય ઉપરની આસક્તિ દૂર થઈ ગઇ, તે દિનથી જ જ્વલન દ્રવ્યની વિરસતા, અને અવશ્ય વિનાશીપણાને, અનેક અનર્થને ઉત્પન્ન કરનાર જાણી દીન, અનાથોને દાન દેવા લાગ્યો લક્ષ્મીનો સદ્વ્યય કરવા લાગ્યો.

હવે એક દિવસ જાણે રૂપવડે કામદેવ, તેજવડે સૂર્ય, સૌમ્યતાથી ચંદ્ર, પરાક્રમવડે સિંહ, મૂર્તિમંત સાધુધર્મ જ ન હોય, એવા અણગાર ભિક્ષા માટે તેના ઘરે આવ્યા. ત્યારે જ્વલન રૂપાદિ ગુણદર્શનવડે, પરમપ્રમોદને અનુભવતો, અનેક પ્રકારના ફલ ભોજ્ય સામગ્રીથી પૂર્ણ સોનાનો થાળ લઈ આવ્યો. સાધુને દાન આપવા લાગ્યો.

મુનિએ પણ એષણાદિ દોષોની ગવેષણા કરવાપૂર્વક ફલાદિનું નિરીક્ષણ કર્યું. અકલ્પનીય જાણી તેનો ત્યાગ કરી. ઘરમાંથી પાછા ફરતાં મુનિનાં પગમાં પડી જ્વલને કહ્યું : હે ભગવંત ! શા કારણથી તમે આ બધું ગ્રહણ કર્યું નહિ ? ત્યારે મુનિએ કહ્યું : હે મહાભાગ ! આ કેરી વગેરે ફળો કાચા–સચિત્ત હોવાથી સાધુને કલ્પે નહીં. ત્યારે જ્વલને કહ્યું: આ ફલવડે સર્યું. પણ આ સિદ્ધ અન્નને શા માટે ગ્રહણ કરતા નથી ? ત્યારે મુનિએ કહ્યું : આ સિદ્ધ અન્ન પણ સચિત્તથી યુક્ત હોવાથી મિશ્ર દોષથી દૂષિત છે. માટે અકલ્પનીય છે. એમ કહી મુનિ બીજા ઘરે ગયા.

મુનિભગવંતની ચર્યાને નિહાળી, પરમ સંતોષને અનુભવતા

જ્વલનનું મન ધર્મમાં રક્ત થયું. મુનિ ધર્મની પ્રશંસા કરવા લાગ્યું.

ખરેખર! અણગારી આલમમાં અનોખી ચર્યાનું પરિપાલન કરતાં મુનિઓ અનેકના જીવનનું પરિવર્તન કરે છે. જ્વલનનું જીવન પણ પરિવર્તન પામ્યું. મનોમંથન કરતાં તેને સત્યની પિછાણ થઇ. અહો! અત્યાર સુધી ઘણા માહણો પ્રતિદિન ભિક્ષાર્થે આવતા. પણ આવો કોઈ દીઠો પણ નહિ. ખરેખર આ કોઈ પુણ્યલોકના માર્ગે પ્રયાણ કરતો સાર્થવાહ હશે? ખરેખર! મોહાંધ જીવોને માટે આ પરમચક્ષુ સમાન છે. હું માનું છું કે સ્વપ્નમાં જેણે મારૂં રક્ષણ કરેલ, પર્વત ઉપર આરોહણ કરાવેલ, તે આજ મહાનુભાવ જણાય છે. અહો! સંસારસમુદ્રથી તારવામાં નાવ સમાન, મહાપુણ્યોદયે મને આ મહાત્માનું મિલન થયું. શુભ વિચારો કરી હર્ષને પામ્યો.

ત્યાર પછી જલ્દીથી ભોજન કરી તે સાધુ સમીપે ગયો. તેમના ચરણ-કમલમાં વંદના કરી. તે પૃથ્વીતલે બેઠો. સાધુએ પણ યોગ્ય જીવ જાણી વિસ્તારથી ક્ષમાદિ ધર્મ મોક્ષસુખને આપનાર, ઉભયભવ કલ્યાણ પરંપરા પ્રદાને શ્રેષ્ઠ, સર્વ સાવદ્ય ત્યાગરૂપ નિરવદ્ય કાર્ય સેવવામાં એક નિષ્ઠ એવો શ્રમણધર્મ સમજાવ્યો.

પૂર્વે કરેલ સુકૃતના અનુભાવથી તેને ધર્મ પ્રત્યે રૂચિ ઉત્પન્ન થઈ. પ્રતિદિન સાધુસેવા કરતો યથાવસ્થિત બોધને પામ્યો. સંસારવાસથી વિરક્ત થઇ પરમ સંવેગધારી બન્યો.

પુનરૂત્થાનને પંથે પ્રયાણ કરવા તે ઉત્સુક બન્યો. ઉત્સુકતા અને ઉત્તમ ભાવનાની પ્રબલતાથી મોહરણે ટંકાર કરતો શૂરાતનને વેગ આપતો, સત્ય સુખની શોધ માટે, સાધનાને માર્ગે જીવનને અર્પણ કરવા તેણે અણગારના સ્વાંગ સજ્યા. અણગારી આલમમાં તે જીવદયા પરિપાલન કરતો, તપસ્યા દ્વારા શરીરને શોષતો, ગુરુની સાથે અપ્રતિબદ્ધપણે ગામ–નગરાદિમાં વિચરવા લાગ્યો. હવે જ્વલન મુનિ સ્વાધ્યાય ધ્યાનથી પરવારી પરમવિનયવડે ગુરુચરણે પ્રણમી અનેક પ્રશ્નોની ચર્ચા કરતા. એકવાર એમણે કહ્યું : હે ભગવંત ! અપૂર્વ રૂપસંપદાના સ્વામી સર્વલક્ષણાનુગત દેહલતા, નવયૌવન-વો સંયમપંથ તમે શા માટે સ્વીકાર્યો ? આ મહા આશ્ચર્ય, કૌતુક મારા મનમાં વર્તે છે. તો કૃપા કરી મને સર્વ વૃત્તાંત જણાવો.

ત્યારે મુનિભગવંતે કહ્યું : હે મહાનુભાવ ! અતીત વસ્તુને કહેવાથી શું ? ત્યારે જ્વલનમુનિએ કહ્યું : બાલકની પ્રાર્થના પૂર્ણ કરવી એ ગુરુજનને ઉચિત છે. ગુરુ ભગવંતે પણ પોતાની કહાણી શરૂ કરી.

વૈદેશા–નગરીમાં ધનાઢય ધન નામે સાર્થવાહ છે. તેનો સુપ્રસિદ્ધ વિજયાનંદ નામનો પુત્ર છે. ક્ષમામંદિર, સુશીલવતી કનકવતી નામની તેની પત્ની છે. તે જિનધર્મમાં અત્યંત અનુરક્ત હતી.

એકવાર પૂર્વકર્મદોષથી તેના દેહમાં કોઢ રોગ વ્યાપ્યો. થોડા દિવસમાં તેની સુવર્ણસમકાયા કોકિલ સમ શ્યામ કાંતિમય બની ગઈ. અંગુલિઓ ગળી ગઇ, પરૂ વહેવા લાગ્યું,

શરીરમાંથી દુર્ગંધ ફેલાવા લાગી દુઃસહ અવસ્થાને ભોગવતી, જાણે મૃત્યની પળને નજીક આણુતી હોય, તેમ તેણે મને કહ્યું : હે પ્રિયતમ ! કરૂણાસાગર! મારા હિતને ઈચ્છતા હો તો મને ચારે આહારના ત્યાગરૂપ અણસણ કરાવો. વળી હે પ્રિયતમ ! આ જીવિતવડે શું ? મારૂં પ્રાણુપંખેરૂ ઉડી જવાની તૈયારીમાં છે, પરલોક-ગમન કરતાં મારા આત્માને પાથેય આપો. હું ત્રણ ભુવનમાં સારભૂત નમસ્કાર મહામંત્રનું શરણ સ્વીકારૂં છું.

પત્નીની દ્રવ્યવિદારક, વાણી સાંભળી મેં તેણીને કહ્યું : ધીરજ ધર, ઔષધાદિ ઉપચાર કરૂં, રોગ દૂર થશે. કાયર ન બન. ત્યારે તેણે કંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ અને અણ-સણ સ્વીકાર્યું. પરલોકની યાત્રાએ પ્રયાણ કરવા તરફડતી તેને મેં નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. અંતિમ સમયે કહ્યું : હે પ્રિયતમા ! દિવ્યરૂપધારણ કરી મને દર્શન આપજે ! મને પણ સન્માર્ગે જવા માટે પ્રેરણા કરજે. ”

તેણે પણ મારૂં વચન સ્વીકાર્યું. જીવનને સફળ બનાવવા સંવેગને ધારણ કરતી, મહામંત્રનું સ્મરણ કરતી તેણે ફાની દુનિયામાંથી વિદાય લીધી. જીર્ણ વસ્ત્રને ત્યાગી નૂતન વસ્ત્રને ધારણ કરવા સમાન તેનો જીવ સૌધર્મ દેવલોકે દિવ્યભોગ ભોગવવા લાગ્યો. અવધિજ્ઞાનથી પોતાના પ્રિયતમને નિહાળ્યો પૂર્વે સ્વીકારેલ પ્રિયતમના વચનને પરિપૂર્ણ કરવા દિવ્યરૂપને ધારણ કરી તે મારી પાસે આવી.

રૂપરૂપના અંબાર સરખી જોઈ હું તો દિગ્મૂઢ બની ગયો : આ શું ? સ્વપ્ન કે સત્ય ? દિવ્યરૂપધારી આ કોણ ? ત્યાં

તો મારા સંદેહને દૂર કરતો અવાજ આવ્યો. શું આર્યપુત્ર! મને ઓળખો છો, કે નહિં? હું તમારી પ્રિયતમા. તમને દર્શન આપવા દેવલોકથી આવી છું. તમે પૂર્વની વાતનું સ્મરણ કરો.

પૂર્વની વાતનું સ્મરણ કરતાં મારા સંદેહનું નિરાકરણ થયું. રોમરાજી વિકસ્વર થઇ. મેં તેની સાથે વાર્તાલાપ કર્યો. તેણે પણ મારી સાથે વાર્તાલાપ કર્યો. માનવદુનિયામાંથી દેવલોકમાં જતાં પૂર્વે તેણે મને કહ્યું : કોઇપણ ઇચ્છિતને માંગ. હું તારા મનોરથને પૂર્ણ કરૂં. ત્યારે સંસારવાસથી વિરક્ત થયેલા મેં કહ્યું : જીવન જળતરંગસમાન ચપળ છે. દેહ રોગાયતન છે, યૌવન ચંચળ છે, પ્રિયજનનો મેળાપ ક્ષણમાં દ્રષ્ટ નષ્ટ ગંધર્વપુર સમાન છે, લક્ષ્મી પણ ચંચળ છે, વળી ક્ષણભુંગર દેહનો શો ભરોસો! તો પછી હે સુતનુ? હું શું ઈચ્છિતને માંગુ?

ત્યારે દેવીએ કહ્યું : હે આર્યપુત્ર! એમ જ છે. એક દિવસ આ ફાની દુનિયાને ત્યાગી જવાનું જ છે. તો પણ કંઇક માંગો. કેમકે દેવદર્શન અમોઘ હોય છે. ત્યારે મેં કહ્યું : એમ જ છે. તો હે દેવી? તું કહે કે, મારૂં આયુષ્ય કેટલું છે? દેવીએ પ્રત્યુત્તર આપતા કહ્યું : કંઈક ન્યૂન ત્રીશવર્ષનું. આટલા આયુષ્યની શી વિસાત? તેં ધર્મમાં પ્રયત્ન કેમ કર્યો નહિં? નિસ્સાર શરીર વડે ધર્મની આરાધના કરવી એજ સારભૂત છે.

તો મારે આ ક્ષણભંગુર શરીર વડે સર્યું. દેવતાના વચનને મેં સ્વીકાર્યું. દેવી પણ પોતાના સ્થાને ગઇ. પશ્ચાત્તાપ-

પૂર્ણ હૃદયથી સંસાર વાસથી મનને વાળી સર્પની કાંચળીની જેમ દુઃખફલક, દુઃખાનુબંધક સંસારને ત્યજી મેં પ્રવ્રજ્યા સ્વીકારી.

હે જ્વલન મુનિ! આ મારૂં વ્રત ગ્રહણ પાછળનું કારણ છે. તે સાંભળી જ્વલન મુનિ ધર્મમાં અત્યંત રક્ત થયા.

હવે જ્વલન મુનિ કરકમલ જોડી વિશેષ તપધ્યાનમાં પરાયણ, સૂત્રાર્થની ભાવનામાં લીન, પરોપકારમાં નિષ્ઠ કાલ-ક્રમે ગીતાર્થ થયા. વિજયાનંદમુનિ પણ ત્રીશમે વર્ષે આયુષ્યની પૂર્ણાહૂતિને જાણી, સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી, સંલેખના પૂર્વક અત્યંત સમાધિપૂર્વક કાળધર્મ પામી સહસ્રાર દેવલોકે દેવપણે અવતર્યા.

ત્યારથી જ્વલનમુનિ પણ તે દિવસથી સંસાર–સ્વરૂપને ચિંતવતા વૈરાગ્ય પ્રદીપ્ત થતાં સંયમની સાધનામાં ઓતપ્રોત થયા. એકવાર નગરાદિમાં વિચરતા સોમપુરનગરે આવ્યા, સોમપુર નગરમાં અશોકવન ઉદ્યાનને અલંકૃત કર્યું. હવે તે નગરનો રાજા જયસુંદર અશ્વવારો સાથે અશ્વ ખેલવતો ત્યાં આગળ આવ્યો. શિકારમાં આસક્ત તેણે તીક્ષ્ણ બાણો ખેંચી બાણોને વરસાવતા વનમાં પ્રવેશ કર્યો. બાણના અવાજને સાંભળી ભયભીત થયેલા પશુપંખીઓ પણ નાસભાગ કરવા લાગ્યા.

રાજા પણ પશુઓની પાછળ ગયો. ત્યાં તો તેણે મુનિ ભગવંતને જોયા. અરે! અરે! મેં બાણવડે તપસ્વીને હણ્યા! અરે રે મહાપાપી મારૂં પાપ શી રીતે દૂર કરીશ! એમ વિચારી અશ્વ પરથી ઉતરી મુનિના ચરણમાં પડયો. કોપની

ઉપશાંતિ માટે કાકલુદીભરી વિનવણી કરવા લાગ્યો કે: હે ભગવંત! હું આ નગરનો સ્વામી છું. શિકાર કરવા અહીં આવ્યો છું. સમાધિસ્થ આપને મેં પીછાણ્યા નહીં. મેં બાણ તાક્યું, આપને પીડા ઉપજાવી, તો મારો આ અપરાધ ખમો. મને અભયદાન આપો.

મુનિ ભગવંતે કાઉસ્સગ્ગ પાર્યો. કરૂણારસયુક્ત વાણીથી કહ્યું: હે ભૂપતિ! અમો તો કીડીથી માંડી સર્વ જીવોની રક્ષા કરીએ છીએ. તો તારૂં તો રક્ષણ કરીએ જ ને? પણ તું જીવોને અભયદાન દેવામાં તત્પર થા. જો તને દુઃખ પ્રિય નથી તો અન્ય જીવોને દુઃખ પ્રિય હોય? કદિ નહિં. તો તું શા માટે પ્રાણીઓનો વધ કરે છે. ભયભીત નિર્બલ જીવોની રક્ષા કરવી, એ તો રાજાનો ધર્મ છે, શુષ્ક તૃણાદિનું ભક્ષણ કરનાર નિર્દોષ મૃગલાઓને શા માટે હણે છે? અભયદાનથી શ્રેષ્ઠ કોઇ દાન નથી. તો અભયદાનથી તારા જીવનને ધન્ય બનાવ. પાપથી તારા જીવનને કલંકિત કર નહિ.

જગતમાં રોગ, શોક, આપદા આદિ દુઃખોનું કારણ જીવહિંસા છે. અને તેથી જ ભવમાં પરિભ્રમણ થાય છે. અહિંસા એ પરમધર્મ છે. પરમ દાન, પરમ તપ, એ અહિંસા છે. ચિત્તરૂપ કમલને સંતાપરૂપ હિમવડે ગ્લાનિ પહોંચાડનારી હિંસા છે. માટે તું પ્રાણીવધનો ત્યાગ કર.

હવે પ્રતિબોધ પામેલ રાજા અન્ય સર્વ વ્યાપારનો ત્યાગ કરી, પ્રતિદિન ગુરુ ભગવંતની પર્યુપાસના કરવા લાગ્યો. પ્રતિદિન ધર્મશ્રવણ દ્વારા બાહ્ય શત્રુને પિછાણી આંતરદર્શન

કરવા તત્પર બનેલ રાજાએ પૂછ્યું : હે ભગવંત તમે શા માટે દુષ્કર તપ વગેરે કરો છો ?

ત્યારે મુનિ ભગવંતે કહ્યું : મહાશય ! જ્યારે તું એકલો હોઈશ, ત્યારે કહીશ. ત્યારે રાજાએ કહ્યું : મને જાણવાની પ્રબળ ઇચ્છા છે. મુનિ ભગવંતે કહ્યું : મહાશય ! જો એમ જ છે તો સાંભળ.

પૂર્વે હું કુણાલ દેશવાસી દારિદ્રય મૂર્તિ બ્રાહ્મણ હતો. નજીકમાં રહેલ કુસુમપુરના સમીપવર્તિ ગામના મધ્ય ભાગમાં કાત્યાયનીદેવીની પ્રતિમાની આરાધના કરવા ગયો, મેં વીશ ઉપવાસ કર્યા.

રાત્રિના સમયે કોઈ મહાસત્ત્વશાળી પરોપકાર–નિષ્ઠ, મહાપુરૂષ ક્યાંકથી ત્યાં આવ્યા તેણે મારૂં સ્વરૂપ જાણી દેવીને વિજ્ઞપ્તિ કરી, અને દેવી વરદાન દેવા તત્પર થઈ. ઇત્યાદિ સર્વ વૃત્તાંત જણાવ્યો સત્ત્વવિહીન જીવોને કોઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી. એમ ભગવતીના વચનથી અને તે મહાપુરૂષના પરાક્રમને જોઈ મારૂં સત્ત્વ ઉછળ્યું. મને સર્વ ઇચ્છિતની પ્રાપ્તિ થઈ. એટલું જ નહિં, પણ અક્ષયસુખ દેવામાં સમર્થ પ્રવજ્યાની પણ પ્રાપ્તિ થઇ.

મુનિના વાર્તાલાપથી રાજા હર્ષિત થયો. અને કહ્યું : હે મુનિ પુંગવ ! તે હું જ છું કે જેણે ભગવતીને વરદાન દેવા વિનંતિ કરી હતી. અત્યારે રાજ્યસંપત્તિને પામી રાજ્યવૈભવને ભોગવી રહ્યો છું.

ત્યારે મુનિ ભગવંતે કહ્યું : સત્ત્વશાળી તેં આવી રાજ્ય-

સંપદા મેળવી, તેમ અત્યારે પરલોકને વિષે પણ સત્ત્વપ્રધાન ચિત્તવાળો થા."

તે સાંભળી તે રાજાની મહાભિનિષ્ક્રમણની ભાવના અસ્થિમજ્જા બની ગઇ, રાજ્ય ઉપર પુત્રને સ્થાપન કરી મહોત્સવપૂર્વક મુનિ વેષ ધારણ કર્યો.

તપસ્વી અધ્યાત્મપ્રેમી જ્વલન મુનિ પણ પંચાચાર પાલનમાં તત્પર, જિનશાસનની પ્રભાવના કરી, અણુસણ સ્વીકારી કાળધર્મ પામી સનત્કુમાર દેવલોકમાં દેવ થયા. દેવલોકમાં દિવ્ય સંપત્તિના ભોક્તા બન્યા. ત્યાંથી આયુષ્ય ક્ષયે ચ્યવન પામી આજ જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધ ભરતે કાંપિલ્યપુરનગરે મહેન્દ્ર રાજાના પુત્રપણે અવતર્યો. વસિષ્ઠ નામધારી રાજસુખને ભોગવતા દિવસો નિર્ગમન કરે છે.

સુખની છોળો ઉછળી હતી, છતાં પણ બાલ્યકાળથી જ વિષયાભિલાષથી વિમુખ, આંતરસૃષ્ટિની ખોજ કરવાના માર્ગની સન્મુખ થયેલ, સંસારથી બહિર્મુખ બનેલ, માતા પિતાને પ્રતિબોધી મમત્વના બંધનો તોડી, સંયમે મનડું જોડી કેટલાક રાજપુત્રો સહિત અહીં આવ્યો. મારી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી ગણધર પદવીને વર્યો.

હે અશ્વસેન ભૂપાલ! ત્રીજા ગણધરના પૂર્વભવને કહ્યો. હવે મન સ્થિર કરી ચોથા ગણધરના ચરિત્રને સાંભળો.

卐

જાતિ-સ્મરણ-વીણા વાગે!

એના નાદે આતમ જાગે!

ચતુર્થ ગણધર

શ્રી બ્રહ્મ

[ ૪ ]

# નારી ચરિત્ર
## યાને
## ચતુર્થ ગણધર પૂર્વભવ કથાનક

મહામોહની સર્વ ઠંડી પીડાઓનો નાશ કરનાર, લોકાલોકનાં વિશુદ્ધ દર્શન કરાવવામાં સૂર્ય સમાન, સ્વરૂપ સ્વભાવની પરાકાષ્ઠાને પામેલ, મહાસત્ત્વોની મૂર્તિ, સાંસારિક વિકારના વિસ્તારથી દૂર થઇ ગયેલી, સ્વર્ગ–મૃત્યુ–પાતાળના જીવોને ત્રાસ આપનારા રાગકેશરીનો નાશ કરનાર, દ્વેષ ગજેન્દ્રને પરાસ્ત કરનાર પાર્શ્વનાથ સ્વામીની દેશના વરસી રહી છે.

દેશનાના ગંભીર નાદમાં ભવ્યજીવો તન્મય બની ગયા છે. સર્વ બાહ્ય વ્યાપારોને ત્યજી સૌ એકચિત્તે દેશના સાંભળી રહ્યા છે. દેશના આગળ વધી રહી છે.

અશ્વસેન રાજાની સમક્ષ ગણધરોના પૂર્વભવો વર્ણવતા પ્રભુ ચોથા ગણધરના પૂર્વભવ સંબંધી રસમય કથા દર્શાવતા ફરમાવે છે કે—

જંબૂદ્વીપના મુકુટ સમાન ભરતાર્ધ ક્ષેત્ર છે. તેના તિલક સમાન પચાસ યોજન વિસ્તારવાળો, વિવિધરત્ન, કુટોથી સુશોભિત, ગગનાંગણને મંડિત કરતો વૈતાઢ્યનામનો પર્વત છે. વળી ત્યાં આગળ કુદરતી સૌન્દર્ય, દેવકુલો તેમજ રત્નોના આવાસો તેમજ તેની ઉપર લહેરાતી ધ્વજાઓથી, સૌધર્મદેવ-

લોકની શોભાને પણ તર્જના કરનાર, દેવોને પ્રિય ગગનવલ્લભ નામનું નગર છે. તે નગરીમાં મહાપરાક્રમી શત્રુદળને જીતીને પ્રાપ્ત કરેલ યશ અને વિસ્તૃત કીર્તિવાળો, સૂર્યસમ પ્રતાપી, ચક્રવર્તીના લક્ષણને ધારણ કરતો સર્વાંગ સુંદર વિજયવેગ નામનો વિદ્યાધરાધિપતિ છે. તેની સૌન્દર્યશાલિની, મનોહરાંગી, કામદેવને આકર્ષણ કરનારી મયણાસુંદરી નામની પત્ની છે. તેને રૂપ લાવણ્યથી મનોહર, યશસ્વી મહાવેગ નામનો પુત્ર છે.

સુખસંપત્તિનો ભોગવટો કરતાં તેમના સુખપૂર્વક દિવસો પસાર થઈ રહ્યા છે. આ બાજુ એક દિવસ રાજ્યસભા ભરાયેલી છે. સામંત પ્રધાનાદિ યોગ્યાસને બેઠા છે. ત્યારે કોઇ એક ચોકીદાર સભામાં પ્રવેશ કરે છે, અને રાજાને વિનંતિ કરી કે, "દેવ! રાજમહેલના દ્વારે કોઈ એક દૂત આવ્યો છે. તેના હાથમાં ચિત્રપટ છે. તે આપના દર્શન માટે તલસી રહ્યો છે. જો આપની આજ્ઞા હોય તો પ્રવેશ કરાવું.

પછી રાજાની આજ્ઞાથી દૂતે સભામાં પ્રવેશ કર્યો. પ્રણામ કરી તે ઉચિતાસને બેઠો, ત્યારે દૂતના અચાનક આગમનથી સંભ્રમ સહિત વિદ્યાધરાધિપતિએ પૂછ્યું: તમારૂં આગમન કયાંથી થયું? વળી અહીં આવવાનું પ્રયોજન શું છે? ત્યારે તેણે કહ્યું: સાંભળો, ભોગપુરાધિપતિ ચંડગતિ નામના વિદ્યાધર રાજાએ મને પોતાની પુત્રી પદ્માનું રૂપ ચિત્રપટમાં આલેખાવીને તમને બતાવવા માટે મોકલેલ છે. તેમજ મને રાજપુત્ર મહાવેગ કુમારનું ચિત્રપટ આપો. પછી ચિત્રપટ જોવા ઉત્સુક વિદ્યાધરાધિપતિને આપ્યું. તેમણે સહેજ દ્રષ્ટિપથમાં લઇ કુમારને અર્પણ કર્યું.

કુમાર ચિત્રપટને એકીટસે જોવા લાગ્યો. તેના મન પર સજ્જડ ચોંટ લાગી ગઇ. નયનમાં વિકારભાવ જાગ્યા. તે કામદેવના બાણથી વીંધાયો. તે મંદ મંદ રીતે સ્નેહાળ નજરે ચિત્રપટ જોવા લાગ્યો. પછી તુર્ત જ વડીલજન સમક્ષ આવું આચરણ અનુચિત સમજી, લજ્જાથી નીચું વદન કરી, કામદેવના સંકલ્પને ઢાંકવા કોપ ધારણ કરી, બીજી કથાવિચારણા કરવાપૂર્વક એણે અવસર પૂર્ણ કર્યો.

પછી ચિત્રપટ લાવનાર પુરુષ સાથે પોતાના ભવનમાં ગયો. આદરપૂર્વક એકાંતમાં કુમારે પૂછ્યું: તારા આગમનનું કારણ શું છે? ત્યારે તે પુરુષે કુમાર સમક્ષ વાત રજૂ કરી: કુમાર! તે રાજપુત્રીને પુરુષ ગમતો નથી, એટલું જ નહિ પણ પુરુષનું નામ સાંભળતાં પણ કંપારી અનુભવે છે. તે કોઈની સાથે પરણવા ઇચ્છતી નથી. વળી તે વિષયાભિલાષને વાંછતી નથી. એવી તેની અવસ્થાને નિહાળી, અત્યંત સંતાપને વહન કરતાં તેના માતા-પિતાએ શાંતિ માટે અનેક મંત્ર-તંત્રાદિ ઉપચારો કરાવ્યા. પણ કારગત નીવડ્યા નહિં. વળી તેના ભાવમાં લેશમાત્ર પણ પરિવર્તન થયું નહીં. તેથી વિદ્યાધર રાજાઓની પાસે પોતાના પ્રધાન પુરુષોને તેમના રાજપુત્રોના પ્રતિચ્છંદક-પ્રતિચિત્રો લાવવા મોકલ્યા. લાવીને તેને બતાવ્યા પણ તે દ્રષ્ટિપાત પણ કરતી નથી.

હવે બન્યું એવું કે એકવાર ક્યાંકથી નારદ મુનિનું આગમન થયું. પણ ચિંતાતુર વિદ્યાધરપતિએ તેનું સ્વાગત કર્યું નહીં. તેથી તે પાછા ફરવા લાગ્યા. કિંતુ ખ્યાલ આવતાં

તુર્ત જ રાજાએ તેમનું આગમન જાણી, વિનયપૂર્વક બોલાવી પોતાના સિંહાસને બેસાડયા અને કહ્યું : ઓ મહાનુભાવ! મારો અપરાધ ક્ષમા કરો. મેં ચિત્તની વિક્ષેપતાથી તમને ઓળખ્યા નહીં, ત્યારે તેણે વિદ્યાધરાધિપતિને કહ્યું : હે મહાભાગ! કયાં નિમિત્તથી તમારૂં ચિત્ત આકુળતા-વ્યાકુળતા અનુભવે છે. ત્યારે રાજાએ તેને પુત્રી સંબંધી સર્વ હકીકત જણાવી. નારદ મુનિએ પણ ક્ષણમાત્ર ધ્યાનમાં લીન થઈ, સમાધિ લગાવી જ્ઞાનોપયોગી પાણિગ્રહણ સંબંધી હકીકત જાણી અને કહ્યું : હે મહાશય! ચિત્ત-સંતાપ કર નહીં. આ તારી પુત્રી ગગનવલ્લભપુરના સ્વામી વિજયવેગના પુત્ર મહાવેગકુમારની પત્ની થશે. પણ તારે થોડો કાળ વિલંબ કરવાપૂર્વક આપદાઓ સહન કરવી પડશે.

તેથી હવે પુત્રીના રૂપને ચિત્રપટમાં આલેખન કરાવી તમારી પાસે મોકલાવેલ છે. પાછા ફરતાં તમારૂં પ્રતિચ્છંદક લાવવા કહેલ છે! આ સઘળી હકીકત સાંભળી રાજપુત્રે કહ્યું : હે ભદ્ર! આ તો વિષમ છે. એકપક્ષી પ્રેમ સુંદર નહિ, પણ બંને પક્ષ સંબંધી પ્રેમ હોય, તો સુંદર ગણાય. અનુરાગી પ્રત્યે રાગ યોગ્ય છે, સુખદાયી પણ છે, પરંતુ નિરાગી પ્રત્યે રાગ ધરવો તે તો અનુચિત્ત છે.

રાજપુત્ર! તમારી વાત સાચી. પણ તેના ભાવ જાણવા જ આપનું પ્રતિ ચિત્ર મંગાવેલ છે. બંને વચ્ચે વાર્તાલાપ પૂરો થયો.

રાજપુત્રના પ્રતિ ચિત્રને લઇ વિદ્યાધરપતિએ વિસર્જન કરેલો તે દૂત ભોગપુર નગરે આવ્યો. સ્વામી સમીપે આવી

કુમારરૂપ દર્શક ચિત્રપટ અર્પણ કર્યું, રાજાએ તેનું અવલોકન કર્યું. આદરપૂર્વક રાજપુત્રીને તે અર્પણ કર્યું રાજપુત્રના પ્રતિ–ચિત્રને નિહાળી, પૂર્વજન્મના પ્રેમથી રાજકુમારી કોઇ જુદી જ અવસ્થા અનુભવવા લાગી, એકીટસે ચિત્રપટમાં રહેલ રાજપુત્રના રૂપને નિહાળી રહી. તેનું હૃદય ઉલ્લસિત થયું. તેની રોમરાજી વિકસ્વર થઈ ગઈ. આ બધું દ્રશ્ય બાજુમાં રહેલી સખીઓએ જોયું. અને સર્વ હકીકત રાણીને જણાવી. તેણે રાજવીને જણાવી.

રાજમહેલમાં આનંદના સાગરિયા છલકાઇ ગયા. મહેલમાં સંગીતની સૂરાવલીઓ રેલાઇ ગઇ. જ્યોતિષીઓને બોલાવ્યા. લગ્ન ગણાવ્યા. તેમજ નજીકમાં જ શુભ મુહૂર્ત બતાવ્યું. લગ્નની પૂરજોશમાં તૈયારીઓ થઇ, મહાવેગકુમારને લાવવા સૈન્ય સમુદાય સહિત મહાબાહુ નામના સેનાપતિને રવાના કર્યો.

ટૂંક સમયમાં તે ગગનવલ્લભપુરમાં પહોચ્યો. વિજય-વેગ વિદ્યાધરપતિએ પણ તેનું સન્માન કર્યું. ભોજનાદિ કૃત્યો પતાવી તે રાજાની પાસે આવ્યો. આદરપૂર્વક પ્રણામાદિ કરી વિનયપૂર્વક રાજાની પાસે બેઠો. રાજાએ પણ સ્નેહપૂર્વક તેને બોલાવ્યો. કેમ! ભોગપુરના રાજા કુશળ છે ને? પ્રજા પણ કુશળ છે ને? તેણે કહ્યું : હે દેવ! તમારી સાથેના સંભવિત સંબંધથી પ્રજાનું કલ્યાણ વૃદ્ધિ પામી રહ્યું છે. રાજા પણ ક્ષેમકુશળ છે. વળી તમારા જેવા પુરુષો કલ્પવૃક્ષની જેમ લોકોનાં સુખને પૂર્ણ કરે છે. વળી વિદ્યાધર-

ચંદ્ર તારા પુત્રરૂપી જ્યોત્સનામય પ્રવાહ મારા સ્વામીના હૃદયમાં સંક્રમિત થયો છે. તેથી હિમ, ચંદનરસના લેપથી પણ દુઃસાધ્ય હૃદયદાહ ઉપશાંત થયો છે.

સેનાપતિએ પ્રશંસાગર્ભિત વાણીથી રાજવીના મનને ઉલ્લસિત કરતાં કહ્યું. હે મહાશય ! અત્યારની જે હકીક્ત છે, તે તમે સાંભળો.

તેનું પાણિગ્રહણ સંબંધી મુહૂર્ત્ત નજીકમાં વર્તે છે. તો મહાવેગકુમારને અમારી સાથે મોકલો. અમે તેમને તેડવા આવ્યા છીએ. આપ કાળવિલંબ કરો નહિ. અને અમારા સ્વામીના મનોરથ પૂરા કરો. જનનયનો કૃતાર્થ થાઓ. અમારા સ્વામીની પુત્રીનું જીવતર પણ સફળ થાઓ, વિદ્યાધરપતિએ પણ તેની પ્રાર્થના સ્વીકારી.

પ્રચુર વિદ્યાધર સૈન્યથી ગગનતલને આચ્છાદિત કરતો, હાથી, ઘોડા વગેરે વાહનોથી પરિપૂર્ણ વિમાનોની શ્રેણીથી સૂર્યના કિરણોને ઢાંકતાં, મહાવેગકુમારે ભોગપુર પ્રતિ પ્રયાણ આદર્યું. સેનાપતિ સાથે વિમાનમાં રહેલ કુમાર અનેક નગરો અને ખાણથી વ્યાપ્ત મનોહર પૃથ્વીની શોભાને જોતો અવિલંબિતપણે ભોગપુરનગરે આવ્યો. આ બાજુ ચંડગતિ વિદ્યાધરપતિએ સન્મુખ આવી સ્વાગત કર્યું. રહેવા આવાસો આપ્યા. હાથી, ઘોડાને યોગ્ય યવાદિ સામગ્રીઓ આપી. કુમાર નિમિત્તે વિશિષ્ટ ભોગોપભોગની સામગ્રી સંપાદન કરી, રાજમાર્ગો સુશોભિત કર્યા, દેવાયતનો શણગાર્યા, વિવાહ સામગ્રી સજ્જ કરી.

વિચિત્ર શય્યાઓ સજાવી. સુંદર વસ્ત્રાલંકારો એકઠા કર્યા.

વિવાહ મહોત્સવની તૈયારીઓ ખૂબ જ વેગથી થઇ રહી હતી. ત્યાં તો પહેરેગીરને જણાવ્યા વિના જ જાણે યમરાજ જ ન હોય, તેવો એક પુરુષ ક્યાંકથી સુખે બેઠેલા વિદ્યાધર રાજાની સમીપમાં આવ્યો અને બોલવા લાગ્યો: અરે વિદ્યાધરેન્દ્ર ! સાંભળ. રથનૂપુર ચક્રવાલનગરના સ્વામી અનંતવીર્ય છે. તેનો પુત્ર અનંતકેતુ છે તેણે તમારી પાસે મને મોકલ્યો છે. વળી સંદેશો કહેવડાવ્યો છે કે, તારી પદ્મા નામની પુત્રી અન્ય કોઈને આપીશ નહીં. તેને હું વરવા ઇચ્છું છું. જો તું અન્ય કોઇને આપીશ, તો તારી આશા સહિત તેનું હરણ કરીશ, તારા આશારૂપી મિનારાના ચૂરેચૂરા કરી નાંખીશ.

આ પ્રમાણે તેના કહેણથી કોપાતુર થયેલા વિદ્યાધરપતિએ કહ્યું, અરે ભદ્ર! તું તો મહારાજાના પુત્રનો દૂત છે. તારે આવું બોલવું અનુચિત છે. અન્યથા જો ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલા આવું બોલે, તો તેને તો શારીરિકદંડ જ યોગ્ય છે. રે દૂતાધમ ! ચાલ્યો જા. તરત જ દૂત પોતાના સ્થાને ચાલ્યો ગયો. પણ વિદ્યાધરપતિનાં ચિત્તમાં ચમત્કાર સર્જાયો. તુરત જ ચાતુરંગ સૈન્ય સજ્જ કર્યું, નગરની આજુબાજુ પહેરેગીરો અને સૈન્ય ગોઠવી દીધું.

આ બાજુ લગ્ન સમય નજીકમાં હતો. એટલે તૈયારી જોરદાર ચાલી રહી હતી. વરવહૂને સ્નાન કરાવ્યું. રાજમાતાઓ ગીતો ગાવા લાગી. અંતઃપુરની દાસીઓ નાચવા લાગી.

રાજ્યવલ્લભ પુરુષો વિલાસ કરવા લાગ્યા. સર્વત્ર વાતાવરણ આનંદ મંગલથી વ્યાપ્ત થયું.

રાજકુમારને લગ્નમંડપમાં ખાસ રચેલ માતૃ-ગૃહમાં દાખલ કરવામાં આવ્યો. પછી અત્યંત આનંદપૂર્વક મુખ્ય જ્યોતિષીના કહેવા પ્રમાણે બંનેનો હસ્તમેળાપ કરવામાં આવ્યો. ચક્રો ફેરવવામાં આવ્યા. વિધિ પ્રમાણે આચારો કરવામાં આવ્યા. મોટાં મોટાં દાન દેવામાં આવ્યા. વળી લોકોનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું. કુળાચારો કરવામાં આવ્યા. આખા નગરમાં ખાવા, પીવા, ગાવા અને લહેર કરવાની પ્રવૃત્તિઓ ચાલી રહી. એવા આનંદની વચ્ચે મહાવેગ-કુમાર પદ્માને પરણ્યો. કન્યાના પાણિવિમોચનના અવસરે તેને અનેક સુંદર સામગ્રીઓ અર્પણ કરી.

આ બધી પ્રવૃત્તિઓ ચાલી રહી છે, ત્યાં તો અનંતકેતુ દાસીનું રૂપ કરી સર્વ લોકોને આનંદમગ્ન જોઇ રાજપુત્રી પદ્માને હાથમાં ઉપાડી, મરકતથાળની જેમ ગગનતલને શ્યામ કરતો, કોઇને પણ ખ્યાલમાં ન આવે તે રીતે અપહરણ કરીને ચાલ્યો ગયો. આ બાજુ થોડી વિધિ બાકી હતી, તે પૂર્ણ કરવા તેની માતા ઉપસ્થિત થઈ. પણ ત્યાં તો પદ્માને જોઇ નહીં અને વિલાપ કરવા લાગી : હે પુત્રી ! તું ક્યાં ગઇ ? તેના અવાજને સાંભળી રાજા ક્ષોભ પામ્યો. રંગમાં ભંગ પડયો. આનંદ મહોત્સવ, શોક-મહોત્સવ બની ગયો, પણ નારદમુનિના વચનનું સ્મરણ થતાં પદ્માની ભાળ કાઢવા સૈન્ય મોકલ્યું. વાતો વાયુવેગે પ્રસરી. નગરીના લોકો શોકા-

તુર થયા. રાજલોકના મુખો શ્યામ થયા. લાલિમાએ વિદાય લીધી. શું કરવું ? એ વિચારમાં સૌ ડૂબી ગયા. મંત્રીઓ હતાશ થયા.

એટલામાં લોકમુખથી જાણ થઈ કે, અનંતકેતુએ પદ્માનું અપહરણ કર્યું છે. ત્યારે શરણાઇના સુર વિલય પામ્યા. યુદ્ધની નોબતો ગગડી. મહાવેગકુમારે આદેશ કર્યો: અરે રે! જલ્દી સૈન્ય તૈયાર કરો. એ પાપી! ક્યાં ગયો હશે? એની પૂંઠે દોડો. તરત જ સૈન્ય તૈયાર થયું. મનથી પણ વધુ ઝડપથી દેવતાએ કહેલ માર્ગે ચાલ્યા.

યુદ્ધરસિકકુમાર મેરૂપર્વતના તલવર્તી ભાગમાં રહેલ ભદ્રશાલ વનને વિશે પ્રવેશ્યો. ત્યાં તો તેણે કરૂણાથી યુક્ત, આક્રંદ સંયુક્ત રૂદનનો અવાજ સાંભળ્યો. તરત જ કુમાર તે દિશા સન્મુખ ગયો. જુએ છે તો મણિશિલા પર નિઃસહાય બની, શરીરને મૂકી કોઇ સ્ત્રી અવાજ કરતી હતી. કુમારે તે દિશા તરફ જોયું, તો દૂરથી વાંસના ઝાડની નીચે જાણે સ્વર્ગથી ભ્રષ્ટ થઈને આવી પહોંચેલી કોઇ દેવાંગના હોય, અથવા તો ઘરમાંથી બહાર કાઢી મૂકેલી મહા રૂપવંત નાગ-કન્યા હોય, અથવા કામદેવના વિરહથી ભયમાં આવી પડેલી સાક્ષાત્ રતિ હોય તેવી શોકગ્રસ્ત સુંદરી જોઈ.

તે સુંદરી મુખથી વિલાપયુક્ત–વાણીથી બોલતી હતી. "હે આર્યપુત્ર! કેવી રીતે ફરી તારૂં દર્શન થશે. હું મંદ ભાગ્યવાળી છું. મારા હૃદયનાથ! પ્રિયતમ! પ્રેમમૂર્તિના વિરહથી બળી રહી છું. મારે જીવતર ધારણ કરવાનું શું

પ્રયોજન? શું મારા આત્માને ઝાડ સાથે બાંધી જીવનલીલા સંકેલી લઉં? અથવા પર્વત ઉપરથી ઝંપાપાત કરી મારા આત્માને ત્યજી દઉં. આ પ્રમાણે બોલતી પદ્માને રાજપુત્રે જોઈ અને એણે મધુરવાણીથી આશ્વાસન આપ્યું.

મારી વહાલીને મેં પવન નાંખ્યો. ચેતના પ્રાપ્ત થઈ. પછી મેં કહ્યું: અરે દેવી! આવું અઘટિત શું આદરી બેઠાં છો? ત્યારે અતર્કિત મહાવેગકુમારના આગમનને જોઈ અસંભ્રમથી તેની સામું જોવા લાગી, અનેક પ્રકારના રસોને અનુભવવા લાગી. વસ્ત્રથી મુખકમલ આચ્છાદિત કર્યું.

હવે તેને જોઇ કુમારે કહ્યું: હે પ્રિયા! સંક્ષોભવડે શું? તે પાપી, દુરાચારી, ક્યાં ગયો, તે કહે? ત્યારે તેણે કહ્યું: હે પ્રિયતમ! સાંભળ. તેણે મને ખૂબ તાડન-તર્જના કરી. પોતાને તાબે કરવા ઘણા પ્રયત્ન કર્યા. પણ હું એકની બે ન થઇ. શીલરક્ષા માટે કડક શબ્દોથી મેં તેની સામે પડકાર કર્યો કે, અરે પાપી! ચાલ્યો જા. મહાવેગકુમાર સિવાય કોઈ હૃદયનાથને હું ઇચ્છતી નથી. જો તું બલાત્કાર કરીશ, તો અગ્નિમાં પ્રવેશ કરીશ અથવા તો તારી સમક્ષ જ મારા પ્રાણને ત્યજીશ. શીલવતી નારીના પડકારથી તેનું હૃદય કંપવા લાગ્યું. તેની કામવાસના શાંત થઈ ગઇ. જીવનનું લક્ષ્યબિંદુ તેણે પ્રાપ્ત કર્યું. એ શીલની પ્રચંડ તાકાતે જ એકવાર યુદ્ધભૂમિમાં ખેલ ખેલાવી, તેને મુનિ જીવનનો ખેલાડી બનાવશે. તે આપણે આગળ જોઈશું.

મારા પડકારથી તેમજ શીલના પ્રભાવથી રૂદન કરતી

મને ત્યજીને ત્યાંથી જગતને તૃણમાત્ર ગણતો, અભિમાની પરાક્રમી તે પૂર્વદિશા સન્મુખ ગયો છે. સુંદરીના વચનને અનુસરી કુમાર વેગથી તેની પૂંઠે દોડયો. કેટલેક સુધી ગયો, ત્યાં તો તેણે વિદ્યાધરપતિ અનંતવીર્યના પુત્ર અનંતકેતુને જોયો.

તે સમયે મહાવેગની મનોવૃત્તિ ઘણી ભયંકર થઇ ગઇ. અને એ કહેવા લાગ્યો : અરે અધમ ! અનંતકેતુ ! ક્યાં ફરે છે ? તું જરા માણસ થા ! હીચકારપણું છોડી દઇ સામો આવ ? અરે પાપી ! ક્રૂર હૃદયી ! તું કેમ લજ્જા પામતો નથી ? તારૂં પરાક્રમ બતાવ ! એવા તિરસ્કારયુક્ત વચનથી, કોપથી રક્ત નયનવાળો અનંતકેતુ તેની સન્મુખ થયો. અને કહેવા લાગ્યો : ક્યારે પણ સસલા કે મચ્છર ઉપર કેસરી સિંહ પ્રહાર કરતો નથી. આવું બોલવું અયુક્ત છે. કીડાના વધથી શું કીર્તિ પ્રાપ્ત થતી હશે. વળી તેનું બળ કેટલું !

મહાવેગકુમારે પ્રત્યુત્તર વાળતાં કહ્યું : અરે ! ઓ ! નરાધમ ! દુષ્કૃત કરનાર છતાં તું પોતાને મહાન માને છે. ખરેખર, મોહમૂઢ જીવો યુક્ત-અયુક્ત જાણતા નથી. દોષને ગુણ તરીકે ગ્રહણ કરનારને શું આનંદ થાય ? ગુણને દોષરૂપે ગ્રહણ કરનારને શું કહેવું ? તેમ વિમૂઢ મનવાળા તને શું કહેવું ? ફક્ત એટલું જ કે, તારી ખરાબ ચેષ્ટાથી ભવિષ્યમાં પણ સારૂં થશે નહીં. ત્યારે અનંતકેતુએ કહ્યું : ખરેખર તારા વાચાળપણાને ધન્ય છે. પણ એટલું યાદ રાખજે કે તને પાછળથી જરૂર પશ્ચાત્તાપ થશે. '

કનકની પરીક્ષા કસોટી ઉપર થાય. તેમ યુક્ત-અયુક્તની પરીક્ષા સમરરૂપ કસોટી ઉપર થશે. ચાલ શસ્ત્ર ગ્રહણ કર.

એટલામાં તો એકદમ અનંતકેતુનું લશ્કર કલકલારવ કરતું સમુદ્રને ક્ષોભ પમાડતું ઉપસ્થિત થયું. આ બાજુ લશ્કરને ઉપાડવાની ભેરી વગાડાઇ કુચ કરવા માટે રણશીંગડું ફુંકાયું. ચતુરંગી સેના તૈયાર થઇ ગઈ. હણો હણો એમ ઉચ્ચાર કરતાં બંનેના લશ્કર વચ્ચે મોટું તુમુલ યુદ્ધ શરૂ થયું. મોટા મોટા મદોન્મત્ત હાથીઓ ભેદાઈ જવા લાગ્યા. ઘોડાઓના હેષારવથી મેદાન ધમધમવા લાગ્યું.

થોડીવારમાં રથ નીચેના ચક્રો તેમજ ધોંસરાઓ ભાંગી જવા લાગ્યા. પાયદળ લશ્કરનાં માથાંઓ ધડધડ પડવા લાગ્યા. તીરના જાળાંઓ દૃષ્ટિપંથને ઢાંકી દેવા લાગ્યાં. પંથના રોકાણને લીધે લડવૈયાઓ આકુળવ્યાકુળ થવા લાગ્યા. આખી પૃથ્વી તીર–ધ્વજાથી ભરપૂર થઈ ગઇ. કેટલાક સુભટો દેવતાનું સ્મરણ કરવા લાગ્યા.

યુદ્ધરૂપ તળાવમાં લડનારા વીરયોદ્ધાનાં પડેલાં માથાંઓ રક્તકમલની નકલ કરી રહ્યા હતા. તેમાં લોહીરૂપ લાલ પાણી ભરેલું દેખાતું હતું. તેમાં દંડો, અસ્ત્રો, છત્રના સમૂહો હંસ જેવા દેખાતાં હતાં. આમ તળાવ જેવું યુદ્ધ બંને પક્ષ વચ્ચે ચાલતું હતું.

ખૂનખાર જંગ ખેલાઇ રહ્યો હતો. બંને પક્ષના અનેક માનવોનો સંહાર જોઇ બંને કુમાર પરસ્પર લડવા લાગ્યા. શૂરાતનને વેગ મળતો હતો. બંને બળિયા થાકતા ન હતા. એટલામાં નિષ્કારણ થતી અનેક જીવોની કત્લેઆમ નજરે નિહાળી, ગગનવલ્લભનગરના રાજાના પ્રધાન પુરુષોએ મહાવેગ-

કુમારને યુદ્ધથી પાછો વાર્યો. અને અનંતકેતુને રથનૂપુર ચક્રવાલ નગરના પ્રધાનોએ વાર્યો. પછી બંને પોત-પોતાના સ્થાને ગયા. યુદ્ધવિરામ થયો. યુદ્ધવીરો પાછા ફર્યા.

આ બાજુ પદ્મા સહિત, કામદેવની જેમ શોભતો મહાવેગકુમાર ભોગપુરનગરે આવ્યો. તેની વધામણી થઇ. નગરમાં મહામહોત્સવ મંડાયો. પછી કેટલાક દિવસો સર્વથા અનુકૂળ સંયોગોમાં પ્રેમાળ પત્નીની સાથે આનંદ-સમુદ્રમાં કલ્લોલ કરતાં તેણે પસાર કર્યા. પછી ચંડગતિ વિદ્યાધરેશ્વરે આપેલ પ્રચુર વસ્ત્રાલંકાર, હાથી, ઘોડા આદિથી યુક્ત કુમાર પદ્મા સહિત પોતાના નગરે આવ્યો. રાજા પણ પુત્ર-પુત્રવધૂના મિલનથી આનંદિત થયો. પછી કુમારે પિતાશ્રીને સર્વ હકીકત કહી. કુમાર પણ દિવ્યલોક સંબંધી દેવતાઓની ક્રીડાઓની જેમ, દેવરાજની જેમ વિષયસુખોને ભોગવતો કાળગમન કરવા લાગ્યો.

આ બાજુ રથનૂપુર ચક્રવાલ નગરમાં અનંતકેતુ આવ્યો. ત્યારે તેના પિતાશ્રીએ કહ્યું: અરે વત્સ! બાલચેષ્ટાની જેમ તેં આ શું કર્યું! આવું અકાર્ય કરતાં માતા-પિતા, બંધુ, મિત્રવર્ગને પણ પૂછ્યું નહિ? શું તારી બુદ્ધિથી જ તેં આ કાર્ય કર્યું! હે વત્સ! શું તું જાણતો નથી કે, એક અકાર્યથી પ્રાપ્ત થયેલ અપયશરૂપી કલંકનું હજારો સુકૃતરૂપી જલવડે ધોવા છતાં પ્રક્ષાલન થતું નથી. વળી અખંડિત સુકૃતોવડે સત્પુરૂષોનું જીવિત પ્રશંસનીય બને છે. તે પુરૂષદ્વેષિણી ઉપર મોહ શો? વળી હે વત્સ! આશ્ચર્યભૂત સનત્કુમારનું ચરિત્ર શું તેં સાંભળ્યું નથી?

છ ખંડના અધિપતિ, નવનિધાનના સ્વામી, વિવિધ પ્રકારના પ્રવાલ-રત્નાદિથી યુક્ત મહેલાતો વાળા, વળી કામદેવનું ઘર, લાવણ્યનું સંકેત સ્થાન, મહાપ્રતિબંધનું મંદિર, રૂપાદિ ગુણસમૂહનો નિધાન, સુરસુંદરીને પરાભવ કરનારી ૬૪ હજાર અંતઃપુરની અપ્સરા સરખી નારીઓ, તેઓના પ્રીતિના બંધનો તોડી મમતાને ફગાવી, તેઓના પ્રેમભર્યા વચનોને તિરસ્કારી, ભોગોને તૃણસમાન ગણતો, ચરણમાં પડતી નારીઓના પ્રણયને અવગણી, ભોગની ભીતરમાંથી નીકળી, યોગની ભીતરમાં ડોકિયું કરવા સનત્કુમાર મહર્ષિએ સંસારમાંથી સિંહની જેમ નિષ્ક્રમણ કરી અણગારી જીવન અંગીકાર કર્યું. અણગારના ભેખ ધારણ કરીને આ પૃથ્વીતલને પાવન કરતાં વિરહવા લાગ્યા હતા. ભોગદશામાંથી છૂટી વૈરાગ્યદશામાં આગેકૂચ કરતાં સનત્કુમાર ચક્રીને ધન્ય છે! તેથી જ હે મહાનુભાવ! સુંદર અંતઃપુર હોવા છતાં તે મહાસત્ત્વશાળી આત્મકલ્યાણની કેડીએ પ્રસ્થાન કરી ગયા. ત્યારે તું હઠથી પરસ્ત્રીને ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે? આવી સ્ત્રી ઉપર મોહ શા માટે? નારી એટલે નરકની દીવડી! દુર્ગતિના દ્વાર સમી નારી ઉપર રતિ શા માટે? તેના ઉપર સદ્ભાવ શા કારણે?

આમ પિતાશ્રીની હિતશિક્ષા સાંભળી અનંતકેતુનાં જીવનમાં પરિવર્તન થયું. પોતાની દુષ્ટ ચેષ્ટાથી લજ્જાળુ, અને શ્યામ મુખવાળો તે દુષ્કૃતની ગર્હા કરવા લાગ્યો. તેના અશુભ કર્મ બંધનો શિથિલ થયા. તે શુભયોગમાં મગ્ન બન્યો. તેની કુયોગમાંથી દૃષ્ટિ બહાર નીકળી, ચિંતન-મનન કરતાં તેને

સત્યની પિછાણુ થઈ ગઈ. તેનું મન વેગીલું બન્યું. વારંવાર પોતાના આત્માની નિંદા કરવા લાગ્યો: રે પાપી જીવ! ઉત્તમકુલમાં જન્મ મળ્યો, ઉત્તમ પુરુષોના ચરિત્રો શ્રવણુ કરવા મળ્યા, છતાં પરસ્રીગમન સન્મુખ થયેલો મારો આત્મા પાતાળમાં કેમ ચાલ્યો ગયો નહિ? અહો વજ્રગ્રંથિ જેવું કેવું મારૂં નિષ્ઠુરપણું! અહો કેવી સદ્ધર્મ નિરપેક્ષતા! અહો કેવી દુર્ગતિમાં નિવાસ કરવાની લાલસા! મને ધિક્કાર હો! ધિક્કાર હો!!

"ભાવના ભવનાશિની" ખરે જ ભાવનાની પ્રબળતાએ, ધિક્કારની લાગણીમાંથી સર્જાતી વૈરાગ્ય-ભાવનાના બળે સંવેગી બનેલા રાજપુત્રે ત્યાં જ પંચમુષ્ટિ લોચ કર્યો. નામ-ગામ વેશનું પરિવર્તન કર્યું. દેવતાએ અર્પિત મુનિવેષ ધારણુ કરી રાજમંદિરને ત્યજી અનંતકેતુ મહર્ષિ બની ગયા. એકાએક પુત્રને અણુગાર, યોગી બનેલા જોઈ ચરણુમાં પડવાપૂર્વક વિદ્યાધરેશ્વરે કહ્યું: વત્સ! અમને જણુાવ્યા વિના એકાએક તેં આ શું કર્યું! મેરૂપર્વતને ઉપાડવા સમાન, હાથથી સમુદ્ર તરવા સમાન, તીક્ષ્ણુ તલવારની ધાર ઉપર ચાલવા સમાન, અતિદુષ્કર યૌવનવયમાં વ્રતગ્રહણુ કરવાનું તે કેમ આરંભ્યું! વળી વત્સ! શું તું જાણુતો નથી કે, ઇંદ્રિયના વિષયો જીતવા દુષ્કર છે. ઇંદ્રિયોનું દમન મહાકઠિન છે. અને દુઃખે કરીને તેનું સંરક્ષણુ કરી શકાય છે. તેવી આપદાઓનો સામનો કરવો પડશે, કષાયરૂપી ભીલના ભાલાઓનો પ્રતિક્ષણુ સામનો કરવો પડશે. માટે હે વત્સ! થોડો કાળ ગૃહસ્થપણુામાં તપાદિ

કરણી કરવાપૂર્વક નિર્ગમન કરી, પછી પ્રવ્રજ્યા અંગીકાર કરવી જોઈતી હતી.

ત્યારે અનંતકેતુ બોલ્યા, "મહારાજ ! કુપથે પ્રવૃત્ત થયેલ મારા મનને સન્માર્ગમાં જોડાણ થતું અટકાવી તમે વિક્ષેપ કારક વચનવડે પ્રતિકૂલ ન બનો. તમે તો મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેનો બદલો વાળવા હું અસમર્થ છું. માટે પિતાજી! મારો માર્ગ સરળ બનાવો! યોગીઓની દુનિયામાં ડગ ભરતાં મારૂં કલ્યાણ થાય, એવા આશીર્વાદ વર્ષાવો. વળી ઓ ખેચરરાજ ! રાજ્ય, લક્ષ્મી, યુવતીજન, કામભોગની સામગ્રી અત્યંત વિરસ છે. દુર્ગતિરૂપ ફલને દેનારી છે. જ્યારે સદ્ધર્મમતિ તો અનંત કલ્યાણને વધારનારી છે. એને પામીને કોનો અભ્યુદય થયો નથી ! તો પછી સ્નેહજાળને તોડી આત્મકલ્યાણની કેડીએ મીટ માંડી રહેલ મને બીજા સર્વ કાર્યથી સર્યું. મેં કંઇક પુણ્ય કર્યું હશે, તેથી આપનું અનુશાસન સાંભળી સાવદ્યકાર્ય ત્યાગવાની મને બુદ્ધિ ઉત્પન્ન થઇ છે.

આપશ્રીનું મિલન ન થયું હોત, તો કુયોગમાં મારો આત્મા ફેંકાઈ જાત. આપે તો મને સન્માર્ગે જોડ્યો ! એમ કોમલવચને પિતાશ્રીને સમજાવી, પ્રણયીવર્ગના સ્નેહને અવગણી, સંવિગ્નમનવાળો–માન–શોકરહિત થઇ રાજમહેલને છોડી ચાલ્યા ગયા. પેલા ચાલ્યા જાય અનંતકેતુ મહર્ષિ. સૌ એકીટસે જોઇ રહ્યા અને તે વખતે ખેચરો ચરણે નમન કરતા હતાં. તેમનાં મુકુટનાં કિરણોથી ચરણકમલે રક્તતા ધારણ કરી,

એવા અનંતકેતુ રાજર્ષિ લોકોની પ્રસંશાને ઝીલતા, મોટા સ્વરથી બંદીલોકો–ભાટચારણો દ્વારા કરાતી સ્તુતિને સાંભળતાં, મંત્રી–સામંતોથી પૂજાતા, આદરપૂર્વક પ્રણુચીવર્ગથી જોવાતા, તેમ જ રૂપસૌંદર્યવાળો આવો પુરૂષ શું સંસાર છોડી જશે! એવા વિચારથી દિલગીર થતી તેમજ સંસારમાંથી આવો રૂપાળો પુરૂષ ચાલ્યો જાય છે, તેવા સંસારથી કામ પણ શું! એમ વૈરાગ્યરસમાં તરબોળ બનેલી નારીઓના અભિનંદનને ઝીલતા ગુણશીલ નામના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં શ્રીગુણશેખર-સૂરિની પાસે ફરીથી નિર્મળ સંયમ સ્વીકાર્યું, સૂત્રાર્થનો અભ્યાસ કરતાં ગુરુ સંગાથે ગ્રામ, નગરાદિમાં વિચરવા લાગ્યા. સંયમની સાધનાપૂર્વક જ્ઞાનાભ્યાસમાં લીન બનેલા અનુક્રમે તે શ્રુતસાગર પારગામી થયા. વળી તેમણે પૂર્વકૃત પાપરૂપી જલાશયને વિશિષ્ટ કોટિના તપથી શોષી અધ્યવસાય નિર્મળ બનાવ્યા. અધ્યવ્યસાયની શુદ્ધિ–વિશુદ્ધિ, તેમજ રગેરગમાં વ્યાપેલ સંયમી જીવનની ક્રિયાના બળે અનંતકેતુ મહર્ષિને અવધિજ્ઞાન ઉપન્યું. જ્ઞાનબળે અનેક સંશયોનું નિરાકરણ કરતાં, યોગ્તાના બળે તેઓ સૂરિપદવી વર્યાં.

પરમેષ્ઠિના ત્રીજા પદને પ્રાપ્ત કરી અન્ય સાંસારિક પ્રયોજનથી નિરપેક્ષ, ભવ્ય જીવોની ઉપર ઉપકાર કરનારા, અનેક મુનિપુંગવોથી શોભિત, સૂત્રદાન વર્ષાવતા, ધનવંત–સામંતાદિથી ચરણકમલની ઉપાસના કરાતા, પંકજની જેમ અલિપ્તપણે વિહાર કરતાં ગગનવલ્લભપુરનગરે તેમનું આગમન થયું. મુનિ આગમનના સમાચાર વાયુવેગે નગરમાં સર્વત્ર વ્યાપી ગયા.

વિશેષ રાજકુમાર મહાવેગે જાણ્યા. સુણીને તે વિસ્મિત મનવાળો થયો. અને ચિંતવવા લાગ્યો, "અહો ! મહાઆશ્ચર્ય તો જુઓ ! સ્રીલંપટ, દુરાચારી, અધમ, પાપાત્મા પણ સાધુપદવીને વરે ! ઉત્તરોત્તર ગુણરૂપી શિખર ઉપર આરૂઢ થાય ! દુર્જય મોહરાજાને પણ જીતે ! અહો ! જૈનશાસનની બલિહારી તો જુઓ ! કર્મપરિણામના વિલાસને અને ભવના ગહન સ્વરૂપને કોણ જાણી શકે, એકાંતથી તો કોઇ ભવ્યાત્મા તેના સ્વરૂપને જ્ઞાનદ્રષ્ટિથી જાણે, જયારે બીજા ભાવપરાવર્તન દેખી જાણે. વળી ધર્મમાર્ગમાં સ્થિત જ સવિશેષ ઉદ્યમ કરે. પણ ઉન્માર્ગે ચઢેલ જીવને ધર્મમાર્ગમાં ચડવું તે અતિદુષ્કર છે. ખરેખર ! આ મહાત્મા સામાન્ય નથી. જે અનુચિત પ્રવૃત્તિ કરવા છતાં તેનાથી નિવૃત્ત થઇ સંયમરૂપી પર્વતના શિખર ઉપર આરૂઢ થઈ, હાલમાં અહીં આવેલ છે. અહો ! તે મહામુનિ વંદનીય, પૂજનીય ઉપાસનીય છે. એમ વિચારી વિજયવેગરાજવી તથા નગરલોકોની સાથે મહાવેગકુમાર પણ વંદનાર્થે આવ્યા. તેમણે રાજચિહ્નો દૂર મૂકયા. આદરસહિત પ્રદક્ષિણાપૂર્વક ગુરુને વંદના કરી. તેમણે પણ ધર્માશિષ દીધી. બાદ સર્વે ઉચિતાસને બેઠા. નયનામૃત સમ સભાજન સમક્ષ, વિશેષથી મહાવેગકુમારને અનુલક્ષી આચાર્ય–ભગવંતે ધર્મ-કથાનો પ્રારંભ કર્યો.

મહાનુભાવો ! સંસારી જીવો સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરે છે. આ સંસારનો અંત લાવવા પુરુષાર્થ કરવો આવશ્યક છે. તે પણ કુમાર્ગે પ્રયાણ કરતાં આત્માને સન્માર્ગે સ્થાપન કર્યા વિના અશકય છે. વળી સન્માર્ગે

પ્રયાણ કરનાર આત્માઓ સંસારરૂપી સમુદ્રને તરી જાય છે. પણ સન્માર્ગે જીવને પ્રયાણ કરવું મુશ્કેલ છે. જીવને કુમાર્ગે દોરનાર રાગદ્વેષાદિ મહાશત્રુઓ છે. તેનો નિગ્રહ વિવેકથી થાય છે. વિવેકની પ્રાપ્તિ પ્રતિદિન શાસ્ત્ર શ્રવણવડે થાય છે. સમ્યક્ પ્રકારે તેનું શ્રવણ સગુરુની સેવા ઉપાસના દ્વારા થાય છે. મુક્તિના માર્ગની સાધનામાં તત્પર જે હોય, તે જ સદ્‌ગુરુઓ માર્ગદેશક છે. અને તેવા જ સુગુરુઓ મિથ્યાત્વથી અંધ બનેલા જીવોને પરમ ચક્ષુ સમાન છે. અત્યંત અયોગ્ય જીવો પણ ગુરુકૃપાથી યોગ્યતાને વરે છે. ગુરુકૃપાથી મૂર્ખ પણ પંડિત બને છે. મારા જેવા પાપાત્મા પણ ગુરુકૃપાથી જ આટલી યોગ્યતા પામ્યા છે. અને કૃપાબળે જ પેલા નરવાહન રાજા પણ રાજવૈભવને ત્યજી મોક્ષમાર્ગના સાધક બન્યા છે.

આ સાંભળી કૌતુકથી કુમારરાજાએ કહ્યું: ભગવન્! તમારૂં સર્વ સ્વરૂપ અમને પ્રત્યક્ષ છે, પણ નરવાહનરાજાનું દૃષ્ટાંત પ્રસાદ કરીને કહો. સૂરિ ભગવંતે પણ ભાવિમાં કલ્યાણ થવાનું જાણી કથાનો પ્રારંભ કર્યો:

વિવિધ આશ્ચર્યરૂપી રત્નોની રોહણભૂમિ સમ વૈદેશા નામની નગરી છે. ત્યાં નમ્ર સામંતોના મુકુટમણિના કિરણોથી તેજસ્વી બનેલ છે ચરણારવિંદ જેના એવો **નરવાહન** નામનો રાજા છે. તેની સર્વજ્ઞ ભગવંતના શાસન પ્રત્યે પરમભક્તિવાળી **પ્રિયદર્શના** નામની પત્ની છે. તેનો અમોઘરથ નામનો પુત્ર છે.

સુખપૂર્વક કાળ નિર્ગમન કરતાં તેઓ આનંદની અનુભૂતિ કરી રહ્યા હતા, પણ રાજા ધર્મથી વિમુખ બનતો જતો હતો. કેમકે મહાપાપી જીવોની દિન-પ્રતિદિન વધતી સુખસંપત્તિ પુત્રાદિ પરિવાર નિહાળી તથા ધર્મીજનોની ઘટતી જતી સુખ-સંપત્તિની સામગ્રી માન, ધન, આરોગ્ય, પુત્રાદિની હીનતા જોઇ વિપરીત ચિત્તવાળો રાજા ધર્માધર્મ પક્ષની અવગણના કરવા લાગ્યો. ધર્મથી વિમુખ થયેલા તે રાજવીને લાગ જોઇ પ્રિયદર્શના રાણીએ કહ્યું :

દેવ ! સર્વ લોકોને માન્ય ધર્માધર્મના સ્વરૂપને તથા ભેદભાવને કેમ સમજતા નથી ! વળી રાજન્ ! રાજ્યાદિની પ્રાપ્તિ એ ધર્મનું પ્રત્યક્ષ ફળ છે. ધનનાશ, રોગ-શોકાદિની પ્રાપ્તિ એ પાપનું ફળ છે. જો એમ ન હોત, તો સર્વ જીવો સુખી હોત, અથવા દુઃખી હોત. પણ એમ નથી. કોઈ રંક તો કોઇ રાજા બને છે. આવું સૃષ્ટિમાં જોવા ન મળત. વળી કારણ વિના કાર્યની પેદાશ-ઉત્પત્તિ થતી નથી. માટી વિના ઘટ બનતો નથી. એમાં પણ કુંભાર જુદા જુદા ઘાટો બનાવે છે. કળશ-ઘટ વગેરે અનેક ભાવોમાં માટીનું પરાવર્તન થાય છે. તેમ જીવ પણ પાપ પુણ્ય દ્વારા અનેક પ્રકારના ભાવોને ધારણ કરે છે.

સર્વજ્ઞ ભગવંતના શાસનને અનુલક્ષીને આસ્તિકતાને સ્થાપન કરનારા રાણીના આવા વચનોને સાંભળી અત્યંત ક્રોધાયમાન થયેલા રાજાએ કહ્યું : સ્વમતિરચિત ઘણા સૂત્રના પ્રપંચોથી કોઈક ધૂતારાએ તને ઠગી લાગે છે. તેથી જ

કુબોધને પામી તું આ પ્રમાણે બોલે છે. દ્રષ્ટ-વસ્તુને છોડી અદ્રષ્ટ વસ્તુમાં કોણ શ્રદ્ધા કરે? માટે ફરીથી મને આવા અસાર વિચારને કહીશ નહિ.

હવે રાજાને મિથ્યામતિવાળો જાણી રાણીએ પણ મૌન ધારણ કર્યું. કેમકે સ્વામીના ચિત્તને અનુસરી કાર્ય કરવું એ જ સદાચારી સ્ત્રીનો આચાર છે. ત્યાર પછી રાજા માંસ-મદિરાના પાનમાં ઉન્મત્ત બન્યો, શિકારમાં પ્રવૃત્તિ કરવા લાગ્યો, ધર્મવાર્તા પણ કરતો નથી. ધર્મવાર્તા કહેનારા પ્રત્યે પણ તિરસ્કાર દર્શાવવા લાગ્યો, હંમેશા પાપ કાર્યમાં રચ્યો-પચ્યો રહેવા લાગ્યો, એક વાર રાજા સભા-મંડપમાં બેઠો છે તેવા સમયે એક શિકારી આવ્યો, શિકારીના સ્વાંગ સજેલા હતા, શ્યામકાયાવાળા તેણે તીર કામઠા ધારણ કરેલા હતા તે હાથીને લઈને આવ્યો હતો, હાથી પણ ઉન્મત્ત કાયાવાળો સુંદર હુષ્ટ પુષ્ટ હતો.

હવે ગજરાજને જોઇ રાજા આનંદિત થયો, તેને રાજાએ મૂલ્ય તથા જાતિ સંબંધી પૂછપરછ કરી, આગંતુકે કહ્યું: રાજન્! આ હાથી ભદ્ર જાતિનો છે. તેનું મૂલ્ય સવાલાખ છે. આપને યોગ્ય લાગે તેમ કરો. મૂલ્ય ચૂકવી હાથીને ગ્રહણ કરો. મારી આશા પૂર્ણ કરો. ત્યારે સંતુષ્ટ થયેલા રાજાએ સવાલાખ સુવર્ણ દઇ હાથી ખરીદી લીધો હસ્તીશાલામાં ગજરાજને આલાનસ્થંભે બાંધ્યો. પછી શિકારીને વિસર્જન કર્યો.

હવે એકવાર રાજા અશ્વ ખેલવવા નગર બહાર ગયાં. પાછા ફરતાં કોસંબવનમાં અનેક જનસમુદાય સમક્ષ ધર્મકથા કરતાં ધર્મસિંહ નામના સાધુને જોયા. તે મહાત્મા અત્યંત દયાળુ અને પરોપકારી હતા. છતાં કોપાયમાન થયેલો રાજા તેમની સમક્ષ જેમ તેમ બકવા લાગ્યો : અરે ! આ સાધુના વેશમાં કોઈ પાખંડી આવેલો છે! અને કોઈ ઈન્દ્ર જાળ જેવી રચના કરી લોકોને ખોટી ચતુરાઈ બતાવી છેતરનારો છે ! અહો ! આની ઠગ–વિદ્યા તો જુઓ ! એણે કેવી મોટી યુક્તિબંધ જાળ પાથરી છે ? એનું માયાવીપણું પણ કેવું જબરૂં છે ? આનાથી લોકો છેતરાઇ ગયા છે, લોકો પણ મૂરખા, અક્કલ વગરના ભોળા છે. અરે ! આ કોણ સ્વચ્છંદપણે વાર્તાલાપ કરે છે. હવે ક્રોધથી અરૂણ લોચનવાળો, લજ્જા–મર્યાદાનું ઉલ્લંઘન કરી, પ્રધાન પરિજનોએ વાર્યો, છતાં તે નરવાહન રાજા ચર્મવડે સાધુને હણવા લાગ્યો. રાજપુત્ર અમોઘરથે આ દૃશ્ય જોયું તેણે કમકમાટી અનુભવી, પણ શું થાય ! રાજા કોઈનું સાંભળતો નથી.

હવે આ બાજુ રાણીએ તે વાત જાણી પ્રધાનપુરુષોને રાજાને વારવા માટે મોકલ્યા. તેમણે પણ વિનવ્યો. ત્યારે રાજાએ કહ્યું : જો તે ધર્માધર્મની પ્રરૂપણા કરવાનું બંધ કરે, તો જ છોડું, સાધુએ પણ તે સ્વીકાર્યું. પછી રાજાના બંધનમાંથી મુક્ત થયેલા તે મહાત્માએ અપ્રીતિકર સ્થાન જાણીને અન્યત્ર વિહાર કર્યો.

કમકમાટી ભર્યો અને સનસનાટી ભર્યા આ સમાચાર

સાંભળી લોકો પણ ખેદ પામ્યા. અહીં જ હીલનાનું ફળ મળશે. વધ, બંધ, મારણ અને તાડનનું ફળ હસતાને રોવડાવે એવું મળશે. એમ વિચારતો રાજા ભયભીત થયો. આ વાત વાયુ વગે ધર્મીજનોમાં ફેલાઈ ગઇ, દેશાંતરમાં તેની અપકીર્તિ પ્રસરી ગઇ. સાધુઓ પણ વિચારવા લાગ્યા. આ તો પરિષહ સહન કરવો જોઇએ. એમાં શું? ક્ષમાશ્રમણ તો ત્યારે જ કહેવાય કે, સમતા ધારણ કરે, અપરાધોને ખમે, એમ વિચારી મુનિઓ દેશાંતરે ગયા.

હવે એકવાર રાજા અશિક્ષિત ગજરાજ ઉપર આરૂઢ થયો. લોકોએ વાર્યો છતાં રથવાડીએ ગયો. દૈવ–દુર્યોગથી સ્વચ્છંદપણે વનમાં વિચરતો તે હાથી ગમે તેમ ચાલવા લાગ્યો. તીક્ષ્ણ પ્રહારથી કુંભસ્થલ ભેદ્યું. છતાં કુચાલે પ્રયાણ કરતો તે હાથી અટવી તરફ ચાલવા લાગ્યો. પવનથી પણ અધિક ગતિથી પ્રયાણ કરતા તેની પાછળ અશ્વસેના અને ઘોડેસ્વારો દોડ્યા. પણ જાણે નિકાચિતકર્મનો સમૂહ જ ન હોય, તેમ તેને અટકાવવા સમર્થ થયા નહીં. થોડીવારમાં તો હાથી અદૃશ્ય થઇ ગયો. બધા હતાશ થઇને પાછા વળ્યા. રાજા પણ ક્ષુધા તૃષાને સહન કરતા અટવીમાં જઇ પહોંચ્યો. ત્યારે ઝાડ નીચેથી પસાર થતાં હાથી ઉપરથી કૂદકો મારી શાખા પકડી લીધી.

હાથી ભાગી ગયો. પછી રાજા ઝાડથી નીચે ઉતર્યો. પાણીની શોધ કરવા લાગ્યો. તેનું ગળું સુકાઈ ગયું હતું.

તેની તૃષા છીપાય એમ ન હતી. ચોતરફ પાણીની તપાસ કરવા લાગ્યો.

તેટલામાં ત્યાં ભીલોની ટોળકી આવી. તેના આભરણાદિ ઉતારી લીધા. ફક્ત લંગોટી જેટલું જ વસ્ત્ર રહેવા દીધું. પછી તેમણે પૂછ્યું : તું કોણ છે? ત્યારે રાજાએ કંઇ જ જવાબ આપ્યો નહિ. ત્યારે લાકડીના પ્રહારો કર્યા અને પછી તેને ઝાડની સાથે બાંધી ભીલો નાસી ગયા. હવે રાજાએ પીડા સહન કરતા રાત્રિ પસાર કરી. મોટા પરિશ્રમથી ધીમે ધીમે બંધન છોડી સીમાડાના માર્ગે ચાલ્યો. ક્ષુધા તૃષાતુર રાજા રાજ્યપુરનગરે પહોંચ્યો. ત્યાં તળાવમાંથી પાણી પીધું. અને સ્વસ્થ થયો.

ખરેખર મહાત્માને સંતાપ્યા તેનું ફળ રાજાએ આ ભવમાં જ પ્રાપ્ત કર્યું. રાજ્યસુખો તો જાણે સરી ગયા. એક વખતનો રાજા આજે ભિખારી બની ગયો. ભિક્ષા સમયે નગરમાં ગયો.

ભિક્ષા માટે ભમતાં-ભમતાં તેને અરસ-વિરસ આહાર પ્રાપ્ત થયો. તેનાથી થોડી ભૂખ શમાવી. પછી લઘરવઘર વેશે ભમતાં તેને "આ ચોર છે" એમ જાણી ક્યાંય કોઇ રહેવા-બેસવા સ્થાન આપતું નથી. આથી તે નગર બહાર ઉદ્યાનમાં ગયો.

ત્યાં આગળ સ્વાધ્યાય કરતાં મુનિના શબ્દો શ્રવણે પડ્યા. પછી તે તેઓની પાસે ગયો. એક વખતનો સાધુનો દ્રોહી આજે સાધુને શરણે ગયો. જગતમાં કોઇએ આશરો આપ્યો

નહીં, ત્યારે સંતોની દુનિયા સહાયક બની. ત્યાં દિવ્યજ્ઞાન-રૂપી નયન દ્વારા શ્રી સુધર્મસૂરિજીએ તેને જોયો, સૂરિભગવંતે પણ કહ્યું : ઓ નરવાહન મહારાજ! તમે આવ્યા છો? ત્યારે રાજા પણ વિસ્મય પામ્યો. વિચારવા લાગ્યો કે આ મને શી રીતે જાણે છે. પછી તેણે મુનિ ભગવંતને કહ્યું : તમે મને શી રીતે જાણો છો? સૂરિએ કહ્યું : મહારાજ! તેં જાતે જ દેશમાંથી સાધુઓને બહાર કાઢી તારૂં નામ જગજાહેર કર્યું છે, તેમાં કંઈ જ નવાઈ નથી. આવું સાંભળી તે લજ્જા પામ્યો. ત્યારે સૂરિજીએ કહ્યું : દેવાનુપ્રિય! કેટલાક જીવો સુકૃતોદયથી રાજ્યાદિ સુખ સામગ્રી પ્રાપ્ત કરી તેમાં મગ્ન બની જાય છે. વળી માનરૂપી શૈલરાજ ઉપર આરૂઢ થઈ અસભ્ય વાણી ઉચ્ચારે છે. વળી પુણ્ય નથી, પાપ નથી, પરલોક નથી, જીવ નથી, શા માટે લોકો દાન-શીલ તપાદિ કૃત્યોને કરે છે, આવું બધું શાસ્ત્રના પરમાર્થને નહિ જાણનાર ધર્મ વિરૂદ્ધ આચરણ કરનાર ભૂતની જેમ બકે છે. સાધુવર્ગને તર્જના કરતો, શિષ્ટ વાણીનો અપલાપ કરતો, જાણે હું જ તત્ત્વજ્ઞાની, હું જ વિવેકી, બીજા બધા મૂઢ, અનુચિતવાદી છે, એમ માને છે. હે નરેન્દ્ર! તેવા જીવો તારી જેમ અનર્થને પામે છે. અને પરભવમાં પણ દુર્ગતિના ભાજન થાય છે.

મહાત્માની વાણીથી તેની આંતરદષ્ટિ વિકસિત થઇ ગઇ. પાપાચરણનું સ્મરણ કરી તે દુષ્કૃતની નિંદા કરવા લાગ્યો. પશ્ચાત્તાપથી પોતાના પાપોનું ક્ષાલન કર્યું. ખરેખર પશ્ચા-ત્તાપથી આત્મા કર્મબંધનથી હળવો બને છે. પશ્ચાત્તાપરૂપી

પાવક જ્વાળામાં તે કર્મ ઈંધન બાળવા લાગ્યો. તેને પોતાની ભૂલ સમજાઇ ગઈ.

પછી સૂરિભગવંતને કહ્યું, " ભગવન્ ! મારા વડે કેવા પ્રકારની અનર્થ પરંપરા ઉપાર્જન કરાઈ ? ત્યારે સૂરિ ભગવંતે કહ્યું : તને અન્ય કોણ કહેવા સમર્થ થાય ? તારી ઇચ્છા જ છે તો સાંભળ. જગતમાં જ સંયમીઓની અલબેલી દુનિયામાં વસતા, સંયમી જીવનની સાધના કરનારા, અપ્રમત્તદશાને વરેલા મહાત્માની તે દુષ્ટવચનથી અવગણના કરી છે. તેમના પ્રત્યે તિરસ્કાર વૃત્તિ દાખવી છે. વળી તેઓની અવગણના અને તિરસ્કારમાંથી ઉદ્ભવેલી ધિક્કારની વૃત્તિથી તે મહાત્માને તાડન-તર્જના કરી છે, તે કારણથી રાજ્ય સંપત્તિથી દૂર ફેંકાયો છે. વળી હે મહારાય ! અનાર્ય-ચેષ્ટાથી તુચ્છબંધનાદિથી શરીરને પીડા ઉપજાવી તેં અપયશ પ્રાપ્ત કર્યો છે. વળી ધર્મ વિરૂદ્ધ આચરણ કરવાથી તું પરલોકમાં અતિદુઃખની પરંપરાને પ્રાપ્ત કરીશ. તું કહે છે કે, પરલોક નથી, પુણ્ય નથી, પાપ નથી, પણ રાજન્ ! તું ભૂલે છે. પ્રત્યક્ષપણે તું પુણ્ય-પાપના ફલને અનુભવે છે. છતાં ઉન્મત્તની જેમ શા માટે પ્રલાપ કરે છે ! તપાદિ ક્રિયાનું ફળ કાંઇજ નથી, એમ તારૂં બોલવું પણ અયુક્ત છે. જો તપાદિનું ફળ ન હોય, તો વૈરી એવા તારી સન્મુખ હું કેવી રીતે બેસી શકું. વળી પરલોક નથી, એમ કહેવું પણ અનુચિત છે. કેમકે જાતિસ્મરણ દ્વારા પૂર્વભવનું સ્મરણ થાય છે. વળી જીવ અનેક ભાવોને અનુભવે છે. તેમાં પણ વ્યભિચાર થશે. માટે તારૂં તે બોલવું અનુચિત છે.

કેમકે અત્યારે તારા સ્વરૂપને જ તું જો અને સાચું સમજ.

રાજસુખને ભોગવતો રાજવી તું અત્યારે ભિક્ષુક બન્યો! તે શું તું જોતો નથી? આ બધાની પાછળ મહત્ત્વનું કારણ કર્મની વિચિત્રતા છે. તેનો તું સ્વીકાર કર. જીવ શુભાશુભ કર્મને બાંધે છે. તેના કારણે સુખ દુઃખ અનુભવે છે. ભયંકર વિપાકવાળું કર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે રાજ્ય વગેરે બધું હવામાં ઉડી જાય છે. અને ત્યાં સુધીનું પરિણામ આવે છે કે ભૂખથી ઊંડા ઉતરી ગયેલા પેટને પૂરવા વાસ્તે ઘેર ઘેર ભીખ માંગવા ભટકવું પડે છે કર્મના આવરણો જ્યાં સુધી ખસ્યા નથી, ત્યાં સુધી સુખદુઃખની જાળ બરાબર કાયમ રહેવાની છે. દુઃખના અત્યંત નાશપૂર્વક શુદ્ધ સુખ મેળવવાની ઇચ્છા રાખનારને અકર્મક થયા વિના છૂટકો નથી. એનો સાક્ષાત્કાર તો તેં પ્રત્યક્ષ અનુભવ્યો છે. એ તો તને સત્યની પ્રતીતી થઈ ને? વળી હે રાજન્! તું કહે કે દૃષ્ટ વસ્તુને મૂકી અદૃષ્ટ–વસ્તુમાં કોણ પ્રવર્તે? તો સાંભળ, કિંપાક ફળ ખાવાથી મૃત્યુની પ્રાપ્તિ થાય છે. તેથી કિંપાકફળનો ઉપભોગ ન કરવો જોઇએ. તે વાત તારા મતે ઘટશે નહિ. જો અદૃષ્ટની કલ્પના અનુચિત અને સત્ય હોય, તો શા માટે મધુર છતાં ભાવિમાં વિનાશ સર્જનારા કિંપાકફલનો ત્યાગ કરાય છે? આથી તારા મતનું અહીં ખંડન થઈ જાય છે. વળી તું કહે છે કે, ધર્માચરણ કરનારા સીદાય છે. અને પાપીજીવો સુખ અનુભવે છે, તે પણ પૂર્વકૃતકર્મજનિત ફલ જાણવું. તત્કાલ કરેલ ધર્માધર્મનું આ પ્રત્યક્ષ ફળ નથી.

તો હે નરપતિ ! આ તારા ખોટા પ્રલાપને ત્યજી દે. તું વિશિષ્ટ માર્ગ સ્વીકાર અને મદ્ય-માંસ પ્રાણીઘાતની પ્રવૃતિને છોડી દે. ફક્ત તુચ્છ અને થોડા સુખ ખાતર ભાવિમાં બહુ દુઃખદાયી ફળને પ્રાપ્ત કરાવનારી પ્રવૃતિનો તું આજથી ત્યાગ કર.

સર્વજન પ્રસિદ્ધ, સુખના સાધનભૂત, આગમમાં કહેલ જીવદયા પ્રધાન ધર્મનું સમ્યક્ પ્રકારે આચરણ કર. પૂર્વે કરેલ અતિકટુફલદાયી દુષ્કૃતોની ગર્હા કર. જો તારા આત્માનું શુભ ઇચ્છતો હોય, તો પ્રાણી-વધાદિ-હિંસાકારી અનિષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ કર. વળી જ્વલંત અગ્નિવડે બળેલું વૃક્ષ પાછું પુષ્પ ફલાદિથી સઘન બની જાય છે, પરંતુ દુષ્ટ વચનો વડે માણસના હૃદયમાં પડેલો ઘા રૂઝાતો નથી. સત્ય-વાણી જે આનંદ ઉપજાવે છે, તે આનંદ ચંદન કે રત્નોની માળા ઉપજાવતી નથી. વળી અસત્ય લોકમાં અવિશ્વાસ ફેલાવે છે. દુર્વાસનાઓને અવકાશ આપે છે. અને ધીરે ધીરે મોટા દોષોને જન્મ આપે છે. માટે અસત્ય વચન ઉચ્ચારવું નહીં. સત્ય વગેરે વ્રતો અહિંસારૂપ સરોવરની પાળ સમાન છે, સત્યવ્રતનો ભંગ થવાથી અહિંસારૂપ સરોવરની પાળ તૂટી જાય છે. અને અહિંસારૂપ જળ અસ્ખલિત પણે વહી જાય છે.

પરદ્રવ્યને હરનાર મનુષ્યો ખરેખર પોતાના ધર્મરૂપ બગીચામાં આગ લગાડે છે. પરદ્રવ્ય હરનારને આ જિંદગીમાં સુખ નથી. તેની પરલોકમાં સદ્ગતિ નહીં. વળી બ્રહ્મચર્યરૂપ પ્રદીપમાં બધા દોષો પતંગિયાનું અનુકરણ કરે છે. બ્રહ્મચર્યરૂપ

ચંદ્ર સર્વ સંતાપનું શમન કરનાર છે. બ્રહ્મચર્ય રૂપ સમુદ્રમાં અનેક ગુણરૂપ રત્નો નિપજે છે. માટે બ્રહ્મચર્યનું પાલન કર. પરસ્ત્રી ગમન કરનાર પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે. વળી પરલોકમાં ભયંકર દુર્ગતિએ જવું પડે છે. વળી હે રાજન્! પરિગ્રહની ઝેરીલી છાયા ફેલાવાથી મનુષ્ય મૂર્ચ્છિત થઇ જાય છે. મૂર્છાથી કર્મના બંધનમાં બંધાવું પડે છે. પરિગ્રહને આધીન થયેલા મનુષ્યને વિષયરૂપ ચોરો લૂંટવા માંડે છે. કામાગ્નિ બાળવા માંડે છે. અને કષાયરૂપ શિકારીઓ ચારે તરફથી તેને ઘેરી લે છે.

તો હે રાજન્! પ્રત્યક્ષ ધર્માધર્મનું ફળ જોઇ અનંત દુઃખરૂપી પાપપંકમાં તારા આત્માને નાંખ નહિ, હજુ પણ ભૂનાથ! તારૂં કંઇ જ બગડયું નથી. તું આત્મકલ્યાણની કેડીએ પ્રયાણ કર. ધર્મમાર્ગમાં સ્થિત થા. તો દૂર ગયેલ લક્ષ્મી પણ સામે પગલે તને અનુસરશે.

આ પ્રમાણે જૈનશાસનને પામેલ મહાત્માના વચનથી નરવાહનરાજા અત્યંત પશ્ચાતાપ કરવા લાગ્યો. પરિણામે તત્ક્ષણ તેનું મિથ્યાત્વ નાશ પામ્યું. તેના રાગદ્વેષ વગેરે વિકારો પાતળા પડી ગયા. તેને ભદ્રક–ભાવની પ્રાપ્તિ થઈ, તે આચાર્ય ભગવંતના ચરણે પડીને કહેવા લાગ્યો." અહો! આપની શક્તિને ધન્ય છે.! અહાહા! મારા ઉપર કેટલી દયા છે! અન્ય ઉપર ઉપકાર કરવાની એક સરખી આપની સાત્વિકવૃત્તિને ધન્ય છે! અહો સદ્ભાવના જ્ઞાતા! આપને નમસ્કાર છે. અહો ભવ્ય પ્રાણીઓ તરફ પિતા જેવો પ્રેમ

ભાવ રાખનાર ! આપને નમસ્કાર છે. મૂઢ પ્રાણીઓને બોધ કરવામાં નિપુણતા ધરાવનાર મહાત્મા ! અજ્ઞાનરૂપ સમુદ્રનો પાર પામવો મુશ્કેલ છે, છતાં ભવ્ય–પ્રાણીઓને તેનો પાર પમાડવામાં તત્પર થયેલા હે મહાત્મા ! મહા ભાગ્યશાળી વીર ! કૂવામાં પડતાં તમે મારૂં રક્ષણ કર્યું છે.

વળી ધર્મોપદેશવડે મારા ઉપર અનુગ્રહ કર્યો છે. તો હે ભગવન્ ! નિષ્કારણ બંધુ એવા આપની પાસે મિથ્યાધર્મના ત્યાગપૂર્વક જિનધર્મ અંગીકાર કરૂં છું. વળી અજ્ઞાની એવા મેં મિથ્યાત્વભાવથી રાજ રમતમાં પરાયણતાથી દુષ્ટ આચરણ કર્યું છે, તે સર્વજની હું નિંદા કરૂં છું. તેની ગર્હા કરૂં છું વળી તેને અનુરૂપ પ્રાયશ્ચિત પણ સ્વીકારૂં છું.

કર્મની લાઘવતાથી પાપનો એકરાર કરનાર રાજાને સૂરિ-ભગવંતે કહ્યું : મહારાજ ! ઉત્તમ પુરૂષોને તો આ જ યોગ્ય છે ત્યારપછી દિવ્યજ્ઞાનોપયોગથી યોગ્યતા જાણી જિનધર્મના પરમાર્થને, કર્મના મર્મને, શાસનની ઉત્તમતાને સમજાવી ત્રિવિધે-ત્રિવિધે મિથ્યાત્વ ત્યજાવી તેનામાં સમ્યક્ત્વનું આરોપણ કર્યું. તેમ મધ–માંસ–રાત્રિ–ભોજનનો ત્યાગ કરાવ્યો. અને તેણે પૂર્વકૃત દુષ્કૃતનું પ્રાયશ્ચિત્ત કર્યું, શક્તિ અનુસાર તે જિનધર્મનું પાલન કરવા લાગ્યો. શ્રાવકોએ પણ "આ સાધર્મિક છે" એમ જાણી, વસ્ત્ર, ભોજનાદિથી તેનો સત્કાર કર્યો. કેટલાક દિવસો પછી તેણે પોતાનું રાજ્ય પ્રાપ્ત કર્યું. સુંદર રીતે નગરપ્રવેશ કર્યો.

ત્યારપછી જિનધર્મનાં અનુરાગી તે રાજા સાધુ વર્ગનો સત્કાર કરવા લાગ્યો. નિરંતર ધર્મપાલનમાં તત્પર થયો. પ્રિયતમની આશ્ચર્યકારી, પાપથી વિમુખતા, ધર્મમાં અનુરાગીતાને જોઈ રાણી પ્રિયદર્શનાના હૈયામાં આનંદના સાગરિયા હેલે ચડચા. તેને આશા પરિપૂર્ણ થવાનો આનંદ હતો. પરંપરાએ રાજપુત્ર અમોઘરથે પણ જૈનધર્મ અંગીકાર કર્યો. પરિણામે ધર્મી લોકો વિશેષ અનુરાગી બન્યા. વળી અયોગ્ય રાજ્યથી ભ્રષ્ટ થયેલા રાજાએ પરમાર્થને પ્રાપ્ત કરી દુર્ગતિને દૂર હડસેલી દીધી, અને તેઓ ઉન્નતિને પામ્યા. વળી ગુરુ ભગવંતના ઉપદેશથી ધર્મ અને સુગતિ પામ્યા. ખરેખર ગુરુ પ્રસાદથી કોઈપણ વસ્તુ એવી નથી કે, જેની પ્રાપ્તિ ન થઇ શકે, દુર્લભ પણ સુલભ બને. તો હે વિજયવેગ વિદ્યાધરપતિ અને મહાવેગકુમાર ! તેં જે નરવાહન રાજા સંબંધી પૃચ્છા કરી, તેનું મેં નિવેદન કર્યું. નરવાહન રાજાના દૃષ્ટાંતથી અનેક લોકો પ્રતિબોધ પામ્યા. પોતાના સામર્થ્યથી તપ-નિયમાદિ અનુષ્ઠાનમાં લોકો પ્રવર્ત્યા.

પછી રાજા વગેરે ગુરુને વંદના કરી પોતપોતાના સ્થાને ગયા નાસ્તિકતાનું ખંડન કરી આસ્તિકતાનું સ્થાપન કરનાર જૈનદર્શન સિવાય અન્ય કોઇ દર્શન નથી. તેની પ્રાપ્તિ મહા-પુણ્યશાળી આત્માને થાય છે. તે પ્રતિદિન ગુરુ પાસે ધર્મ કથાનું શ્રવણ કરવા જાય છે. એકવાર અવસર પામી રાજપુત્રે વિનયપૂર્વક ગુરુ ભગવંતને પૂછ્યું : હે ભગવન્ ! રૂપાદિ ગુણોથી અભ્યધિક રાજપુત્રોને જાણ્યા વિના રાજપુત્રી પદ્મા

શા કારણથી મારા ઉપર અનુરાગી થઇ! વળી તમે તેનો સંબંધ જાણવા છતાં શા માટે સંગ્રામ ખેલ્યો?

અવધિજ્ઞાની ગુરુ ભગવંતે જ્ઞાનથી પૂર્વભવ જાણી કહ્યું: હે રાજપુત્ર! સાંભળ. આ જંબૂદ્વીપમાં ઐરાવત નામનું ક્ષેત્ર છે. તેમાં કુંડિનપુરનગરમાં અર્જુન નામનો બ્રાહ્મણ ભિક્ષાવૃત્તિથી જીવનનિર્વાહ કરતો હતો. તેની સુશીલા, ધર્મપરાયણ સુસેના નામની ભાર્યા હતી. તેનો બાલ્યકાળથી સહચારી, કેલિદત્ત નામનો મિત્ર છે. સર્વ સ્વભાવથી અનુકંપામાં પરાયણ, દાક્ષિણ્યશાલી, સજ્જનોની પ્રશંસા કરનારા, કુશલ પ્રવૃત્તિમાં પરાયણ તેઓ સુખપૂર્વક કાળ પસાર કરતાં હતા. પરંતુ અર્જુન બ્રાહ્મણ અત્યંત ક્રોધી અને ઇર્ષ્યાળુ હતો. જ્યારે સુસેના તેનાથી વિપરીત સ્વભાવવાળી હતી. અને કેલિદત્ત પ્રતિજ્ઞા–પાલનમાં તત્પર, સરળ સ્વભાવી હતો. બધા સુખપૂર્વક દિવસો પસાર કરતા હતા.

હવે એકવાર હેમંતઋતુ આવી. તેવા સમયે વસ્ત્ર, તેલ, કામળ, અગ્નિ વગેરે કિંમતી દેખાય છે, તિલક, લોધ્ર, કુંદ, મોગરો વગેરે અનેક જાતિના પુષ્પવનો ખીલી રહ્યા છે. ઠંડો પવન મુસાફરોના દાંતની વીણા વગાડે છે. અને એ ઋતુ જળ–ચંદ્ર–કિરણ–મહેલની અગાશી ચંદન અને મોતીની સુભગતાની પ્રીતિને હરણ કરે છે. વળી દુર્જન માણસની સોબત પેઠે દિવસો ટૂંકા થાય છે, સજ્જનની મિત્રતાની પેઠે રાત્રિઓ લાંબી થાય છે. વિશુદ્ધ જ્ઞાનની પેઠે અનાજનો સંગ્રહ કરવામાં આવે છે. જાણે કાવ્યની પદ્ધતિ હોય, એમ મનોહર વેણીઓની

રચના કરવામાં આવે છે. વળી પ્રિયજનોના વિયોગરૂપ સર્પની નીચે પડેલા અને ઠંડા પવનથી શરીરે હેરાન થઇ જતા પીડિત અવસ્થામાં આવી પડેલા લોકોને તેઓ જાણે પશુ જ ન હોય, તેમ એ હેમંતઋતુ અગ્નિવડે ખાઈ જવાના ઈરાદાથી રાત્રે જાણે રાંધતી ન હોય એમ લાગે છે.

હેમંતઋતુમાં એક દિવસ સૂર્ય અસ્ત થયો. સંધ્યારાગથી ગગનતલ વ્યાપ્ત થઇ ગયું. ત્યારે ભવનમાં સુખે બેઠેલા અર્જુન-સુસેના-કેલિદત્ત વચ્ચે આ પ્રમાણે વાર્તાલાપ થાય છે.

આજે યશોવર્ધન શ્રેષ્ઠિની પુત્રી જેણે યૌવનને આંગણે પગ માંડયા છે, દોષરહિત છતાં તેના પતિએ નિષ્ઠુરવચનથી તેની તર્જના કરી છે, એટલું જ નહીં પણ કડક શબ્દોમાં તેણે કોઈ સાથે વાતો પણ ન કરવી, તેમજ કોઇના ઘરે પણ જવું નહીં" એમ કહી તેને હેરાન કરી રહ્યો છે. આ પ્રમાણની કડકાઈથી સુશીલા સ્ત્રી પણ દુઃશીલતાને પામે છે.

ત્યારે તેણે કહ્યું. આર્યપુત્ર! કઠોર વચન કહેવાથી શું થાય? જેની જેવી પ્રકૃતિ હોય, તે શિક્ષા આપવા છતાં પણ પરિવર્તન પામતી નથી. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે છે. ગમે તે ઉપાય કરો, પણ એ સીધી થોડી જ થઇ શકે? તેથી કુલમર્યાદાપૂર્વક શાંતિથી વર્તવું જોઈએ. જેમ તેમ બોલવાથી શું? ત્યારે ક્રોધથી તેણે કહ્યું: અરે પાપી! નિર્લજ્જ! તું કોની સામે અસભ્ય પણે વર્તે છે! અત્યારે જ તને તારૂં ફળ બતાવું છું. પછી તેણે તેને નવવધૂની જેમ ઘરમાં એ રીતે પૂરી રાખી કે, સૂર્ય-ચંદ્રના પણ દર્શન થઇ

શકે નહીં તો પછી બાહ્ય સૃષ્ટિનું અવલોકન તો શી રીતે થઇ શકે? અંધારી કોટડીમાં જ જાણે પૂરાયેલી ન હોય, તેમ તે પતિને પ્રતિબોધ કરવાનો ઉપાય ચિંતવવા લાગી.

હવે એક દિવસ તેને લાગ મળી ગયો. બન્યું એવું કે તેના ઘરમાં મહોત્સવ પ્રવર્ત્યો, સ્વજનોને નિમંત્રણા કરાઇ, ભોજન સમારંભની પૂર્ણાહૂતિ થઇ ગઇ. રાતે ઘરદેવતા આગળ જાગરણનો કાર્યક્રમ શરૂ થયો. નૃત્યો–ગીતગાનથી વાતાવરણ ગુંજી રહ્યું છે. સૌ કોઇ નાચ-ગાન-જોવામાં ચકચૂર થયેલા છે ત્યારે વહૂએ વિચાર્યું, "અત્યારે ભાગી જવાનો અવસર છે." એટલે પુરૂષ વેશ ધારણ કરી ઘરથી બહાર ચાલી ગઈ. પુરૂષ હોવાથી આરક્ષક પુરૂષોએ તેને રોકી નહી. પછી તેને જ્યાં જવું હતું ત્યાં ચાલી ગઇ.

આ પ્રમાણે વાર્તાલાપને સાંભળી ઈર્ષ્યા અને ક્રોધથી ધમધમી ઉઠેલ અર્જુને કહ્યું: અહો દુષ્ટ સ્રીઓના ચરિત્રને જાણવા બ્રહ્મા પણ સમર્થ નથી. ત્યારે કેલિદત્ત બોલ્યો: અરે પ્રિયમિત્ર! બધી સ્રીઓની નિંદા ન કર. સીતા વગેરે મહાસતીઓના ચરિત્રને તેં સાંભળ્યા નથી? તને મહાસતીઓના ચરિત્ર આનંદને ઉપજાવતા નથી? શીલની રક્ષા ખાતર પ્રાણની આહૂતિ દેવા તત્પર બનેલી નારીઓની જીવન કહાણી ઈતિહાસને પાને સુવર્ણાક્ષરે આલેખાયેલી છે.

ત્યારે સુસેના બોલી કે, આર્યપુત્રના અભિપ્રાયથી કોઇ સ્રી સુશીલા નથી. આ પ્રમાણે તર્ક-વિતર્કની અનેક કથાઓ કરતાં દિવસો પસાર થવા માંડયા.

એકવાર રાત્રિના સમયે અર્જુન અને કેલિદત્તે ઘરમાં પ્રવેશ કર્યો. ત્યારે કોઈ ચોરને વસ્તુ ઉપાડી જલદીથી ભાગી જતો જોયો. ત્યારે પેલો અર્જુન દુર્મતિથી કાર્યાકાર્યનો વિચાર કર્યા વિના શંકાશીલ બની જાય છે. ઓ ! કોઇ પત્નીનો જારપુરૂષ હશે એમ વિચારી, પત્નીને એકદમ પકડીને પૂછવા લાગ્યો, આ કોણુ છે ?

અચાનક જ થયેલા આ પ્રશ્નથી તે હેબતાઈ ગઇ, તે કામમાં મગ્ન હતી. એટલે ચોર સંબંધી કંઇ જ ખબર ન હતી. અર્જુન તો તેને મારપીટ કરવા લાગ્યો. વળી કહેવા લાગ્યો : અરે પાપી ! કેમ જવાબ આપતી નથી ? ઇચ્છા પ્રમાણે તે પુરૂષ સાથે તેં ક્રીડા કરી અને હું પૂછું તેનો ઉત્તર આપતી નથી ? શું સાંભળતી નથી ? ત્યારેય તેણુ કંઇ જ જવાબ આપ્યો નહીં.

વૈશ્વાનરને આધીન થયેલ તેની આંખોમાંથી અંગારા નીકળવા લાગ્યા. જાણે કર્મચંડાળ હોય, તેવો તે બની ગયો. તે જવાબ આપે તે પહેલા તો તેને મારવા લાગ્યો. ત્યારે અરે ! અરે ! મિત્ર ? તું આ શું કાર્ય કરી રહ્યો છે ? અરે ! તેં બહુ ભૂંડું કર્યું ? એમ બોલતો કેલિદત્ત વચ્ચે પડ્યો. ત્યારે તેના ઘાતથી મર્મસ્થાન હણાવાથી તે મૃત્યુને શરણુ થઇ ગયો.

આ બધી ઘટના જોઇ સુસેનાએ વિચાર્યું કે, અહો મારા નિમિત્તથી આ કેલિદત્ત મૃત્યુને પામ્યો ! બહુ જ ખરાબ થઈ ગયું. એમ સંતાપ કરતી તેને પણુ મારી નાંખી અને સુસેનાનો જીવ પરલોકે ગયો.

ક્રોધથી સર્જાયેલી અનિષ્ટ ઘટનાઓ જોઈ લોકો પણ તેને ધિક્કારવા લાગ્યા. આ સ્ત્રીનો ઘાતક છે, બ્રહ્મઘાતક છે, મહાપાપી છે, એમ હંમેશા લોકોથી કદર્થના પામતો તે જ ભવે ઘોર રોગાદિથી પીડાતો મરીને આર્તધ્યાનથી પ્રથમ નારકીમાં ગયો.

અર્જુન બ્રાહ્મણનું પ્રથમ નારકીમાં ગમન થયું. કેલિદત્તનો જીવ વ્યંતર થયો. અને સુસેનાનો જીવ બ્રાહ્મણીપણે ઉત્પન્ન થયો.

તે બ્રાહ્મણીપણામાં વૈધવ્યના દુઃખને અનુભવી, તાપસી દીક્ષા ગ્રહણ કરી, અત્યંત ઘોર તપશ્ચર્યા કરી મરીને સૌધર્મ દેવલોકમાં સાત પલ્યોપમ આયુષ્યવાળી દેવી થઈ. આ બાજુ કેલિદત્ત વ્યંતર નિકાયમાંથી ચ્યવી સિંહપુરનગરમાં સાગર નામનો વણિક પુત્ર થયો. પ્રથમ યૌવનાવસ્થામાં પણ ભવ વૈરાગ્ય પામી છઠ્ઠ–અઠ્ઠમાદિ તપશ્ચર્યાથી કાયાને શોષી સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

આ બાજુ અર્જુનનો જીવ નારકીથી ચ્યવી તિર્યંચપણાને પામ્યો. ત્યાંથી મરી શંખવાલિકા ગામમાં ગ્રામના અગ્રણીનો પુત્ર શંખ નામે ઉત્પન્ન થયો. ક્યારેક ધનશર્મા સાધુની પાસે ગૃહસ્થ ધર્મ સ્વીકારી પછી કર્મના નાશ માટે સંયમનું પાલન કરી મરીને સૌધર્મ દેવલોકે દેવ થયો.

હવે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી કેલિદત્તનો જીવ માનવ અવતારને પામ્યો. સર્વજ્ઞ ધર્મને પામી શક્તિ અનુસાર આરાધના કરી મરીને દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી અહીં ગગનવલ્લભપુરમાં મહાવેગ નામનો રાજપુત્ર થયો.

સુસેનાનો જીવ સૌધર્મ દેવલોકથી ચ્યવી રાજગૃહીનગરમાં કુબેર શ્રેષ્ઠિની શ્યામા નામની પુત્રીપણે ઉત્પન્ન થયો. અને અર્જુનનો જીવ પણ તે જ નગરમાં ધન શ્રેષ્ઠિના પુત્રપણે અવતર્યો.

હવે શ્યામાના વિવાહ તે શ્રેષ્ઠિના પુત્ર સાથે નિર્ધાર્યા. એકવાર તેને જોવા માત્રથી જ પૂર્વભવના વૈરભાવની સ્મૃતિથી લગ્ન કર્યા વિના જ રાત્રિએ લઈને ક્યાંક ભાગી ગયો. અને મહેન્દ્રપુરનગરે પહોંચ્યો ત્યાં શ્યામાએ સુસાધ્વી પાસે દીક્ષાનું પાલન કરી મરીને જ્યોતિષી દેવલોકમાં દેવી થઈ, ત્યાંથી ચ્યવી તે ભોગપુરનગરમાં ચંડગતિ વિદ્યાધરરાયની પદ્મા નામની પુત્રી થઇ પૂર્વભવમાં પતિના દ્વેષથી આ ભવમાં પુરૂષદ્વેષિણી થઇ. પણ વિશેષ એટલું કે: હે મહાવેગ કેલિદત્તરૂપે તેં તેને મારપીટ કરતાં અર્જુનથી છોડાવી, તે વખતે તેં તેના ચિત્તને આકર્ષ્યું, તે કારણથી તને તેણે આ ભવમાં પતિરૂપે સ્વીકાર્યો. અને અર્જુનનો જીવ તે હું અનંતકેતુ! પૂર્વભવના કલુષિત કર્મના અનુભાવથી તેનું અપહરણ કર્યું. પછી તેને છોડી દીધી.

તો હે મહાવેગ! જે તને પદ્મા ઉપર અનુરાગ થયો છે. તેને જોઈ મને વિરાગ ઉત્પન્ન થયો છે. ખરેખર તે બહુ સારૂં થયું. તેં મારા ઉપર ઉપકાર કર્યો છે. વિરાગથી અંતઃકરણ ઉલ્લસિત કર્યું છે.

આ પ્રમાણે પોતાના પૂર્વભવને સાંભળી મહાવેગ રાજકુમારને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. વળી પદ્માદેવીને પણ તે સમયે જાતિસ્મરણની પ્રાપ્તિ થઇ. પૂર્વભવોનું સ્મરણ થયું. ત્યારપછી તે જગગુરુના ધર્મમાં દત્તચિત્તવાળી થઈ.

હવે જ્ઞાનથી પૂર્વભવોની હકીકત દિવ્યચક્ષુ સન્મુખ ખડી થાય છે. અને તે સર્વનો ચિતાર હૃદયપટ પર બરાબર ચીતરાઈ જાય છે. પૂર્વભવોની સ્મૃતિ થતાં ચિંતન ન કરી શકાય તેવા રસમાં તેઓ તરબોળ થઈ ગયા. મુનિનાથના વૃત્તાંતને સાંભળી સૌ મૌન બની ગયા. સર્વેને નિર્વેદની પ્રાપ્તિ થઇ. ખોવાયેલાની ખોજમાં વિદ્યાધરપતિનું મન ચઢયું. તેને રાગની રાખ કરવા દીક્ષા ગ્રહણ કરવાની ભાવના જાગૃત થઈ ગઈ. ગુરુ ભગવંતને વિનંતી કરી. હે ભગવન! અજ્ઞાનરૂપી અંધકારથી છવાઇ રહેલા મન ઉપરથી અંધકાર દૂર કરી આપે અમને પ્રકાશિત કર્યા છે. મિથ્યાત્વના ઝેરથી ઝોલા ખાતા અમારા ઉપર અમૃતનું સિંચન કરી જીવતર આપ્યું છે. આપે કહેલી વાત દીવા જેવી ખુલ્લી જણાય છે. વૈરાગ્ય-વાસિત અંતઃકરણ થતાં અમારી પાપવાસના નષ્ટ થઇ ગઇ છે, તો હે ભગવન્! જો મારામાં કોઈપણ પ્રકારની યોગ્યતા આપ જોઇ શકતા હો, તો કૃપા કરીને આપ મને જૈનશાસનની દીક્ષા આપો. હે રાજન્! તેં જે નિશ્ચય કર્યો છે તે ઘણો સારો છે. તે સંબંધમાં જરા પણ વિલંબ કરવા જેવો નથી.

રાજા પણ રાજમહેલે ગયો. રાજ્ય ભાર પુત્રને સોંપવા નિર્ણય કર્યો. તેથી રાજાએ તેને ઉદ્દેશીને કહ્યું: પુત્ર! હું તો હવે દીક્ષા લઇશ, તું રાજ્યને બરાબર જાળવજે. મારા પુણ્યોદયે આ મહાત્મા ગુરુનો મને આજે યોગ મળ્યો છે. રાજાએ જ્યારે આવી રીતે રાજ્ય-ત્યાગ અને પુત્ર રાજ્યાભિષેકની વાર્તા કરી, ત્યારે મહાવેગકુમારે તેને જવાબ આપતાં કહ્યું: અરે પિતાજી આ દુઃખથી ભરેલા રાજ્ય પર મને સ્થાપન

કરવાની ઇચ્છાથી મને એમ લાગે છે કે આપને મારા ઉપર પ્રેમ નથી, મારા ઉપર ચાહ નથી. અરે પિતાજી! આપ તો સંસારથી નિર્વાણ તરફ જાઓ છો, તો પછી મને દુઃખ પૂર્ણ સંસારમાં કેમ ફેંકી જાઓ છો? આ તો આપે કેવી વાત કરી! મહાવેગકુમારનાં આવા વચન સાંભળીને વિજયવેગ રાજા ઘણા રાજી થયા. જવાબમાં તત્ત્વદર્શી પિતાએ કહ્યું: પુત્ર! તારા વિચારો સુંદર છે. તને પણ અહીં છોડી જવા ઇચ્છતો નથી, પણ અત્યારે તું રાજ્યભાર વહન કર. અવસરે તું દીક્ષા અંગીકાર કરજે.

ત્યાર બાદ રાજ્યપદે મહાવેગકુમારને સ્થાપી રાજાએ રત્નની ખાણ સમાન દુઃખ–નાશિની કલ્યાણકારીણી દીક્ષાનો અંગીકાર કરી. ગુરુ સાથે વિહાર કરતાં ભૂતલને પાવન બનાવતાં ચિરકાલ સંયમની સાધના કરીને વિજયવેગરાજાના આત્માએ દિવ્યલોકમાં પ્રયાણ કર્યું.

આ બાજું વિદ્યાધરપતિ મહાવેગકુમાર સુંદર રીતે રાજ્યનું અનુશાસન કરી રહ્યા છે. એમણે સમગ્ર વિદ્યાધર સૈન્યને વશ કર્યું. ભંડાર, મંત્રી–મંડળ, અધિકારીગણની ચકાસણી કરી લીધી. રાજ્યના સીમાડાઓ સંભાળી લીધા. મિત્ર રાજાઓ સાથે મિત્રતા નવપલ્લવિત કરી દીધી. શત્રુરાજાઓની શક્તિનું માપ કરી લીધું. પ્રજાની સુખ–સગવડતાને ધ્યાનમાં લઇ પ્રજાને રંજાડનારા અધિકારીઓને દૂર કર્યા તેની દેશવિદેશમાં કીર્તિ પ્રસરી ગઇ.

અન્યદા રાજકુમારને રોગ લાગુ પડયો. ત્યારે મંત્ર–તંત્રાદિ જાણનારા વૈદ્યોને બોલાવીને ઘણા ઉપચારો કર્યા. પણ કંઇજ

અસર ન થઈ. કેટલીકવાર દુઃખો પણ વૈરાગ્યનું કારણ બને છે. અહીં પણ સુખને નહિ પામનાર પ્રશાંચિત્તવાળા મહા-સત્ત્વશાળી રાજકુમારના આત્મામાંથી અપૂર્વ નાદ ઉછળ્યો. તેથી જાગૃતિ પામી, વિચારણા પર વિચારણા કરતાં તેને ખરૂં રહસ્ય સમજાયું. અહો પૂર્વકૃત દુષ્કર્મનો ઉદય છે. તેને ભોગવ્યા વિના મુક્તિ નથી. રે જીવ તું શા માટે સંતાપને કરે છે! સ્વકૃત કર્મની અનુભૂતિ પોતે જ કરવાની છે.

શુભ વિચારમાં મગ્ન બનેલા રાજકુમાર સમક્ષ અચાનક એક વિદ્યાધર–મહાવૈદ્ય આવ્યો. જેણે ઘણા લોકોના દર્દ મિટાવ્યા હતા. તેણે રોગની ઉત્પત્તિ સંબંધી પૃચ્છા કર્યા બાદ ઉપચારનો આરંભ કર્યો. કહ્યું કે :– હે રાજન્! આ રોગની શાંતિ પ્રાણીના વધ વિના સંભવિત નથી. ત્યારે વિદ્યાધરપતિએ કહ્યું : વૈદ્યરાજ! પ્રાણીવધથી સુખ પ્રાપ્તિ થતી હોય તો એવા સુખની મારે જરૂર નથી. તેના કરતાં તો મૃત્યુને આલિંગન આપવું હિતાવહ છે. કોઈ ભવમાં મેં પ્રાણીવધ કર્યો હશે, તેના કટુ વિપાકના ઉદયને ભોગવવો જ જોઈએ. એ વિના છૂટકારો નથી. એમ નિશ્ચય કરી રાજાએ વૈદ્યરાજને વિદાય આપી. રોગથી ઉત્પન્ન થયેલ દુઃખને તે સમ્યક્ પ્રકારે સહન કરવા લાગ્યો.

એકવાર રાત્રિએ અત્યંતરોગની પીડાથી પીડિત થયેલા તે મહાવેગ રાજાએ ચિંતવ્યું : જો થોડી પણ વ્યાધિજન્ય પીડા શાંત થાય તો રાજ્ય–લક્ષ્મીને ત્યજીને પ્રવ્રજ્યાનો સ્વીકાર કરૂં વ્યાધિમાંથી ઉદ્ભવેલી ઉપાધિમાંથી નિરૂપાધિકપણું પ્રાપ્ત કરવાના માર્ગની સ્વીકૃતિ કરવાના સંકલ્પપૂર્વક રાજા

શયનમાં સૂઇ ગયો. આજે લાંબા સમયે તેને નિદ્રા આવી. તેને ક્ષુધા ઉત્પન્ન થઈ. તેને આનંદ થયો. પ્રતિસમય તેના રોગોની ઉપશાંતિ થવા લાગી. રોગ ઉપશાંત થતાં પ્રધાન પુરુષોને બોલાવી કનકવેગ નામના પોતાના પુત્રને રાજ્ય અર્પણ કરી અને વિદ્યાધરરાજ પુત્ર સહિત મેઘઘોષ નામના આચાર્ય ભગવંત સમીપે મહાવેગ રાજવીએ ચારિત્ર સ્વીકાર્યું. નિષ્કલંક ચારિત્રને આરાધી મહાવેગમુનિનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું. દિવ્ય લોકની સુખ-સાહ્યબીની અનુભૂતિ કરવા બ્રહ્મલોક નામના વૈમાનિક દેવમાં તેમનું આગમન થયું. ત્યાં દસ સાગરોપમનું આયુષ્ય પાળી, ચ્યવીને દેવલોકથી તેનો જીવ મૃત્યુલોકમાં અવતર્યો.

મૃત્યુલોકમાં આવી ભરત ક્ષેત્રમાં સુરપુર નામનું નગર છે. ત્યાં કનકકેતુ નામના રાજવીની શાંતિમતિ નામની પટ-રાણીની કુક્ષિમાં પુત્રપણે અવતાર લીધો. ત્યાં તેમનું બ્રહ્મ નામ સ્થાપિત કર્યું. બાલ્યકાળથી વિરાગી, પૂર્વે અનુભૂત ત્યાગ ગુણુથી નારી પ્રત્યે વિરક્તતાને ભાવતાં તે યૌવનવયને પ્રાપ્ત થયા. ધર્મમિત્ર કલ્યાણુમિત્રના સહારાથી આત્મોન્નતિના તેના વિચારો મજબૂત થયા, ત્યારબાદ ત્યાગી-વિરાગીના સ્વાંગ સજવા કેટલાક કલ્યાણુમિત્ર સહિત મારી પાસે આવી પ્રવ્રજ્યા અંગીકાર કરીને ગણુધર પદવી વર્યા.

હે અશ્વસેન મહીપતિ! તમે ચોથા ગણુધરના પૂર્વભવને સાંભળ્યો. હવે પાંચમાં ગણુધરના પૂર્વભવને એક ચિત્તે સાંભળો અને તમારા આત્માનું કલ્યાણુ કરો.

## જાતિ-સ્મરણ-વીણા વાગે!

## એના નાદે આતમ જાગે!

પંચમ ગણધર

|||

શ્રી સોમ

[ ૫ ]

## મોક્ષમાર્ગની કેડીએ પ્રયાણ કરતા મહાત્મા !

પાર્શ્વનાથ પ્રભુની દેશના વરસી રહી છે, તારક પરમાત્મા અશ્વસેનરાજાની જિજ્ઞાસા પૂર્ણ કરવા ગણધરોના પૂર્વભવોની રહસ્યમય, રોમાંચક કથા ફરમાવી રહ્યા છે. સ્વર્ગ અને મોક્ષરૂપ વસ્તુઓની પ્રત્યક્ષતા, સંસારની વિરાગતા, જૈનશાસનની દુષ્પ્રાપ્યતા, બાહ્ય કુટુંબની અનિત્યતા અને કષાયોના કડવા વિપાકોને સમજાવતી પ્રભુજીની દેશના આગળ વધી રહી છે. પ્રભુ હવે પાંચમા ગણધરનો પૂર્વભવ ફરમાવતા જણાવે છે કે–

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં અંગ નામનો દેશ છે. તેમાં કલ્યાણ શ્રેણીની પેઠે મનોરથોને પૂરનારી, મહાસત્ત્વોથી સેવિત, ધર્મની ઉત્પત્તિ ભૂમિ, અર્થનું મંદિર, વિચિત્ર પ્રકારના સુવર્ણ અને રત્નોની ભીંતોથી સુશોભિત પ્રાસાદોની શ્રેણી છે. વળી બારમા તીર્થંકર વાસુપૂજ્યસ્વામીની જન્મભૂમિ ચંપાનગરી છે.

ત્યાં આગળ ક્ષત્રિયકુલરૂપી ગગનમંડળને વિશે ચંદ્રમા સમાન જિતારી નામે રાજા વસે છે. તેને અત્યંત કૃપાના સ્થાનભૂત, સર્વ–પ્રયોજનમાં વિશ્વાસપાત્ર શિવદત્ત નામે અમાત્ય છે, તેની વસંતસેના નામની પત્ની છે. તેને એકે સંતાન નહોતું. દિવસો ઉપર દિવસો માસો તથા વર્ષો વહી ગયા. પણ પુત્રનું દર્શન થયું નહીં. વંધ્યાપણાથી તે દિલગીર હતી. પુત્ર પ્રાપ્તિ માટે અનેક ઔષધો ખાધા, ગ્રહશાંતિ કરાવવામાં આવી. સેંકડો માનતાઓ રાખવામાં આવી. નિમિત્તીઆઓને

બોલાવી ભવિષ્ય પૂછ્યું. મંત્રવાદી પાસે જાપ કરાવ્યો. મંત્રના જંત્રો કરી હાથે બાંધ્યા. અનેક જડી અને મૂળીયા ખાધા. ટૂંકમાં કોઇએ આવી સંતતિ થવાના જે કાંઈ ઉપાય બતાવ્યા, તે સર્વ કરવામાં આવ્યા. પણ સંતાન પ્રાપ્તિ ન થઇ, તે ન જ થઈ! સંતાનની અસંભાવનાને જોતી, સ્નાન પાન વિલેપનાદિને ત્યાગી, શરીર ઉપર અલંકારો પણ ધારણ ન કરતી, ગંદા-મલીન વસ્ત્રોથી શરીરને ઢાંકતી, ચિંતાતુર મસ્તક ઉપર હાથ રાખી પૃથ્વીતલ તરફ અનિમેષ નયને જોતી તે મનમાં દુર્ધ્યાન કરતી હતી. એકવાર રાજભવનથી આવેલા મંત્રીએ તેની આવી દયાજનક સ્થિતિ નિહાળી. અને પૂછ્યું: તને શું થયું છે? તારી આવી અવસ્થા શાથી થઈ છે? શું મારો કોઈ અપરાધ થયો છે! કે પરિજને તારી સાર સંભાળ લીધી નથી! અરે વહાલી! બોલ જે હોય તે મને કહે.

હે આર્યપુત્ર! આવી દુષ્ટાવસ્થા પાછળ બીજું કોઈ જ કારણ નથી. ફકત પોતાના જ કર્મો છે. કર્મની ગતિ વિચિત્ર છે મારા કર્મથી જ આવી સ્થિતિ થઇ છે. તેનું નિવારણ ધનનો વ્યય કરવાથી કે સામર્થ્ય ફોરવવાથી થઇ શકે તેમ નથી. ત્યારે તેણે કહ્યું: તો પછી આવી ચેષ્ટા અંગીકાર કરવાનું તારૂં શું કારણ? ત્યારે વસંતસેનાએ કહ્યું: પુત્રના વિરહથી બીજું કોણ સીદાય? જેને પુત્ર ન હોય તે જ અને તે જ મનની સ્થિતિ જાણી શકે. મારે આપશ્રીની કૃપાથી પુત્રનું મુખ જોવાની ઈચ્છા છે.

તેણે કહ્યું: સારૂં એમ જ છે ને? પરંતુ આ બાબતમાં

હું શું કરૂં? જે કાર્ય પુરુષાર્થથી સાધ્ય હોય, અથવા બુદ્ધિ-પ્રયોગથી સાધ્ય હોય, તો ઉદ્યમથી તેની સિદ્ધિ અવશ્ય થાય છે. માટે દેવી! હું પુરુષાર્થ આદરૂં તારી આશા પૂર્ણ કરવા બનતા પ્રયત્ન કરીશ. હે પ્રિયા! તું વિષાદને ત્યજી દે. ધીરજને ધારણ કર. તારા ઈચ્છિતની પ્રાપ્તિ માટે ઉપાય મારા હાથમાં છે. તેણે કહ્યું: ઓ નાથ! કયો ઉપાય છે! મંત્રીએ કહ્યું: કુલદેવતાની આરાધના. માટે હે દેવી! તું દસ રાત્રિ સુધી મારા દર્શનની અભિલાષા ત્યજી દે જે. મને કુલદેવતાની આરાધના કરવામાં અંતરાયભૂત ન થા. કેમ કે ઇન્દ્રિયદમન વિના સમ્યક્ પ્રકારે કાર્યની સિદ્ધિ થતી નથી. વસંતસેનાએ કહ્યું: સ્વામીનાથ! જેવી આપશ્રીની આજ્ઞા. આપની આજ્ઞા શિરસાવંદ્ય કરૂં છું. એ પ્રમાણે પરસ્પર વાર્તાલાપ કરતાં તેમનો ઘણો સમય પસાર થઇ ગયો.

તત્ક્ષણ રાજ પ્રતિહારનું આગમન થયું. મંત્રીરાજ! ઘણો સમય વ્યતીત થઇ ગયો, આપની ખૂબ જ પ્રતીક્ષા કરી, પણ આપનું આગમન થયું નહીં, માટે રાજાએ જલદી આપને તેડવા માટે મને મોકલ્યો છે. તો જલ્દીથી રાજસભામાં પધારો. મંત્રીરાજે કહ્યું: જેવી દેવીની આજ્ઞા! પછી અવિલંબિત પણે તે રાજમહેલે પહોંચ્યા. રાજાને પ્રણામ કરી તે ઉચિતાસને બેઠા. રાજાએ પૂછ્યું: આજ તમને કેમ મોડું થયું? ત્યારે તેણે કહ્યું: દેવ! પરતંત્ર છું. ઘરની ચિંતા રહે છે તેથી ઘરકાર્ય માટે રોકાણ થયું હતું. રાજાએ કહ્યું. શું શેષકાળમાં ઘરના પ્રયોજનનો અભાવ હોય છે કે, આજે આટલી બધી રાહ જોવડાવી! જે કારણ હોય તે તમે સ્પષ્ટ કહો.

ત્યારે તેણે રાજાના કાનમાં પ્રણયિની સર્વ વાત કરી. તે સાંભળીને રાજાએ કહ્યું. તારી પત્નીનો ઉદ્યમ સ્થાને છે. વળી રાજા મેં પ્રતિજ્ઞા કરી છે કે, દસ રાત્રિ કુલદેવતાની આરાધના કરવી. પણ રાજન્! એ તો સર્વ વ્યાપારનો ત્યાગ કરૂં તો જ બની શકે, તો આપ મારા ઉપર કૃપા કરી, મને દસ દિવસ માટે રાજ્યકારભારથી મુક્તિ આપો. જેથી હું ઇષ્ટની પ્રાપ્તિ કરી શકું. રાજાએ પણ કહ્યું. મંત્રીરાજ! દસ દિવસ રાજ્ય-કાર્ય સંબંધી ચિંતા છોડી ભગવતીની આરાધના કરજો. તમારા માટે કોઇ જાતનો અવરોધ નથી. ત્યાર પછી રાજાની મોટી કૃપા સંપાદન કરી સર્વ કાર્યને ત્યાગી, રાજાવડે વિદાય કરાયેલ તે પોતાના ઘરે ગયો.

ઘરના એક ભાગમાં તેણે મંદિર બનાવ્યું. તેમાં ધરા નામની દેવીની સ્થાપના કરી તેનું પૂજન કર્યું. વિલેપનાદિ કરી તે દેવી સમક્ષ બેઠો. દેવીના ચરણ-કમલમાં પડયો. તેની ગુણ સ્તુતિ કરી. દર્ભના સંથારા ઉપર બેઠો. દેવી સમક્ષ પોતાની પ્રતિજ્ઞા રજૂ કરી. "દેવી! જ્યાં સુધી મને પુત્રનું વરદાન ન આપો ત્યાં સુધી હું ભોજન કરીશ નહી. આવી ભીષણ પ્રતિજ્ઞા કરી સાધક અમાત્ય એકાગ્રતાપૂર્વક દેવીના ધ્યાનમાં લયલીન બની ગયો. કેટલાક દિવસો પસાર થયા, તેની પરવા કર્યા વિના ફક્ત દેવીના મુખકમલ ઉપર એકીટસે દ્રષ્ટિપાત કરી એ સતત ધ્યાન કરવા લાગ્યો. માનવ શું કરી શકતો નથી! ધારે તો દરેક ઈચ્છિત કાર્યની સિદ્ધિ માટે પ્રાણની બાજી લગાવી સાધ્યની સિદ્ધિ માટે સઘળું કરવા તત્પર બને

છે. સાધકની દુનિયામાં પ્રવેશ કરી ચૂકેલા તેને ૭ દિવસ પૂર્ણ થઇ ગયા પછી તેની સત્ત્વની પરીક્ષા મંડાઇ, અચાનક ચારે દિશાઓને ફાડી નાંખે એવા ભયંકર અવાજો થયા. ભયંકર વૈતાળો ઉપસ્થિત થયા. તેની આંખોમાંથી અગ્નિના ભડકા બહાર નીકળતા હતા. તેના મુખમાંથી "ફેટ્ ફેટ્" ના ભયંકર અવાજ નિકળ્યા કરતા હતા. તેની અત્યંત લાંબી દાઢો, યમરાજ સરખુ મુખ, બિહામણું સ્વરૂપ જોતાં જ ગાત્ર ગળી જાય, એની સામે નજર કરતાં પ્રાણી બળું બળું થઈ જાય, અને સ્વર સાંભળતા કાન ફાટી જાય. વળી શ્યામ કાંતિવાળા સર્પો જેવા અનેક રૂપો વિકુર્વ્યા. છતાં મંત્રીરાજ ભયભીત થયા નહિં. ઉપદ્રવોની હારમાળા ચાલુ જ હતી. છતાં જરા પણ ધ્યાનથી ડગ્યા નહિં. સત્ત્વશાળીને શું અસાધ્ય છે? તે સત્ત્વની પરીક્ષામાં ઉર્તીણ થઈ ગયા.

દેવી સંતુષ્ટ થઇ. આકાશમાં તેજ : પૂંજ પ્રગટ થયો. દિવ્ય કાંતિવાળા આભૂષણોથી વિભૂષિત દેવી પ્રત્યક્ષ થઈ. અને કહ્યું. માંગ, માંગ, માંગે તે આપું." સાધકને સિદ્ધિ વરી ચૂકી. અમાત્યે કહ્યું : દેવી! જે કારણથી મેં તારી આરાધના કરી, તેનાથી શું તું અજ્ઞાન છે? જેથી મને વરદાન માંગવા કહે છે? ત્યારે દેવીએ કહ્યું. વત્સ એમ જ છે તારી સઘળી વાત જાણું છું, પણ મારૂં ચિત્ત વ્યાક્ષિપ્ત છે તેથી તને મેં પૂછ્યું. વિસ્મિત મનવાળા અમાત્યે કહ્યું : મારા મનમાં પણ કુતૂહલ ઉત્પન્ન થયું છે. તો વરદાન આપતા પહેલા તારા ચિત્તની વ્યાક્ષિપ્તતા મને જણાવ! દેવીએ કહ્યું :

સાંભળ, વત્સ! નિઃસંતાન તું પુત્રની પ્રાપ્તિ ઇચ્છે છે, તે તારી ઇચ્છા હું પરિપૂર્ણ કરૂં, પણ....! એટલું બોલી દેવી અટકી ગઇ.

દેવીના પણ...! શબ્દથી તેના હર્ષના સ્થાને વિષાદ છવાઈ ગયો. છતાં તેણે કહ્યુ: દેવી 'પણ....' બોલ્યા પછી અટકવાનું શું કારણ. ત્યારે તેણે કહ્યું: પણ શબ્દથી ભાવિનો સંકેત છે, તે કહેતા મારૂં મન આકુળતા અનુભવે છે. પણ તારા આગ્રહથી હું તને કહું છું.

તને પુત્રની પ્રાપ્તિ થશે, પણ સાથે ઘરમાં દરિદ્રતાનો વાસ થશે. તેથી હે વત્સ! તારા અસાધારણ સાહસથી હું આકર્ષણ પામી છું. તો શું તને પુત્ર આપું! કે તારી બીજી કોઇ અન્ય માંગણી પૂર્ણ કરૂં! આ જ વિક્ષેપનું કારણ છે. એ પ્રમાણે સાંભળી ભયભીત બનેલો અમાત્ય ચિંતાતુર બન્યો. ખરેખર દરિદ્રતાનું વાસ્તવિક કારણ પાપોદય જ છે. દરિદ્રતાના આગમનથી જીવો નિર્ધન બને છે. વળી તે ધનના ઢગલા પોતાને મળશે, એવી ખોટી આશાના પાશમાં નાંખી માનવને મૂઢ બબૂચક જેવો બનાવે છે. દરિદ્રતાના આગમનની સાથે દીનતા, પરાભવ, તિરસ્કાર, અનાદર, ભિક્ષા માંગવી, ભૂખ, અત્યંત સંતાપ, કુટુંબીઓની વેદના પીડા, કકળાટ હોય છે, દરિદ્રતારૂપી રાક્ષસી પ્રાણીને માનસિક સંતાપ ઉપજાવે છે. દરિદ્રતા એટલે દુકાળ વિના જ ભૂખ મરો! અગ્નિ વિના જ દેહમાં દાહ! ત્યારે કરવું શું?

એમ વિકલ્પ–જાળમાં ફસાયેલ તેને દેવીએ ફરીથી કહ્યું. જો તારી ઈચ્છા હોય તો પુત્રનું વરદાન થાય.

પુત્રનો અભાવ એ સંસારી માટે મોટું દૂષણ મનાય છે. એમ નિશ્ચય કરી દેવીને કહ્યું. દેવી ! ભલે ભાવિમાં જે થવાનું હોય તે થાઓ, પણ વસંતસેનાને પુત્રરત્નની પ્રાપ્તિ થાઓ."

દેવી પણ તથાસ્તુ એમ કહી અંતર્ધ્યાન થઈ ગઇ. હવે સાધનાનું કાર્ય આટોપી તે ઘેર આવ્યો. સ્નાનાદિ કાર્ય પતાવી દેવગુરુની સેવા કરી, ભોજન મંડપમાં ગયો. ત્યાં તેણે મિત્ર પરિવાર સહિત ભોજન કર્યું. પાન બીડું આરોગી સુંદર નેપથ્યને ધારણ કરી તે શય્યામાં બેઠો. ત્યાં વસંતસેના આવી અને દેવતાની પૂજા સંબંધી પૃચ્છા કરી, હે આર્યપુત્ર ! ભગવતીની આરાધના કરી શું મેળવ્યું ? ત્યારે તેણે કહ્યું : તારી ઇચ્છા પૂર્ણ થશે. ત્યારે તેણે કહ્યું : આર્યપુત્ર ! પુરૂષાર્થ કરનારને શું અસાધ્ય છે ? પણ આપનું મુખ શ્યામ કાંતિવાળું કેમ જણાય છે ? તેની પાછળ શું કારણ છે. હર્ષના સ્થાને વિષાદ હોય ? કંઈક કારણ હશે ? ત્યારે તેને સાન્ત્વન આપતાં કહ્યું : અરે ભોળી ! લાંબા કાળથી સ્નાન, વિલેપન કર્યું નથી. માટે શ્યામકાંતિ દેખાય છે. બીજું શું હોઈ શકે ? ત્યારે તે સાંભળી તે મૌન રહી.

હવે આ બાજુ સૂર્ય અસ્ત થયો. અંધકારથી દુનિયા કાળી મેશ જેવી થઈ ગઇ. દીવાઓ કરવામાં આવ્યા. ગાયો તથા ભેંસો પોતપોતાના સ્થાનકે આવી ગઈ. પક્ષીઓ માળામાં છૂપાઇ ગયા. વેતાલો ભયંકર દેખાવો કરવા લાગ્યા ચોતરફ

ઘુવડ સંચાર કરવા લાગ્યા જ્યારે કાગડાઓ તો તદ્દન ચૂપ જ થઇ ગયા. સૂર્યવિકાસી કમળો નિદ્રા પામી ગયા. બ્રહ્મચારી મુનિવરો આવશ્યક ક્રિયા કરવા લાગી ગયા પોતાની વહાલીના વિરહથી ચક્રવાકો રડવા લાગ્યા. સૂર્યના વિયોગથી પૂર્વદિશા શ્યામવર્ણી થઈ ગઈ. અંધકારને દૂર કરવા ઝગઝગાટ કરતા તારાગણો ગગન અટારીએ ડોકિયું કરવા લાગ્યા

આવા પ્રકારની રાતને સુખે સૂતેલી વસંતસેનાએ પસાર કરી. જીવનમાં વ્યાપેલ અંધકારને ઉલેચવા માટે જ ન હોય, તેવું સ્વપ્ન તે પ્રભાતે નિહાળે છે. ખરેખર જાગ્રત અવસ્થા કરતાં સ્વપ્નદશા રોમાંચક હોય છે. વળી ક્યારેક અનાગતકાળના અગમ–સંકેત સ્વપ્નાવસ્થામાં મળી જતાં હોય છે. તે સ્વપ્નમાં સુંદર આકારવાળા પૂર્ણ કલશને મુખમાં પ્રવેશ કરતો જુએ છે, પણ તે ખાલીખમ? તેથી તેને એક બાજુ હર્ષની લાગણી તો બીજી બાજુ શોકની લાગણી ઉત્પન્ન થાય છે. જાગૃત થયેલી તેણે અમાત્યને સ્વપ્નદર્શનની વાત કરી

તેણે નિશ્ચય કર્યો કે કલશદર્શનથી પુત્રરત્નની પ્રાપ્તિ થશે પણ ખાલી! એના જવાબમાં ધનરહિત પુત્રની પ્રાપ્તિ થશે. એ પ્રમાણે નિશ્ચય કર્યો. ત્યારે તેને દેવી–સંકેતની સ્મૃતિ થઈ આવી. દેવતાનું વચન કદી નિષ્ફળ જતું નથી. એમ મનોમન સંકલ્પ કરી લીધો. દેવીને કહ્યું : હે પ્રિયા! દેવીના પ્રસાદથી તને અવશ્ય પુત્રની પ્રાપ્તિ થશે તેમાં સંશય કર નહિ. તમે સ્વપ્નનું ફળ તો કહ્યું : એ બરાબર છે. પણ ખાલી કળશ દીઠો તેનું શું? તેનો તો પ્રત્યુત્તર આપ્યો નહીં.

ત્યારે અમાત્યે રહસ્યને છૂપાવી કહ્યું : દેવી ! તે નિદ્રાવસ્થામાં મિંડાયેલા લોચનથી જોયું હશે, એટલે ખાલી કે ભરેલો તેનો બરાબર ખ્યાલ નહિ હોય, ત્યારે તે પણ સારૂં એમ કહી સંતોષ અનુભવવા લાગી. તેજ રાત્રીએ તેણે ગર્ભને ધારણ કર્યો.

નવ માસ ઉપર કેટલાક દિવસો પછી તેણે પુત્રરત્નને જન્મ આપ્યો. તેનું વાંઝીયાપણાનું દુઃખ દૂર થયું. સુકોમળ સર્વાંગ સુંદર પુત્રને જોઈ ગાંડી ઘેલી બની ગઈ. પુત્ર જન્મની સૌને વધામણી આપી. સ્વજન પરિજનોને આમંત્રણ આપ્યું. સન્માન દાનાદિપૂર્વક બાર દિવસ પછી મોટા આનંદ સાથે **દેવપ્રસાદ** નામ પાડવામાં આવ્યું પાંચ ધાવના લાલન-પાલનથી તે ઉછેરાતો હતો. તેણે અનુક્રમે કૌમાર્ય અવસ્થાને પ્રાપ્ત કરી, વ્યવહારીક શિક્ષણ પ્રાપ્ત કર્યું, યોગ્ય વયે અભિચંદ શ્રેષ્ઠિની પુત્રી સોમા સાથે તેનું પાણિગ્રહણ કર્યું. તેઓ અન્યોન્ય સ્નેહભાવથી દિવસો પસાર કરતા હતા.

કાળની થપ્પડ ક્યારે લાગે છે, તે ખબર પડતી નથી. તેના પુણ્યોદયે વિદાય લીધી અને પાપોદયે પ્રવેશ કર્યો. કર્મની વિચિત્રતા ભલભલાને હલબલાવી મૂકે છે. કર્મોના ખેલ નિરાળા છે, તેની સુખ સંપત્તિએ વિદાય લીધી. તેના સુખના સ્વપ્ન પણ સરી ગયા. દિવસે દિવસે તેમની સ્થિતિ નબળી થવા માંડી. ત્યારે અમાત્યને દેવતાના વચનની સત્યતા જણાવા લાગી. વળી ખાલી કુંભના દર્શનથી તેની પૂર્તિ થઈ ગઈ, તો હવે શું કરવું ? દ્રવ્યરહિત માનવ શું કરી શકે !

જ્યારે આપત્તિનું આગમન થાય છે, ત્યારે ચારે તરફથી

આપત્તિના રાફડા ફાટે છે. તે વખતે માનવની માનસિક તેમજ શારીરિક સ્થિતિ કથળતી જાય છે. તેનો સામનો કરવો કઠિન થઇ જાય છે. અમાત્ય ઉપર એક પછી એક આપત્તિઓ આવવા લાગી. એકવાર અચાનક તેના ઘરે રાજપુરૂષોનું આગમન થયું. તેને અપરાધ વિના અપરાધી ઠરાવી ઘરની સર્વ સામગ્રી આંચકી લીધી. તેના હાથમાં બેડી પહેરાવીને સહકુટુંબ કેદખાનામાં નાખ્યો. ત્યાં ભૂખ, પરાભવ, તાડના સિવાય બીજું કાંઇ જ ન રહ્યું. ત્યાં દુષ્ટ વચનોની વર્ષા વરસવા લાગી. સર્વે તિરસ્કાર–ફિટકાર કરવા લાગ્યા.

ત્યારે અમાત્યે વિચાર્યું : શત્રુના ઘરે ભિક્ષા માંગવી સારી, અટવીમાં વાસ કરવો સારો, અન્યજનોનું દાસપણું સ્વીકારવું સારૂં, પણ આવું અસહ્ય વર્તન અને તિરસ્કાર ધિક્કારમય જીવન નકામું! આપત્તિને ઉત્પન્ન કરનારી લક્ષ્મીથી સર્યું, અત્યારે તો મૌનથી જ કાર્ય કરવું જોઈએ. રાજાનો સેવક છતાં દોષ વિના યાતના સહન કરવી, પણ એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ. અવસરે જોઇ લેવાશે, લક્ષ્મી મળવાથી, ભોગવવાથી અને દેવાથી અનર્થની પરંપરા સર્જાતી હોય, તો તે લક્ષ્મી શા કામની? અત્યંત દુઃખી ચિંતાતુર અમાત્ય કંઇ વિચારણા કરે છે, ત્યાં તો રાજપુરૂષો આવ્યા, તેઓને ધમકી દીધી: તમારી જે બીજી સંપત્તિ હોય, તે અર્પણ કરી દો. રાજાનું ફરમાન છે. તો જ તમારો કારાગૃહથી છૂટકારો થશે.

અમાત્યે પણ વાત સ્વીકારી લીધી. ગુપ્તધન અર્પણ કરી રાજાના ચિત્તને રંજન કર્યું. અને કારાગૃહથી મુક્તિ મેળવી

લીધી ત્યાંથી નીકળી ઘેર આવ્યો. વસંતસેનાએ તેમને ખેદવાળા જોઇ કહ્યું : આર્યપુત્ર ! શા માટે ધીરતાને ત્યજો છો ? કાયરતા શા માટે કરો છો ? વિકલ્પથી મનને શાંત કરો ? સંસારની સ્થિતિ અપૂર્વ છે. વળી ધન ઉનાળાના સખત તાપથી તપેલા પક્ષીના ગળા જેવું ચંચળ, ગ્રીષ્મ ઋતુની ગરમીથી ધમધમતા સિંહની જીભ જેવું અસ્થિર, ઇંદ્રજાળની જેમ અનેક અદ્ભુત વિભ્રમોને ઉત્પન્ન કરી મનને ચકડોળે ચઢાવે છે. પાણીના પરપોટાની જેમ લક્ષ્મી ક્ષણવારમાં હતી ન હતી થઈ જાય છે. કરોડપતિના પણ બેહાલ થાય છે અને ભિક્ષુક બની જાય છે. તો ચિંતા શા માટે કરવી ? ધનથી પરિપૂર્ણ જીવો પણ ક્યારેક ખાલીખમ બની જાય છે, જ્યારે ખાલીખમ માનવ પરિપૂર્ણ બની જાય છે એમાં કાંઇ જ આશ્ચર્ય નથી. કોણ રાજાને પ્રિય ? કોણ ઈચ્છિતને પ્રાપ્ત કરે ? કોને આપત્તિ આવી નથી ? તો પછી તમે સંતાપ ત્યજી દો.

ત્યારે અમાત્યે કહ્યું : પ્રિયા ! એકાએક દુઃખની પ્રાપ્તિ થતાં સંતાપ થાય, પણ સમ્યક્ પ્રકારે દુઃખના આગમનને જાણ્યા પછી સંતાપને શો અવકાશ ! મેં હાથે કરીને જ ઉપાધિ વહોરી છે, પછી પાછળથી સંતપ્ત થવું શા કામનું ? ભાવિના એંધાણ કોણ ટાળી શકે ? વસંતસેનાએ કહ્યું : આર્યપુત્ર ! કેવી રીતે ? શું ભાવિમાં પ્રાપ્ત થનારી દુર્દશાનો નિશ્ચય તમને થયો હતો ! ત્યારે અમાત્યે દેવતાકથિત સર્વ

વૃત્તાંત અને ખાલી કુંભના સ્વપ્ન દર્શનનો સ્પષ્ટ ભાવ જણાવ્યો. ત્યારે તેણે કહ્યું : જો એમ જ હતું, તો પુત્રથી સર્યું. ! શા માટે એવા પુત્રરત્નની પ્રાપ્તિ સંબંધી વરદાન માગ્યું ! અત્યાર સુધી રહસ્ય શા માટે છુપાવ્યું ! ત્યારે અમાત્યે કહ્યું : અરે વહાલી ! એ તો નિમિત્તમાત્ર છે. પરમાર્થથી તો કોઈ કોઇને દુઃખ કે સુખ આપવા સમર્થ નથી. જેના વડે સુખ-દુઃખ ઇષ્ટ,-અનિષ્ટ અને લક્ષ્મીના નાશની પ્રાપ્તિ થવાની હોય તો તે નિયમા અવશ્યંભાવી છે. તેમાં પરને દોષ દેવાથી શું ? પૂર્વકૃત કર્માનુસાર જીવો શુભાશુભપણાને પ્રાપ્ત કરે છે. તેમાં બીજા તો નિમિત્તમાત્ર બને છે.

સાંભળ ! દશરથ-પુત્ર રામના હાથે રાવણનું મૃત્યું નિશ્ચિત હતું, પણ તેમાં જનકપુત્રી-સીતાજી તો નિમિત્ત માત્ર હતા. તેમ પુત્ર વિના પણ દુર્દશાની પ્રાપ્તિ અવશ્ય હતી, તો પછી અત્યારે પુત્રને શા માટે દોષ દેવો જોઈએ ! જે થવાનું છે તે કયારેય મિથ્યા થનાર નથી. માટે હવે સંતાપ, કરવાની કોઈ જરૂર નથી. વસંતસેનાએ પણ તે વાત સ્વીકારી લીધી. પછી પરિવાર સહિત આંસુભીના નયને નગરને છોડી ખાલી હાથે, કર્મના ભરોસે જીવનને સોંપી ચાલતા-ચાલતા કોઇ એક સીમાંત ગામે આવી પહોંચ્યા. રાત દિવસ મહેનત-મજૂરી કરી માંડ માંડ પેટનો ખાડો પૂરવા લાગ્યા. પ્રતિદિન કષ્ટપૂર્વક દરેક કામ કરવાથી અમાત્યનું શરીર ક્ષીણ થઇ ગયું. તેમની ઉઠવા ચાલવાની શક્તિ પણ ન રહી. દિવસ મહેનત મજૂરીથી પસાર થતી હતી. જ્યારે રાત્રિ દુખદ

અવસ્થામાં પસાર થતો હતો. થાકયા પાકયા ચત્તાપાટ ધરતી ઉપર પડયા રહેતા હતા. ન મળે પાથરણું! ન મળે ઓશીકું! આવી દુઃખદ અવસ્થાને જોઇ તેના પુત્રની આંખમાંથી દડદડ આંસુ સરી પડયા. તેણે પિતાને કહ્યું : આપ આ બધું છોડી દો. હું સર્વ કામ કરી આપની સેવા કરીશ. ત્યારે પુત્રને શાબાશી આપતી વાત્સલ્યમયી માતાએ કહ્યું : વત્સ! તેં ખૂબ જ સુંદર કર્યું. સુપુત્રોનો તો આ જ માર્ગ છે. જે માતા-પિતાની સેવા કરે તે તેમને ઉચિત્ત પ્રવૃતિ કરે!

પિતાને આશ્વાસન આપી તે પુત્ર મહાકષ્ટથી પારકા ઘરે કાર્ય કરી દિવસ પસાર કરે છે. દિવસના અંતે માંડ ખાવાનું મળે. તે પણ કેટલું! લૂખા-સૂકા રોટલાનું ભોજન માંડ-માંડ મળે છે. રોજની દિનચર્યાને જોઇ અમાત્યનું દિલ કકળી ઉઠયું. તેને જીવન પ્રત્યે ધિક્કાર-ભાવ જાગ્યો તેથી બન્ને દુઃખિત ઉદયે જીર્ણશીર્ણ ઝુંપડીથી બહાર નીકળી આગળ ચાલ્યા જાય છે, ત્યાં કંકેલીના વૃક્ષનીચે બેઠેલા મુનિવરને જુએ છે. જોતા તેમનું હૈયું હર્ષાન્વિત બની જાય છે.

જાણે સાક્ષાત્ વીતરાગનો ધર્મ જ ન હોય, વળી તે મહાત્મા સૂર્ય સન્મુખ દૃષ્ટિ રાખી એક પગ ઉપર સમગ્ર શરીરનો ભાર રાખી, ધ્યાન ધરતા હતા. મદનના વિકારથી રહિત, નિષ્કલંક જ્ઞાન-દર્શન-ચારિત્રરત્નના ધારક મુનિ ભગવંતને જોઇ. તેના દર્શનથી ઉલ્લાસને વહન કરતા તેમનાં રૂવાડાં ખડા થઇ ગયા. તરત જ તેમના ચરણ કમલમાં પડ્યા.

મુનિ ભગવંતે પણ કાયોત્સર્ગ પાર્યો. અવધિજ્ઞાનથી

લાભનું કારણ જાણી ઉચિત પ્રદેશે બેઠા. ફરીથી વૃદ્ધિ પામતાં હર્ષોલ્લાસથી વંદના કરી. મુનિ ભગવંતે પણ તેમને ધર્મા-શિષ આપી અને કહ્યું : ઓ દેવાનુપ્રિયા ! તમે આવ્યા ! ત્યારે તેમણે પણ હકારમાં પ્રત્યુત્તર વાળ્યો. પછી વિસ્મિત મનવાળા અમાત્યે પૂછ્યું. ઓ મુનિરત્ન ! આપ અતિદુષ્કર તપ વડે આત્માને કેમ ખેદ પમાડો છો ? પ્રત્યુત્તરમાં મુનિ-ભગવંતે કહ્યું. અમાત્ય ! પૂર્વકૃત દુષ્કર્મોથી મુક્તિ તપ વિના કેવી રીતે થઈ શકે ? વળી ઇહલૌકિક કાર્ય પણ મહાકષ્ટ વિના સિદ્ધ થતાં નથી, તો પછી પરલૌકિક સુખદાયી કર્મોની તો શી વાત ? વળી ધીરપુરુષો રાજ્યસુખને તૃણ સમાન ગણી, તેને છોડી વનવાસ સ્વીકારી લે છે, ઘોર તપ સાધના કરે છે, તમે પણ દુઃખદ અવસ્થાને ભોગવતા, કાર્યથી અજાણ ઝુરી રહ્યા છો. તમે દુષ્ટાવસ્થાને અપાવનાર પૂર્વકૃત દુષ્કર્મોના નાશ માટે શા માટે ઉપાય કરતા નથી ? કોઇ પણ વ્યાધિની ઉત્પત્તિ થાય અને તેનો પ્રતિકાર કરવામાં ન આવે, તો થોડાજ સમયમાં આખા શરીરમાં વ્યાપી જાય. અને અનર્થ ઉત્પન્ન કરે છે. માટે જાગ્યા ત્યાંથી સવાર ગણીને થોડા પણ દુષ્કર્મોનો પ્રતિકાર ન કરવામાં આવે, તો દુઃખને ઉત્પન્ન કરે છે. તેથી અનંત સંતાપના કારણભૂત દુષ્કર્મોનો તપ, નિયમ-ભાવના વડે પ્રતિકાર કરવો તે જ શ્રેષ્ઠ છે.

વિસ્મયાન્વિત તેણે પૂછ્યુ : પૂર્વભવે અમે એવા તે કેવા દુષ્કર્મ કરેલા કે, જેના કટુ-રસની અનુભૂતિ અત્યારે કરી રહ્યા છીએ. અથવા હાલમાં તેના નાશ માટે અમે શું

ઉપાય અજમાવીએ? પ્રસાદને કરી અમને આદેશ આપો. વળી પરમકારૂણિક દુઃસહ દુઃખરૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી વિપાકરૂપી લહરીઓથી આમતેમ અથડાતા અમને દ્વીપની જેમ તમે પ્રાપ્ત થયા છો. આપ જ માતા! આપ જ પિતા! આપ જ ગુરુમાતા! સ્વામી! બંધુ! બીજું શું કહું? આપ જ સર્વસ્વ છો. અમને ઉચિત માર્ગમાં લઈ જવા આપ જ સમર્થ છો.

મહાદુઃખી તેઓના કરૂણામય વચનથી વિશેષ ઉત્સાહિત થયેલા મુનિભગવંતે કહ્યું. એકાગ્ર મને તમે સાંભળો. હવે મુનિભગવંત તેમના પૂર્વભવને અનુલક્ષીને કથા રજૂ કરતાં જણાવે છે કે—

વિજયરૂપી પતાકાથી સુશોભિત, મહાપ્રાસાદોરૂપી શિખરોથી ગગનાંગણને ઢાંકી દેતુ, ઋદ્ધિથી કુબેર–ભંડારીને પણ તિરસ્કાર કરનારા શ્રેષ્ઠિઓથી ભરપૂર, પ્રતિદિન નવ નવા આશ્ચર્યોથી સહિત, દેવોથી વાસિત, સુરપુર સરખુ વસંતપુર નામનું નગર છે. ત્યાં પરાક્રમી, શત્રુઓનો પરાજય કરનાર, સુપ્રસિદ્ધ, અરિદમન નામે નરપતિ વસે છે. તેનો બાલ્યવયથી જ સહચારી ઋદ્ધિવંત સકલ જનસમુદાયના નયન સમાન નંદ નામે મિત્ર હતો તેની સુંદરી નામની ભર્યા છે. તેનો સ્કંદ નામે પુત્ર છે. તે સ્વભાવથી વિનીત કલાકુશલ છે. તેને ધર્મમાં આસક્ત, શીલવતી નામની પત્ની છે. હંમેશા ઉચિત કાર્યોને કરનારા, પરસ્પર સ્નેહભાવથી વર્તતા તેઓ સુખપૂર્વક દિવસો પસાર કરી રહ્યા છે.

તેઓ કોઈ પણ જાતના વ્યસની નથી. છતાં તેમનું ધન આપમેળે ક્ષય પામવા લાગ્યું. આ બાજું ધનની હાનિને જોઈ સ્કંદે પિતાને કહ્યું. પિતાજી! અનેક વ્યવસાય કરવા છતાં અને પરિમિત દ્રવ્યનો વ્યય કરવા છતાં, પ્રતિદિન અવશ્યપણે ધન હરાઈ રહ્યું છે. આનું શું કારણ? ત્યારે નંદે કહ્યુ: વત્સ! કોઇ જ કારણ જણાતું નથી. તું જે કહે છે તે સર્વ તુચ્છ દીસે છે. ત્યારે તેણે કહ્યુ: પિતાજી! પ્રત્યક્ષ દ્રવ્યવિનાશ જણાય છે, છતાં તમે કેમ એમ બોલો છો! કારણ તો શોધવું જ જોઇએ. ત્યારે નંદે કહ્યું. તારા નિશ્ચયનું એક કારણ છે. જો પૂર્વ પુરુષે દાટેલું નિધાન અક્ષય મળે, તો વિનાશ સ્વરૂપનું કારણ કંઈ જ નથી. શુભ દિવસે બલિ–પ્રક્ષેપપૂર્વક બન્ને પિતા–પુત્ર નિધાન સ્થાને ખોદવા લાગ્યા. ત્યાં તો એક ભયાનક ઘટના સર્જાઇ.

જમીનને ખોદતાં ભયંકર કુંફાડાથી પૃથ્વી તલને કંપાવતા, યમરાજ જેવી વિકરાળ આંખોવાળા, દાઢમાં ઉગ્ર ઝેરવાળા, મહાકાય સર્પો નીકળ્યા. તેને જોઇ અત્યંત ભયભીત વેગથી નંદ–સ્કંદ ભાગી ગયા. પછી કેટલાક દિવસો બાદ નિધાન-પ્રદેશ ધૂળથી પૂરી દીધો આ બાજું પુણ્યોદયે વિદાય લીધી. નિષ્પુણિયા બન્નેએ ભંડોપગરણ લઇ આજીવિકા માટે ગોલ્લદેશ તરફ પ્રયાણ આદર્યું.

ત્યાં માર્ગમાં દેવશર્મા નામના સાર્થવાહનો ભેટો થયો. માર્ગમાં વાતો કરતાં તેમને પરસ્પર મિત્રતા બંધાઇ ગઈ! બન્નેનું પ્રયાણ એક જ દિશા તરફનું હતું. એટલે સાથે જ

માર્ગ કાપવા લાગ્યા. એમ કરતાં કોઈક અટવીમાં પ્રવેશ કર્યો. ત્યાં અચાનક ભીલોનું ટોળું ત્રાટક્યું. તે વખતે જાન બચાવવા ત્રિપુટી પલાયન થઈ ગઈ. અને આ બાજું નાયક વિનાના સાર્થને ભીલોની ટોળીએ લૂંટયો. પલાયન થયેલી ત્રિપુટી ભમતા–ભમતા નરપુરનગરે આવી પહોંચી. ખીસ્સા ખાલી હતા. તેથી દ્રવ્ય રહિત તેઓ દ્રવ્યોપાર્જન માટે પર ઘરમાં કાર્ય કરવા લાગ્યા. જેમ જેમ વ્યવસાય કરતાં તેમ તેમ ઇચ્છિત લાભની પ્રાપ્તિ થતી હતી. ખરેખર દેશકાળ, ક્ષેત્ર, ભવ અને ભાવને અનુસરીને શુભાશુભપણાની તેમજ લાભાલાભની પ્રાપ્તિ થાય છે. તેમનો ભાગ્યોદય પલટાયો. ત્રિપુટીએ ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. આ રીતે દિવસો પસાર થવા લાગ્યા.

એકવાર દેવશર્મા સાર્થવાહને નિધાનકલ્પની પ્રાપ્તિ થઈ. તેનું વાંચન કરી કઈ દિશામાં તેમજ કેટલા પ્રમાણમાં નિધાન છે, તે જાણી લીધું. પછી અભિન્નહૃદયવાળા તેણે નંદ–સ્કંદને તે પત્ર બતાવ્યો. તેઓએ તેની પ્રશંસા કરી. ત્યારે સાર્થવાહે કહ્યું : જો તમે તૈયાર થાઓ, તો આપણે તે નિધાનને ગ્રહણ કરીએ. તેઓએ પણ તેની વાત સ્વીકારી લીધી. કેમકે "जहा लाहो तहा लोहो" તેઓને પણ લોભવૃત્તિ જાગી.

હવે શુભ મુહૂર્તે તેઓ નિધાન સ્થાનકે ગયા. બલિ ઉછાળવાપૂર્વક ખોદવાનું શરૂ કર્યું ત્યાં નિધાન કળશ દૃષ્ટિગોચર થયો. દ્રવ્ય દેખી સ્કંદનું મન ચલાયમાન થયું. અને માયાદેવી નામની બહેન સાથે તેની મૈત્રી થઇ. જેથી તેની ચેતના ભમવા લાગી. મનમાં અનેક પ્રકારના તર્ક–વિતર્કો

થવા લાગ્યા. માયાની સહાયથી તેને એવું થવા માડયું કે, જાણે આખી દુનિયાને છેતરી દઉં! અનેક પ્રકારના પ્રપંચોથી બધાને ભોળવી દઊં! પરિણામે માયાની મૈત્રી થતાં તે નિધાનકળશને ગ્રહણ કરવા ખોટો ડોળ કરવા લાગ્યો. માયાવી એવા તેણે શ્વાસ રૂંધ્યો, નયનને નિશ્ચળ કરી દીધા અને જાણે ચેષ્ટા રહિત મરણને શરણ થયો હોય, તેમ જમીન ઉપર પડયો, તેને જોઇ સાર્થવાહ અને નંદ ભયભીત થઈ ગયા. અને બોલવા લાગ્યા : અરે! અરે! આ શું થઈ ગયું! પછી તરત જ નિધાનને મૂકી દઇ તેને વિશે શીતોપચાર વગેરે કરવા લાગ્યા. તો પણ તેનામાં કંઇ ફેરફાર જણાયો નહિ. ત્યારે નંદે કહ્યું : આ તો મોટું વિઘ્ન આવ્યું લાગે છે. આમ કેમ થયું? તે જણાતું નથી. ત્યાર પછી નિધાનભૂમિ ઢાંકી દીધી. પછી નિધાનદેવતાને પ્રાર્થના કરી કે "તું આ સ્કંદને બચાવ, અમે પાછું ધન મૂકી દઈશું"

તરત જ સ્કંદમાં ચેતના જાગી. વિકસ્વર નયનવાળો તે બોલવા લાગ્યો. આ શું? ત્યારે સાર્થવાહે સર્વ હકીકત કહી સંભળાવી. ત્યારે કપટી સ્કંદે કહ્યું : એમ જ છે. જ્યારે હું મૂર્છિત થયો, ત્યારે કોઇએ મને કહ્યું. આ નિરપરાધીને શા માટે હણો છો! હણવા યોગ્ય તો સાર્થવાહ જ છે? જેણે ખોદવાની શરૂઆત કરી હતી બીજું હું કંઇ જાણતો નથી. આ પ્રમાણે સાંભળી સાર્થવાહ ભયભીત થયો, "જીવતો નર ભદ્રા પામે" એમ વિચારી નિધાનભૂમિ ઢાંકી દઇ નંદ–સ્કંદની સાથે ઘેર ગયો. પરસ્પર વાર્તાલાપ કરવા વડે

દિવસ પસાર કર્યો. સંધ્યા સમય થયો. ત્યારે સ્કંદે એકાંતમાં પિતાને બોલાવ્યા પછી કહ્યું. મેં જ કપટથી નિધાન ગ્રહણ કરવા માટે આવું નાટક કર્યું હતું. સાર્થવાહને નિધાન-સ્થાનથી વિમુખ કરવા કપટ આચરણ આદર્યું હતું. નંદે તે જાણી તેની પ્રશંસા કરી. જ્યારે સાર્થવાહ નિદ્રામાં પોઢી ગયો. વળી જનસંચાર પણ બંધ થઇ ગયો, ત્યારે સંબલ લઇ પિતા–પુત્ર નિધાનને ગોપવી પોતાના નગર સન્મુખ જવા ભાગી ગયા. રસ્તામાં એક મંદિરમાં તેમણે પ્રવેશ કર્યો એકાં-તમાં નિધાન કળશ ખોલ્યો, જોતાં જ નયન રમ્ય, દિશાઓને તેજના લિસોટાથી પ્રકાશ કરતું મહામૂલ્યવાન એક રત્ન જોયું. ત્યારે પરમાનંદ અને પરમશાંતિની અનુભૂતિ કરતાં બન્ને પરસ્પર બોલવા લાગ્યા કે—

ખરેખર માનવ ચિંતવે છે કંઇ અને થાય છે કંઇ! વિધાતાના ખેલ ન્યારા છે. જ્યારે વિધાતા પ્રતિકૂલ હોય, ત્યારે માનવની સઘળી સંપત્તિ ક્ષણ વારમાં નષ્ટ થઇ જાય છે અને અનુકૂલ હોય, ત્યારે ભિખારી પણ રાજા બની જાય છે. તો પછી દેવને લોકો શા માટે નમસ્કાર કરે? ભૂપતિની સેવા લોકો શા માટે કરે? ધ્યાન–તપ વગેરે અનુષ્ઠાન દ્વારા દેહદમન શા માટે કરે? જે વિધાતાને નિત્ય મસ્તક નમાવી વંદના પૂજના કરે છે! તેને વિધાતા સાક્ષાત્ ઇચ્છિ-તાર્થ અર્પણ કરે છે. ત્યારે સ્કંદે કહ્યું: પિતાજી આ વાતથી સર્યું. એકાંતે સેવા–પૂજાથી વિધાતા ખુશ થઇ આપે જ એમ નહિ. કેટલીક વાર દુઃખીજીવો ઉપર અનુકંપા કરે છે. વિધિનો પ્રચાર દુર્લક્ષ્ય છે.

ત્યારે નંદે કહ્યું. સારૂં બેટા, સારૂ બેટા, આ બધું જાણવા બૃહસ્પતિ સમાન કોણ સમર્થ થાય ? આ પ્રમાણે વિચારણા કરી સ્વસ્થ શરીરવાળા થઇ વિધિના ખેલને જોતા અખંડ પ્રયાણ વડે વસંતપુરનગરે પહોંચ્યા, ત્યાં રાજાએ સન્માન કર્યું. નગર લોકોએ બહુમાન આપ્યું. તેઓ ફરીથી પહેલાની જેમ સઘળા કાર્ય કરવા લાગ્યા.

હવે આ બાજું રાત્રિ વ્યતીત થઇ ગઈ, નિદ્રાધીન સાર્થવાહ જાગૃત થયો. આજુબાજુ નંદ-સ્કંદને જોયા નહીં તેથી તેઓની ભાળ સંભાળ કાઢવા નગરમાં ભટકવા લાગ્યો. પણ ક્યાંયથી તેમના સમાચાર મળ્યા નહીં. એટલે વિષાદ પામેલો તે વિચારવા લાગ્યો. તે લોકો ક્યાં ગયા ? ક્યાં રહ્યા હશે ? અથવા તો કોઈ ચોરો વડે પરદેશી જાણી કારાગૃહમાં તો નાંખ્યા નથી ને ? એમ કુવિકલ્પો કરવા લાગ્યો. પણ આવાસમાં તેમનો સામાન વગેરે નહિ જણાતા તેણે વિચાર્યું. ખરેખર ! લોભબુદ્ધિથી જ તે લોકો નિધાનને લઈ ને પલાયન થઈ ગયા હશે. માટે ચાલ, નિધાનસ્થાન સમીપે જઈ તેની ખાત્રી કરૂં. ત્યારબાદ તે નિધાનભૂમિએ ગયો. ચારે બાજુ બલિ-કુસુમ પડેલા જોયા. નિધાન રહિત ભૂમિ જોઇ તરત જ સ્કંદના માયા-કપટને જાણી અત્યંત સંતપ્તચિત્તવાળો, ગાંડાની જેમ ચેષ્ટા કરવા લાગ્યો : હા ! પાપી એવા એણે મને ઠગ્યો ! મારૂં સર્વસ્વ લૂંટાઇ ગયું ! હવે હું શું કરૂં ! મહા સેતાન ! પાક્કા ચોર છો ! એની બોલવાની ચતુરાઇ અને જાળ પાથરવાની શક્તિ જબરી છે ?

વાચાળતા ભારી છે! અહાહા! એનું ધૂતારાપણું મહાભારી છે. એના જેવા કૃતઘ્ની તો કોઈ જ હશે! એનો વિશ્વાસઘાત તો કોઈ ભારે બળવાન જણાય છે. હવે શું કરૂં? કોને કહું? કયો ઉપાય આદરૂં? એમ ચિંતાતુર બની ભોજન પાનને ત્યાગી, ગાંડાની જેમ બેસી રહેલા તેને જોઈ પાડોશી પૂછવા લાગ્યા—

અરે! સાર્થવાહ આજ કેમ ઉદાસ જણાવો છો? મુખ શ્યામકાંતિમય કેમ જણાય છે. ત્યારે તેણે કહ્યું. મારા સ્વજન સમા નંદ–સ્કંદ કયાં ગયા? તેની ચિંતાથી ઉદાસીન છું. પાડોશીએ કહ્યું કે: તારા તે સ્વજનોએ જતી વખતે મને સંદેશો આપ્યો છે કે, તમે સાર્થવાહને કહેજો કે અમે અગત્યના કામ માટે થોડા દિવસ જઈએ છીએ અને તું શાંતિથી રહેજે, પછી પાછા આવ્યા બાદ જે કરવાનું હશે તે કરીશું. પાડોશીના મુખેથી સંદેશો સાંભળી સાર્થવાહ બોલ્યો: અહો! એની માયા તો જુઓ! ખરે જ હું તેની માયાજાળમાં ફસાયો છું ત્યારબાદ તેના વિચારો છોડી દઈ દિનાંતે ભોજન કર્યું.

આ બાજું સૂર્ય અસ્તાચલે પહોંચ્યો. રાત્રિએ શય્યા ઉપર સૂતો અનેક કુવિલ્પ કરતો જેમ તેમ લવારો કરતાં રાત્રી પસાર કરી સવારે ઉઠીને પ્રાભાતિક કાર્ય પતાવી વ્યાપાર કરવા માટે જે દ્રવ્ય હતું, તે સઘળું લઈ વસંતપુર પ્રતિ પ્રયાણ કર્યું. આ બાજું નંદ–સ્કંદે તેનું આગમન જાણ્યું. ત્યારબાદ પોતાની માયા છૂપાવવા, વળી તેનો નાશ કરવા

માટે પોતાની બેનનાં પુત્ર રુદ્રને, કેટલાક સહાયકો સાથે સમયને અનુરૂપ શિક્ષા આપી દેવશર્મા સાર્થવાહની સન્મુખ રવાના કર્યો.

તેઓ અવિલંબિત ગતિ વડે પ્રયાણ કરતાં રસ્તામાં મળતા સાર્થને પૂછતાં, સાર્થવાહના માર્ગને જાણતા ગોલ્લદેશ સમીપે આવ્યા. ત્યાં એક ગામની સમીપે વટવૃક્ષની નીચે વાસ કરીને રહેલા સાર્થને જોયો. ત્યારે તે તેની સમીપે ગયો. અને પૂછવા લાગ્યો. "તમે જાણો છો કે દેવશર્મા સાર્થવાહ હાલમાં કયાં છે? ભવિતવ્યતાના યોગે સાર્થવાહે કહ્યું. તમારે તેનું શું પ્રયોજન છે? ત્યારે રુદ્રે કહ્યું. તે અમારા વડિલતુલ્ય છે. પ્રયોજનને પછી કહીશ. ત્યારે કાર્યને વિચાર્યા વિના જ સાર્થવાહે કહ્યું કે, તે હું જ દેવશર્મા છું.

પોતાના કાર્યની સફળતાને વિચારી રુદ્ર હર્ષ પામ્યો. તેની સાથે ભોજન કર્યું. પછી અવસરે એકાંતમાં મુખ ઉપર શોક ધારણ કરી રુદ્રે કહ્યું: સાર્થવાહ! મને નંદ–સ્કંદે તમારી શોધ કરવા મોકલ્યો છે. સાથે કહેવડાવ્યું છે કે, રાત્રીએ તું જ્યારે સૂતો હતો, ત્યારે અમે નિધાનદેશે ગયા હતા ત્યાં તો કોઇ પુરુષો નિધાન લઈને પલાયન થઇ ગયા. અમે તેની પૂઠે લાગ્યા. પણ તેઓ દૂર ચાલી ગયા. તેઓનો પત્તો લાગ્યો નહીં. ત્યારે પાછા વળતા અર્ધેથી જ મને તમને બોલાવવા મોકલ્યો છે. માટે તમે કુવિકલ્પોને ત્યજી મારી સાથે ચાલો. જેથી જલ્દીથી નંદ–સ્કંદની સાથે તમારૂં મિલન થાય.

મૂઢ બુદ્ધિવાળા સાર્થવાહે તેની વાત સ્વીકારી લીધી.

વિનયથી રુદ્રે તેનું ચિત્ત આકર્ષી લીધું. કેટલોક માર્ગ કાપ્યો. પછી રાત્રીએ કોઇ એક ગામમાં રહ્યા. થાકને કારણે સાર્થવાહ નિદ્રાધીન થઈ ગયો. પછી લાગ જોઇ સાર્થવાહનું સઘળું ધન હરીને રાતોરાત રુદ્ર ભાગી ગયો. વસંતપુરમાં આવ્યો. નંદ–સ્કંદને તેની સઘળી સંપત્તિ સોંપી. તેઓ અત્યંત આનંદિત થયા. સુંદરી અને પુત્રવધૂ શીલવતી પણ હર્ષિત થઇ. બીજે દિવસે મહાકષ્ટે સાર્થવાહ આવ્યો. માયાવી નંદ–સ્કંદે તેની આગતા–સ્વાગતા કરી તેને ભોજન કરાવ્યું. તેનું વસ્ત્રપ્રદાનપૂર્વક સન્માન કર્યું. પછી અવસરે તેણે રુદ્રની સઘળી વાત કરી. ત્યારે નંદ–સ્કંદે કહ્યું : એ સાર્થવાહ કોઇ દુરાચારી ધૂર્ત હશે ! અમારા કુળમાં તો કોઇ રુદ્ર નામનો માણસ જ નથી. ત્યારે સરળ સ્વભાવી સાર્થવાહે તેની વાત સાચી માની લીધી. ત્યારબાદ કંઇક ભાતુ આપી સાર્થવાહને વિદાય કર્યો. પછી તે પોતાના સ્થાને પહોંચ્યો.

હવે આ બાજુ તે બન્ને દ્રવ્યનો ભોગોપભોગ કરવા લાગ્યા. પરને ઠગીને પ્રાપ્ત કરેલ દ્રવ્યના ઉપભોગથી તેઓએ પરભવમાં દુઃખ દેનારૂં અંતરાયકર્મ ઉપાર્જન કર્યું.

માયાવીની માયાજાળ દુઃખદાયી હોય છે. પોતાના સુખને ખાતર બીજાને ખતરામાં નાંખનાર માનવીના પાપો છૂપા રહેતા નથી. કહેવાય છે કે “પાપ પીંપળે ચઢી પોકારે.” નંદ–સ્કંદે પાપ ઉપાર્જન કર્યું. તેથી જ પરભવમાં દરિદ્રાવસ્થા !

હવે આ બાજુ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી સૌએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. નવી દુનિયામાં પ્રવેશ કર્યો. પૂર્વે

મિત્રને ઠગી ધનનું અપહરણ કર્યું. વળી તેનો ભોગવટો કરવાથી ઉપાર્જન કરેલા કર્મે તેમને નરક–તિર્યંચમાં ધકેલ્યા. એટલું જ નહીં, પણ જ્યાં જ્યાં જન્મે, ત્યાં ત્યાં તેઓને ભોજનાદિની પ્રાપ્તિ પણ દુર્લભ બની ગઇ. આ પ્રમાણે તેઓએ અત્યંત દુઃખો પ્રાપ્ત કર્યાં.

લોભથી જીવો અધમ કર્મો કરે છે. તેના કટુ પરિણામ અનુભવે છે. માટે લોભનો ત્યાગ કરવો જોઇએ. લોભાર્ત માણુસ કયું કપટ-કાર્ય કરતો નથી! લોભરૂપી છરીથી હણાઈ ગયેલી અંતરદૃષ્ટિવાળો એવો માણુસ ખરેખર પોતાના માતા-પિતા બંધવોને પણ અનર્થના ખાડામાં ઉતારતાં અચકાતો નથી. વળી નિર્દય રીતે પ્રજાને દુઃખી કરી ધન–ભંડાર ભરનાર, ભયંકર યુદ્ધો કરી પ્રલયકાળનાં જેવો દેખાવ. જેમણે બતાવ્યો, તેવા લોભાર્ત ભૂપાલો પણ મરણ સમયે કંઇ સાથે લઇ જવા સમર્થ થયા છે? કેવલ ગરીબડા મોઢે કંગાલની જેમ ઉપડી ગયા છે. તો લોભાસક્ત શા માટે થવું જોઇએ. લોભથી ઉત્પન્ન થતાં વિકલ્પરૂપ ધુમાડાથી હૃદયને શા માટે કાળું રાખ્યા કરવું જોઇએ?

લોભ–રોગને શમાવવા સંતોષ રામબાણ ઔષધ છે. છ ખંડના અધિપતિ પણ સંતોષ–અમૃતની પિપાસા પૂરણ કરવા રાજ્યને છોડી નિઃસંગ માર્ગ ગ્રહણ કરે છે. ઘણી વખત જોવા મળે છે કે, જે વસ્તુની તીવ્ર ઇચ્છા હોય તેની દુર્લભતા જોવા મળે છે. લક્ષ્મીની ઇચ્છા શાંત થતાં લક્ષ્મી પાસે આવે છે.

જેમ શબ્દશ્રવણનું કારણ કાન છે, તેમાં આંગળીનો પડદો નાખતાં કેવળ શબ્દધ્વનિ અનુભવાય છે, તેમ લક્ષ્મીની ઇચ્છા ઉપર દબાવ પડતાં આત્મા અપૂર્વ લક્ષ્મીમય બની જાય છે. આંખો મીંચી દેવાથી જેમ આખા જગત ઉપર ઢાંકણું દઈ દીધું જણાય છે. તેમ લોભ ઉપર પડદો નાંખવાથી સમસ્ત રાગવૃત્તિઓ ઢંકાઇ જાય છે. સંતોષી નર સદા સુખી, ચક્રવર્તી કે ઇંદ્રનું ઐશ્વર્ય વિકાર-શ્રમ-ખેદથી ભરેલું છે. જ્યારે સંતોષ-જન્ય સુખ નિર્વિકાર છે, અનાયાસ એની સિદ્ધિ છે, એ સ્વસન્નિહિત છે અને સ્થિર છે. માટે સંતોષવૃત્તિ ધારણ કરવી જોઈએ.

જેમ દૂધ પીવા માટે તલપાપડ બનેલી બિલાડી દૂધના કટોરાને જ જુએ છે, સામે પડેલા દંડને જોતી નથી, તેમ આજનો ભોગલંપટ માનવી ભોગાસક્ત બની ભાવિમાં સર્જાતી દુઃખ પરંપરાને જોતો નથી, કેવળ ભોગી-ભ્રમર ભોગ સુખમાં લપટાઈ જાય છે. સરસવ માત્ર સુખને માટે મેરૂ સમાન દુઃખ ઉપાર્જન કરે છે. થોડા જીવિતને માટે અનેક ઘણું પાપ કરે છે. વિષય વાસનામાં ચકચૂર બની જીવનની બરબાદી કરે છે, હવે વધુ કહેવાથી શું ? આ પ્રમાણે કર્મની વિચિત્રતા જણાવી.

આ બાજુ નંદ-સ્કંદ, તેનો કુટુંબ પરિવાર, પ્રતિજન્મ ક્ષુધા-તૃષાના દુઃખોને અનુભવતાં તિર્યંચાદિ ગતિમાં પરિભ્રમણ કરી, અંતરાય કર્મની ઘણા પ્રમાણમાં નિર્જરા કરી, કાંપિલ્યપુર નગરમાં નંદનો જીવ સાગરશેઠનો ધનદેવ નામે પુત્ર થયો. અને સ્કંદનો જીવ તેનો જ લઘુ બાંધવ ભાનુદત્ત નામે થયો.

સુંદરી અને શીલવતી તેની જ લઘુ-ભગિની સોમા અને સીતા નામે થઈ.

આ છે સંસારની વિચિત્રતા! પૂર્વભવના પિતા-પુત્ર આ ભવમાં બંધુ યુગલ બન્યા. સાસુ-વહુ ભગિની રૂપે અવતરી. પૂર્વભવના સહવાસથી પરસ્પર પ્રણયને વહન કરતા સર્વે વૃદ્ધિ પામ્યા. કલા-કૌશલ્યમાં પણ આગળ વધ્યા. યૌવનને ઉંબરે ઉભેલી બન્ને બહેનોને તે જ નગરીમાં કોઇએક સાર્થવાહના શુભંકર નામના પુત્રની સાથે પરણાવી અને ધનદેવ-ભાનુદત્તનું કંચન-શેઠની વિજયા અને જયંતી નામની પુત્રીઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું. તેઓ સંસારમાં રહી ધન-ઉપાર્જન કરવા લાગ્યા. અને પોતાનું જીવન પસાર કરવા લાગ્યા.

હવે તેમના પિતા સાગરશેઠે એકદા બહુશ્રુત, શિષ્યગણથી શોભિત ગ્રામાનુગ્રામ વિચરતાં શ્રી ગુણદત્તસૂરિ પાસે ધર્મ શ્રવણ કરી પ્રતિબોધ પામી પ્રવ્રજ્યા અંગીકાર કરી તે ગુરુ ભગવંત સાથે દેશપરદેશ વિચરવા લાગ્યા. ધનદેવ-ભાનુદત્તે પરસ્પર સ્નેહથી ખેતીવાડી વગેરે કાર્યો કરી, ખૂબ ધન-ઉપાર્જન કર્યું. દીન, અનાથ ઉપર અનુકંપા કરતાં ધર્મારાધના કરતાં રહેવા લાગ્યા. અનુક્રમે તેમને પુત્રો થયા. તેને ભણાવી ગણાવી હોંશિયાર બનાવ્યા, યૌવન વયને પામેલા તેઓને પરણાવ્યા. તેઓ પણ ધન ઉપાર્જન કરવા લાગ્યા. અંતે એક દિવસ માતા-પિતાનું ધન છીનવી લીધું. એટલું જ નહિ, તેઓ માતા-પિતાની તર્જના કરવા લાગ્યા. વૃદ્ધાવસ્થાને પામેલા તેઓ કામ કરી શકતા ન હતા, ત્યારે તેમને પરાભવ

પમાડવા લાગ્યા. તેઓ મા–બાપના ઉપકારને વીસરી ગયા. આ રીતે પુત્રના આક્રોશ–ભર્યા વચનોને સહન કરતાં જીવન વીતાવવા લાગ્યા.

હવે આવી પરાધીન અવસ્થામાં તેમની પત્ની વિજયા અને જયંતી રોગથી પીડાતી, રોગના પ્રતિકારરૂપ ઔષધના અભાવથી મૃત્યુ પામી. આ બાજુ તેમને પૂર્વોપાર્જિત અંતરાય કર્મ ઉદયમાં આવ્યું. પરિણામે એક બાજુ પત્નીના મરણનું દુઃખ, બીજી બાજુ પુત્રનો પરાભવ અને પરિવાર તરફથી ધિક્કાર-તિરસ્કાર–અપમાનજનિત દુઃખી અવસ્થાને પામ્યા. વધુ શું કહું ? તેમને પૂર્વકૃત દુષ્કર્મના દોષથી ભોજનની પ્રાપ્તિ પણ દુષ્પ્રાપ્ય થઇ ગઇ. તેઓ દુઃખમાં દિવસો પસાર કરવા લાગ્યા. વહુઓ પણ કઠોર વચનથી તેમના કાળજાને કોરી નાંખવા લાગી. પરિણામે દુઃખી અવસ્થાને પામેલા તેઓ મરણની વાંછા કરવા લાગ્યા. વિપુલ ધન–સંપત્તિ–વૈભવ હોવા છતાં દારૂણ વિપાકને અનુભવતા હતા એકવાર વહુએ ક્રોધથી તેમને ભોજન આપવાનો પ્રતિષેધ કર્યો. તેમને માર મારવા લાગી, કદર્થના કરવા લાગી, ત્યારે તેઓ પોતાના શ્વાસને રૂંધીને મૃત્યુ પામ્યા. મરીને બન્ને વ્યંતર થયા. ત્યારપછી તે વ્યંતરો પુત્ર-પુત્રવધૂના પરાભવનું સ્મરણ કરી ક્રોધાતુર થઈ તેઓને ભિક્ષુક બનાવી દીધા. તેમને ઉપદ્રવ કરવા લાગ્યા.

આ બાજુ તેની બન્ને બેનો સોમા અને સીતાએ કાળક્રમે પુત્રોને જન્મ આપ્યો. તે પુત્રો પણ કળાકારીગરીમાં પ્રવીણ

થયા. તેઓએ દ્રવ્યોપાર્જન કર્યું. તેમને કુળવાન નારીઓ સાથે પરણાવ્યા. હવે તે બન્નેના પતિ મરણ પામ્યા, તે બંને પતિના મરણના વિરહને વહન કરતી દુઃખપૂર્વક દિવસો પસાર કરતી હતી. ત્યાં તો બીજી ઉપાધિ ઉપસ્થિત થઈ. પૂર્વભવે ધન હરણ કરતાં પતિઓની અનુમોદના કરી બાંધેલ અંતરાયકર્મ ઉદયમાં આવ્યું. કેમકે કરણ, કરાવણ અને અનુમોદન આ ત્રણેનું ફળ સરખું છે. તેથી તે બન્ને એક બાજુ પતિના દુઃખને માંડ માંડ વિસરી, ત્યાં પુત્રો તેઓની અવજ્ઞા કરવા લાગ્યા. કઠોર વચનથી તેઓના હૃદયને હચમચાવી મૂકતા હતા. વહુઓ પણ નિષ્ઠુર હૃદયી સાસુને તાડન વગેરે કરવા લાગી. પરિણામે તે બન્ને આર્તધ્યાન કરવા લાગી. સ્વજન પરિજનો પણ તેઓની અવગણના કરવા લાગ્યા. તેમને ગ્રાસમાત્ર ભોજન પણ મળતું નથી. ભોજનના અભિલાષથી પુત્રવધૂની પાસે માંગણી કરે, ત્યારે પુત્રવધૂઓ હૃદયને વીંધી નાંખે, એવા આક્રોશરૂપી બાણો ફેંકતી હતી કે- શું તમારા પતિ ધન મૂકી ગયા છે? કે માંગવા આવો છો? અહીંથી ચાલ્યા જાઓ? પરઘરે જઇ ભિક્ષા માંગો! એવી રીતે પુત્રોની સમક્ષ જ વહુઓ તર્જના કરતી હતી.

હવે આ પરાભવથી કંટાળીને તે બન્નેએ અણસણ કર્યું. મરીને તે બન્ને વ્યંતરી થઇ. અને વિભંગજ્ઞાનથી પુત્ર અને પુત્રવધૂની તર્જનાનું સ્મરણ કરી કોપથી તે સમગ્ર પરિવારને ઉપદ્રવ કરવા લાગી. તેમના સમગ્ર ધનનું અદૃશ્યરૂપે અપહરણ કરી લીધું. પુત્ર અને પુત્રવધૂને રોડપતિ બનાવી દીધા. તેઓ

ચિંથરેહાલ ભિક્ષુકરૂપે જીવન નિર્વાહ કરવા લાગ્યા. કાળક્રમે આયુષ્ય પૂર્ણ કરી ધનદેવ અને ભાનુદત્તનો જીવ વ્યંતર દેવલોકથી ચ્યવી કુણાલાનગરીમાં વિનયંધર શ્રેષ્ઠિના પુત્રપણે અવતર્યો. અને સોમા-સીતાનો જીવ વ્યંતરીપણાને ભોગવી તે જ શ્રેષ્ઠિને ત્યાં પુત્રીરૂપે અવતરી. પૂર્વભવના અભ્યાસથી ચારે જણ પરસ્પર સ્નેહભાવથી વર્તતા વૃદ્ધિ પામતા હતા. દેહથી તેમ જ બુદ્ધિ-વૈભવમાં પણ તેઓ આગળ વધવા લાગ્યા. ત્યાં અપરણિત અવસ્થામાં જ સદ્‌ગુરુ સમીપે ધર્મને સાંભળી વૈરાગ્યવંત બની ચારે જણાએ દીક્ષા અંગીકાર કરી.

મુનિ જીવનમાં તપશ્ચર્યા આદરી પઠન-ગણન કરવા લાગ્યા. તેઓ આગમોના જ્ઞાતા બન્યા. સંવેગી બનેલા વિચારવા લાગ્યા. હા હા! આપણે કેવી રીતે ભવોદધિનું ઉલ્લંઘન કરી મોક્ષને પ્રાપ્ત કરશું? એમ પ્રતિદિન મનોહર ભાવનાને ભાવતાં હંમેશા ગુરુ ચરણની સેવામાં તત્પર, ગ્લાન વૃદ્ધોની વૈયાવચ્ચ કરતાં, મમતાના બંધનો કાપી, પ્રાણીગણની રક્ષા કરતાં ઇન્દ્રિયજય કરવામાં સાવધાન, ક્રોધાદિનો નિગ્રહ કરવામાં વીર્યોલ્લાસને ફોરવતાં, બેંતાલીશ દોષરહિત ભિક્ષા-ગ્રહણ કરવામાં તત્પર બન્યા. મહાત્માની દુનિયામાં વસી દેહને વિશે પણ નિરીહ, સંયમધ્યાનમાં તલ્લીન બની તેઓ દિવસો પસાર કરતા હતા. આ પ્રમાણે મુક્તિ માર્ગના પથિક બનેલા ચારેમાંથી સ્કંદના જીવ સિવાય ત્રણેય જણાએ પૂર્વોપાર્જિત અંતરાયકર્મ ઘણું ખરૂં ખપાવી દીધું. પણ સ્કંદે પૂર્વે સંકલિષ્ટ પરિણામથી બાંધેલું તેથી તેનું કર્મ ખપ્યું નહિ.

હવે આ ચારે સંયમીઓ આયુષ્ય ક્ષયે દેહ ત્યાગી સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી પ્રથમ જે નંદનો જીવ, તે હું. અમાત્ય શિવદત્ત તે તું થયો. વળી દેવભવમાં પૂર્વની તારી પત્ની સુંદરી તે આ ભવમાં વસંતસેના, તારી પતિવ્રતા નારી થઈ. વળી પૂર્વભવનો તારો પુત્ર સ્કંદ તે આ ભવે "દેવપ્રસાદ" નામે પુત્ર થયો. ચિરભવની પુત્રવધૂ શીલવતી તે અત્યારે સોમા નામની દેવપ્રસાદની પત્ની થઇ. આવી રીતે પૂર્વે કરેલ સાધારણ કર્મથી તમે એક કુટુંબમાં ભેગા થયા છો. વળી હે અમાત્ય! હાલમાં પૂર્વે કરેલ તારા પુત્રના અંતરાયકર્મના દોષથી સર્વને દારિદ્રતાની પ્રાપ્તિ થઇ છે. અને નરપતિ દ્વારા અપમાન મળ્યું છે. આ પ્રમાણે મુનિ ભગવંતે પૂર્વભવનું વર્ણન કર્યું.

સંતપુરૂષના કરૂણાભર્યા અંતરમાંથી નીકળતી જ્ઞાન વૈરાગ્ય-ભરી વાણીના શીતલ પાણીમાં સ્નાન કરી અનેકવિધ તપથી તપેલા તેમના હૈયાં ઠંડક અનુભવી રહ્યા. એટલું જ નહિ, પણ કંઈક આશ્ચર્યકારક બનાવ બન્યો. તેઓના કર્મપટલ શિથિલ થતાં ફરી ફરી યાદ એટલે કે જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમના અંધારા ઉલેચાયા અને અંતરમાં પ્રકાશ થયા. તેમણે પોતાનું સ્વરૂપ પ્રત્યક્ષ જોયું. પોતાના દુષ્ચરિત્રને નિહાળી સંવેગ ભાવમાં રમતા બન્ને આત્મસાક્ષીએ દુષ્કૃત્યોની નિંદા કરવા લાગ્યા. આ બાજુ વસંતસેના અને સોમાને પણ જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

તે જોઈ મુનિ ભગવંતે કહ્યું: હે અમાત્ય! તમે જે

પૂર્વભવ સંબંધી પૃચ્છા કરી, તેની તમને સ્પષ્ટતા કરી બતાવી. વળી દુષ્કર્મના નાશના ઉપાયને કહું છું. તારૂં કર્મ તો પ્રાયઃ નષ્ટ થઇ ગયું છે. પણ દેવપ્રસાદને તે કર્મની નિર્જરા અત્યારે પણ કરવી આવશ્યક છે. તેનું કર્મ હજુ બાકી છે. એમ સાંભળી ભયભીત દેવપ્રસાદ મુનિના ચરણ–કમળમાં પડયો. અને વિનંતિ કરી કે "ભગવંત! મને કર્મક્ષય માટેનો ઉપાય બતાવો" ત્યારે ભગવંતે કહ્યું: મક્કમતા વિના કર્મ-ક્ષયના ઉપાયને આદરવા સમર્થ થવાતું નથી. ત્યારે તેણે કહ્યું: ભગવન્! તમે શંકા ન કરો. દુષ્કર્મના વિપાકને જોયા પછી મારા જેવો કોણ નિશ્ચય ન કરે! ત્યારે યોગ્યતા જાણી સમગ્ર કર્મરૂપી વૃક્ષને ઉન્મૂલન કરવામાં પવન સમાન ધ્યાન વિધિ બતાવી.

મુક્તિને માટે ધ્યાનસિદ્ધિની જરૂર છે. ધ્યાનથી સિદ્ધિને માટે મનઃપ્રસાદ જોઇએ અને તે અહિંસા વગેરે શુદ્ધ અનુ-ષ્ઠાનથી સાધી શકાય છે. ઉત્તરદિશા તથા પૂર્વદિશા તરફ સન્મુખ દેહશુદ્ધિપૂર્વક, મન–વચન–કાયાના વ્યાપારોને રોકી ધ્યાનમગ્ન બનવું જોઇએ. દુષ્કૃત્યોની ગર્હા, સર્વ જીવો ઉપર મૈત્રીભાવ ધારણ કરી ગણધર ગુરુ ભગવંતને વંદનાપૂર્વક જિનેશ્વર ભગવાનનું સ્મરણ કરવું જોઇએ. જેમકે સમવસરણમાં ભગવાન બિરાજમાન છે. દેવેન્દ્ર, નરેન્દ્રો, સમવસરણમાં રહેલા છે. અષ્ટમહાપ્રાતિહાર્યરૂપ ઋદ્ધિથી અલંકૃત પ્રભુ દેશના દઈ રહ્યા છે. વળી સમવસરણમાં પશુઓ પણ વૈરભાવ તજીને બેઠેલા છે. અને પ્રભુ મધુર વાણીથી દેશના દઈ રહ્યા છે.

અને હું પણ જાણે સમવસરણમાં ગયો છું. પ્રભુની દેશના સાંભળી રહ્યો છું. પ્રભુની કૃપા મારા ઉપર વર્ષી રહે છે. અને પ્રભુના ચરણકમલમાં બેઠેલ છું. કૃપાથી ભીંજાઈ રહ્યો છું. અને મારા જીવનને ધન્ય માની રહ્યો છું. આવી રીતે અરિહંત પરમાત્મનું ધ્યાન ધરવું.

દેવાનુપ્રિય દેવપ્રસાદ! પરમ ગુરુપ્રણીત આ ધ્યાનવિધિનું સમ્યક્ પ્રકારે સેવન કરવું જોઇએ. ત્યારે દેવપ્રસાદે કહ્યું: ભગવન્! ચિંતામણિને કોણ ગ્રહણ કરતું નથી? તમારી કૃપાથી તો મારામાં જનમ-જનમના કર્મ બાળવાનું સામર્થ્ય પેદા થયું છે. હવે તો બસ વીતરાગની ભક્તિ એ જ મારો પ્રાણ બની રહો. શિવાદેવી અમાત્ય વગેરેએ જિનધર્મ સ્વીકાર્યો, દેવપ્રસાદ પણ ધ્યાનાનલ દ્વારા કર્મબંધન બાળવા લાગ્યો, વળી અમાત્યનું કર્મ ક્ષીણ થઇ ગયું. જેથી પૂર્વની જેમ રાજાએ સન્માન કર્યું. ફરી તેને વૈભવ-વિલાસની પ્રાપ્તિ થઈ. તેમને ફરી સુખના દિ' જોવા મળ્યા.

ધર્મની આરાધનાના બળે દેવપ્રસાદનું અંતરાયકર્મ તૂટી ગયું. તેની ઉપર પણ રાજાની અસીમ કૃપા અવતરી. ઋદ્ધિ સિદ્ધિ ભરપૂર તેઓ વિશેષથી વીતરાગની પૂજા, વંદના, વિગેરે અનુષ્ઠાનમાં ઉદ્યમવંત થયા. તેઓ શાસન પ્રભાવનાનાં કાર્યમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવા લાગ્યા.

કર્માવરણ હટતાં, બુદ્ધિની નિર્મલતા પ્રાપ્ત થતાં, તેમનો સંસારની સમગ્ર સૃષ્ટિ ઉપરથી મમત્વભાવ હઠી ગયો. પરિણામે તેમનું હૈયું રડી રહ્યું. અને સત્યની શોધ માટે તલસી રહ્યું.

મનમાં પ્રગટેલ શુભ ચિંતનથી તેમને ઘર સ્મશાન જેવું લાગવા માંડયું. બાંધવો બંધન સમાન લાગ્યા. વિષયો વિષ જેવા જણાયા, ધન તો આપત્તિનું સ્થાન જણાયું. પરિણામે ભુક્તિમાંથી તેમને વિરક્તિના પરિણામ થયા. અને એક દિ' સિંહગુરુના ચરણે તેઓએ જીવનનું સમર્પણ કર્યું.

યોગીઓના સંગે યોગસાધનામાં લયલીન બની સંયમની ક્રિયામાં અપ્રમાદશા કેળવી ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ કરતાં અંતે અણુસણ કરી દિવ્યભૂમિમાં વિચરવા માનવીય શરીર ત્યજી દેવપ્રસાદનો આત્મા સનત્કુમાર દેવલોકે અવતર્યો. ત્યાં દિવ્ય ઋદ્ધિનો ભોગવટો કરી મુક્તિની ઝંખના કરતાં તે દેવાત્માનું માનવલોકે અવતરણ થયું.

માનવલોકમાં ક્ષિતિપ્રતિષ્ઠિતપુર નામનું નગર છે. ત્યાં રાજ્ય કરે રાજા મહાધર. તે મહાપરાક્રમી પરમરાજ્ય લક્ષ્મીનો ભોગી છે, તેને રેવતી નામની પત્ની છે. તેની કુક્ષીમાં પુત્રપણે અવતર્યો. તેનું સોમ નામ પાડવામાં આવ્યું. દેહ અને બુદ્ધિથી તે રાજકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો. અનુક્રમે સમગ્ર જન સમુદાયના નયનને આનંદ ઉપજાવનાર યૌવન વયને તેણે પ્રાપ્ત કરી. કામવિકારને ઉત્પન્ન કરનારી યુવાવસ્થામાં તે નિર્વિકારપણે રહેતો હતો. કર્મજાળની હીનતાને પરિણામે, જ્ઞાનની વિશુદ્ધતાને કારણે, ઈંદ્રિયના વિષયોની હેયતાને સમજતા, પ્રશમભાવ પ્રાપ્તિની યોગ્યતાને કારણે, આત્મવીર્યની પ્રબળતાની વૃદ્ધિ થતાં રાજ્યલક્ષ્મીમાં સોમકુમાર રાચતા ન હતા. તે શરીરની કોઈપણ શોભા કે આળપંપાળ કરતો નથી.

તેણે વિષયોની અભિલાષાને પણ મારી નાંખી હતી. સંસારરૂપી કેદખાના ઉપર તદ્દન વિરક્ત મનવાળો, મહાપુરુષની જેમ પોતાનો સમય સારી રીતે નિર્ગમન કરે છે.

સોમકુમારને વિરક્ત ચિત્તવાળો જોઈને તેના પિતા મહાધરરાજવી અને રાણી રેવતીને ચિંતા થઇ કે અહો! યૌવન વય, સુંદર કાયા, કુબેર–ભંડારીના વૈભવને તિરસ્કાર કરે તેવો વૈભવ, દેવાંગનાઓના લાવણ્યને હસી કાઢે એવી રાજ કન્યાઓનું દર્શન થવા છતાં, કામદેવથી પણ અત્યંત રમણીય રૂપવાળા નિરોગી શરીરવાળા કળા કૌશલ્યમાં પ્રવીણ આને મુનિનું દર્શન થયું નથી, છતાં યુવાનીનો વિકાર જરા પણ અસર કરતો નથી. વળી વિષય સુખનું તો નામ લેતો નથી. અરે! આવું સંસારથી તદ્દન વિમુખ થઈ ગયેલું અલૌકિક તેનું ચારિત્ર તે કેવું? જો આ છોકરો વિષયસુખથી વિમુખ થઇને આમ સાધુની પેઠે જ રહે, તો આપણને આ રાજ્ય મળ્યું તે વૃથા છે. આપણો વૈભવ નિષ્ફળ છે. આપણું જીવતર ઝેર છે. આપણે જીવતા છતાં મુવા જેવા જ થઇ જઈએ, ત્યારે હવે તે વિષયોમાં પ્રવૃત્તિ કેવી રીતે કરે, એ સંબંધમાં રાજારાણી વચ્ચે વિચારણા થઇ. એકાંતમાં વિચારણા કરતાં અંતે નિર્ણય કર્યો કે વિષયસુખનો અનુભવ કરવા માટે તેઓએ જાતે જ સોમકુમારને કહેવું જોઈએ, તેઓએ માન્યું કે પુત્ર ઘણો વિનયી, દાક્ષિણ્યનો ભંડાર છે. તેથી મા–બાપના વચનને કદી ઉલ્લંઘશે નહીં. એમ વિચારી તેઓ સોમકુમાર પાસે આવ્યા, અને કહેવા લાગ્યા: અરે ભાઈ! અમારા મનોરથને

પૂર્ણ કર. તું રાજ્યની ધુરા વહન કરવા સમર્થ છે. તો રાજ્યને ગ્રહણ કર, રાજકન્યાઓનું પાણિગ્રહણ કર, ઇંદ્રિયના વિષયોની અનુભૂતિ કર, કુળ સંતાનોની વૃદ્ધિ પમાડ, પ્રજાજનો તેમ જ સગા સંબંધીઓને આહ્લાદ ઉપજાવ, મિત્રવર્ગનું સન્માન કર, આનંદથી રાજ્યલક્ષ્મીને વહન કર.

ત્યારે માતા-પિતાના આ વચન સાંભળી સોમકુમારે નિર્ણય કર્યો કે-મા બાપે ખૂબ સુંદર પ્રસ્તાવ રજૂ કર્યો છે. મને તો સોનેરી તક મળી. તેમને પ્રતિબોધ કરવાની તક મળી ગઈ. એમ વિચારી તેણે પોતાનો અભિપ્રાય માતાપિતાને જણાવ્યો : પિતાજી ! આપની ઇચ્છા બરાબર છે. પણ સ્નેહ-તાંતણાથી બંધાયેલો જીવ પગલે પગલે વિષાદને પામે છે. સ્ત્રીઓ પવનના જેવી ચંચળ, સંધ્યાકાળની આકાશ-પંક્તિ જેવી ક્ષણમાં રક્ત ક્ષણમાં વિરક્ત, ઘણી કુટિલતાથી ભરપૂર, સાપને રાખવાના કરંડિયા જેવી, કાલકૂટ જેવા મહાવિષની વેલડી, નરકના અત્યંત ભયંકર અગ્નિ જેવો સંતાપ કરનારી, વળી મોક્ષને પ્રાપ્ત કરાવે તેવા શુભધ્યાનની ખરેખર દુશ્મન, કપટની ખાણ હોય છે. માટે હે પિતાજી ! હું તો આવી જાળમાં ફસાવા ઇચ્છતો નથી. વળી રાજ્ય વૈભવ અને સ્ત્રીઓના પાશમાં સપડાયેલો આત્મહિતને કરી શકતો નથી. માટે આત્મકલ્યાણ થાય એવો માર્ગ અંગીકાર કરવા ઇચ્છું છું.

ત્યારે માતાપિતાએ કહ્યું : પુત્ર ! ભલે તારી ઈચ્છા ન હોય, પણ તારે અમારા વચનથી અમારી પ્રથમ પ્રાર્થનાનો ભંગ ન કરવો જોઈએ. કુમારે કહ્યું : બોલો તમારી પ્રાર્થના

કઇ ? ત્યારે તેમણે કહ્યું : પુત્ર ! રાજકન્યાનું પાણિગ્રહણ કરી અમ મનને હરખાવો ત્યારે તેમની કાકલૂદીભરી વિનવણી સાંભળી એમના વચનનું ઉલ્લંઘન કર્યું નહીં. વળી પોતાના ચારિત્રમોહનીય કર્મની પ્રબળતા જાણી કુમારે કહ્યુ : હે પિતાજી ! હે માતાજી ! મેં મારો અભિપ્રાય તમને જણાવ્યો. હવે આપને જે યોગ્ય લાગે તે કરો. તમારા ઉપકારને કેમ ભૂલી શકું ? અને સ્વચ્છંદ આચરણ શું કરૂં ?

પોતાની મનોકામના પૂર્ણ કરતાં પુત્રના વચનથી બન્ને જણા આનંદિત થઈ ગયા. અને માતા-પિતાના ઉપરોધથી તેણે પાણિગ્રહણ કરવાનું સ્વીકાર્યું.

આ બાજુ તરત જ મહાધર રાજવીએ પુરૂષસિંહ સામંતની પાસે પ્રધાનપુરુષોને રવાના કર્યા. તેની પુત્રી ચંપકલતાની માંગણી કરતો સંદેશો મોકલાવ્યો. ત્યાં જઇ તેમણે પુરૂષસિંહને સઘળી વાત કરી. હર્ષિત થયેલા તેણે તે વાત સહર્ષ સ્વીકારી લીધી. શોભન મુહૂર્તે ચંપકલતાને સોમકુમાર સમીપે વિવાહાર્થે મોકલાવી, એમ નિર્ણય જણાવી પ્રધાનપુરૂષોને વિદાય કર્યા. તેમણે પણ આવીને મહાધરરાજવીને કન્યા સંબંધી સઘળી વાત કહી.

હવે આ બાજુ મહાધરરાજવીએ જ્યોતિષીઓને બોલાવ્યા. લગ્ન જોવડાવ્યા. તેમણે નજીકનો દિવસ જણાવ્યો. તરત જ દૂતને પુરૂષસિંહને ત્યાં મોકલ્યો. અને કહેવડાવ્યું કે, તમારી પુત્રી ચંપકલતાને જલ્દી રવાના કરો, વિવાહનું મુહૂર્ત

સમીપમાં જ છે, આ પ્રમાણે સાંભળી પુરૂષસિંહ સામંતે બધી સામગ્રી સહિત ચંપકલતાને વિદાય કરી. તેને ક્ષિતિપ્રતિષ્ઠિતપુર નગર તરફ જતી ચરપુરૂષો વડે જાણી માર્ગમાંથી જ શતદ્વાર રાજાના પુત્ર કાર્તવીર્યે તેનું અપહરણ કર્યું.

આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. મહાધર રાજવી અને પુરૂષસિંહ સામંતને પણ કન્યા—અપહરણના સમાચાર મળી ગયા. ક્રોધાતુર બન્ને કાર્તવીર્યની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. આ સમાચાર સાંભળી સોમકુમાર પિતા સમીપે આવ્યો. અને વિનંતી કરી : પિતાજી! તેને હણવા માટે આપને તસ્દી લેવાની જરૂર નથી. આપ અહીં જ રહો. શિયાળ અને સિંહની લડાઈ સરખી ન કહેવાય? તમે મને જ તેની સામે થવા દો. કદાચ તેની પાસે ઘણા હાથી, ઘોડા, સુભટનો પરિવાર તેમ જ સામંતવર્ગ હશે, તો પણ મર્યાદાભ્રષ્ટ તેનો જય થશે નહિ. મર્યાદાભ્રષ્ટ ક્ષત્રિયો અભ્યુદયને પામતા નથી. અને આવી દુષ્ટ બુદ્ધિવાળાનો પરાજય નિશ્ચિત છે. તો તમે યુદ્ધ કરવાના વિચારથી વિરામ પામી, મને રણાંગણે ઝઝુમવા જવા આજ્ઞા આપો. ત્યારે રાજાએ સેનાસમૂહથી યુક્ત કુમારને મોકલ્યો. તે મોટી સેનાસહિત સીમાડે આવ્યો. અને દૂતને કાર્તવીર્ય સમીપે મોકલ્યો. કઠોરવાણી યુક્ત સંદેશો મોકલ્યો કે, નરાધિપ કાર્તવીર્ય! તને વિનાશકાળે વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થઈ લાગે છે. મૃત્યુને આલિંગન કરવા અને રાજ્યના વિનાશ માટે તેં અકાર્ય કર્યું લાગે છે. પણ યાદ રાખજે કે તેં જાતે જ મોતને નોતર્યું છે. મરેલાને મારવા

જેવો અમારો યુદ્ધનો આરંભ છે. તો તું અમારે શરણે આવી જા. અથવા તો યુદ્ધભૂમિ ઉપર ઉપસ્થિત થા.

એ પ્રમાણે કઠોર વચન સાંભળવાથી કાર્તવીર્ય રાજવી કોપાતુર થયો. અરૂણ નયન ફેંકતો, સભાજનોને પણ કંપાવતો હતો. રાજવીનું ભીષણ સ્વરૂપ જોઈ સભાજનો પણ સ્તબ્ધ થઈ ગયા. અને યુદ્ધ ખેલવા સેનાને જાગૃત કરવા સંનાહ યુદ્ધ ભેરી વગાડાઈ. ભેરીના નાદે ચતુરંગ સેના સજ્જ થઈ. પહાડોને પણ ભેદી નાંખે એવા મોટા અવાજો ઉછળ્યા. પક્ષીઓ પણ ભયભીત બની માળા છોડી ચાલ્યા ગયા. વાતાવરણને ભીષણ બનાવતું કાર્તવીર્યનું સૈન્ય વેગથી ઉપસ્થિત થયું, તેનું આગમન જાણી સોમકુમારે ધનુષ્યનો એવો ગગનભેદી ટંકાર કર્યો કે, સમગ્ર વાતાવરણમાં ખળભળાટ મચી ગયો. બન્ને યુદ્ધવીરો બાણની વર્ષાથી આકાશને ઢાંકતા હતા. સામંતો-સામંતો સાથે, સુભટો-સુભટો સાથે, એમ પરસ્પર કત્લેઆમ થઈ. કેટલાકે જાન ગુમાવ્યા. અને કાયર લોકો પલાયન થઈ ગયા.

આ બાજુ સિંહની જેમ પરાક્રમી પુરૂષસિંહ રાજવીએ મૃગવર્ગની જેમ પરચક્રની ઉપર હલ્લો કર્યો. બાણોની વર્ષાથી કાર્તવીર્યના શરીર ઉપર પુષ્કળ ઘા પડ્યા. અને દુષ્ટાવસ્થાને પ્રાપ્ત થયેલો તે પોતાના નગર ભણી પલાયન થઇ ગયો. બંને સેના કાર્તવીર્યની પાછળ દોડી. તેણે પણ એકદમ ચંપકમાલાને તેઓની સન્મુખ વિસર્જન કરી દીધી. કેમકે મુક્તિનો ઉપાય તેને માટે તો તે જ હતો. હવે ધન આભરણ

આદિ સામગ્રી વિગેરે અને પરિવારને યથાવસ્થિત મેળવીને સોમ અને પુરૂષસિંહ પાછા વળ્યા. અંતે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે આવ્યા.

તરત જ તેમના આગમનની નગરમાં વધામણી પહોંચી ગઇ. તેમનો સુંદર રીતે નગરપ્રવેશ થયો. પછી મહામહોત્સવ સહિત સોમકુમાર અને ચંપકમાલાનો વિવાહ થયો. સામંતોનું સન્માન કરાયું. નગરજનોની પૂજા કરી. ઘણા જ આડંબરથી સ્નેહીજનોનું સ્વાગત કર્યું. પછી હર્ષને અનુભવતો પુરૂષસિંહ સામંત પોતાના સ્થાને ગયો.

હવે રાજકુમાર પૂર્વકૃત ધર્મ-કર્મને અનુરૂપ ચંપકમાલાની સાથે વિષયસુખોને ભોગવતો દિવસ પસાર કરે છે. એકવાર મહાધર રાજવીએ એકાંતમાં પુત્રને કહ્યું: હે વત્સ! તું રાજ્ય ગ્રહણ કર. અમે હવે આત્મકલ્યાણાર્થે સમગ્ર મિત્ર-કલત્રાદિ પરિવારને ત્યજી વનવાસ કરવા ઇચ્છીએ છીએ. ત્યારે રાજકુમારે કહ્યું: પિતાજી! પૃથ્વીને નાગરાજ વિના અન્ય કોઇ ધારણ કરવા સમર્થ નથી. તેમ તમારા વિના રાજ્યના મહાભારને ધારણ કરવા અન્ય કોણ સમર્થ થાય? શું સૂર્ય અને ચંદ્રના પ્રકાશને ઉલ્લંઘન કરવા અલ્પકાંતિવાળા શનિ-બુધ સમર્થ થાય? ત્યારે રાજવીએ કહ્યું. પુણ્યશાળી જીવોને કંઈ જ અસમર્થ નથી. તેની આગળ અમે વળી ક્યાં? ક્યાં અમારી શક્તિ? વળી સ્નેહયુક્ત બુદ્ધિવાળા તારા જેવા તો ગૌરવનો વિસ્તાર કરશે. માટે હવે સંકલ્પ-વિકલ્પ કરવાની

કોઇ જ જરૂર નથી. ત્યારે વડિલોનું માન રાખી કુમાર પોતાના સ્થાને ગયો.

હવે સોમકુમાર હંમેશા ગુરુ–પર્યુપાસના, શાસ્રાર્થ–શ્રવણ, દેવ–ગુરુ–પૂજન આદિ ઉચિત કર્તવ્યો કરવા દ્વારા પોતાના દિવસો પસાર કરે છે. અને વિષયસુખોને ભોગવતાં કેટલાક કાળે ચંપકમાલાએ પુત્રને જન્મ આપ્યો. જન્મ વધામણીથી મહાધર રાજવી હર્ષ પામ્યા. મહા આડંબરથી જન્મમહોત્સવ કર્યો અને પુત્રનું હરિશેખર નામ સ્થાપન કર્યું. કર્મની ગતિ વિચિત્ર છે. રાજવૈભવમાં ઉછળી રહેલા હરિશેખરને ચાર વર્ષની વય પછી રોગ ઉપન્યો. વૈદ્યોએ તેની ચિકિત્સા કરી પણ કાંઇ જ થયું નહીં. વધતા જતા રોગના સપાટામાં તેનું જીવન રહેસાઈ ગયું, અને તે મૃત્યુ પામ્યો. તેનું મૃતક કાર્ય પતાવ્યું.

રાજકુમાર અત્યંત શોકાતુર બેઠા છે. ત્યાં વિનયંધર નામના મુનિવર પધાર્યા. તેમણે તેને ઉપદેશ આપ્યો : અરે ! મહાનુભાવ તું શોક શા માટે કરે છે ? સંસારના સર્વ ભાવ અનિત્ય છે. જીવિત પણ ક્ષણભંગુર છે. મૃત્યુ તો સર્વનું અવશ્ય છે. યમરાજના સપાટામાંથી કોઇ છૂટતું નથી. ઈન્દ્ર, ચક્રી કે દાનવ હોય, તેને પણ મરણનો ભય હોય છે. મોટા માંધાતાઓ પણ મરી ગયા. તો પુત્રના મરણથી શું ? અહીં કંઈ જ આશ્ચર્ય નથી.

વૃક્ષ ઉપર રાત્રિએ પંખીઓ ભેળા થાય પ્રભાત થતાં તો પોતાની ઇચ્છાનુસાર ચાલ્યા જાય, તેમ એક કુટુંબમાં અન્ય–

અન્ય સ્થાનેથી આવી જીવો ભેગા થાય છે, અન્ય-અન્ય યોનિમાં મૃત્યુરૂપી સૂર્યોદય થતાં ચાલ્યા જાય છે. આ કારણે તું ધર્મમાં ઉદ્યમ કર. ત્યારે મુનિના વચનથી સંસાર-સ્વરૂપની ઝાંખી થતાં સોમકુમાર રાજવીએ શોક ત્યજી દીધો. પછી મુનિના ચરણકમલમાં વંદના કરી. અને કહ્યું : કરૂણાસાગર! ખરેખર તમે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. મહામોહ રૂપી અજ્ઞાનથી અંધ, કૃત્યાકૃત્યના વિવેકથી રહિત, સમ્યગ્ પ્રકારે ધર્મ સમજાવી મને માર્ગમાં સ્થાપન કર્યો છે. વળી ભગવન્! મોહરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય-ચંદ્ર પણ સમર્થ થતાં નથી, પણ તમારા વચનરૂપ કિરણોથી મારો મોહ દૂર થયો છે. મહાપુણ્યોદયે મને તમારા સરખા ચિંતામણી રત્નની પ્રાપ્તિ થઇ છે. શું નિષ્પુણ્યક જીવોને તેની પ્રાપ્તિ થાય? એમ મુનિ ભગવંતની સ્તવના કરી, મોહને છોડી સોમકુમાર રાજવી વિગેરે પોત-પોતાના કાર્યમાં ઉદ્યમવંત થયા. મુનિવર પણ અન્યત્ર વિહાર કરી ગયા.

હવે કેટલાક દિવસો પસાર થયા બાદ ચંપકમાલાદેવીના શરીરે રોગ લાગુ પડ્યો. વૈદ્યોને બોલાવ્યા. તેની ચિકિત્સા શરૂ થઇ. પણ કોઈ ઉપાય સફળ થયો નહિ. ત્યારે રાજાએ નગરમાં દરેક સ્થળે ઘોષણાપૂર્વક પડહો વગડાવ્યો કે—જે કોઇ દેવીના રોગને દૂર કરશે, તેને રાજા મનોવાંછિત આપશે. આ પ્રમાણે રાજાની ઘોષણા સાંભળી ત્યાં કલિંગદેશથી કોઇ વૈદ્ય આવ્યો. તેનો રાજમહેલમાં પ્રવેશ કરાવ્યો. તેણે દેવીના શરીરનું નિરીક્ષણ કર્યું. રોગનું નિદાન શોધ્યું. ત્યારે

તેણે કહ્યું : મહારાજ ! જો દેવીને પંચુબરી ફલ મદિરા સાથે મિશ્ર કરી ખવડાવવામાં આવે, તો સાત રાત્રિમાં દેવી નિરોગી થઇ જાય.

હવે રાણીના દુઃખને દૂર કરવા ઈચ્છતા રાજાએ ચંપકમાલાને વૈદ્યની વાત કહેવડાવી. પણ સર્વજ્ઞ ભગવંતના ધર્મમાં નિશ્ચલ તેણે કહ્યું : ડાભના અગ્રભાગે રહેલા જલબિંદુ સમા ચંચળ જીવિતને માટે કોણ બુદ્ધિશાળી આવું અકાર્ય કરે ? વળી ઉપાય કરવાથી સારૂં થાય, તો પણ મૃત્યુ અવશ્ય આવવાનું છે. તો શું આવો ઉપાય કરવો ? કદી જ કરવો ન જોઈએ. વળી કોણ વીતરાગના ધર્મને જાણી આવું અકૃત્ય કરી પોતાના આત્માને ઠગે ? તો મારે આ ઉપાયોથી સર્યું. પંચપરમેષ્ઠિના ચરણોની સેવા-વંદના-સ્મરણને મૂકી હું અન્ય કોઇને આદરીશ નહીં. મૃત્યુ થાય કે, જીવિતની પ્રાપ્તિ થાય, મારા મનમાં તો વીતરાગ ધર્મની પ્રાપ્તિનો આનંદ છે.

વળી જેઓ પ્રતિજ્ઞા-પાલનમાં તત્પર રહે છે, કુલાચારોનું ઉલ્લંઘન કરતા નથી. મૃત્યુની પરવા કરતાં નથી, તે જીવો ધન્ય છે. તેમની કીર્તિ પણ ચંદનસમ નિર્મળ છે. એમ શુભ વિચારોમાં આરૂઢ થઇ નમસ્કાર મંત્રમાં લયલીન બનેલી દેવીએ પોતાના પ્રાણ ત્યજી દીધા. અને દેવલોકે ગઈ.

હવે સોમકુમારે મૃતક કાર્ય કરી મૃત્યુની ભયંકરતાને સમજી વૈરાગ્યની પ્રાપ્તિ થતાં પિતાને કહ્યું : હે તાત ! આવા ઘરવાસમાં શા માટે રહેવું જોઇએ ? શા માટે આત્માને

ભવસમુદ્રમાં ડૂબતો રાખવો? જાણવા છતાં પણ સંસારરૂપી દાવાનલમાં શા માટે બળતા રહેવું જોઈએ?

વળી દુઃખ ભરપૂર સંસારમાં ધર્મ વિના સાચું શરણ કોઈનું નથી. સંસારમાં જન્મની પ્રાપ્તિ તે મરણ માટે છે, શરીરની પ્રાપ્તિ તે રોગનું કારણ છે. વળી યૌવનાવસ્થાનું આગમન તે વૃદ્ધાવસ્થાના કારણભૂત છે. સંસારમાં શરીર, યુવાવસ્થા, સ્વજનનો મેળાપ, સંપત્તિનું જે મૂલ્યાંકન અંકાય છે, તે દુઃખને માટે જ છે. તો સંસારના પદાર્થોમાં સુખ મેળવવાનો પ્રયત્ન એ ઝાંઝવાના જળ જેવો છે! તેથી ગૃહવાસથી સંભવિત સુખથી મારે સર્યું.

એમ નિશ્ચય કરી, રાજાની અનુજ્ઞા પામી. મારા કેવલજ્ઞાનની ઉત્પત્તિને જાણી પાંચસો રાજપુત્રો સહિત તે અહીં આવ્યો. ભવોદધિ તારિણી દીક્ષા અંગીકાર કરી અને પાવની ગણધરપદવી વર્યો.

જાતિ-સ્મરણ-વીણા વાગે!
એના નાદે આતમ જાગે!

છટ્ઠા ગણધર

શ્રીધર

[ ૬ ]

# ઇર્ષ્યા અગનજાળ–જીવન કરે ભસ્મીભૂત

સમગ્ર દ્વીપ–સમુદ્રોની મધ્યમાં એક લાખ યોજન વિસ્તારવાળો જંબૂદ્વીપ છે. તેના ભાલતલના તિલકભૂત ઐરાવત નામનું ક્ષેત્ર છે. તેમાં ઇંદ્રપુર સમાન નયનરમ્ય સુવર્ણપુર નામનું નગર છે. તે નગરમાં જડતા તો કમળમાં જ હતી, શ્યામતા તો સર્પોમાં જ હતી અને રાત્રીએ પ્રિયનો વિરહ તો ચક્રવાકીને જ હતો. એટલે કે નગરના લોકો સરળ હતા, પ્રિયનો વિરહ તો ક્યારેય દૃષ્ટિગોચર થતો ન હતો.

તે નગરમાં શત્રુરૂપ હાથીઓના ગંડસ્થળોને તોડી નાંખનાર, વિજયપતાકાને દેશના ખૂણે–ખૂણે લહેરાવનાર નરેન્દ્રોથી સેવાતો પ્રતાપી, મહાપરાક્રમી શિવધર્મ નામનો રાજા રાજ્ય કરે છે. અને તેનો બુદ્ધિવૈભવમાં બૃહસ્પતિ તુલ્ય વામદેવ નામનો મંત્રી છે. તેની પતિપરાયણ, ગંભીર શિવા નામની પત્ની છે. તેને અદ્ભુત રૂપ, લાવણ્ય, ગુણથી અપ્સરાઓની શોભાને તિરસ્કાર કરનારી બંધુમતી નામની પુત્રી છે.

બંધુમતી એકવાર નગરની બહાર પૂર્વોત્તર દિશામાં રહેલ મન્મથ–મંદિરમાં સખી પરિવારથી યુક્ત, પુષ્પ, ધૂપ, દીપક, અક્ષતાદિ પૂજાની સામગ્રી સહિત ગઇ. ત્યાં આગળ કામદેવની પૂજા કરી. ત્યારબાદ આજુબાજુ ફરવા લાગી, ત્યારે ત્યાં એક બાજુ ચિત્રપટ બનાવતા ચિત્રકારના પુત્રની દૃષ્ટિ તેની ઉપર પડી: અહો રૂપ! અહો સુંદરતા! અહો લવણિમા!

અહો વિલાસવિભ્રમ! એમ વિસ્મયદર્શિત શબ્દોચ્ચારણપૂર્વક તેના અંગોપાંગનું નિરીક્ષણ એણે બારીકદૃષ્ટિએ કર્યું.

પછી નિપુણબુદ્ધિથી સાવધાનીપૂર્વક કામદેવના મંદિરની દ્વાર નજીકની ભીંત પર અતિશયાન્વિત તેના રૂપનું આલેખન કર્યું. અમાત્ય પુત્રી પણ થોડા સમય પછી ત્યાંથી સ્વગૃહે ગઇ.

એકવાર પૂર્વે દૃષ્ટિપથમાં આવેલી તેની ઉપર અનુરાગ થવાથી, ભોજનાદિને ત્યાગી તેના ધ્યાનમાં જ મસ્ત બનેલા મહાઘોષ સેનાપતિના હેમદત્ત નામના પુત્રે મંત્રીની પાસે પ્રધાનપુરુષોને મોકલ્યા. તેની પાસે સ્નેહપૂર્વક, આજીજીપૂર્વક બંધુમતીની માગણી કરી. પછી મંત્રીએ પણ પુત્રીને અનુરૂપ રૂપ, લાવણ્યાદિ ગુણોથી યોગ્ય જાણી તેની માંગણીનો સહર્ષ સ્વીકાર કર્યો. શુભ દિવસે બંધુમતીને તેને આપવી એવો નિર્ણય કર્યો. પછી તો પરસ્પર મિલનાદિ પ્રવૃત્તિઓ થઈ. તેઓના પ્રેમની વૃદ્ધિ થઈ.

હવે એકવાર કામદેવના મંદિરમાં મેળો ભરાયો નગરજનો ત્યાં મળ્યા. આનંદ-વિલાસોમાં સમય પસાર કરતા હતા. ત્યાં રાજા પણ મોટા આડંબરથી નગરમાંથી બહાર નીકળીને ત્યાં આગળ આવ્યો. ત્યારે ત્યાં મૃદંગો વાગવા લાગ્યા, વેણુમાંથી મધુર ધ્વનિ નીકળવા લાગ્યો. મંજીરાઓમાંથી રણ-રણાટ અવાજ થવા લાગ્યો. તાલસૂરના આલાપો થવા લાગ્યા. તમાશો જોનારા મોટો કોલાહલ કરવા લાગ્યા. ગણિકાઓ પોતાના નૃત્ય વગેરે કાર્યોમાં જોડાઇ ગઈ. પ્રેક્ષકવર્ગમાં એકદમ ખળભળાટ થઇ ગયો. ચોતરફ રમત ગમતો વધારે જામવા

લાગી. નાચગાન, ખેલકૂદમાં સમગ્ર લોકો મગ્ન થઇ ગયા. નાટ્યારંભ પ્રારંભ થઈ ચૂકયો હતો. પ્રેક્ષકોની ઠઠ જામી હતી. રાજવી પણ ત્યાં આવ્યો, અચાનક રાજવીની દૃષ્ટિ મન્મથ–મંદિરની ભીંત ઉપર દૃશ્યમાન થતાં ચિત્રપટ પર પડી. ચિત્રપટમાંની સુંદરીએ તેના ઉપર જબ્બર આકર્ષણ કર્યું.

રાજવી શૂન્ય હૃદયનો બની ગયો. તેણે તેના હૃદયને ચોરી લીધું. તે કામદેવના બાણોથી વીંધાયો, દૃષ્ટિ એવી તો ચોંટી ગઈ કે, જાણે ખીલાવડે જડી દીધી. તે સુંદરીના રૂપને ધારી–ધારીને જોતાં જાણે લાવણ્યરૂપ અમૃતના કુંડમાં ડૂબી ગયો. અને તેની દૃષ્ટિ કામદેવના બાણથી વીંધાઈ ગઈ.

લોકોએ પણ રાજાની કામથી વિહ્‌વલ દશા નિહાળી. તેની સમગ્ર ચેતના હરાઇ ગઈ. જાણે યોગી જ ન હોય! રાજા વિવશ બની ગયો. મહામુશ્કેલીએ દૃષ્ટિને ખેંચી દેવળના પૂજારીને પૂછ્યું. અરે! શું આ પાતાલકન્યા છે? કામદેવની સ્ત્રી રતિ છે? સાક્ષાત્‌ ઇંદ્રાણી છે? શું વિદ્યાધર પુત્રી છે? આ કોનું રૂપ આલેખ્યું છે? ત્યારે વિનયપૂર્વક પ્રણામ કરી તેણે કહ્યું: "રાજન્‌! હું જાણતો નથી. પણ આ ચિત્રકારને ખબર છે. આપ તેને પૂછો."

તરત જ ચિત્રકારને બોલાવવામાં આવ્યો. રાજાની આજ્ઞા તેને કહી. તરત જ ભયભ્રાંત બનેલો તે રાજાના ચરણમાં પડ્યો: દેવ! આદેશ આપો. મારૂં શું કામ પડ્યું? ત્યારે રાજાએ પૂછ્યું.

આ કોનું રૂપ તે જોયું અને આલેખન કર્યું. ત્યારે તેણે

કહ્યું : રાજન્! અમાત્યની પુત્રી બંધુમતીનું આ ચિત્ર છે. આ તો મેં સ્વાભાવિક રૂપ આલેખ્યું છે. પણ તેનું સાક્ષાત્ રૂપ તો હજાર નયનવડે પણ જોવા સમર્થ ન થઇ શકે એવી રૂપધારિણી છે. વળી તેના સૌભાગ્યાદિ ગુણોનું વર્ણન કરવા મારી વાણી સમર્થ નથી. તેણીના ગુણરૂપથી આકર્ષિત રાજા માંડ-માંડ રાજમહેલે આવ્યો, પણ હૃદય તો ત્યાં જ મૂકતો આવ્યો હતો.

સ્નેહના તાંતણામાં સપડાયેલો તે પીડાવા લાગ્યો, તેને અનેક પ્રકારના વિકારો ઉત્પન્ન થયા. વળી તે કામજ્વરથી પીડાવા લાગ્યો. પલંગ ઉપર આળોટવા લાગ્યો. બળતા કાષ્ઠની વચ્ચે એક માછલી પડી હોય, તેમ તેને ચારે તરફથી બળતરા થવા લાગી. તે ગમે તેમ બોલવા લાગ્યો.

શરીરે દાહજ્વર થઈ આવ્યો. તે વખતે જાણે મોટા મુદ્ગરવડે કોઇ તેને મારતું હોય, સખ્ત અગ્નિમાં બળતો હોય, જાણે એકી સાથે ઉદય પામેલા બેંતાલીશ સૂર્યોના તેજથી બળતરા પામતો હોય, તેમ એક પડખા ઘસતો તે આળોટવા લાગ્યો. વળી આકાશમાં લટકી રહેલો ચંદ્રમા જાણે ખેરનો અંગારાનો મોટો ઢગલો ન હોય, વળી ચંદ્રની ચંદ્રિકા જાણે મોટા ભડકા જેવી ન હોય, તેમ તેને લાગતી હતી. ગગનમાં સ્થિત તારાઓ અગ્નિના છૂટા છવાયા અબજો તણખાઓ જેવા જણાતા હતા. વળી સિંદુવારનો હાર પણ તેને બળતરા કરવા લાગ્યો. જાણે આખું શરીર અગ્નિનો પિંડ જ ન હોય, તેમ બળતરા થવા લાગી.

અત્યંત કામદશામાં પડેલા રાજાને જોઇ અમાત્યે કહ્યું : દેવ ! ક્ષત્રિયધર્મ ધીરતાને છોડી સામાન્ય લોકની જેમ આમ કેમ વર્તો છો ? ત્યારે જાણે કંઈ સાંભળ્યું જ ન હોય તેમ રાજાએ કહ્યું : હે અમાત્ય ! ચિત્રમાં આલેખિત તારી પુત્રીની યાદ સતાવે છે. “અહો દેવ ! એમ જ છે !” એમ કહી રાજાના ભાવને જાણી કંઇક બહાનું કાઢી પોતાના ઘરે ગયો. ઘરના વડીલોને રાજાની વાત કહી અને બધા રહસ્યમય વિચારણા કરવા લાગ્યા.

રાજમહેલમાં શિવધર્મ રાજા કામદશાથી વિવશ થયો. કેટલીક વાર મૂર્છિત, તો કેટલીકવાર ઉન્મત્તની જેમ પ્રલાપ કરવા લાગ્યો. અનેક પ્રકારની ચેષ્ટા કરતાં રાજાને જોયો. પ્રધાનપુરૂષોએ રાજાને કામાસક્ત જાણ્યો. પછી રાજાની પીડા દૂર કરવા અમાત્યને બોલાવ્યો. અને પોતાની પુત્રી આપવા તેની સાથે સમજાવટ થઇ.

દીકરી જન્મે ત્યારે શોક કરાવે, યૌવનવય પામતા ચિંતા કરાવે, અને અન્યને આપી દેવાનો અથવા કન્યાદાન કરવાનો વખત આવે ત્યારે અનેક સંકલ્પ–વિકલ્પ કરાવે અને કમનસીબે ખરાબ સ્થિતિમાં આવી પડે, સાસરામાં દુઃખી થાય કે વિધવા થાય તો અત્યંત શોક કરાવે છે. માટે યોગ્ય વરને આપવામાં આવે તો સારૂં. તો પછી આપણા નરનાથને આપવામાં શું ખોટું છે ? તારી પુત્રીનું મહાપુણ્ય કે નરનાથ જેવા તેની ઇચ્છા કરે છે. વળી સેવકોએ તો અવસર આવ્યે જાન સાટે સ્વામીનું રક્ષણ કરવું જોઈએ માટે પુત્રી, ધન,

સ્વજનાદિ બાહ્ય વસ્તુનું અર્પણ કરવું તેની શી ગણના ? તો પછી કાલક્ષેપ વિના મહોત્સવપૂર્વક પુત્રી પ્રદાન કરી સ્વામીના મનોવાંછિતને પૂર્ણ કર.

ત્યારે અમાત્ય બોલ્યા : ખરેખર તમે કાલોચિત કીધું. સ્વામીની ઈચ્છા પૂર્ણ કરવી એ ફરજ સમજું છું, પણ આ પુત્રી પહેલા અનેકવાર માંગણી કરતા સેનાપતિ પુત્ર હેમદત્તને અપાઈ ચૂકી છે, વળી બન્ને વચ્ચે વારંવાર આવ-જા પૂર્વક પ્રેમના કરારો પણ અનેકવાર થયા છે. વળી થોડા દિવસ બાદ શુભ લગ્ને પાણિગ્રહણ કરવાનો નિર્ણય પણ કર્યો છે. તેને આપીને હવે હું કેવી રીતે ફરી શકું ? વળી કહેવાય છે કે-

सकृत्कन्याः प्रदीयन्ते त्रीण्येतानि सकृत् सकृत् ॥

ત્યારે તમે જ કહો : "સૂડી વચ્ચે સોપારી" જેવો મારો ઘાટ છે, તો પછી મારે શું કરવું !

પ્રધાનપુરૂષોએ કહ્યું : એમાં તારો કોઇ અપરાધ નથી. માત્ર રાજાભિયોગ જ અપરાધરૂપ છે. અમાત્યે કહ્યું : ત્યારે તમે જાણો. મારે તો કુલોચિત આચરણ કરવું જોઇએ. કોને આ વાત પ્રિય ન હોય ?

ચાલો, ત્યારે જ્યોતિષીઓને બોલાવો. પાણિગ્રહણ સંબંધી શુભલગ્ન જોવડાવો. 'સારૂં' એમ કહી અમાત્ય ઘરે ગયા. પછી શુભમુહૂર્તે મોટા આડંબરથી ભૂપાલ સાથે પુત્રીનું પાણિગ્રહણ કર્યું. આખું નગર હર્ષવિભોર બની ગયું. રાજા પણ મનોભિલાષા પૂર્ણ થતાં અત્યંત આનંદિત થયો. હવે આ વાત ક્યાંકથી હેમદત્તે જાણી, ત્યારે તે શોકાતુર થયો,

ક્રોધાનલથી બળવા લાગ્યો : ક્યાં સરસવ અને ક્યાં મેરૂ? વળી ક્યાં ભૂપતિ અને ક્યાં સામાન્ય માનવી? બંને વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર! વળી સમર્થ રાજવીની સામે કંઈ પણ કરવાની તેની તાકાત ન હતી.

મુંઝાતા માનવને અનેક તર્કવિતર્કો જન્મે, તેમ હેમદત્તને પણ અનેક વિચારો સ્ફુરવા લાગ્યા. શું કરૂં? હું કોને કહું? શું ઉપાય કરૂં કે, પ્રિયા મળે? પરિણામે તે ગાંડો બની ગયો. ગાંડાને કંઇ ચેન પડતું નથી. યુક્ત-અયુક્તને નહિ જાણતો, ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ ન રહ્યો. મહામોહની નિદ્રામાં પડેલા બાપડાના વિવેકરૂપી નેત્રો મીંચાઇ ગયા. ચિંતામાં તેની ઉંઘ ઉડી જાય છે. અકાળે જાણે વજ્રનો ઘા લાગ્યો હોય તેમ હે પ્રિયા! હે મા! હે બાપ! એવા નિઃશ્વાસના શબ્દો ઉચ્ચારતો તે કેટલીકવાર મૂર્છાધીન બની જઇ ઉન્મત્તની જેમ ગમે તેમ પ્રલાપ કરવા લાગ્યો.

ગાંડો બનેલો તે રસ્તે-રસ્તે, ચોતરે-ચોતરે, ઘરે-ઘરે ભમતો-ભમતો ખુલ્લે ચોક બુમરાણ મચાવવા લાગ્યો : "**રાજાએ મારી પ્રિયા પચાવી પાડી.**" કોઇક તો જાગો. કોઇ પરોપકારી પુરૂષ સાહસ કરી રાજા પાસેથી મારી પ્રિયા મને મેળવી અપાવો. આ શબ્દો એકવાર રાજાના કાને પડ્યા. ત્યારે ચોકીદારને પૂછ્યું. "અરે આ કોણ છે?" આ તો સેનાપતિનો પુત્ર હેમદત્ત છે. રાજાએ કહ્યું : તે શા માટે આમ બોલે છે? દેવ! પરમાર્થ તો અમાત્ય જાણે. ત્યારે તેણે કહ્યું : દેવ! વીતી ગયેલી વાતનું સ્મરણ કરવું યોગ્ય

નથી. જે થવાનું હતું તે થઈ ગયું, તેમાં શું? અમાત્ય વિષાદને ત્યજો, જે વાત હોય તે સત્ય કહો. ત્યારે રાજાના આગ્રહથી અમાત્યે વાત માંડી: દેવ! ચિત્રકારે ચિત્રપટમાં આલેખેલી મારી કન્યા તમને મોટા આડંબરથી પરણાવી. પણ તે પહેલા બહુમાનપૂર્વક, પ્રાર્થનાપૂર્વક સેનાપતિ પુત્ર હેમદત્તને આપી હતી. તેના વિરહથી પિશાચાભિભૂત, ગ્રાહીલની જેમ સ્વચ્છંદપણે બોલતો તે નગરમાં ભમે છે.

સઘળી હકીકત સાંભળી રાજા ખેદ પામ્યો: અરે! અરે! મેં અનાર્ય-ચેષ્ટા આદરી! કુલમર્યાદા વિરૂદ્ધ આચરણ કર્યું. ધિક્કાર હો! મારા પાપી આત્માને. રાજા પણ લોકના અપવાદને અવગણી અકાર્યમાં પ્રવૃત્તિ કરે! ખરેખર! મારી ક્ષાત્રવૃત્તિને કલંકિત કરી! હ હા! સરસવ માત્ર સુખની પાછળ મેરૂ સમાન અપયશ! રે પાપી જીવ! તે શું આદર્યું! અહાહા! મારી ભોગસુખની અત્યંત આસક્તિને ધિક્કાર છે! મારી અજ્ઞાન ચેષ્ટાને પણ ધિક્કાર છે! વળી અપયશથી કલંકિત મને આ જીવતરથી સર્યું! રાજાની સાન ઠેકાણે આવી પોતાની ભૂલ સમજાઈ, ભૂલનો ભોગ બનેલો રાજવી પોતાની અધમ-ચેષ્ટાને ધિક્કારવા લાગ્યો. આમ-ધિક્કાર, તિરસ્કાર, ફિટકારમાંથી જન્મેલી હિતકારી બુદ્ધિએ તેને લક્ષ્યબિંદુ સૂચવ્યું.

ભૂલના ભોગમાંથી મુક્તિ મેળવવા ઇચ્છતા રાજવીનું અંતઃકરણ રડી રહ્યું: તેની મુખાકૃતિ વિષાદથી છવાઇ ગઇ. રાજવીની આવી દશાને અવલોકી અમાત્યે કહ્યું: દેવ! અહીં

તમારો શો દોષ? તમે એ વાતથી અજાણ હતા. પરંતુ મેં પ્રધાનપુરૂષોના આગ્રહથી તેને પરણાવી. દેવ! એમાં શું અયુક્ત થયું? સ્થાને જ જોડાણ થયું છે? તો નિરર્થક શોક વડે શું? હે વસુમતી નાથ! આપને જે યોગ્ય લાગે તે કરો.

તરત જ રાજવીએ હેમદત્તને બોલાવ્યો. કહ્યું: અરે! તું તારી પ્રિયાને ઓળખે છે કે નહિ? ત્યારે ચેતનવંત તેણે કહ્યું: દેવ! આત્માની જેમ જ તેને ઓળખું છું. ત્યારબાદ તેની પરીક્ષા કરવા અંગવિભૂષાથી સુશોભિત બંધુમતી આદિ અંતઃપુરની નારીઓ બતાવી. ત્યારે સંભ્રમ સહિત સાદરપૂર્વક બંધુમતીને જોઇ તરત જ ઓળખી લીધી. રાજા પણ આ બધુ કારૂણ્યપૂર્ણ હૃદયથી જોવા લાગ્યો.

ત્યારે હેમદત્તે કહ્યું: રાજન્! મને આ પ્રથમ આપેલી હતી, ત્યારે પોતે પ્રત્યક્ષ અનુભવેલ વાતથી રાજા ચિંતવવા લાગ્યો: ખરેખર! પ્રિયાની પાછળ વિમલમતિવાળો આ ગાંડો બની ગયો. વળી બીજાના દુઃખને કોઇ પીછાણી શકતું નથી. એને ખાતર તેને મહાદુઃખની પ્રાપ્તિ થઈ. તો આ મહાનુભાવને તેની પત્ની અર્પણ કરૂં. તેના દુઃખ–મોચનની આ જ ચાવી છે. એમ વિચારી ભૂપતિએ હેમદત્તને બંધુમતી અર્પણ કરી.

આ છે આર્યવર્તના રાજવીની નીતિમત્તા. ભૂલ સમજાતાં પશ્ચાત્તાપપૂર્ણ હૃદયે સામાના દુઃખનું નિવારણ કરવામાં તો તેઓ તત્પર રહેતા હતા. બીજાના દુઃખને દેખી હૈયું ગમગીન બની જતું હતું. તરત જ દુઃખનો પ્રતિકાર કરતા હતા. જ્યારે

અત્યારના રાજ્ય-સિંહાસને બેઠેલા સત્તાધારીઓ કેવલ પોતાના સુખ ખાતર, રૈયતને દુઃખી કરવામાં પણ આનંદ પામે છે. અત્યારે ન્યાય-નીતિએ તો દેશવટો લીધો. ભોગલિપ્સુ બનેલા રાજવીઓ ભોગ સંતોષવાના જ પ્રયત્નો આદરતાં. તેમાં જ પોતાની સફળતા માનતા. અંધાધૂંધીમાં મસ્ત રાજવીઓને પાપનો તો ભય જ નથી રહ્યો, હિચકારાં કાર્યો કરતાં કમકમાટી થતી નથી. આ છે ભૂતકાલીન રાજવીઓ અને આજના સત્તાધારીઓની દશામાં આભ-ગાભ જેટલું અંતર!

હવે બંધુમતીને લઇને હેમદત્ત પોતાના ઘરે ગયો. સમગ્ર જનતા મોકળે મોંએ રાજાના વખાણ કરવા લાગી. રાજાનો યશ સર્વત્ર પ્રસર્યો. પરંતુ અમાત્ય પુત્રી રાજવીની રાણી, કેવી રીતે સેવકની પત્ની તરીકે રહેશે! એમ પદે-પદે ગર્હાગર્ભિત વચનો સાંભળી, બંધુમતી ખેદ પામી પછી તો તેણે ભોજન-પાન, સુંદર વસ્ત્રાલંકારોનો પણ ત્યાગ કર્યો. શૂન્યચિત્તે નીચું મુખ ઢાળી, મૌનપણે હેમદત્તના ઘરે રહી. તેની આ ચેષ્ટાની કોઇને ખબર પડી નહીં તેનું હૃદય તો ચિંતાતુર હતું.

જ્યારે આ બાજુ સેનાપતિ વગેરે પુત્રવધૂના આગમનથી હર્ષિત થયા. અને ખુશાલીનો મહોત્સવ માંડયો. પ્રજાજનોને ભોજન-પાનથી સત્કાર્યો. ચારણ-દીન-અનાથોને દાન આપ્યું. સર્વત્ર આનંદની છોળો ઉછળી રહી હતી. પણ બંધુમતીનું હૃદય રડી રહ્યું હતું. એના જીવન પર તેને ધિક્કાર વછૂટ્યો હતો. આનંદવિભોર બનેલા બધા ખાન-પાન-ગાન-તાનમાં

મસ્ત બનેલા છે, પણ દિવસને અંતે જાણવા મળ્યું કે, પ્રણયપૂર્વક કહેવા છતાં પુત્રવધૂ ખાતી ન હતી. રંગમાં ભંગ પડયો. બધાના મનમાં અનેક તર્કવિતર્કો ઉત્પન્ન થયા.

હવે અમાત્યે પોતાની પુત્રીને આહારપાણી ગ્રહણ કરવા ખૂબ આગ્રહ કર્યો. તેની સમજાવટ પણ નિષ્ફળ ગઇ કાંઇ જ પ્રત્યુત્તર દેતી નથી. ત્યારે ઘરના સર્વ લોકો આકુળ-વ્યાકુળ થયા. શું કરવું! તેની સમજ પડતી નથી. સેનાપતિ હેમદત્ત પણ શોકાતુર થયો. ત્યારે અમાત્યે કહ્યું: વત્સ! બોલ તારી શી ઇચ્છા છે? મારે તો આ ગૃહવાસથી સર્યું! હું તાપસ દીક્ષા અંગીકાર કરીશ. એવો પોતાનો નિશ્ચય જણાવ્યો.

પતિવ્રતા નારી કદીયે એકવાર પરણ્યા પછી બીજો પતિ વંછે નહીં. પ્રાણ આપવા તત્પર બને, પણ કદી પ્રણયનું જોડાણ અન્ય સાથે કરે નહીં. જ્યારે આજે તો ઉલટી પરિસ્થિતિ સર્જાઇ છે. સાવ જ ઉલટી બની છે! વાસનાની તૃપ્તિને માટે એકને છોડી બીજાને વરવા પણ તૈયાર થઈ જાય!

તેના નિશ્ચયને જાણી રજા આપી. અને તેણે તાપસ-દીક્ષા ગ્રહણ કરી. હેમદત્તની સ્થિતિ વધુ કફોડી થઇ. "ધોબીનો કૂતરો ન ઘરનો, ન ઘાટનો" એવી પરિસ્થિતિ થઇ. મિત્રો પણ મજાક કરવા લાગ્યા. ત્યારે હેમદત્તને પોતાની જિંદગી ઉપર તિરસ્કાર જાગ્યો. આ પાપી! દુષ્ટશીલા! જેણે મને છોડી દીધો. તો મારે પણ ઉગ્ર તપશ્ચર્યા વિગેરે કરવું યોગ્ય છે. એમ વિચારી માતા-પિતાને સર્વ હકીકત જણાવી દુઃખ ગર્ભિત વૈરાગ્યવાન હેમદત્તે ગૃહવાસ છોડયો. તાપસ વ્રતનો

સ્વીકાર કરી પંચાગ્નિ તપ તપવા લાગ્યો. તે ફરતાં ફરતાં કલિંગદેશ સમીપ આવ્યો. ત્યાં આગળ વૈરાગ્યને વહન કરતો તે એક ઉદ્યાનમાં ગયો.

ઉદ્યાન અશોકવૃક્ષ, નાગવૃક્ષો, પન્નાગનાં વૃક્ષો, બકુલના વૃક્ષો, કાંકોલી નામની વનસ્પતિ અંકોલના વૃક્ષથી વિરાજિત હતું. વળી તાડના વૃક્ષો, હિંતાલના વૃક્ષો, નાળિયેરના વૃક્ષોથી ગીચોગીચ હતું. વૃક્ષો ઉપર પંખી કીલકીલાટ કરી રહ્યા હતા. આવા રમણીય ઉદ્યાનમાં ચારે બાજુ અગ્નિકુંડોમાં પ્રજ્વલતા અગ્નિના તાપને વહન કરતો મધ્યમાં રહી મસ્તક પર રવિ-કિરણોની ઉષ્ણતા વહન કરતો, કષ્ટ–તપ કરવા લાગ્યો. પંચાગ્નિ તપ કરતો અંતે પારણું કરી ત્યાં જ પ્રતિદિન ઉગ્ર તપશ્ચર્યા કરતો રહેવા લાગ્યો. તેની પ્રસિદ્ધિ આજુબાજુના ગામોમાં થઇ. મહાતપસ્વીની નામનાથી તે સર્વત્ર પૂજનીય બન્યો. સમગ્ર જનસમુદાય રાજેશ્વર, શ્રેષ્ઠિ, સેનાપતિ વગેરે પણ તેની ભક્તિ–પર્યુપાસના કરવા લાગ્યા. લોકોના ટોળે-ટોળા ઉમટવા લાગ્યા. વંદન–પૂજન માટે પડાપડી થતી હતી. આ રીતે તપસ્વી પોતાના દિવસો પસાર કરવા માંડ્યો.

ત્યારે આ બાજુ બંધુમતિના વિયોગથી દુઃખિત શિવધર્મ રાજા પણ વિષયવાસનાથી વિમુખ બન્યો. ન્યાયનીતિપૂર્વક અવનિતલનું અનુશાસન કરવા લાગ્યો. દુષ્ટ લોકોનો નિગ્રહ અને સજ્જનોની પૂજા કરતો હતો. ધર્મ વિરોધીઓને દેશવટો દેતો હતો. સમ્યગ્ દૃષ્ટિથી સદ્ગુરુના સમાગમમાં તત્પર રહેતો હતો. વળી રોજ ચિંતન કરતો કે ક્યારે સદ્ગુરુનો યોગ

મળે ! તેમની પાસેથી ધર્મશ્રવણુ કરી આત્મકલ્યાણુને કરૂં ! હવે સંસાર વિરક્ત બનેલો રાજવી ઉત્તમ મનોરથો સેવવા લાગ્યો.

આ બાજુ સૂર્ય અસ્તાચલે પહોંચ્યો. રજનીમહોદધિમાં મોટા કલ્લોલની જેમ અંધકારરૂપી પટલીઓ પ્રસરી તારા નિકરોરૂપી મગરમચ્છો દશ્યમાન થયા. તે સમયે સાયંકાલિક કૃત્યોથી પરવારી ભૂપતિ શય્યામાં સૂતો. મધુર-નિદ્રામાં પોઢેલા રાજવીએ પ્રભાત સમયે કમલવિકાસી, કિરણોથી ઝગઝગાટ કરતા દિનકરને સ્વપ્નમાં નિહાળ્યો. એટલામાં તો ઘણા જોરથી પ્રભાતની નોબતના ઉદયના સૂર સાથે ગડગડાટ થવા લાગ્યા.

કાલનિવેદકે જણાવ્યું કે, હે લોકો ! તમે ઉઠો, જાગ્રત થાઓ, વિશુદ્ધ ધર્મમાં આદર કરો ! વાજિંત્રના નાદથી રાજા જાગૃત થયો. પ્રાભાતિક કૃત્યોથી પરવારી રાજ્યસભામાં સિંહાસને બેઠો. આજુ-બાજુ મંત્રી-સામંતાદિ પણ ગોઠવાઇ ગયા. રાજ્યકાર્યનો આરંભ થયો. લોકોની મુશ્કેલી દૂર કરાઇ. દુષ્ટ ચેષ્ટા કરનારાઓને યોગ્ય શિક્ષા દેવાઇ. રાજ સંબંધી કામ-કાજ ચાલી રહ્યું હતું, ત્યાં તો "અનાથ-અનાથ" એમ બુમરાણ મચાવતા કોઇ એક પુરૂષને રાજાએ જોયો.

તરત જ પ્રાતિહારને બોલાવી પૃચ્છા કરી કે-અરે ! શા માટે આ ગરીબ બુમરાણ મચાવે છે !

દેવ ! હું નથી જાણતો !

સારૂં તો તે પુરૂષને બોલાવીને પૂછો ! તરત જ રાજાની આજ્ઞાથી રાજસભામાં તે પુરૂષનો પ્રવેશ કરાવાયો. રાજાએ પૂછ્યું: અરે ! કોણે તને પરાભવ પમાડયો ! તરત જ તે

સર્વ હકીકત રજૂ કરવા લાગ્યો : હે દેવ ! સાંભળો, આ જ નગરમાં હું દેવલ નામનો ગૃહપતિ વસું છું. મારે ચાર સગા નાના ભાઈઓ છે. ચાર બહેનો છે. વળી પુત્ર વિગેરે પરિવાર પણ વિશાળ છે. પરસ્પર બધા સ્નેહભાવથી રહે છે. બધા સંપીને ગૃહકાર્યો કરે છે. સુખપૂર્વક દિવસો પસાર થઈ રહ્યા હતા. પણ એકવાર મારા કુટુંબમાં રોગચાળો ફેલાયો. મંત્ર-તંત્રાદિ ઉપચાર પણ નિષ્ફળ ગયા. જાણે અકાલે યમરાજ કુપિત થયો હોય, એમ વ્યાધિએ જોર પકડ્યું. દેવતાની પૂજા, ગ્રહપૂજા વિગેરે કર્યું. તો પણ જાણે કુદરત રૂઠી ન હોય, તેમ બે ત્રણ દિવસ રુગ્ણાવસ્થા ભોગવી, માનવોનો નાશ થવા માંડ્યો.

જોતજોતામાં કુટુંબના સભ્યો યમરાજને આધીન થવા લાગ્યા. તેમના મરણના દુઃખથી પારાવાર દુઃખિત, ઉપાયોને નહિ જાણતો, પોતે પણ મૃત્યુને પામશે, એવી શંકાથી હું રહેતો હતો. ત્યાં તો જાણે ગાંધર્વપુર, ઇંદ્રજાલ, કે સ્વપ્નમાં દૃષ્ટ પદાર્થોની જેમ આખું કુટુંબ નષ્ટ થઈ ગયું. હું પણ ભયભીત થઈ ગયો. સમગ્ર કુટુંબનો વિનાશ સર્જાયો. પણ જાણે તેમની મૃતક્રિયા કરવા માટે જ કુદરતે મારું રક્ષણ કર્યું ન હોય, તેમ હું અને મોટો પુત્ર બે જ જીવતા રહ્યા. અમે બંનેએ સર્વેનું મૃતક કાર્ય પતાવ્યું. પછી આ સ્મશાન તુલ્ય ઘરને છોડી અમે બંને આજુબાજુ વસવા લાગ્યા.

એક દિવસ મારો જ્યેષ્ઠપુત્ર નંદન ઉદ્યાનમાં બહુશિષ્યોથી પરવરેલા વિજયઘોષસૂરિ પાસે ગયો. ભગવંત પણ ભવ્યજનોને

ધર્મદેશના આપી રહ્યા હતા. તે સાંભળી ઉત્થાનની ભાવનાથી તેનું મન ત્યાં જ ચોટી ગયું. કોણ જાણે, તે ભગવંતે શું કર્યું! કાંઈ જ સમજાતું નથી. શું કોઇ મનમોહક નાખ્યું! કે કોઈ ઉગ્ર વિદ્યાથી તેને વશ કર્યો! કંઇ જ સમજાતું નથી. પણ મારા પુત્રને મેં તેમની પાસે મસ્તક મુંડાવેલું, હાથમાં પીંછાવાળું ઉપકરણ હતું. અને ધર્મધ્યાનમાં લીન બનેલો જોયો. મેં તેને પૂછયું: વત્સ! તેં આ શું કર્યું?

જાણે મને ઓળખતો જ ન હોય, તેમ તે મૌન જ બેસી રહ્યો. ઘણીવાર બોલાવવા પ્રયત્ન કર્યો, પણ તેણે કંઇ જ પ્રત્યુત્તર આપ્યો નહીં. તેથી હું નિરાશ થઈ ગયો. એક બાજુ કુટુંબના નાશથી દુઃખી હતો, તેમાં વળી "પડ્યા ઉપર પાટું મારવા" જેવું તેણે કર્યું. અને મારા દુઃખમાં વધારો કર્યો.

આધારભૂત એક પુત્ર હતો, તે પણ ચાલ્યો ગયો. હું એકાકી નિરાધાર બની ગયો. કંઈ પણ કામ કરવું ગમતું નથી. મારી બધી શક્તિ જાણે હણાઈ ગઇ. આથી આ ફરિયાદ કરવા માટે હે! રાજા! તમારી પાસે આવ્યો છું.

તેની આ વાત સાંભળી સભાજન હસવા લાગ્યા. ખરેખર આ મૂર્ખ છે. સંકટમાં પડેલાને ધર્મમાર્ગ બતાવનારની અજ્ઞાનથી ઉદ્‌ઘોષણા કરે છે. રાજાએ પણ હાસ્યસહિત કહ્યું: અરે મૂઢ! સંસાર–નિર્વેદથી કે મારિના ભયથી તારા પુત્રે પ્રવ્રજ્યા સ્વીકારી, તેમાં શ્રમણને શું દોષ? અરે મૂઢ! તને તારા

ભાઇ પુત્ર પરિવારના નાશથી કંઇ શોક થયો નહીં, પણ આ મહાનુભાવ ભવની ક્ષણભંગુરતા જાણીને ધર્મ સાધન જ શ્રેષ્ઠ છે એમ વિચારી સાધુ બન્યો. તેમાં તું શોક કરે છે? અહો! તારી મહામોહથી મૂઢમતિ! અહો વિચારરહિતપણું! ધર્મરહિત માનવ જીવિત અને મરણ ફોગટ ગુમાવે છે. જ્યારે ધર્મ અંગીકાર કરનાર જીવતા અને મરણ દશાને વરે તો પણ લોકમાં તેની કીર્તિ પ્રસરે છે. કુટુંબના વિનાશને નિહાળી તેણે હૃદયથી ધર્મ અંગીકાર કર્યો. ખરેખર તે ધન્યવાદને પાત્ર છે. અહો મોહનું માહાત્મ્ય તો જુઓ!

ઘરમાં આગ લાગી હોય, તો ચોતરફ ધૂમાડાના ગોટે-ગોટા નીકળતા હોય, કડાકા-ધડાકા સંભળાતા હોય, ચારે તરફ કોલાહલ, ધમાધમ મચી ગઇ હોય, તો શું બધા જ ઘરમાં જ રહે કે ઘર બહાર નીકળી દોડાદોડ કરે? કદી અંદર રહે તો તે મૂર્ખ જ ગણાય કે શું? વળી કોઈ અંદર રહી ગયું હોય તેને બહાર કાઢવા પ્રયત્ન કરે કે અંદર જ રહેવા દે! પણ હા કોઇ મૂર્ખ હોય તો અંદર જ રહેવા દે. પરંતુ આ ચતુર તારા પુત્રે સંસારરૂપી દાવાનલ જોયો. રાગ-દ્વેષરૂપી અગ્નિવડે નિરંતર આગ સળગ્યા કરે છે. કષાય-પરિણતિરૂપ ધૂમગોટા, ક્લેશ, કંકાસરૂપ અવાજો, પ્રગટપણે સંભળાય છે. આવા દાવાનલમાંથી ઉગારનાર ધર્મ છે. અને સદ્ગુરુઓ છે.

વળી તારા પુત્રે વૈરાગ્ય પામી ગૃહવાસ છંડી ધર્મમાર્ગ સ્વીકાર્યો, તો શું તેને તે માર્ગમાંથી પાછો લાવવો તારે ઉચિત છે? નિરંતર મરણ, જરા, રોગ, શોકરૂપી અગ્નિની

જ્વાળામાં જીવો શેકાઇ રહ્યા છે. તેમાંથી જે ભાગ્યશાળી જીવો હોય, તે જ ત્યાગી બની શકે. વળી ત્યાગમાર્ગે ગયેલા કે જતા જીવને વારે તે મહાવૈરી છે.

ભૂપતિથી તે દેવલ પ્રતિબોધ પામ્યો. ભૂપતિને નમસ્કારપૂર્વક કહ્યું : દેવ! તમે મને સત્યનું ભાન કરાવ્યું. હવે શું કરૂં? ખરેખર દેવ! મોહદશામાં રહેલા જીવો ધર્મના પ્રત્યક્ષ ફળો જોવા છતાં પણ તે પ્રવૃત્તિ આદરતા નથી. સમગ્રદોષના કારણભૂત સાંસારિક-પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહે છે. પણ દેવ! તમારા વચનરૂપી અંજનશલાકાથી મારો મોહાંધકાર નષ્ટ થયો. તમારી શિક્ષાનો તમાચો મને જોરદાર લાગ્યો. એટલું જ નહીં, પણ હવે મને સમગ્ર સંસારવાસ ઉપર વિરક્તિ જન્મી છે. એટલે પુત્રના માર્ગને એટલે કે દીક્ષા અંગીકાર કરવા મારૂં મન ઝંખે છે. ખરેખર દેવ! તમે મહાઉપકારી છો. હવે હું જાઉં છું. તે જ ધર્માચાર્ય પાસે જઈ સંયમની રસાનુભૂતિ કરૂં! પછી તે દેવલ ચાલ્યો ગયો.

દેવલની પાછળ રાજાની સંસાર પ્રત્યેની આસક્તિ પણ ચાલી ગઇ. પહેલા પણ રાજવી વિષયવાસનાઓથી વિરામ પામેલો જ હતો, પણ તેની મનોવૃત્તિમાં વધારો કરનારા વૈરાગ્યદાયી પ્રસંગો ભળતા, હવે તો હૈયું પોકારી રહ્યું : ઓ ગુરુદેવ! આપના દર્શન માટે ઉત્સુક છું! મને સંયમની દેન કરો. અસહાય નિરાધાર જીવને સહાયક બનો! અંતે ગુરુદર્શનાભિભાષી, પ્રધાન પુરૂષોથી પરિવરેલો, જયકુંજર હસ્તીરાજ ઉપર રાજા આરૂઢ થયો. દેવલ ગૃહપતિ સાથે

નંદન ઉદ્યાનમાં ગયો. હાથી ઉપરથી ઉતર્યો. ગુરુદેવને વિનય વડે વંદના કરી. ગુરુદેવે પણ ધર્મલાભપૂર્વક તેને નવાજ્યો. તે સમુચિતાસને બેઠો. ગુરુએ ધર્મદેશના પ્રારંભી સહુ એકાગ્ર ચિત્તે સાંભળવા લાગ્યા.

હે નરવર! જે કંઈ પણ મનોવાંછિત પદાર્થની પ્રાપ્તિ થાય, તે સર્વ ધર્મનું ફળ જાણી, તું શંકાનો પરિહાર કર. જીવહિંસાદિના ત્યાગમાં ધર્મ રહેલો છે. વળી પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ પ્રતિદિન સદ્‌ગુરુના ઉપદેશથી થાય છે. વળી મિથ્યાત્વથી ઘેરાયેલો જીવ કૃત્યાકૃત્યનો વિચાર કરી શકતો નથી. જાણવા છતાં પણ વિપરીત ચેષ્ટા કરે છે. અંધની જેમ દુર્ગતિરૂપ કૂવામાં પડે છે. યથાસ્થિત તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિપૂર્વક શ્રદ્ધા ધારણ કર. સમ્યગ્ શ્રદ્ધાથી સદ્‌ભાવની પરિણતિ થાય છે. સદ્‌ભાવથી વંદન-પૂજનાદિની પરિણતિ થાય છે. જીવે અનંતીવાર જન્મ મરણ કર્યા છે. પણ કયાંય ધર્મ સામગ્રીની પ્રાપ્તિ થઈ નહીં. તો હે નરવર! ઉત્તમ સામગ્રીની પ્રાપ્તિ કર્યા પછી પ્રમાદને છોડી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કર. રાજ્યાદિ પદાર્થો અનિત્ય છે. અંતે તો છોડવાના જ છે. તો કોણ મૂઢ તુચ્છ વસ્તુમાં રમે! શાશ્વત મોક્ષસુખને મૂકી કોણ આપાતરમ્ય સંસારના પદાર્થોમાં સુખની સ્પૃહા કરે!

મુક્તિની પ્રાપ્તિ પણ નિષ્કલંક સંયમી જીવનની આરાધનાથી થાય છે. અથવા તો સુશ્રાવકપણા વિના બીજો કોઈ ઉપાય નથી. વળી કેટલાક જીવો શુભ અનુષ્ઠાનને મેળવ્યા

પછી અશુભ કર્મોદયે ફરીથી નાગદત્તની જેમ મિથ્યાત્વ ઉપાર્જન કરે છે.

"ભગવાન્! કોણ નાગદત્ત?" આ પ્રશ્ન થતા આચાર્ય-ભગવંતે તેની કથા રજૂ કરી કે—મગધદેશમાં દેવરાપુર નામનું નગર છે. ત્યાં બે મિત્રો રહે છે, એક વણિકપુત્ર રામ અને બીજો બ્રાહ્મણપુત્ર નાગદત્ત. ગાઢ મૈત્રીથી બન્નેના દિવસો સુખપૂર્વક પસાર થતા હતા. એકવાર તેઓની સ્થિતિ કથળી ગઇ. એટલે ચોરી કરી લોકોને સતાવવા લાગ્યા. પણ કાંઇ મળતું ન હતું. ત્યારે પોતાની દુઃખિત અવસ્થાથી કંટાળી બન્ને જણાએ પોતાના દેશને છોડી દક્ષિણાપથ તરફ પ્રયાણ કર્યું, ત્યાં પણ ચોરી વિગેરે કરવા લાગ્યા. ત્યાં મહાકષ્ટે ઉદરપૂર્તિ કરતા હતા.

હવે એકવાર લાકડા લેવા બહાર જંગલમાં ગયા. ત્યાં આગળ કાઉસ્સગ્ગ—ધ્યાનમાં લયલીન, મહાબલ નામના મુનિ-પુંગવને જોયા. શાંત—પ્રશાંત કલ્લોલરહિત જાણે સ્થિર મહોદધિ જ ન હોય, તેમ ધ્યાનમાં આરૂઢ થયેલા, મેરૂપર્વત સમ ધીર, મુનિ ભગવંતના દર્શનથી તેમનું હૈયું નાચી ઉઠયું. ક્ષણ માત્ર વ્યાપારને ત્યજી ઉભા ઉભા અનિમિષ નયણે મુનિની મુખા-કૃતિ નિહાળી રહ્યા.

તેટલામાં શ્યામકાંતિવાળો ફણાધારી, મહાકાય સર્પ નજીકમાં રહેલા બીલમાંથી નીકળી આજુબાજુ ભ્રમણ કરતો દૃષ્ટિપથમાં આવ્યો. તે સર્પ બુભુક્ષિત હોવાથી કોપથી અરૂણ નયન વાળો બની મુનિને ડંખ દઇ ફરીથી બીલમાં ભરાઈ ગયો. તો પણ

મુનિભગવંત ધ્યાનથી ચલિત થયા નહીં. તે જોઈ બન્ને વિસ્મય પામી પરસ્પર વિચારવા લાગ્યા: ભગવાનનો અતિશય તો જુઓ! તેમના ઉપર કાતિલ વિષનો વિકાર પણ જણાતો નથી. ખરેખર ધર્મનો પ્રભાવ અચિંત્ય છે. મહાપુણ્યે સાક્ષાત્ આપણને કલ્પવૃક્ષ સમ મુનિ મળી ગયા. તો હવે તેમના ચરણની સેવા કરવી જ યોગ્ય છે.

એમ વિચારી ત્યાં જ રહ્યા.

મુનિએ કાઉસ્સગ્ગ પાર્યો. તેમના ચરણમાં પડી તે બંને વિનવવા લાગ્યા.

ભગવાન્! કાઉસ્સગ્ગ ધ્યાનમાં તમને શીત–ગરમી કેમ પીડતા નથી? જેથી આમ નિશ્ચલ ઉભા રહી શકો છો!

મહાનુભાવ! ધ્યાનમાં લયલીન મુનિઓને કોઇ પણ પીડાનો અનુભવ થતો નથી. નિર્જરાને ઇચ્છતો મુનિ કોઇ પીડાને ગણકારતો નથી. એને મન તો પીડા કર્મક્ષયમાં સહાયક જ લાગે છે

મુનિની વાણી સાંભળી બન્ને આશ્ચર્યચકિત થઈ ગયા. ખરેખર! મુનિભગવંત પ્રત્યક્ષ ચિંતામણી છે! તે સર્વથા આરાધનીય છે. જો તેમની આરાધના કરવામાં આવશે, તો દારિદ્રયની ઉપશાંતિ થશે. એ વિચાર બન્નેને ગમી ગયો. અને તેઓ મુનિની સેવા કરવા લાગ્યા. ત્યાં જ તેઓ રાત્રિએ મુનિની સમીપે જ સુતા. રાત્રિએ તેમની નિદ્રા પલાયન થઇ ગઈ. તેઓ વિકસિત નયનથી ચારે બાજુ દૃષ્ટિપાત કરે છે. તો

કાઉસ્સગ્ગ ધ્યાનમાં લયલીન ભગવાનની આગળ તેઓ અદ્‌ભુત આશ્ચર્યકારી ઘટના નિહાળે છે. ભગવંતની આગળ નાટારંભ થઇ રહ્યો છે. વીણાના તારમાંથી સંગીત રેલાઈ રહ્યું છે. વિધવિધ વાજિંત્રના નાદો શ્રવણે પડે છે. દેવતા-દેવીઓ ભગવંતની ગુણસ્તુતિ કરી રહ્યા છે.

આવું ક્યાંય ન જોયેલું દશ્ય નિહાળી, બન્ને નવીન રસની અનુભૂતિ કરવા લાગ્યા. ત્યાં તો પ્રભાત સમય થયો. અને મુનિના ચરણમાં પડી કહેવા લાગ્યા: ભગવાન્! ઘણા કાલે અમને રત્નનિધાન સમ આપનું મિલન થયું છે. તો તમારી ચરણની સેવા કરવા ઇચ્છીએ છીએ. ત્યારે મુનિએ કહ્યું: એમાં શું અયુક્ત છે! કેવલ સુસાધુને ગૃહસ્થનો પરિગ્રહ અયુક્ત છે. જો તમારી ઇચ્છા હોય, તો પ્રવ્રજ્યા સ્વીકારો. અને ગામાનુગામ વિચરો. બન્નેએ ભગવંતનું વચન સ્વીકાર્યું. શુભમુહૂર્તે તેમની પાસે ભવદુઃખ-વિનાશિની દીક્ષા અંગીકાર કરી. સંયમ-ક્રિયાનું સુંદર રીતે આરાધન કરી તેઓ સદ્‌ગુરુની સેવા ભક્તિ, વિનયાદિ ગુણાલંકૃત થઇ મુક્ત વિહારી બની વિચરવા લાગ્યા.

એકવાર મુનિભગવંતે જણાવ્યું કે, દેવાનુપ્રિય! જિનદીક્ષા કેવલ દુર્ગતિ હણનારી નથી, પણ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે. મનોવાંછિત પૂરનારી, ધીરપુરૂષોએ પ્રત્યક્ષ જોયેલી છે. વળી તે ચક્રી, તીર્થંકર, ગણધર પદવી, આમર્ષૌષધિ મહાન લબ્ધિને પ્રાપ્ત કરાવનારી છે. તેનાથી સુંદર કાયા, સૌભાગ્ય, ભોગાદિ લાભની પ્રાપ્તિ યત્ન વિના થાય છે. વળી

તે સર્વ દુઃખને જલાંજલિ દેનારી શાશ્વત સુખની શ્રેણીરૂપ મોક્ષને દેનારી છે. માટે ક્ષણમાત્ર પણ પ્રમાદ કરવો જોઈએ નહીં. દીક્ષાથી કોઇપણ વસ્તુ અસાધ્ય નથી, બહુ કહેવાવડે શું?

"સારૂં ગુરુદેવ!" એમ કહી ગુરુ શિક્ષા રામ-નાગદત્તે સ્વીકારી, પરંતુ નાગદત્ત બ્રાહ્મણ હોવાથી મુનિ સમાચારી પ્રત્યે અનાદર કરતો હતો. જ્યારે રામની પરિણતિ નિર્મળ હતી. ચિરકાલ શ્રમણપણાનું પાલન કરી મરીને બન્ને જણા સૌધર્મ દેવલોકમાં અવતર્યા. ત્યાં પુષ્પાવતંસ વિમાનમાં દિવ્ય સંપત્તિની ભોગાનુભૂતિ કરી, દેવાયુ પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી વસંતપુરનગરમાં પદ્મદત્ત શ્રેષ્ઠિના પુત્રપણે અવતર્યા. બાલ્ય-કાળથી જ અત્યંત મૈત્રીવાળા બન્ને સાથે રમતા, જમતા અને સુખપૂર્વક દિવસો પસાર કરતા હતા.

અન્યદા ત્યાં અનંતકેવલી સમોસર્યા. સમગ્ર જનસમુદાય વંદન માટે ઉમટ્યો. ત્યારે રામ-નાગદત્ત ત્યાં ગયા. તેમની સમક્ષ કેવલી ભગવંતે ગૃહસ્થધર્મ અને સાધુધર્મનું વર્ણન કર્યું. તે સાંભળી ઘણા ભવ્યજીવો પ્રતિબોધ પામ્યા. રામ પણ પૂર્વભવના અભ્યાસથી તત્ક્ષણ જિનધર્મે એકાગ્ર ચિત્તવાળો થયો. પણ નાગદત્ત કેવલીના વચનો અનેકવાર સાંભળવા છતાં, અનુશાસન કરવા છતાં પ્રતિબોધ પામ્યો નહીં, અને તે વિપરીતપણે વર્તવા લાગ્યો.

કેવલીના મનોહર વચનોની દુષ્કર્મથી દૂષિત મનવાળા તેની ઉપર અસર થઇ નહીં. જેમ જેમ કેવલીના વચનો શ્રુતિપથ પર અથડાતા, તેમ તેમ અધન્ય, અભાગી, તેની

બુદ્ધિમાં વિપર્યાસ થવા લાગ્યો. તેનું મિથ્યાત્વ વૃદ્ધિ પામ્યું. જેમ સર્પને દૂધ પાવામાં આવે તો તેનું ઝેર જ થાય, તેમ જિનવચનો પણ તેને મિથ્યાત્વરૂપ ઝેર સમાન પરિણમ્યા.

હે નરવર! ધર્મ પામ્યા છતાં કેટલાક પ્રાણીઓ દુર્મતિને આધીન થઇ કર્મબંધન કરે છે. નિધાનને પ્રાપ્ત કરી કેટલાક જીવો ગુમાવી દે છે. તેમ જિનધર્મને પ્રાપ્ત કરીને કેટલાક જીવો આનંદિત થતા નથી. સમુદ્રતટે પહોંચી ગયેલી પણ નાવડી પ્રમાદને વશ બની ડૂબી જાય છે. તે ધર્મને પ્રાપ્ત કરી ફરીથી જીવો મિથ્યાત્વ ઉપાર્જન કરે છે. ત્યારે હે નરેશ્વર! નિપુણમતિ એવો કોણ જિનધર્મને પ્રાપ્ત કરી પ્રમાદ કરે! ધર્મનું વિસ્તૃત સ્વરૂપ સમજી રાજાની ધર્મશ્રદ્ધા દૃઢ થઈ, દેવલે પણ પુત્રના માર્ગને અનુસરી દીક્ષા સ્વીકારી. રાજા શિવધર્મે પણ શ્રાવકધર્મ સ્વીકાર્યો પછી તે પોતાના સ્થાને ગયા. જિનવંદન, પૂજાદિ શુભઅનુષ્ઠાનોમાં તે મગ્ન બની દિવસો પસાર કરવા લાગ્યા.

આ બાજુ તાપસ હેમદત્તનો જીવ પંચાગ્નિ તપને તપતો, આહારને ત્યાગ કરી અંતે મરીને અસુરકુમાર ભવનપતિ નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાંવેંત જ તેણે ઉપયોગ મૂકયો. કે મેં શું દાન કર્યું! શું તપ તપ્યો! કે જેના પ્રભાવથી મને દિવ્ય ઋદ્ધિની ઉપલબ્ધિ થઈ. તેને વિભંગજ્ઞાનથી પૂર્વ ભવનું દર્શન થયું. વળી પત્નીના અપમાનથી તાપસ દીક્ષા ગ્રહણ કરી, વિગેરે પૂર્વાવસ્થાનું સ્મરણ થયું. પૂર્વભવનું વૈર સ્મૃતિમાં આવ્યું. તેણે શિવધર્મ રાજાના

નાશના વિચારો કર્યા. તે દુરાચારી ક્યાં છે! હમણાં જ તેને યમરાજનો અતિથિ બનાવું! દેવલોકમાં ધમાલ મચાવી દીધી. બીજા દેવોએ વિનંતી કરી, દેવ! તમે અકાલે કેમ ક્રોધાતુર થયા છો! તમે આ સિંહાસન શોભાવો. તમે દિવ્યસુખની રસાનુભૂતિ કરો. ત્યાં અસુરાંગનાએ નૃત્યનો પ્રારંભ કર્યો. આનંદની છોળો ઉછળી રહી. તો પણ તેનું મન તેમાં ચોટતું નથી. તે દેવીઓના વચનોને અવગણી પોતાના ભવનથી ચાલી નીકળ્યો. અને દેવલોકથી મૃત્યુલોકમાં આવી તેણે શિવધર્મ રાજવીનાં મહેલમાં વૈરની વસુલાત કરવા, રાજવીને કદર્થના કરવા રાજમહેલમાં પ્રવેશ કર્યો. પણ રાજવીના ઉગ્ર પ્રતાપને તે સહન કરી શકયો નહીં. જાણે ઉન્મૂલિત દાઢવાળો સર્પ જ ન હોય, તેમ તેની ધારણા નિષ્ફળ ગઇ. વળી રાજના રક્ષક વ્યંતર દેવે તેની કદર્થના કરી. એટલે તે દેવ લજ્જાથી મ્લાનમુખવાળો વેગથી ભાગી ગયો. તેનો પરાભવ કરી શકયો નહીં. પણ વૈરનો બદલો વાળવા તે અવસર શોધવા લાગ્યો.

રાજા શિવધર્મ અખંડિતપણે રાજ્યનું પાલન કરતો હતો. તે દુષ્ટોનો નિગ્રહ શત્રુઓને જીતી નીતિપૂર્વક પ્રજાનું કલ્યાણ કરતો હતો. જીવોને અભયદાન આપી રાજ્યનું અનુશાસન કરી, સર્વજ્ઞ ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરી, પર્યંતે ચતુર્વિધાહાર પ્રત્યાખ્યાન કરી, નમસ્કાર મહામંત્રમાં પરાયણ દેહ-પિંજર ત્યાગી રાજવીનો જીવ ઈશાન દેવલોકમાં ઇન્દ્ર સામાનિકપણે અવતર્યો. હવે વિબુધાલયમાં ચાર અગ્રમહિષી ચાર લોકપાલો, અંગરક્ષક, ત્રણ પર્ષદા, સાત અનીક, સાત

અનીકાધિપતિ દેવ અને દેવીઓથી શોભતો, જ્યાં 'જય જય નંદા, જય જય ભદ્દા'ના નાદો ઉછળી રહ્યા છે, નાટારંભ-ગીત-નૃત્યથી વાતાવરણ મનને આનંદિત કરી રહ્યું છે, આવી દિવ્યઋદ્ધિને તે પામ્યો. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પોતાનો પૂર્વભવ જાણ્યો. તે જ્ઞાનબળે આગળ વિચારે છે, ત્યાં તો મહાપાપી, તાપસ ભવમાંથી અસુરભવને પ્રાપ્ત કરેલ હેમદત્તના જીવને નિહાળે છે. તે અસુરાધમ પૂર્વભવના વૈરથી ચિતામાં નાંખેલ રાજવીના દેહને દહન કરવા પ્રજ્વલિત અગ્નિનું સ્તંભન કરે છે. આ દશ્ય જોઇ લોકો પણ શોકાતુર થઇ ગયા. હા હા! અત્યંત જ્વાલાયુક્ત અગ્નિ પ્રજ્વલતો હોવા છતાં રાજાનો દેહ કેમ બળતો નથી? હવે શું કરવું? સૌ વિમાસણમાં મૂકાઇ ગયા!

તેટલામાં કોપથી રક્ત નયનવાળો, શિવધર્મ રાજવીનો જીવ જે શક્રસામાનિક તે દેવલોકમા દેવો સમક્ષ કહેવા લાગ્યો: રે! રે! તમે જુઓ! જુઓ! યમરાજના મુખમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળા આ અસુરાધમની દુષ્ટ ચેષ્ટા! મારા શરીરને ચિતામાં આરોપણ કરેલ છતાં અગ્નિને થંભાવી દુરાચારી દહન કરવા દેતો નથી. અન્ય ઉપાયને નહિ જોતા વૈરનો બદલો વાળવા તેણે આ કાર્ય આદર્યું છે.

એ પ્રમાણે તેના વચન સાંભળી અનેક શસ્ત્રો સહિત, દિવ્ય વસ્ત્રાલંકારોથી ભૂષિત શરીરવાળા, સ્વામીના પરાભવને સહન નહીં કરતો અનીકાધિપતિ તેની સન્મુખ વેગથી દોડ્યો

અરે! ઓ ભાસુર શરીરધારી દેવ! આ તે શું આરંભ્યું

છે? અહીંથી તું ક્યાં જઈશ? પાતાલમાં પ્રવેશ કરીશ, તો પણ તારો છૂટકારો નથી! તે સાંભળી તરત તે અસુરાધમ ભાગી ગયો. પછી ગોશીર્ષચંદન વિગેરેના કાષ્ટથી રાજાના શરીરને સત્કારી, તે સ્થાને મોટો થુભ કરી દેવો પોતાના સ્થાને ગયા. શિવધર્મના જીવે લાંબા કાળ સુધી દેવસુખ ભોગવ્યું. જિનેશ્વર ભગવંતનું સ્મરણ કરતો તે ત્યાંથી ચ્યવી માનવવાસમાં અવતર્યો.

અહીં જ ભરતક્ષેત્રમાં પોતનપુર નામનું નગર છે. ત્યાં નાગબલ નામનો ભૂપતિ રહે છે. તેની સુંદરી નામની પત્નીની કુક્ષિમાં પુત્રપણે અવતર્યો. ઉચિત સમયે તેણે પુત્રરત્નને જન્મ આપ્યો. પુત્ર વધામણીના સમાચાર રાજવીને આપ્યા. મહોત્સવપૂર્વક પુત્રનું શ્રીધંર નામ સ્થાપન કર્યું. પંચધાવ માતાથી લાલનપાલન કરાતો તે વૃદ્ધિ પામ્યો. તેણે કળાઓનો અભ્યાસ કર્યો. સમાન વયવાળા સામંતપુત્રો સાથે ક્રીડાપૂર્વક તે દિવસો પસાર કરે છે. અનુક્રમે તે યૌવનવય પામ્યો. પરણવાની ઇચ્છા ન હોવા છતાં માતા-પિતાના આગ્રહથી પ્રસેનજિત રાજાની રાજિમતી નામની પુત્રી સાથે પરિણયન વિધિ કરી. તેની સાથે વિષયસુખ ભોગવતો, કેટલીકવાર અશ્વક્રીડા, તો કેટલીક વાર હાસ્ય વિનોદ, તો ક્યારેક જ્ઞાનગોષ્ઠિમાં સમય પસાર કરતો હતો.

એકવાર રાજસભામાં સામંત, મંત્રી, સંધિપાલ, સેનાપતિ પ્રમુખની મધ્યમાં બેઠેલા રાજવીની પાસે શ્રીધરકુમાર બેસીને વિવિધ વાર્તાલાપ કરી રહ્યા હતા, તે સમયે પ્રતિહારીએ પ્રવેશ કર્યો. અને વિનયપૂર્વક રાજાને વિનંતી કરી. દેવ!

આપના દર્શનનો અભિલાષી એક પુરૂષ રાજદ્વારે ઉભો છે. તેને આવવાનું પ્રયોજન વારંવાર પૂછવા છતાં કંઈ જ જવાબ દેતો નથી. એટલે તેને દ્વારદેશે ઉભો રાખીને હું અનુજ્ઞા લેવા આવ્યો છું.

તેને પ્રવેશ કરાવો. એમ રાજાની આજ્ઞા થતાં પ્રતિહારીએ પ્રવેશ કરાવ્યો. તે રાજાના ચરણમાં પડી વિનંતી કરવા લાગ્યો. દેવ! આ જ નગરીનો વાસી ભાનુશ્રેષ્ઠિ છે, તેનો હું દત્ત નામનો પુત્ર છું. હું વ્યસનનો સંગી છું. સમગ્ર વ્યસનમાં પારંગત છું. હું દ્રવ્યનો વ્યય કરતો હતો. ત્યારે પિતાએ મને વાર્યો અને ઠપકો આપ્યો કે, વત્સ! ધનનો વ્યય કરવાથી દરિદ્રતાનો વાસ થશે. માટે તું અનેક પ્રકારની શિલ્પાદિ ક્રિયાઓ દ્વારા એક એક કવડિ ધન ભેગું કર તો ઘણાં કાળે ઘણું ધન થશે. જેમ મધમાખી એકે એક રસ-બિંદુઓમાંથી મધપૂડો તૈયાર કરે છે. તેમ તું પણ ધનની વૃદ્ધિ પમાડ.

ઘણું ધન હોવા છતાં પણ વેશ્યાગમન, જુગટું રમવું વગેરે વ્યસનોથી ધનનો વ્યય કરતાં દ્રવ્યનો નાશ થાય છે. તો પરિમિત દ્રવ્ય વ્યય કરવાપૂર્વક તું સુખેથી જીવન જીવ. નહિંતર ટૂંક સમયમાં અત્યંત દયનીય સ્થિતિ પામીશ. માટે તું તારા ભવિષ્યનો વિચાર કર. ત્યારે વચનમાત્રથી મેં પિતાનું વચન શિરોધાર્ય કર્યું, પણ "શેઠની શિખામણ ઝાંપા સુધી." તેમ ફરી પાછો સ્વચ્છંદપણે વર્તવા લાગ્યો. એક વાર મને સૂરદેવ જોગીની સાથે મિત્રતા થઇ. પછી તો હું રોજ તેની પાસે જવા લાગ્યો. એકવાર તેણે કહ્યું : મારા

ગુરુવર્યની કૃપાથી મને જક્ષિણી કલ્પની પ્રાપ્તિ થયેલ છે. જો તું મને સહાયક થાય તો કેયૂર નામની ગુફામાં પ્રવેશ કરી સ્વયં તને તેના દર્શન કરાવું. મેં તેની વાત સ્વીકારી. અને માતા–પિતાને જણાવ્યા વિના જ જોગીની સાથે કેયૂર નામની ગુફામાં પ્રવેશ કર્યો. બલિક્ષેપ કરવાપૂર્વક કલ્પમાં લિખિત વિધિપૂર્વક ગુફાનો ઘણો ભાગ અમે પસાર કર્યો. ત્યાં જ અમને જક્ષિણીના દર્શન થયા.

ભવનનાં મધ્યભાગમાં મણિમય સિંહાસન છે, તેની બન્ને પાર્શ્વે દાસીઓ શ્વેત ચામર ઢાળી રહી છે, તેવા શોભાયમાન સિંહાસન ઉપર આરુઢ ભગવતી જક્ષિણીને જોઈ. જોતાં જ જાણે નિધાનની ઉપલબ્ધિ થઇ હોય તેમ અમે બન્ને આનંદ વિભોર બની ગયા. તેની યથોચિત પ્રતિપત્તિ કરી વંદના કરી. ત્યાં તો જક્ષિણી બોલી. તમે બન્ને આવી ગયા !

હા ! દેવી ! તારા પ્રભાવથી જ અમારૂં સુખપૂર્વક આગમન થયું છે. દેવીએ પૂછયું : તમે જે નગરથી આવ્યા ત્યાં નાગ-બલ નામનો રાજા છે ?

હાં. આપની વાત સત્ય છે ! પછી ક્ષણમાત્ર પસાર કરી દેવીએ ફરી પૂછયું : તે નાગબલ રાજવીનો શ્રીધર નામનો પુત્ર છે ! તે મહાનુભાવ આજથી પૂર્વના ચોથા ભવે મારો બાંધવ હતો

એમ ત્યારે દેવી ! અત્યારે પુનઃ કેવી રીતે ફરી સંયોગ થશે ? ત્યારે જક્ષિણીએ મૂળ કથાનકની રજૂઆત કરી.

મહારાષ્ટ્ર દેશમાં અરિષ્ટપુર નામનું નગર છે. ત્યાં અશોકદત્ત નામે વણિક હતો. તેને ધનદેવ નામનો પુત્ર હતો. ધનવતી નામની પુત્રી હતી. બન્ને વચ્ચે ગાઢ સ્નેહ હતો. તેઓ એક–બીજા વિના રહી શકતા નહીં. તેઓ સ્નેહના ગાઢ–બંધનથી બંધાયેલા સુખપુર્વક દિવસો પસાર કરતા હતા. તેમનો સુંદર આકર્ષક પ્રેમભાવ અને ખેંચાણકારક સ્નેહબંધન જોઈ ભલ ભલાને ઇર્ષા આવતી હતી. બાંધવ–ભગિનીની જોડલી તો અજબની હતી. હવે એકવાર અશોકદત્ત મૃત્યુ પામ્યો. અમારૂં શિરછત્ર ચાલ્યું ગયું. સમગ્ર જવાબદારી ભાઇ ઉપર આવી પડી. ભાઇને બેનની ચિંતા થતી હતી યૌવનને ઉંબરે ઉભેલી ભગિનીનું લગ્ન કર્યું. બેનીને સાસરે વળાવી. તેને ઘરે સૂનકાર લાગવા લાગ્યો. તેને ભગિનીનો વિરહ અસહ્ય થઇ પડ્યો. ખરે જ ! સંયોગનાં સુખ કરતાં વિયોગનું દુઃખ મહાન છે. તે હૈયાફાટ રૂદન કરવા લાગ્યો. પણ ભગિનીને વળાવ્યા વિના છૂટકો ન હતો.

ભગિનીને મન ભાઈ વહાલો હતો. તે ભાઇના વિરહથી વિધુર બની ગઈ. પણ શું થાય ! બહેની સાસરે ગઇ. પણ ત્યાં તેને પ્રતિદિન બંધુની યાદ સતાવતી હતી. તે ક્ષણ–ક્ષણ–પલ–પલ બંધુનું જ ધ્યાન ધરતી હતી. બન્ને વચ્ચે પ્રેમ નિઃસ્વાર્થ હતો. બેની શ્વસુર પક્ષમાં દિવસો વીતાવે છે. તેને વિયોગનું દુઃખ વિસરાતું નથી, ત્યાં નવી આપત્તિ ઉપસ્થિત થઈ. એકવાર તેના પતિદેવને શૂલ વેદના થઇ. અંતે તેનો પતિ દેહપિંજર છોડી ગયો. તેનું મૃતકકાર્ય પતાવ્યું.

ભાઈ ભગિનીનું દુઃખ જોઈ શકયો નહીં. વિધવા બનેલી તેને ઘરે તેડી લાવ્યો. મધુર વાણીથી આશ્વાસન આપ્યું.

ભગિની ! તું સંતાપ કર નહીં. દીનતાને ધારણ કરીશ નહીં. મારા ઘરમાં જ તું શાંતિથી રહેજે. કોઇપણ તારા પ્રતિ પ્રતિકૂલ થશે, તો તેને મારો મહાવૈરી જાણજે. પછી આશ્વાસન પામેલી ભગિનીનો સંતાપ ઉપશમિત થયો, તેણે ઘરકાર્યમાં ચિત્ત પરોવ્યું. ભાઇની સઘળી જવાબદારી પોતે ઉપાડી લીધી.

આ બધું ભાભીથી સહન થયું નહીં. તે ઇર્ષ્યાથી બળવા લાગી. મારા જીવતા આ વળી કોણ ઘરની સ્વામીની ? એમ રોજ નણંદને મેણાટોણા મારવા લાગી તેના છિદ્રો જોવા લાગી. તેનું કાસળ કાઢવા ઉપાય શોધવા લાગી. ધનદેવને કહેવા લાગી : તારી બેન તો ઘરે ઘરે ભમે છે. વળી ઘરની વસ્તુ કોઇને આપી આવે છે. વસ્તુ સંતાડી દે છે. તારી બેનની દુષ્ટ ચેષ્ટા જો. રોજ રોજ મારી સાથે ઝઘડે છે. મારા ઘરમાં એ નહીં જોઇએ. એ કોણ મોટી ?

એમ ખોટા આળ આપવા લાગી. ભાઇને કાનભંભેરણી કરવા લાગી. પણ ભાઇનું મન નિશ્ચલ હતું. ભગિની પ્રત્યેનો તેનો પ્રેમ અતૂટ હતો. તેનું હૃદય પણ બંધુને વિસરતું ન હતું. ભગિની-પ્રેમની ગંગા વહે છે, એ ભાઈના હૃદયમાં !

ભાભીએ ઇર્ષ્યાના બીજ વાવી દીધા. તે હેરાન-પરેશાન કરવા લાગી પણ બહેન તો હસતે મુખે સહન કરતી હતી. અનુક્રમે ભાઈને પુત્રાદિ થયા ભાભી પણ રોફભેર આજ્ઞાઓ

છોડવા લાગી. બધુ જ કામ તેને સોંપી પોતે નિશ્ચિત રહેતી હતી. તેની ઉપર ખૂબ દ્વેષને કરવા લાગી. તેને દુઃખ દેવામાં કંઈ જ બાકી રાખ્યું નહીં. પણ ભાઇના પ્રેમ ખાતર કોઈ દિ' વાત કરી નહીં. માતાપિતાની ગેરહાજરીમાં તેને ભાઇ વિના કોઈ આધારભૂત હતું નહીં.

ભાભી રોજ ફરિયાદ કરતી, પણ ભાઈના મન પર જરાય અસર થઇ નહીં. એટલે ગમે તેમ ગાળો દેવા લાગી. તમારી બેન દુષ્ટશીલા છે. જ્યાં–ત્યાં ભટકતી મેં જોઇ છે. વળી અડોશી–પડોશી પણ મને કહે છે, તો પણ તમે માનતા નથીં. આમ વારંવાર ભાભી કહે, છતાં ભાઈએ તેની વાત નકારી કાઢી, તેને ધમકાવી એટલે તે રડતાં બાળકોને મૂકી કોપ કરતી કોઇના ઘરે ચાલી ગઇ. આ બધી વાત ભગિનીએ જાણી. તે દુઃખી થઈ ગઇ. દુષ્ટશીલાના દોષથી રહિત તેણે ખાન–પાન તજ્યાં અને ઘરનાં એક ખૂણામાં પડી રહી.

બપોરે દુકાનેથી ભાઇ ઘરે આવ્યો, તો ઘરમાં બાળકોને રૂદન કરતાં જોયાં. ધનવતીને જોઇ નહીં. ત્યારે નોકર ચાકરને પૂછ્યું: ધનવતી કયાં ગઈ? ત્યારે નોકરોએ સર્વ હકીકત કહી સંભળાવી. અને ઘરના ખૂણામાં રહેલી બહેનને બતાવી. તેની સમપે આવી કહ્યું: ભગિની! આમ કેમ દીનપણે બેઠી છે? તેં ઘરનો વ્યવહાર કેમ છોડી દીધો? ત્યારે તેણે સઘળી વાત કરી. તે સાંભળી ભાઇની આંખો અશ્રુભીની થઇ ગઈ. તેના ખોળામાં માથું મૂકી દીધું ત્યારે કોપને તજી તે ઉઠી

અને ઘરકાર્ય કરવા લાગી. પોતાની પત્નીને સમજાવી ઘરે લાવ્યો. ફરી પાછા પહેલાની જેમ વર્તવા લાગ્યા. પણ સ્ત્રી સ્વભાવ જાય ખરો !

ઈર્ષ્યાળુ ભાભી ચિંતવવા લાગી કે, જ્યાં સુધી ભગિની હશે, ત્યાં સુધી આ ઘરમાં રહેવું યોગ્ય નથી. નિઃસ્વાર્થ-પ્રેમી ભાઈ કદાપિ ભગિની ઉપરનો પ્રેમ છોડશે નહીં. એમ વિચારી રોજ લડતી-ઝઘડતી. અને બીજાના ઘરે ચાલી જતી. આવું રોજ જોતી ભગિનીને વિચાર સ્ફુર્યો. મારે બીજાના દુઃખમાં કારણભૂત શા માટે થવું જોઈએ ? તે કરતાં તો આ ઘરવાસથી સર્યું !

રોજના ભાભી તરફના દુઃખથી કંટાળી વિરક્તિના પરિણામમાં તરબોળ બહેનના ભાગ્યોદયથી એકવાર અનેક શ્રમણી વૃંદથી યુક્ત રાજીમતી નામની પ્રવર્તિનીનું આગમન થયું, તે પણ તેમની પાસે ગઈ. તેમની પાસે ધર્મદેશના સાંભળી સંવેગ ઉત્પન્ન થયો. તે ધર્મમાર્ગ સન્મુખ થઈ. પછી તે વંદના કરી ઘરે ગઇ.

અને ભાઈને પોતાનો અભિપ્રાય જણાવ્યો. તે સાંભળી ભાઈ તો વ્યથિત થઈ ગયો. તેણે વજ્રઘાત અનુભવ્યો. જાણે હૃદયના બે કટકા થઈ ગયા. શોકાતુર બની ગયો. બહેનની વસમી વિદાયે હૈયું આકુળવ્યાકુળ બની ગયું. ત્યારે બહેને મધુર વચનથી ભાઈને પુનઃ પુનઃ વિનવ્યો. ખૂબ વિચાર પછી અંતે ભગિનીને ભાઈએ વિદાય આપી. ભાઇ-બહેનની જોડલી તૂટી ગઇ. પણ ભાઇને સુંદર પાઠ ભણાવી ગઇ.

શુભ તિથિ મુહૂર્તયોગે શ્રી યોગેશ્વર ગણિ પાસે ચતુર્વિધ સંઘ સમક્ષ પ્રવ્રજ્યાની સ્વીકૃતિ થઈ. અને રાજીમતી પ્રવર્તિનીને સમર્પણ કરાઈ.

ત્યારે શોક, રૂદન અને ડૂસકાઓથી વાતાવરણ ગમગીન બની ગયું. આકાશ વાદળ છાયું બની ગયું. બહેન નિઃસંગી બનવા, મુક્તિમાર્ગે પ્રયાણ કરવા ચાલી ગઈ.

ગુરુ ભગવંતે હિતશિક્ષા પ્રદાન કરી, યોગાદિ ક્રિયા કરાવી, સંયમી જીવનમાં પ્રવેશ કરી ચૂકેલી બહેને કેટલાક દિવસ ત્યાં સ્થિરતા કરી, અન્યત્ર ગુરુણી સાથે વિહાર કર્યો.

વળી કેટલોક સમય વ્યતીત થયા પછી વિચરતાં વિચરતાં પ્રવર્તિની સાથે તેમનું અરિષ્ટપુરનગરમાં આગમન થયું. તે સમાચારથી ધનદેવ આનંદિત થયો. ભગિની-દર્શનાભિલાષી તે ઉપાશ્રયે ગયો. બહેનના જીવનને ધન્યવાદ આપતો તેના સંયમી જીવનની અનુમોદના કરવા લાગ્યો.

આ બાજુ ભાભીનાં મનમાં તેલ રેડાયું. તેની ઈર્ષ્યાની પાવકજ્વાળા પ્રજવલી ઉઠી. પણ પતિના મનને આનંદિત રાખવા બાહ્યથી વિકસિત મુખવાળી વંદનાર્થે ગઈ. ગુરુણીના ચરણમાં પડી કહેવા લાગી : અહો ! તમે અમારા ઉપર ઘણો અનુગ્રહ કર્યો. અમારૂં ગૃહાંગણ પાવન થયું ! પછી પ્રતિદિન સેવા કરવા લાગી. બહારના આચરણથી તે આંજી દેતી હતી, પણ ભીતરમાં તો જુદું જ આચરણ હતું.

ધનદેવ પણ વ્યવસાયને છોડી સમયાનુસાર સાધ્વીજી પાસે આવ-જાવ કરવા લાગ્યો. જ્ઞાનગોષ્ઠિ કરવા લાગ્યો. પછી

તો કેટલાક દિવસો બાદ તેની ઈચ્છા પણ ભગિનીનો માર્ગ સ્વીકારવાની થઇ. તે ઉંચા મનોરથો ભાવતો હતો. ક્યારે હું પાપરૂપી પર્વતને વિશે વજ્રા શનિભૂત સર્વ વિરતિ સ્વીકારીશ. ક્યારે હું મોટી કલ્યાણરૂપી વલ્લીને વિકસાવનારી જળકુલ્યા-તુલ્યા, ભવસમુદ્ર તરવામાં સેતુભૂત સંયમની આરાધના કરતો વિહરીશ! આમ, પ્રતિદિન વૈરાગ્યની વૃદ્ધિ કરતો તે ઘરકાર્ય પણ અનિચ્છાએ કરતો હતો.

તેનું આવું વર્તન તેની પત્નીએ જોયું. એક તો ઇર્ષ્યારૂપી અનલ જલતો હતો, તેમાં ધૃતક્ષેપ સમાન પતિદેવના વર્તનથી વધુ પ્રજ્વલિત થયો. તેનામાં અનિષ્ટ વિચાર-માળા સર્જાઇ: ખરે! આ ભગિની-સાધ્વી પાસે જ્યારથી જવા લાગ્યા. ત્યારથી હવે તેમનું સંસારવાસ ઉપરથી મન ઉઠી ગયું છે. તેથી હજુ દીક્ષા ન લે, તેમ હું કરૂં. એમ વિચારી છિદ્રાન્વેષી તે ભાવહીન બનાવવા અને સાધ્વી ઉપરના દ્વેષને વહન કરતી અકાર્ય કરવા તત્પર થઇ ગઈ.

ભગિની સાધ્વીને કલંકિત કરવા તેણે ઉપાય ઘડ્યો. સુવર્ણના આભરણાદિ મહામૂલ્યવાન વસ્તુઓને ભોજન સામગ્રી મધ્યમાં સંતાડી દીધી. અને ભિક્ષાર્થે આવેલી તે ભગિનીને વહોરાવી. અને ખૂબ ભાવપૂર્વક વંદના કરી. સાધ્વી તો ત્યાંથી વિદાય થઈ ગયા. હજુ સાધ્વીજી થોડે ગયા ન ગયા ત્યાં તો પતિ ધનદેવને બોલાવી કહેવા લાગી: અરે! અરે! જો તો ખરો તારી ભગિનીનું ચરિત્ર! ઘરની શ્રેષ્ઠ વસ્તુને લઈને ચાલી ગઇ! તું પાછળ જા! ખાતરી કર!

ત્યારે તેણે પણ આક્રોશ વચનથી તેણીની તર્જના કરી કહ્યું: અરે! મહાપાપી! આ વાત કેવી રીતે સંભવે! સર્વ સંગના ત્યાગી તેને વળી આવી બુદ્ધિ હોય! તું જ ખોટા આળ દઈ રહી છે, છતાં તેના વચનથી ખાત્રી કરવા સાધ્વીને પાછા બોલાવ્યા અને પાત્ર બતાવવા કહ્યું: ત્યારે આશય નહીં જાણતી તેણે પાત્રા બતાવ્યા. ત્યારે હાથમાંથી આંચકી લઇ તેમાંથી મૂલ્યવાન આભૂષણો કાઢી તેના ભાઈને બતાવ્યા. તે દેખી સાધ્વી પણ એકદમ વિલખી થઇ ગઇ! સ્વપ્નમાં પણ ખ્યાલ ન આવે! પણ શું થાય. તરત જ સાધ્વીજી ઉપાશ્રયમાં ગયા. ગુરુણીને સર્વ વાત કહી સંભળાવી.

ગુરુણીએ તેને આશ્વાસન આપ્યું. બહેન! તારો કંઇ જ દોષ નથી પણ કોઈ દુષ્કર્મના ઉદયથી તારા ઉપર કલંક ઉતર્યું છે તે દૂર કરવા હાલ વિશેષ તપાદિ પ્રવૃત્તિમાં તારે ઉદ્યમ કરવો જોઇએ. પછી તો તેણે ગુરુવચન શિરસાવંદ્ય કરી માસખમણને પારણે માસખમણની તપશ્ચર્યા આરંભી પરિણામે તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. ઉઠવા, ચાલવા, પણ અસમર્થ થઇ ગયું. ત્યારે પ્રવર્તિનીની આજ્ઞા લઈ પરમસમાધિની અનુભૂતિ કરતાં સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી લીધી, ગુરુ સમક્ષ સર્વ પાપોની આલોચના કરી, ચતુર્વિધાહારના પ્રત્યાખ્યાન કરી નમસ્કાર મહામંત્રમાં પરાયણ નશ્વર દેહને ત્યજી વિબુધાવાસમાં તેના આત્માએ પ્રયાણ કર્યું. વિબુધાવાસમાં સનત્કુમાર દેવલોકમાં મધ્યઆયુષ્યવાળો દેવ થયો.

પુનઃ મહાનુભાવ ધનદેવે પણ પત્નીની કપટવૃત્તિને જાણી

તત્ક્ષણે જ સ્મશાનની જેમ ઘરવાસ છંડી શ્રી યોગેશ્વર ગણિ સમીપે પ્રવ્રજ્યા સ્વીકારી. અને તે તપાદિ અનુષ્ઠાનનું આરાધન કરવા લાગ્યો. ક્ષીણ અંગવાળો અણસણ કરી સૌધર્મદેવલોકમાં દેવ થયો.

ત્યાંથી ચ્યવી તે સુવર્ણપુરનગરમાં શિવધર્મ રાજવી થયો. તે ભાઈની પત્ની પણ ખોટા આળ આપવાથી ઉપાર્જન કરેલા પાપકર્મથી વાત પિત્તાદિ રોગથી દુઃખિત, મરીને સંસારમાં કેટલોક કાળ ભમી બાલતપ કરવાપૂર્વક કર્મની લઘુતા કરી મંત્રી પુત્રી થઈ. તેના ઉપર શિવધર્મ રાજવીને પૂર્વભવ સંબંધથી પ્રીતિ થઈ. પણ સાધ્વીના જીવ દેવે પ્રતિબોધ કરતાં તેણે તાપસવ્રત સ્વીકાર્યું.

આ બાજુ કાલક્રમેણ સનત્કુમાર દેવલોકથી ચ્યવી વણિક ગ્રામે ધનવતીનો જીવ શંખવણિક પુત્રી સુંદરી નામે થઈ. પણ મિથ્યાત્વીઓના સંપર્કથી સુસાધુ દર્શનના અભાવથી તે મિથ્યાત્વને પામી.

વળી તેણીને તે નગરવાસી વસુમિત્રના પુત્ર વસુ સાથે પરણાવી તેની સાથે અત્યંત વિષયસુખને ભોગવ્યા. અચાનક તેનો પતિ મરી ગયો. તે મહાનુભાવ ગંગાની પેલે પાર પારસપુરનગરમાં ગામરક્ષકના પુત્રપણે ઉત્પન્ન થયો. વળી તે નિષ્કલંક શીલ પાલનમાં તત્પર પતિના વિરહથી મહાદુઃખી અનેક પ્રકારના તપાદિ અનુષ્ઠાન કરવા લાગી. માતા-પિતાના આગ્રહથી ઘરમાં બાર વર્ષ રહી પણ જીવનથી કંટાળી એક દિવસ આત્મઘાત કરવા ગંગા કિનારે પ્રયાણ કર્યું.

કોઇ સાર્થવાહની સાથે જતાં વિધિવશ તેઓએ તે જ પારસપુરના સીમાડે તરૂતલે આવાસ કર્યો. તે જ સમયે કેટલાક મિત્રોની સાથે રમત-ગમત કરતાં પૂર્વભવને પતિ વસુ ત્યાં આવ્યો. તે મહાનુભાવની દૃષ્ટિ તેના ઉપર પડી "તરત જ સ્મૃતિ થઇ કે આને મેં ક્યાંક જોઇ છે." પુનઃ પુનઃ વિચારણા કરતાં જાતિસ્મરણ ઉત્પન્ન થયું. તેને પૂર્વભવના સંબંધ સાંભર્યા. જાણે અન્ન-પાન ત્યાગી, જાણે સ્થંભિત થયેલો હોય, અથવા ચિત્રમાં આલેખન કરેલો હોય, તેવી તેની સ્થિતિ થઇ ગઇ.

આ દૃશ્ય જોઈ નગરજન અને સ્વજનોના ટોળેટોળા ઉમટ્યા.

તેઓએ તે સંબંધી તેને પૃચ્છા કરી: વત્સ! તને શું થયું! તેણે કહ્યું: તીર્થયાત્રા માટે પ્રવૃત્ત થયેલી આ સુંદરી મારી પૂર્વભવની પત્ની છે. તેના વિના હું નિશ્ચે અન્ન-પાણીનો ત્યાગ કરીશ. તેના નિશ્ચયને જાણી તેના પિતા વગેરે સ્વજનોએ પ્રીતિયુક્ત વચનથી તેને બોલાવી સર્વ સંબંધ કહી સંભળાવ્યો. ચિરકાલ ભોગવેલ સુખાદિનું તેને નિવેદન કર્યું. તેનાથી "આ મારો ભર્તાર છે" એમ તેને નિશ્ચિત થયું. તે પણ હર્ષવિભોર બની ગઇ.

લોકો પણ વિસ્મય ચકિત થયા માતા-પિતા વિચારવા લાગ્યા: ક્યાં મારો પુત્ર! અને ક્યાં દૂર દેશાંતરમાં રહેલી સુંદરી! કોઇ પણ કર્મ સંયોગે તેનો સંબંધ થયો લાગે છે. ખરે જ! વિધિની પ્રધાનતા છે. ગમન-આગમનની જાણ નથી, છતાં તેવા પ્રકારના સંબંધથી સ્વજનો પણ પુનઃ સંબંધ

જોડે છે. હે સુતનુ! હવે વિસ્તાર વડે સર્યું. અહીં તારો દોષ નથી. ચિરકાલના પતિદેવને અનુસર. તું મરણના અભિલાષને છોડી દે. નારી મધ્યે નિર્વાહિત પ્રતિજ્ઞાવંત તું જ છે. આવી દુષ્કરતાને કોઈ જ ધારણ કરતું નથી. ખરેખર તારા શીલરત્નને ધન્ય છે. તું પ્રશંસનીય છે. અત્યંત દુર્ઘટ છતાં પૂર્વભવના ભર્તાર સાથે તારૂં મિલન થયું. આવા વૃત્તાંતો શાસ્ત્રમાં જોવા મળે છે. વિધિનું કૌતુક જ છે કે જે આવા સંબંધો જોડે છે.

લોકોને વિસ્મય પમાડી, મરણનો વિચાર છોડી, તે પતિની સાથે ઘરે ગઈ. અત્યંત સ્નેહથી તેના વડે ઘરસ્વામિની કરાઇ. શેષ આયુષ્ય પૂર્ણ કરી તે મરણ પામી. અત્યારે હું તે જ યક્ષિણી થઇ છું. વળી ચિરભવ સ્મરણ થતા મારા બાંધવનું સ્મરણ કરૂં છું. તે મારો ભાઈ શ્રીધર નામે રાજપુત્ર થયો છે. હે દેવાનુપ્રિય! તમે સુકૃત કર્યું નથી કે, જેથી તમને ભોગોપભોગની સામગ્રીની પ્રાપ્તિ થાય, માટે જેમ આવ્યા છો, તેમ પાછા જાઓ.

અને મહાનુભાવ મારો ભાઈ જે નાગબલી રાજવીનો પુત્ર શ્રીધર છે. તેના કંઠે આ મુક્તાહાર આરોપણ કરજો. અને મારી સર્વ હકીકત તેને કહેજો. યક્ષિણીએ અર્પણ કરેલ રત્નની પોટલી અને હાર લઇ વિસર્જન કરાયેલા અમે ગુફામાંથી બહાર નીકળ્યા. પણ અમને કશી જ સમજણ પડી નહીં. કેવલ ગુફાના દ્વારે વિચેતનારહિત રાત્રી પસાર કરી.

રતુમડો સૂર્ય ઉદયાચલે ચઢયો. નિદ્રાને તિલાંજલી દઇ

અમે જાગૃત થયા, હાર અને રત્નની પોટલી લઈ અસ્ખલિત પ્રયાણ કરતાં આ નગરમાં આવ્યા. ગઠરી છોડી તો ફક્ત હાર જ જોયો. રત્નો ગાયબ હતા, સત્ય તો ભગવતી જાણે. એમ સાંભળી આ ખરેખર નિર્ભાગ્ય શિરોમણિ છે. સર્વ સભાજનને તેઓ હાસ્યપાત્ર બન્યા.

રાજપુત્ર શ્રીધરે પુર્વાનુભૂત વૃત્તાંતના સ્મરણથી ફરી ફરી યાદ કરતાં જાતિસ્મરણ લહ્યું. મૂર્છાને પામેલો બોધને પામી તે ફરીથી સિંહાસને બેઠો ત્યારે આગંતુક પુરૂષે દિશાને ઉદ્યોત કરનાર નિર્મળ મુક્તાફળથી નિર્માણ કરેલ હાર કુમારના ગળામાં સ્થાપન કર્યો. ઉચિત પ્રાસાદને પામી તે જ્યાંથી આવ્યો હતો, ત્યાં ગયો. નાગબલ રાજવીએ પૂર્વે નહી સાંભળેલ, અને જોયેલ ભાવને પુત્રના મુખારવિંદ પર નિહાળી કહ્યું : “વત્સ શ્રીધર ?” આ શું ?

પિતાજી વિસ્ફારિત હારની કાંતિથી પ્રત્યક્ષ ભૂત છે તે ભવ સ્વરૂપ જોયું. આ સાંભળી નરપતિ અને સભાજન વિસ્મિત થયા.

રાજપુત્ર પણ તે દિનથી માંડી વૈરાગ્યવંત બનેલો, ઈન્દ્રજાલ સદૃશ ભવસ્વરૂપને નિહાળતો, માતા–પિતાની ચિત્તરક્ષા નિમિત્તે બાહ્યવૃત્તિથી કેટલાક દિવસ રાજકાર્યનું અનુપાલન કરી, બીજા દિવસે રાજા પાસે ગયો. તેણે સર્વ સંગત્યાગની અનુમતિ માંગી, ત્યાં તો અંતપુરમાં કોલાહલ ઉછળ્યો. રૂદનના અવાજો શ્રુતિપથ પર આવ્યા. આ શું ! આ શું ! એમ બોલતા રાજલોકો પણ ઉંચા મુખે જોવા લાગ્યા. ‘શું થશે !’ તેની

કલ્પનામાં ડૂબી ગયા. એક બાજુ સર્વસંગ ત્યાગીની અનુમતિ માંગતા રાજપુત્રની વાત સાંભળતા સૌ શોકાતુર થયા. ત્યાં તો બીજો પ્રસંગ ઉપસ્થિત થયો.

એકદમ રાજસભામાં હા હા રવ કરતી અશ્રુપૂર્ણ નયનવાળી, પ્રિયંકરા નામની દાસીએ પ્રવેશ કર્યો. ત્યારે રાજાએ પૂછ્યું : હે ભદ્રે! આ શું? તું શા માટે રૂદન કરે છે?

દેવ! ઘણી દેવપૂજા, દિવ્યૌષધનું સેવન, વિવિધ મંગલો, મૃત્યુંજય મંત્રનો જાપ, સમીપમાં શસ્ત્રધારી સુભટો ઉભા હોવા છતાં શું થયું કે, કુમાર સ્વયં મૃત્યુને પામ્યો છે.

આ વાત સાંભળી અત્યંત શોક કરતા રાજવીને રાજપુત્રે કહ્યું : દેવ! ભવ સંભવિત સર્વભાવોની ક્ષણિકતા જાણવા છતાં શા માટે શોક કરો છો? સંસાર–સ્વરૂપથી અજાણ મૂઢ-લોક પ્રિયાના વિયોગથી શોક કરે છે. પણ તે તો નિષ્ફળ છે. તો શાસ્ત્રાર્થને જાણવા છતાં અદૃષ્ટ અનિષ્ટની જેમ તમે શા માટે શોક વહન કરો છો? મૃત્યુ તો સૌને સંભવિત છે. પણ સંભવિત વસ્તુની પ્રાપ્તિથી શોક કરવો શું યુક્ત છે? પ્રતિસમય વિનાશી વસ્તુમાં શોક શો? તો શોકને ત્યજી દો. અને તમે ધીરતાને ધારણ કરો.

પરમાર્થથી કોઇ વસ્તુ સ્થિર નથી. કેટલાક જીવો જલ્દી તો! કેટલાક જીવો મોડા મૃત્યુને પામે છે. સચરાચર ત્રિભુવનમાં રહેલા જીવોને કોળિયો કરનાર યમરાજથી કોઈ અજાણ નથી. તેના પ્રતિકારના ઉપયોગે ચિંતવતા રાજવીએ શોક ત્યજી દીધો. પુત્રને પૂછ્યું : વત્સ! તું તેના પ્રતિકારના ઉપાયને જાણે છે?

પિતાજી! હું કંઈક જાણું છું. પણ તમારા પ્રસાદથી હવે વિસ્તૃતપણે જાણીશ.

વત્સ! તું જેટલું જાણે તેટલું તો કહે.

પિતાજી! સુગુરુ સમાગમથી મેં ક્ષાંત્યાદિ ધર્મરૂપ ઉપાય સાંભળેલ છે.

વત્સ! કોણ તેમ કરવા સમર્થ થાય?

પિતાજી! મારા ઉપર કૃપા કરો તો હું એ સર્વ ઉપાયને આદરૂં.

પણ વત્સ! અમે તો તે કરવા અસમર્થ છીએ. પણ જો તું શક્તિમાન હોય તો તું એ માર્ગ સ્વીકાર, તું વિલંબ ન કર. તારો માર્ગ કલ્યાણકારી થાઓ.

પોતાની ભાવના ફળીભૂત થએલી જોઇ માતા-પિતાની આજ્ઞાથી તે અત્રે આવ્યો. હે અશ્વસેન નરપતિ! મારી પાસે આવી સંસારમાંથી નિષ્ક્રમણ કરી, સર્વસંગ ત્યાગી બની ઉત્તમ ગણધર પદવી વર્યો.

## જાતિ-સ્મરણ-વીણા વાગે!
## એના નાદે આતમ જાગે!

સપ્તમ ગણધર

શ્રી વારિષેણ

[૭]

## સદ્‌ગુરુ સમાગમ : પાપી મટી બને-ધર્માત્મા

આ જ જંબૂદ્વીપમાં દેવોને પણ વિસ્મય પમાડનાર વિશાળ કિલ્લા અને ખાઇથી વેષ્ટિત સુરપુર નામનું નગર છે. ત્યાં મહાપરાક્રમી, સત્યવાદી, સામંત ચક્ર ઉપર શાસન ચલાવનાર વિક્રમાકર નામે રાજવી વસે છે. તેની પ્રત્યક્ષ રાજ લક્ષ્મી સમાન લક્ષ્મી નામની ભાર્યા છે. તેનો સમગ્ર વ્યસન-સંગી, સ્વચ્છંદાચારી, ઉદ્વેગકારી, પૌરજનોને દુઃખદાયી, વિક્રમસેન નામનો પુત્ર છે. તે વ્યસનાદિમાં પ્રવૃત્તિ કરતો દિવસો પસાર કરે છે.

વિક્રમસેનની દુ:ચેષ્ટા રાજવીના હૃદયને બાળતી હતી, સંતાપને ઉત્પન્ન કરતી હતી, છતાં દુર્નીતિમાં ચકચૂર તેને હિતશિક્ષા પણ અસર કરતી નથી. ઉલ્ટી સર્પને દૂધના પાન સમાન વિપરીત પરિણમતી હતી વળી પોતાનો પુત્ર હોય, તેનો નિગ્રહ પણ કરી શકતો ન હતો. અકળવિકળ થતું તેનું ચિત્ત ચકડોળે ચઢયું. હવે પુત્રને કેમ વારવો, તેનો ઉપાય ન સુઝતા, મંત્રીને એકાંતમાં તેણે સઘળી હકીકત કહી સંભળાવી.

મંત્રીએ પણ રાજાના અભિપ્રાયને જાણી કહ્યું : દેવ! લોકમાં પણ આ માર્ગ પ્રસિદ્ધ છે. જેઓ વિષવૃક્ષને વૃદ્ધિ પમાડી છેદવા અસમર્થ થાય છે તેવી રીતે આ બાબતમાં અવજ્ઞા કરવી જ યોગ્ય છે, તમે ચિંતા છોડી રાજ્ય કાર્યની ચિંતા કરો!

પણ મંત્રીજી આ પુત્રને કેવી રીતે શિક્ષા કરવી? એ તો કંઈ જ સાંભળતો નથી.

દેવ! ભલે અત્યારે ન સાંભળે. પણ જ્યારે સમજણ શક્તિ આવશે, ત્યારે જરૂર તેને અસર થશે તે ઉન્માર્ગમાંથી સન્માર્ગે આવશે. અત્યારે તો તેની ઉપેક્ષા કરવી જ યુક્ત છે.

એમ મંત્રીના વચનથી રાજા પણ પછી કાર્યમાં જોડાઈ ગયો. રાજપુત્ર રાજવી પાસે આવતો અને ધનની માંગણી કરતો. પણ તેને કંઈ જ દાદ નહીં મળતાં ચોકીદારની સાથે તેણે મિત્રતા સાધી ને નગરમાં ચોરી કરવા લાગ્યો. એમ કરતાં અનેક ધનવંતોના ઘરમાંથી દિન પ્રતિદિન ઉત્તમ વસ્તુઓ ચોરાવા લાગી. આથી લોકોમાં વાત પ્રસરી કે, નગરના પ્રધાન લોકો નગરજનોને લૂંટે છે. હવે તો રોજની લૂંટફાટથી નગરજનો પણ ત્રાસી ગયા, તેથી એકવાર મહાજન મળી રાજમહેલમાં ગયું અને રાજવીને નગરમાં ચાલતી ચોરીની ફરિયાદ કરી. રાજા રુષ્ટમાન થયો. ચોકીદારની તર્જના કરી. અને કહ્યું : નગરરક્ષા બરાબર કેમ થતી નથી? ત્યારે ચોકીદારે જવાબ આપ્યો: અરે! આ શું? દેવ! વિશાળ ખેતરના એક ખૂણામાં રહેલ પક્ષીગણનું રક્ષણ કોણ કરી શકે? કોઇ જ નહીં. વળી કૃપણ માણુસ થોડું ગુમાવે, છતાં પણ મોટા કોલાહલને કરે છે. ત્યારે પુનઃ પુનઃ બોલીશ નહીં? તારા આત્માનું કલ્યાણ ઈચ્છતો હોય તો બોલવામાં વિવેક રાખજે નહીં તો અનર્થ થશે. એમ કડક શબ્દોમાં રાજવીએ તેને કહ્યું : ત્યારે ચોકીદારે કહ્યું : દેવ! આપ જાણો. હવે વીતી

ગયેલી વાતનું શું? સમ્યક્ પ્રકારે નગરની રક્ષા કરજે. એમ કહી તેને વિદાય કર્યો.

રાજવીએ રાત્રીએ વેશ પરિવર્તન કર્યું. કાર્પટિકના વેશમાં તે જીર્ણ દેવળમાં જઈ સૂતો. થોડીક ક્ષણો પસાર થઇ, ત્યાં કૂતરાનાં અવાજ સંભળાવા લાગ્યા. અને બે પુરૂષોએ ત્યાં પ્રવેશ કર્યો. અરે? અહીં કોઈ સૂતું નથીને? એમ પરસ્પર બોલવા લાગ્યા. રાજા પણ જાણે કંઇ જ સાંભળ્યું ન હોય, તેમ મૌનપણે ત્યાં રહ્યો. ગાઢ અંધકારને કારણે તેને નહીં જોતાં તે બંને વાતો કરવા લાગ્યા: અરે! શું તું જાણતો નથી? આજે રાજાએ ચોકીદારોને ધમકાવ્યા છે. તો તું જઇને વિક્રમસેન કુમારને કહેજે કે, અત્યારે થોડા દિવસ લૂંટફાટ કરવાનું છોડી દો. સારૂં! હું જઇને તેને સમાચાર આપું છું. એમ કહી એક પુરુષ ક્યાંક ચાલ્યો ગયો. તે જતો હતો, ત્યાં રાજાએ પગથી ભૂમિ ખણી અવાજ કર્યો. તેથી તેને શંકા થઇ. તેણે પૂછ્યું: અરે ભાઇ! તું કોણ છે? નિદ્રામાંથી જાગૃત થયેલા રાજાએ કહ્યું: હું ઉભો થાઉં છું, ઓ મૂર્ખ! હું પૂછું છું કે તું કોણ છે? તને ઉભા થવાનું કોણ કહે છે. સામેથી જવાબ મળ્યો: હું કાર્પટિક છું. ચોકીદારે કહ્યું: તું બરાબર કાર્પટિક જેવો જ જણાય છે, તેથી જ સર્વ ચેષ્ટાનો નિરોધ કરેલ જણાય છે.

"તે તમે જાણો?" ત્યારે ચોકીદારે કહ્યું: જે હોય તે. અહીંથી ઉભો થા. કોઈ અજાણી વ્યક્તિ હશે. એટલે અહીં રહ્યો હશે? ચાલો, તું જેમ કહીશ તેમ કરીશ. એમ કહી રાજા બહાર નીકળ્યો. પુરૂષો પણ પોતાના સ્થાને ગયા.

પ્રભાતે રાજસભામાં બેઠેલા રાજવીએ તે ચોકીદાર અને રાત્રીએ જોયેલ પુરૂષોને બોલાવ્યા અને કહ્યું: અરે? તમે કુમારની સહાયથી નગરજનને લૂંટવાનું કામ કરો છો? દેવ! શાંતં પાપં. આપને આ કોણે કહ્યું: તારા જ પુરૂષોએ. તે પુરૂષો કોણ છે? તરત જ આંગળી ચીંધી રાજાએ તે પુરુષોને બતાવ્યા. અને તેમને વાર્તાલાપ કહી સંભળાવ્યો. ત્યારે ચોકીદારે તે પુરુષોને પૂછ્યું: "અરે! શું હું ચોરી કરાવું છું?" તમે જ કહો. રાજાની સઘળી વાતથી તેઓ ક્ષોભ પામ્યા અને મૌન રહ્યા. ત્યારે કોપાતુર રાજાએ ગધેડા ઉપર બેસાડી ધિક્કાર-તિરસ્કારપૂર્વક ચોકીદારને મારી નંખાવ્યો.

પોતાના દુષ્કર્મથી શંકિત મનવાળો વિક્રમસેન-રાજપુત્ર નગરથી ભાગી છૂટ્યો રાજાએ પણ તેની ઉપેક્ષા કરી. અખંડ પ્રયાણવડે જતાં તે એક મહા અટવીમાં આવી ચઢ્યો ક્ષુધા-તૃષાથી પીડાતો તે ઝાડનાં ફળોનું ભક્ષણ કરવા લાગ્યો. તે વખતે ત્યાં ભયંકર આકૃતિવાળા, શોકાતુર, અશ્રુજલથી પૂર્ણ નયનવાળા ભીલોનું આગમન થયું. ત્યારે રાજપુત્રે તેમને પૂછ્યું: તમે ક્યાંથી આવ્યા છો? સ્વામી સાંભળો. અહીંથી નજીકમાં જ પર્વતોની વચ્ચે અનામિકા નામની મહાપલ્લી છે, ત્યાં અમારા સ્વામી સામાદિ ચારે નીતિમાં વિશારદ, તેજસ્વી જેના કોપાતુર નયનને જોઈ સૌ ભયભીત બની જતાં, એવો દિવાકર નામનો પલ્લીપતિ છે.

તે એકવાર પારધિથી યુક્ત શિકાર કરવા ગયો. ત્યાં પારધિઓ કહેવા લાગ્યા: જુઓ આ સારંગ દોડે છે. આ

રીંછ, આ સસલા, આ હાથી વગેરે દોડી રહ્યા છે. એમ પારધિઓએ પ્રાણીઓનું વર્ણન કર્યું. પલ્લીપતિ શિકાર કરવા લાગ્યો. બાણોની વર્ષાથી આકાશમંડળને આચ્છાદિત કરતો તે પ્રાણીઓને હણવા લાગ્યો. તેના ધનુષ્યના ટંકારથી પશુઓ નાસ-ભાગ કરવા લાગ્યા. આખું જંગલ શૂન્ય થઇ ગયું.

આ પ્રમાણે શિકાર કરતાં, આજુબાજુ પરિભ્રમણ કરતા, તેણે ગર્જના કરતા સિંહોથી ભરપૂર મહાશૈલ વનનિકુંજમાં પ્રવેશ કર્યો. તેણે થોડા પગલા ભર્યા, ત્યાં તો કોપથી રક્ત નયનવાળો, પાકાબિંબફળ જેવી કેશાવલિથી શોભતો, દીર્ઘ પૂચ્છવાળો, પૃથ્વીતલને કંપાવતો સિંહ જોયો. તેની પાછળ રક્તનયનવાળી, દિશાને પ્રકાશિત કરતી સિંહણને જોઇ. પલ્લી-પતિ પણ બંનેને ઉપદ્રવ કરવા લાગ્યો, પરિજનલોક પણ કોઈ પ્રયોજનથી ભૂખ્યા-તરસ્યા કોઇક સ્થાને ચાલ્યા ગયા.

પછી તીક્ષ્ણ તલવારને લઈ રંગમંડપમાં મલ્લની જેમ તલવારને નચાવતો, વધુ ક્રોધથી કર-ચેષ્ટાવડે ઉપદ્રવ કરવા લાગ્યો. સિંહના ટુકડે ટુકડા કરી બલિની જેમ દિશામાં ફેંકતો હતો, ત્યાં તો સિંહણ ત્રાડુકી. નિષ્ઠુર દાઢા વડે તેની છૂરિકા પડાવી નાંખી. આ દૃશ્ય જોઇ જોરથી રૂદન કરતાં, હા નાથ! અમે હણાયા! તમારી આ અવસ્થા શાથી થઈ! હા હા! આ અયુક્ત થયું! હા દેવી ચંડિકા? તને પણ શું થયું? કેમ અમારી વહારે આવતી નથી? એમ પરિતાપ કરતાં ચારે બાજુ ભીલો દોડ્યા. સિંહણને યમમંદિરે પહોંચેલી

જોઇ, પલ્લીપતિ સાથે ભીલો પલ્લીમાં આવ્યા. તેના ઘાને રૂઝવવા અનેક પ્રયત્નો કર્યા, પણ ખલ પુરુષોની મૈત્રી સમ નિષ્ફળ ગયા. અંતે તે મૃત્યુ પામ્યો.

પલ્લીનાથ અપુત્રીઓ હતો, તેથી સેવકવર્ગ શોકાતુર બન્યો. નાયકરહિત લોકો મર્યાદાનું ઉલ્લંઘન કરવા લાગ્યા. પરધન–પરદારાનું અપહરણ કરવા લાગ્યા. ત્યારે પલ્લીનાથની ખાલી જગ્યાએ નાયકપદે સ્થાપવા યોગ્ય પુરુષની શોધ કરતાં અમે અહીં આવી ચઢ્યા છીએ. તો રાજપુત્ર! અમારા ઉપર તમે કૃપા કરો, તમારા ચરણસ્પર્શથી પલ્લીને પવિત્ર કરો. અને અનાથ એવા અમારા નાથ બનો. તમારા વિના અન્ય પ્રધાન પદવીને કોઇ યોગ્ય નથી. સૂર્યથી પ્રકાશિત ગગન-મંડલને શું આગિયો પ્રકાશિત કરી શકે? નહીં જ કરી શકે.

અહો! જાણે શસ્ત્રાવેદી જ ન હોય, તેવો આ ભીલોનો વચન વિન્યાસ છે. એમ વિચારી રાજપુત્ર પણ સંતુષ્ટ થયો. તેઓની સાથે પલ્લીમાં ગયો. સઘળા ભીલોએ તેને પ્રણામ કર્યા. સુમુહૂર્તે તેને પલ્લીપતિના સ્થાને બેસાડયો. તેણે અભિમાનીઓને નમાવ્યા. નીતિરહિતને બહાર કાઢ્યા દમવા યોગ્ય જીવોનું દમન કર્યું. પૂર્વ કરતાં પણ સુંદર રીતે નાયક ધર્મ આદર્યો. પણ હંમેશા પ્રાણીવધ કરતો, મદિરાપાનમાં આસક્ત પાપી ચેષ્ટા દ્વારા દિવસો પસાર કરે છે. તે પાપનો પૂરવઠો ભેગો કરતો હતો. પલ્લીના સીમાડે રહેલ રાજવીના નગર-નિગમમાં લૂંટફાટ ચલાવી, ધન, કંચન વગેરે આપી

ભીલોને ખુશ કર્યા. સ્ત્રી, બાળ, વૃદ્ધનો ઘાત કરતો, આપદાઓને નહીં જાણતો હોય, તેમ દુરાચારી વિહરવા લાગ્યો.

આ બાજુ કુસુમપુરથી વૈશ્રમણ નામના સાર્થવાહે ઘોષણાપૂર્વક ધનસાર્થવાહની જેમ અનેક લોકોથી યુક્ત કુંભપુર તરફ પ્રયાણ કર્યું. અનેક હાથી, ઘોડા, ગધેડા, મંત્રીસહિત આવતા અટવી સમીપે તે પ્રાપ્ત થયો, ત્યાં વર્ષાઋતુનો પ્રારંભ થયો. વિદ્યુત્ સહિત ગર્જારવ કરતા વાદળોથી આકાશ કાળું ડીબાંગ થઈ ગયું. પૃથ્વી પણ લીલીછમ બની ગઇ. વાદળો વરસવા લાગ્યા.

હવે તે વૈશ્રમણસાર્થવાહની સાથે પૂર્વે જ પ્રસ્થિત, જીવદયા યુક્ત ચિત્તવાળા, તપધર્મમાં રક્ત, પરમયોગી ભગવંત અનેક સાધુથી પરિવરેલા શ્રી સુમંતભદ્રસૂરિ, તે જ અટવીમાં આવી ચઢયા.

અનેક સત્ત્વથી વ્યાપ્ત, નવાંકુરથી સુશોભિત પૃથ્વીતલને જોઇ સૂરિભગવંતે મુનિઓને કહ્યું : અહો! અત્યારે આપણે શું કરવું જોઇએ? અત્યારે પરિભ્રમણનો કાળ નથી. કેમકે પૃથ્વીતલ કીડી, કુંથવા વિગેરે જીવોથી ભરપૂર હોઈ, પગ પણ મૂકી શકાય તેમ નથી. વળી સઘળાય જીવોની રક્ષા કરવી એ ધર્મનું મૂળ છે. અને તે અત્યારે કેવી રીતે સંભવે? મુક્ત વિહારી મુનિને તે યોગ્ય નથી.

ભગવંત! આપ જ નિર્ણય કરો. આપ જે કહેશો, તે જ પ્રમાણ!

સુરિભગવંત વચ્ચે ઉપરોક્ત ચર્ચા-વિચારણા થઇ રહી હતી, ત્યાં તો વિક્રમસેન દ્વારા નિયુક્ત ભીલોની ટોળકી ઉતરી પડી. સુભટોને મારવા લાગી. આરક્ષક પુરુષોને પાડી નાખ્યા. નાયક પુરુષોને હઠાવી દીધા. સાર્થને લૂંટવા માંડી. પરંતુ વિક્રમસેનના વર્ધન નામનાં પ્રધાન પુરુષે "ઓહ! આ તો સુશ્રાવક પિતાના ગુરુ છે." એમ કહેવાપૂર્વક ભીલોથી સાધુ વૃંદનું રક્ષણ કર્યું, તેઓને પલ્લીમાં લઈ ગયો, સમુચિત સ્થાને તેઓને આશ્રય આપ્યો. ત્યાં આગળ તપ-ધ્યાનમાં મગ્ન શાસ્ત્રાર્થની પરિભાવના કરતાં મુનિ પુંગવોની સાથે સ્થિરતા કરી, અને સાર્થલોક પણ ત્યાંથી ભાગી ગયો. તેમણે પલ્લીમાં ચાતુર્માસ પૂર્ણ કર્યું.

ચાતુર્માસની પૂર્ણાહૂતિ સહ તે મહાત્માને કર્મની પણ પૂર્ણાહૂતિ થઇ ગઈ. સૂરિભગવંતને શુક્લ ધ્યાન ધ્યાતા, ઉત્તરોત્તર કર્મવિશુદ્ધિ થતાં ચાર ઘાતીકર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. કેવલજ્ઞાનાનંદમાં મસ્ત ભગવંતનો મહિમા જાણી દેવ-દાનવોનું ત્યાં આગમન થયું. દેવદુંદુભિના રવ ઉછળ્યા. પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ થઈ. અસુર, સુરાંગનાઓએ નૃત્યારંભ કર્યો.

આ જોઇ પલ્લીપતિ વિક્રમસેન ક્ષોભ પામ્યો. અને પૃચ્છા કરવા લાગ્યો: અરે! આ શું? પરસ્પર મુખ પર દષ્ટિપાત કરતાં ભીલો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યારે પલ્લીપતિને વર્ધને કહ્યું: રાજપુત્ર! પૂર્વે જે સાર્થને તમે લુંટ્યો હતો, તેમાનાં આ સાધુઓ અહીં આવીને રહેલા છે. તેમને તપના

પ્રભાવથી ભૂત-ભાવિ-વર્તમાનકાળના સર્વ પદાર્થોને જણાવતું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી સુરાસુરાદિ કેવલ-જ્ઞાનનો મહિમા કરે છે. એમ સાંભળી અત્યંત કુતૂહલથી પૂછવા લાગ્યો. કેવા દેવો! વળી તે મુનિ કેવા! અરે રે! ઘોડો તૈયાર કરો! ત્યાં જઇ સૂરિભગવંતના દર્શન કરૂં.

તરત જ ઘોડા ઉપર સવાર થઇ, સમીપવર્તી કેટલાક સેનાનીથી પરિવરેલા, વર્ધનના બતાવેલા માર્ગે તે મુનિઓના સ્થાને ગયો. ત્યાં ચલિતમણિ કુંડલધારી, દિવ્ય કાંતિમય, વિચિત્ર આભૂષણોથી સુશોભિત, નવયૌવનધારી જ ન હોય, તેવા દેવોને જોયા. તેઓની લક્ષ્મી અને પોતાને જોતો રાજપુત્ર વિચારવા લાગ્યો.

અહો! દેવોની સૌંદર્ય ભરપૂર, ઉત્તમ જાતિ, કંચન સમ સ્ફુરાયમાન દેહકાંતિ ક્યાં? અને ક્યાં ક્લિષ્ટ ચામ, રૂધિર, માંસથી નિર્મિત બિભત્સ એવું મારૂં શરીર! ક્યાં સ્વભાવ સિદ્ધ કર્પૂરાગુરુ સુગંધી સમ સુગંધી દેહ! ક્યાં મડદામાંથી નીકળતી દુર્ગંધ તુલ્ય મલીન શરીરથી સંભવિત દારૂણ ગંધ? આ સમજાતું નથી કે, કયા કર્મથી આવી અવસ્થાની પ્રાપ્તિ થાય છે. વળી આ મહાનુભાવો ક્ષુધાતુર ક્યાંથી આહાર ગ્રહણ કરે! વળી તેઓ ક્યાં રહે છે? તેનો પરિવાર કયો? કેટલો કાળ જીવે! વળી કેટલા કાળ પછી ફરી ત્યાં જ ઉત્પન્ન થાય?

આ બધું કેવલજ્ઞાની ભગવંતને પૂછું:

જિજ્ઞાસાયુક્ત પલ્લીપતિ ઘોડા ઉપરથી ઉતર્યો. અને સૂરિ ભગવંત સમીપે ગયો વંદના કરવાપૂર્વક તે ઉચિતાસને બેઠો.

કેવલીએ પણ તેને ધર્મલાભરૂપ આશીર્વાદ આપ્યો. પછી કાંઈક મસ્તક નમાવી રાજપુત્રે પૂર્વના સંશયની પૃચ્છા કરી. કેવલી ભગવંતે તેનું નિરાકરણ કર્યું.

જે જીવો પૂર્વભવે દાન-શીલ તપ-ધર્મની આરાધના કરનાર, જીવરક્ષા કરનાર, સત્યભાષી, પરિમિત આરંભ પરિ-ગ્રહી, મદ્ય-માંસના ત્યાગી, વીતરાગ ભગવંતના ધર્મમાં એકાગ્ર ચિત્તવાળા હોય, તેઓ જન્માંતરે દિવ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. વળી તેઓને કવલાહાર હોતો નથી, પણ મનોહર સુગંધિત, મન ઈચ્છિત આહારને ગ્રહણ કરે છે. તેઓ નિર્મળ સ્ફટિક, મણિથી નિર્મિત વિમાનોનાં સૌધર્માદિ દેવલોકમાં વસે છે. નિત્ય નાટારંભ જોતાં સુખપૂર્વક રહે છે. વળી પોતપોતાના કર્માનુસાર પરિવારવાળા હોય છે.

ઓ નાથ ! તેઓના જીવન વિષયમાં વળી શું વિશેષતા ? હજારો વર્ષ નાટક પ્રેક્ષકમાં પસાર કરી. ત્યાંથી ચ્યવી ફરી દેવપણે તેઓ ઉત્પન્ન થતા નથી. પણ કર્માનુસાર માનવલોક કે તિર્યંચલોકમાં જાય છે. રાજપુત્રના સંશયોનું નિરાકરણ કરી અમૃતમય વાણીથી સૂરિભગવંતે કહ્યું : રાજપુત્ર ! દિવ્ય ઋદ્ધિ, દિવ્ય સુખ એ તો કલ્પના માત્ર છે. એમ ન માન. પણ વરનાણીના વચનથી અને તે પ્રત્યક્ષ જોઇ તેથી તેને તું સત્ય જાણજે.

તેની પ્રાપ્તિ માટે સુંદર અનુષ્ઠાન આચર. તું પ્રાણી-વધાદિ અઢાર પાપસ્થાનકોને ત્યજી દે. મદ્ય-માંસની પ્રવૃત્તિ છોડી દે. સદ્ગુરુની સેવના કર. તેમણે કહેલા માર્ગને સમ્યક્

પ્રકારે અનુસર. વિષય સંગોની વિરસતા અનુભવ, પ્રમાદરૂપી પલ્લીના વિશાળ વિસ્તારને તું છેદી નાંખ.

જગતમાં એવું કોઇ દુઃખ નથી કે તેં અનુભવ્યું નહીં હોય. સંસારરૂપી અટવીમાં ગમનાગમન કરતાં જીવે અનેક યાતનાઓ સહન કરી છે. ગુરુ વડે ઉપદેશેલ તત્ત્વના પરમાર્થને જાણી રાજપુત્ર અને બીજા સર્વલોકો પ્રતિબોધ પામ્યા. અને ગુરુ ચરણમાં મસ્તક સ્થાપન કરી પૂર્વકૃત દુષ્ટચેષ્ટાનું ચિંતન કરતાં તેઓને પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો. તેઓ દુષ્કૃતોની ગર્હા કરવા લાગ્યા.

ભગવંત! સર્વથા મહાપાપી અમારી શી ગતિ થશે? કેવી રીતે પૂર્વકૃત દુષ્કૃતોથી આત્માનું રક્ષણ કરીશું? કૃપા કરી અમને તેનો ઉપાય કહો. ભો મહાનુભાવ! પૂર્વે જ તમને કહેલ કે, સર્વદોષ સમૂહનો નિર્ઘાત કરવા સમર્થ, ઇચ્છિત સુખોનું ભાજન, વધાદિથી અટકવું અને યાત્રપાન તુલ્ય તેની તેં સ્વીકૃતિ કરી છે. માટે અવશ્ય ભવસાગર તરીશ ગુરુ ભગવંતે કેટલાકને સર્વવિરતિ, કેટલાકને શ્રાવક ધર્મનું દાન કર્યું. અને ત્યાં સમાધિપૂર્વક રહ્યા.

વળી કેટલાક જીવો વિરતિ સ્વીકારવા અસમર્થ હતા, તેઓએ સમકિત ગ્રહણ કર્યું. સુદેવમાં દેવની બુદ્ધિ, સુધર્મમાં ધર્મ બુદ્ધિ, સુગુરુમાં ગુરુની બુદ્ધિના આરોપણપૂર્વક તેઓની શ્રદ્ધાને તેજસ્વી બનાવી.

રાજપુત્ર પણ સુરાપાન શિકારનો ત્યાગ કરી નિર્મલમતિ-

વાળો થયો. તેથી જ તે ક્ષણે ક્ષણે પૂર્વકૃત દુષ્ટચેષ્ટાની નિંદા કરતો, સંસાર દુઃખ પરંપરાને આપનાર છે. એમ માનતો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પૂર્વે પાપ પ્રવૃત્તિમાં પસાર કરેલ સમયની નિંદા કરતો, પાપ મિત્રોથી સોબતને છોડતો, ઇન્દ્રિઓને અનુકૂળ વિષયોમાં નહીં નચાવતો, રૂપગર્વિતા નારી ઉપરથી દૃષ્ટિ હટાવતો, સંગીતને પણ ત્યજતો, કોમલ શય્યા પણ નહીં વાપરતો, અત્યંત વૈરાગ્યમય ભાવે રહેવા લાગ્યો.

વળી તે ચિંતન કરવા લાગ્યો: નરકમાં પાડનાર આ પલ્લીને છોડી હું ક્યારે અન્યત્ર જઇશ! જિનપ્રતિમા સદ્ગુરુઓનું દર્શન હું ક્યારે કરીશ! વળી મેરુપર્વત સમ ઉત્તુંગ જિનમંદિરોને હું ક્યારે નિહાળીશ! કુમતિને કુંઠિત કરનાર જિનવચનને પ્રતિદિન ક્યારે સાંભળીશ? અને સુધર્મનું આચરણ ક્યારે કરીશ! દિન-પ્રતિદિન નિર્મલ મતિવાળો રાજપુત્ર પાપી, ચોર, લૂંટારૂના બિરૂદને ફગાવી ધર્માત્મા બની ગયો. તેણે જીવનનું પરિવર્તન કર્યું. હરહંમેશ કેવલી ભગવંતની સેવનાથી વિવેકશાળી તે રાજપુત્ર વિક્રમસેન વિરૂદ્ધ–પાપાચરણને છોડી સુશ્રાવક બન્યો.

કેવલી પણ વર્ષાઋતુ પૂર્ણ થતાં અન્યત્ર વિહાર કરી ગયા. ગુરુના વિયોગથી દુઃખિત રાજકુમારનું પલ્લીમાં ચિત્ત ગોઠતું નથી. તેથી ગ્રામાનુગ્રામ ગુરુ ભગવંતની સમીપે જઇ, દર્શન–વંદન–હિતશિક્ષા પ્રાપ્ત કરી પુનઃ પોતાના સ્થાને આવતો.

આ બાજુ પલ્લીમાં તેની ગેરહાજરીમાં ધર્મ વિરૂદ્ધ આચરણ પ્રવર્તવા લાગ્યું, તે જોઇ વર્ધનને કુમારે કહ્યું:

ભો ભો મહાભાગ ! જે તેં કર્યું તેવું અન્ય કોઇ કરવા સમર્થ નથી. વળી આવી ગુણપદવી ઉપર આરોહણ મને તેં જ કરાવ્યું. ભીલોથી ઉપદ્રવ પામતા મુનિ ભગવંતોનું રક્ષણ કરી પલ્લીમાં નિવાસ તેં જ કરાવ્યો. અન્યથા દુઃશ્ચેષ્ટાનો નિંદાપૂર્વક ત્યાગ આપણને થાત ? વળી જો કોઈપણ રીતે ભીલ પલ્લીના ત્યાગપૂર્વક ધર્માચરણ આચરીશ, તો જ ગુરુજનથી પ્રાપ્ત વિવેકથી મારી ધર્મવાસના વૃદ્ધિ પામશે.

રાજપુત્ર ! તમારા મહાપુણ્યોદયે અસંભવિત ઘટના પણ સંભવિત બની જાય છે. તેમ આગળ પણ ધર્મ વાસનાની વૃદ્ધિ થશે. તમે ઉત્સુક ન થાઓ. એમ પરસ્પર વાર્તાલાપ કરતા હતા, ત્યાં પ્રતિહારીનું આગમન થયું. તેણે સમાચાર જણાવ્યા કે રાજદ્વારે વિક્રમાકર રાજવીના પ્રધાન પુરુષો રાજપુત્રના દર્શનોત્સુક ઉભા છે. ત્યાં તો તેને શુભ સંકેતને જણાવનાર નયનની સ્ફુરણા થઇ. રાજપુત્રે તેઓને પ્રવેશ કરાવવાનો આદેશ આપ્યો. પ્રતિહારીએ તેઓનો પ્રવેશ કરાવ્યો. ત્યારે રાજપુત્રે વિનયપૂર્વક તેઓનું અભ્યુથાન કર્યું. ઉચિત આગતા–સ્વાગતા કરી. તે સુખાસને બેઠો. તેઓએ રાજવીનો સંદેશ સંભળાવ્યો.

તમારૂં ધર્મકર્મમાં અનુરક્ત ચિત્ત જાણી પરમપ્રમોદની અનુભૂતિ કરતાં રાજવીએ આપને તેડવા મોકલ્યા છે. તો આ કુવાસને ત્યજી દઈ અવિલંબપણે પ્રયાણ કરીને નગરને પાવન કરો. ત્યાં વર્ધને કહ્યું : રાજપુત્ર ત્યાં જવું યુક્ત છે. કાલક્ષેપથી સર્યું. હૃદયમાં પ્રમોદ અનુભવતો, એક સેવકને પલ્લી-

પતિના સ્થાને બેસાડી રાજપુત્ર નીકળ્યો. અનુક્રમે સુરપુર નગરમાં પહોંચ્યો. આડંબરપૂર્વક મંત્રી–સામંતાદિ સહિત રાજમહેલમાં પ્રવેશ કર્યો. તે પિતાના ચરણમાં પડયો. ગાઢ આલિંગનપૂર્વક હર્ષાતિરેકથી રાજાએ તેને બોલાવ્યો.

વત્સ! આજ અમારો શુભોદય વર્તે છે કે દુષ્ટ ચેષ્ટાશીલ તું અત્યારે સજ્જનની જેમ વર્તે છે. ખરેખર આ દુષ્કર છે, તારા જેવું કોઈ કરી શકે તેમ નથી. પિતાજી! ગુરુભગવંતની કૃપાથી દુર્લભ પણ મનવાંછિતની પ્રાપ્તિ થાય છે. અહીં શું કહેવું? ત્યારે રાજપુત્રે પલ્લીમાં નિવાસ દરમ્યાન કેવલી ભગવંત સમીપે ધર્મ પ્રાપ્ત કર્યો તે સર્વ સંબંધ કહી સંભળાવ્યો. રાજાએ કહ્યું: વત્સ! તું હવે થોડો થોડો રાજ્યભાર વહન કર. અમે પણ હાલ જરાથી જર્જરિત શરીર વાળા નિવૃત્તિ લઇએ. "જેવી પિતાની આજ્ઞા" એમ માની રાજ્યભાર સ્વીકારવા તૈયાર થયો, ત્યારે રાજવીએ શુભ તિથિ મુહૂર્ત યોગે યુવરાજ પદવી અર્પણ કરી. તેને હાથી–ઘોડા સૈન્યાદિ સામગ્રી પણ આપી.

તે પણ પ્રતિપન્ન ધર્મ ગુણારોહણમાં તત્પર, જિનવંદનાદિ કૃત્યોમાં એકાગ્ર સજ્જનોને પ્રશંસનીય આચરણ વડે દિવસો પસાર કરે છે. એકવાર બાલ–વર્ધન રાજની સાથે શત્રુતા થતાં વિક્રમાકર રાજા સ્વયં યુદ્ધ કરવા તૈયાર થયો. તે જોઇ કુમારે કહ્યું: દેવ! આ અનુચિત આરંભ, સમારંભ શાથી? તે રાજવીની તમારી આગળ શી વિસાત? કે તમે જાતે યુદ્ધ

કરવા જવા લાગ્યા. તમે મને આદેશ આપો, તમારા પ્રતાપથી હું સર્વ દુઃસાધ્ય કાર્યને પણ સાધનારો થઇશ.

ત્યારે રાજાએ મંત્રી સન્મુખ જોયું. ઇંગિતાકારે કુશળ જાણી તેણે પણ રાજાને અભિપ્રાય જણાવ્યો. દેવ! સ્વામી ભક્તિને અનુરૂપ કુલક્રમાનુસાર કાર્ય કરવું એ ઉચિત છે. તરત જ કુમારે કહ્યું: પ્રથમવાર તો પ્રાર્થના ભંગ ન કરવો જોઇએ.

ત્યારે મંત્રીના વચનાનુસારે તંબોલનું બીડું પ્રદાન કરવા પૂર્વક યુવરાજને વિદાય કર્યો. રાજવીના આદેશને શિરોધાર્ય કરી પ્રધાન-હાથી ઘોડા-યુક્ત નગરથી નીકળ્યો.

ત્યારે મદોન્મત્ત હાથીઓના અવાજથી દિશા પણ કોલાહલમય બની ગઈ. ઘોડાઓના હેષારવથી પૃથ્વી ક્ષોભાયમાન બની ગઇ. ઉત્સાહથી મત્ત હાથી ઉપર આરૂઢ થયો. શ્વેતછત્ર મસ્તક પર શોભી રહ્યું છે. "જય પામો, પરમાનંદ પામો"ના ઉચ્ચારપૂર્વક બંદિવૃંદથી સ્તુતિ કરાતો, મોટા મંત્રી-સામંતાદિથી સેવાતો મોટા યુદ્ધવડે દેશના સીમાડે આવ્યો.

ત્યારે રાજનીતિને અનુસરતા રાજપુત્રે મંત્રીઓને બોલાવ્યા. તેઓ એકાંતમાં બેઠા. અત્યારે શું કરવું જોઇએ? એમ તેણે પૂછ્યું. તેઓએ કહ્યું: યુવરાજ! રોગ, શત્રુ, સર્પ નાનો હોય તો પણ વૃદ્ધિ પામે છે. તેથી યુવરાજ તેના ઉપર હલ્લો કરવો એ જ યોગ્ય છે. એટલામાં ત્યાં ગુપ્તચરો આવ્યા. પ્રતિહારીએ નિવેદન કર્યું. તેઓ યુવરાજ સમીપે આવ્યા. પ્રણામપૂર્વક ઉચિતાસને બેઠા.

યુવરાજે પૂછ્યું : તમે ક્યાંથી આવ્યા છો! રાજપુત્ર! અમે બલવર્ધન રાજવીની છાવણીમાંથી આવ્યા છીએ.

હાલમાં ત્યાં જે બીના હતી તે સાંભળો, રાજ્ય, ઋદ્ધિ સમુદાયથી ગર્વિત બલવર્ધન રાજવીની બુદ્ધિ બગડી ગઈ છે. તેથી જાણે પુત્ર પોતાનું રાજ્ય હરી લેશે, એવી શંકાથી તે પુત્રને મારવા તૈયાર થયો છે ત્યારે એક મંત્રીએ કોઇ ઉપાયથી રાજ્ય રક્ષણાર્થે દેવરાજ નામના રાજપુત્રને બહાર મોકલી દીધો છે. આ વાત બલવર્ધન રાજવીએ જાણી અને તે કોપાતુર થયો, તેને મારવા માટે તેણે પુરુષો દોડાવ્યા.

મંત્રીઓએ તે વાત જાણી ત્યારે તેઓ જલદીથી ભાગી ગયા. અને તે દેવરાજ રાજપુત્ર પરિવાર સહિત તમારી છાવણીથી નજીકમાં આવી રહ્યો છે. તેણે સંદેશો આપી અમને તમારી પાસે મોકલ્યો છે. અમે પ્રણામપૂર્વક આપને કહીએ છીએ કે, અમે તમારી પાદપંકજની સેવા કરવા ઇચ્છીએ છીએ.

અહીં શું આદેશ આપવો! એમ વિચારી યુવરાજે મંત્રી ઉપર દષ્ટિ નાખી. મંત્રીરાજે કહ્યું : યુવરાજ નીતિ માર્ગ આ પ્રમાણે છે કે, શરણાગત શત્રુનું રક્ષણ કરવું જોઈએ, જેમ કે ચરણમાં લાગેલ કાંટો; હાથમાં રહેલ કાંટાવડે જ કાઢવો જોઇએ, તેથી બલવર્ધન રાજવીના પુત્રને પ્રધાન પુરુષો મોકલી પોતાની છાવણીમાં બોલાવી, વિશિષ્ટ વસ્ત્રાભરણ હાથી અશ્વોના પ્રદાનપૂર્વક સન્માન કરી અને પ્રધાન સામગ્રીપૂર્વક બલવર્ધન રાજવીની સન્મુખ મોકલવો જોઇએ. વળી એમ કરવાથી તેના

મંત્રી અને સામંતો પણ ભળશે બલવર્ધન રાજવી તુચ્છ સેવકવર્ગવાળો વિચ્છાદિત મુખવાળો થશે.

"ઘણું જ સરસ" એમ કહી યુવરાજે મંત્રીની વાતનો સ્વીકાર કર્યો. દેવરાજકુમારને બોલાવ્યો. તેનું સન્માનાદિ કર્યું. ગૌરવપૂર્વક પૂછ્યું: કુમાર હવે શું કરવું? દેવરાજે કહ્યું: ખૂબ વાચાળપણાથી કે સહસા કાર્ય કરવાથી કાર્યની સિદ્ધિ થતી નથી. ઉત્તમ પુરુષો તે છે કે જેઓ મનોવાંછિત કાર્યને સિદ્ધ કરે. પણ માત્ર વાણીનો વિલાસ નથી કરતા.

વાણીના વિલાસથી કાર્યસિદ્ધિ થતી નથી. યુવરાજ! તમે શંકાનો પરિહાર કરો. અને નિશ્ચય કરજો કે જ્યાં સુધી કાર્યની સિદ્ધિ ન થાય, ત્યાં સુધી હું અહીંથી બીજે ગમન કરીશ નહીં. વિશ્વાસને સ્થાપન કરતાં વચનથી સહાય સામગ્રી આપી દેવરાજને બલવર્ધન રાજા સન્મુખ મોકલ્યો. મંગલોપચારપૂર્વક રાજપુત્રે યુવરાજની વિજય છાવણીથી પ્રસ્થાન કર્યું.

વેગથી તે પ્રતિસેના સમીપે જઇને રહ્યો અને વિશ્વાસુ પુરુષોને શત્રુસેનાનાં સામંતોને ફોડવા મોકલ્યા. કેટલાકને દાનવડે, કેટલાકને સામ-ભેદ-દંડથી, ભેદથી, પિતાની પાસેથી વિજય, વસુંધર, શ્રીધરાદિ રાજવીઓને ફોડ્યા, સામંતાદિને ફોડી યુદ્ધ સામગ્રીથી સજ્જ થઈ બલવર્ધન રાજવીની સાથે સંગ્રામ આરંભ્યો. ધનુષ બાણની વર્ષા વરસાવતો, શત્રુસૈન્યને વિહ્વલ કરતો, યુદ્ધ ભૂમિમાં દેવરાજને આગળ કરી પાછળ વિજયાદિ સામંત વર્ગના સમકાલે થતાં પ્રહારોથી પરાંમુખ થયો.

સુભટોના અત્યંત પ્રહારથી બલવર્ધન ભૂમિ પર પડયો. ત્યાં સૈનિકોને મારતાં અટકાવીને "જે રાજાનો ઘાત કરશે તેને મારો" એમ કહી દેવરાજે પિતાની રક્ષા કરી. બંદીની જેમ પ્રધાન માણુસોને સોંપ્યો. આ બાજુ નાયકરહિત હતાશ થયેલી સેના પલાયન થઈ ગઈ. પરસૈન્યને પોતાની કરી, હાથી-ઘોડા-રથાદિ ગ્રહણુ કર્યા, યુદ્ધ ભૂમિમાં પડેલા સુભટોના વ્રણોની ચિકિત્સાનું કાર્ય સેવકોને સોંપી રાજપુત્ર પાછો વળ્યો.

વિક્રમસેન યુવરાજ સમીપે આવ્યો. તેને કરમાં બેડી પહેરાવેલ ચોર જ ન હોય તેમ બલવર્ધન રાજાને કુમારની પાસે મૂકયો. અને સંગ્રામ જીતી પ્રાપ્ત કરેલ ઘોડા-હાથી કોશ-કોષ્ઠાગાર સમર્પણુ કર્યા.

હવે રાજવીની મ્લાન મુખાકૃતિ તથા નિસ્તેજતા નિહાળી યુવરાજ વિચારવા લાગ્યો. પોતાના કાર્યની સિદ્ધિ માટે પુત્ર-પિતા વચ્ચે પણુ શત્રુભાવ! બાલ્યવયથી ભણુાવી ગણુાવી હોશિયાર બનાવ્યો. છતાં જુઓ તો ખરા પિતાને બાંધ્યો. કેવી છે વૈરવૃત્તિ! મૂઢ લોકો પુત્રાદિ માટે અકાર્ય આચરે છે. ભાઈ-ઓને પણુ ઠગે છે. ખરેખર! પુત્રનો એમાં શો દોષ? કુવિ-કલ્પથી વ્યાકુળ ચિત્તવડે નિર્દોષ પુત્રને પણુ મારવાની બુદ્ધિ પિતાને ઉત્પન્ન થઈ. બંને લોકને વિરૂદ્ધકારી આચરણુ છે. તો હવે મારે શું કરવું!

ખરેખર! ભોગપિપાસા-પાપની જનની છે, પ્રેતની જેમ દુર્વારણુ છે. તેથી જીવની બુદ્ધિ નષ્ટ થાય છે. અને અકાર્યમાં ઉદ્યુક્ત થાય છે. જનાપવાદની ગણુના કરતા નથી, વડીલોની

મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. કુળને કલંકિત કરે છે. કેવલ ઉન્માદરૂપી મહાપિશાચને પરવશ શું કરે ? શું બોલે ? તેનું પણ ભાન રહેતું નથી. મહા અનર્થને પ્રાપ્ત કરે છે. મોહ-મસ્ત જીવો હીનચેષ્ટા આચરે છે. તેઓની બુદ્ધિ પરમાર્થ જોવામાં પરાંમુખ હોય છે.

સદ્‌ગુરુ સમાગમરહિત જીવોનો શો દોષ ? તૃણ ભક્ષણ કરવામાં વિરક્ત ચિત્તવાળા પશુઓ પણ સારા છે. તેનાથી અધિક પાપી એવા મને જો કલ્પવૃક્ષ તુલ્ય સદ્‌ગુરુનો સમાગમ ન થયો હોત તો ચિંતામણી તુલ્ય ગુરુસેવના રહિત હું મનવાંછિત સંપાદન કેવી રીતે કરત ? વળી ક્યારે તે દિવસ–નક્ષત્રાદિ આવશે. જ્યારે ગુરુ ચરણકમલમાં જીવન સમર્પણ કરી હું ધન્ય બનીશ ? પ્રદીપ્ત વૈરાગ્યવંત, વિરાગની વાસનામય મહાદ્રહમાં નિમગ્ન જાણે યોગનું રુંધન કર્યું હોય, તેમ ચેષ્ટારહિત ચિત્રમાં આલેખન કરેલ હોય તેવી અવસ્થા તે અનુભવવા લાગ્યો.

અનિમિષ નયનવાળા, મૌની તેને જોઈને મંત્રીરાજે કહ્યું : યુવરાજ ! કેમ આજ અન્ય ચિત્તવાળા જણાવો છો ?

ત્યારે કાંઈ પણ જવાબ આપતો નથી. વળી પ્રતિપક્ષ રાજવીના હાથી–ઘોડા આદિ સપ્તાંગ રાજ્યલક્ષ્મી યુક્ત, નિષ્કપટ પ્રેમાનુબંધી મહાનુભાવ, સ્વામી કાર્યમાં જોડેલ રાજપુત્ર દેવરાજે અર્પિત રાજ્યલક્ષ્મીને જોતો નથી. પણ પરમપરિતોષ સહિત દેવરાજને સવા લાખ ગામ સહિત પિતાની સમગ્ર ઋદ્ધિ, શ્વેતછત્ર, મુકુટ, ચામરો વગેરે અર્પણ

કર્યો અને કહ્યું : ભો દેવરાજ ! જે તને કંઈપણ પ્રિય હોય તે કહે ?

નતમસ્તકે દેવરાજે કહ્યું : યુવરાજ ! આથી વધુ બીજું શું પ્રિય હોય ? તો પણ ફરી ફરી તારૂં દર્શન મળો. એ જ આશા છે. તારી ભક્તિથી શું અસંભવિત છે ? ત્યારે યુવ-રાજે બંધનમાંથી બલવર્ધન રાજવીને મુક્ત કર્યો. અને કહ્યું : મહાશય ! શંકાને તિલાંજલિ દો. કોપને તજી ઉપશમરસમાં લીન થાવો. મૈત્રીભાવને અંગીકાર કરો અને કલિંગ દેશનું આધિપત્ય સ્વીકારો. ત્યારે બલવર્ધન રાજવીએ કહ્યું : યુવરાજ ! રાજ્ય અને ગૃહવાસના સંગથી મને સર્યું. ન્યાય માર્ગનું ઉલ્લંઘન કરી જે કાર્ય કરે છે તે દુઃખની અનુભૂતિ કરે છે. તેથી તેની વિશુદ્ધિ કરણાર્થે પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીશ. અને તે પણ આત્મવિશુદ્ધિ માટે ગૃહવાસ છોડી વનવાસના સ્વીકારપૂર્વક કંદફલાદિના ભક્ષણ દ્વારા જીવન વ્યતીત કરીશ. એમ કહી વિરક્ત ચિત્તવાળા બલવર્ધન રાજવીએ તાપસ વ્રત સ્વીકાર્યું.

યુવરાજે પણ સેવકભાવ પ્રાપ્ત કરેલ દેવરાજને પોતાનું રાજ્ય આપી વિદાય કર્યો. પોતે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. આ બાજુ કોસંબપુરનગરને છેડે રહેલ સરવણ નામના આશ્રમમાં નિર્વિજન પ્રદેશે બેઠેલા, પૂર્વે જોયેલા શ્રી સામંત-ભદ્રસૂરીશ્વરને જોયા. હર્ષોલ્લાસપૂર્વક જાણે નિધાનની પ્રાપ્તિ જ થઇ હોય, તેમ આનંદિત થઈ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ગુરુચરણે વંદના કરી. શેષ સાધુઓને વંદના કરી ઉચિતાસને બેઠો

ધર્મદેશના સાંભળી, વૈરાગ્યથી કેવલી ભગવંતને પૂછ્યું : ભગવન્ ! ક્યાં કર્મના ઉદયથી હું પ્રથમ ક્રૂર સ્વભાવવાળો થયો હતો ?

ત્યારે કેવલી ભગવંતે તેના પૂર્વભવ કહેવાની શરૂઆત કરી. પ્રાચીનકાળમાં કલિકાળ વડે ક્યારે પણ નહીં જોયેલ, પૂર્વદિશારૂપી રમણીના ભાલને વિશે તિલકસમ, પ્રસિદ્ધ અને આનંદથી અલંકૃત કુસુમસંડ નામનું નગર હતું. ત્યાં વસે મહાઋદ્ધિ સંપન્ન કુલચંદ્ર નામનો શ્રેષ્ઠી. તેનો ગુણશેખર નામનો પુત્ર હતો. તે અત્યંત રોગી હતો. ઔષધ, દેવતાપૂજન, મંત્ર તંત્રાદિ ઉપચારથી પણ રોગની ઉપશાંતિ થઈ નહીં. રોગ, ચિકિત્સકો પાસે તેની ચિકિત્સા કરાવી પણ તલભાર પણ ફેર પડ્યો નહીં. વિવિધ ઉપચારો કર્યા. પ્રતિકારની આશા–નિરાશામાં પરિણમતી જતી જોઈ માતા–પિતા દુઃખિત થયા. ફક્ત શ્વાસોશ્વાસની ક્રિયાથી જીવતો હોય તેમ જણાતું હતું. સૌ ચિંતાસાગરમાં ડૂબી ગયા.

તે વખતે મંત્ર–તંત્રાદિના પરમાર્થવેદી ઉચ્ચ–નીચ ઘરોમાં ગોચરીએ ફરતાં ફરતાં શ્રી ધર્મરુચિ સાધુ ત્યાં આવી ચઢ્યા, ત્યારે મુનિ મુખ દર્શનથી, મહાત્માના અતિશયથી આકર્ષિત કુલચંદ્ર શ્રેષ્ઠી ઉઠ્યા. પરમ વિનયથી પરિજન સહિત સાધુના ચરણકમળમાં પડી વિનંતી કરી. ભગવન્ ! કૃપા કરીને બાળકને રોગમાંથી મુક્ત કરો, વળી નિરોગી થશે તો તમારો સુશ્રાવક થશે. જ્ઞાની મુનિપ્રવરે મુહૂર્ત બલથી ઉપકાર કરવાની તૈયારી

કરી. સ્વજનોને કહ્યું કે, એક શરતે તેને નિરોગી કરૂં. તે મુનિધર્મ સ્વીકારે તો નિરોગી કરવાનું સ્વીકારૂં. એમ જ તમે જેમ કહેશો તેમ કરશે.

તેની ખાત્રી માટે પુત્રને પૂછ્યું : જો મુનિભગવંત જેમ કહે તેમ કરીશ તો તને રોગમાંથી મુક્તિ મળશે. રોગથી પીડાતા તેણે તેમનું વચન સ્વીકાર્યું. ત્રણ શપથ લેવડાવી, સાધુ પણ યોગધ્યાનમાં લીન થયા. તેની સન્મુખ બેસી કંઈ મંત્રાક્ષરનું સ્મરણ કર્યું, તરત જ મંત્રના માહાત્મ્યથી દુષ્ટ ચેષ્ટા વ્યંતરી બૂમરાણ કરતી પલાયન થઇ ગઇ. તત્ક્ષણે બાળક સ્વસ્થ થયો. ભોજનની ગંધ પણ સહન નહીં કરતો તે ક્ષણે ભોજન કરવા લાગ્યો, તેણે સ્વસ્થતા મેળવી.

શ્રી ધર્મરૂચિ સાધુ પણ ત્યાં જ માસકલ્પ રહ્યા. માસ કલ્પાંતે તેને દીક્ષા આપી. ગુરુ સંગાથે દેશવિદેશ વિચરવા લાગ્યા. પણ નવદીક્ષિત સાધુની, શરીરના સ્વાસ્થ્યને પ્રાપ્ત કર્યું છતાં સાધુ ક્રિયામાં વીર્યોલ્લાસની મંદતા હતી. કાલોચિત પ્રતિલેખનાદિ ક્રિયા પણ કરતો ન હતો. રજોહરણની કિંમત રહિત વાચનાદિ ગ્રહણ સમયે મુખ પર મુખવસ્ત્રિકાનો ઉપયોગ કરતો નહીં. પગલે પગલે પ્રતિકુલાચારી તેને ધર્મરૂચિએ કહ્યું : રે મૂઢ! કેમ યાદ કરતો નથી? વ્યાધિગ્રસ્ત સર્વાંગવાળા તને નિરોગી કર્યો, મરણની પૂર્વે રક્ષણ કર્યું, તે શું તને યાદ નથી!

અરે બાલ! ધર્મપ્રભાવથી તું નીરોગી થયો. જો ધર્મ નહિ કરે તો પૂર્વ સ્થિતિને પ્રાપ્ત કરીશ. વળી અહીં પ્રમાદા-

ચરણુથી પરિભ્રમણુ કરતા ભવાટવીમાં દુર્લભ મનુષ્યભવને નિષ્ફળ કર નહીં. ધર્માનુષ્ઠાન રૂપ કટુક ઔષધના સેવન વિના આત્મહિત થતું નથી. બાલચેષ્ટા છોડી શિષ્ટ પુરુષોના વચનને અનુસર. જો આત્મહિતની અભિલાષા હોય તો તું પ્રમાદ છોડી દે. ઘણી વખત સારણા-વારણા-ચોયણા કરવા છતાં દુષ્ટ ચેષ્ટા ત્યજી નહીં, ત્યારે મુનિએ શિક્ષાર્થે પૂર્વાવસ્થામાં લાવી દીધો.

મહાવ્યાધિની પીડાથી પીડિત, અતિકરૂણુ આક્રંદ કરતા તેણે આહાર ગ્રહણુની ઈચ્છા ત્યાગી દીધી. ત્યારે તેને પુનઃ કહ્યું : અરે મૂઢ ! તને મેં પહેલા જ કહેલ કે, ધર્મથી વિમુખ જીવને પુનઃ વ્યાધિ ઉત્પન્ન થાય, પણુ મારૂં વચન તેં માન્યું નહીં. ત્યારે આ દશા થઈ. ખૂબ જ દેહપીડાથી તેને પશ્ચાત્તાપ થયો. આત્માની નિંદા કરતો સાધુના ચરણમાં પડયો. અને કહેવા લાગ્યો : ભગવન્ ! મારા અપરાધને ક્ષમા કરો. મેં તમારાથી પ્રતિકૂલ આચરણુ કર્યું. તમારા વચનનું ઉલ્લંઘન કર્યું. તો હવે હું જીવનપર્યંત ક્યારેય આપનું વચન ઉલ્લંઘીશ નહીં. તમે જ માતા-પિતા છો, બાંધવ પણુ તમે જ છો. મારું રક્ષણુ કરો, ત્યારે ધર્મરુચિ મુનિએ તેને રોગરહિત કર્યો. કેમ કે શરણાગત, નમ્ર જીવો ઉપર વાત્સલ્ય ધારણુ કરવો એ સત્પુરુષોનો સ્વભાવ છે. પછી તે સાધુ નિરોગી થતાં શુભભાવથી પ્રમાદરૂપી જાળને તોડી યથાશક્તિ સંયમનું અનુપાલન કરી, મરીને સૌધર્મ દેવલોકે દેવ થયો. ત્યાંથી ચ્યવી વૈતાઢ્યપર્વતની દક્ષિણ શ્રેણિમાં ભોગપુરનગરમાં રામ

વિદ્યાધરનો પુત્ર પવનવેગ નામનો વિદ્યાધર થયો. ત્યાં પૂર્વ ભવના અભ્યાસથી તેને સર્વવિરતિના ભાવ ઉત્પન્ન થયા. લોકોએ કન્યા ગ્રહણ માટે કહ્યું, ત્યારે ડોલાયમાન ચિત્તવાળો એ મારે શું કરવું? શું ન કરવું? એ વિચારવા લાગ્યો. ત્યારે અચાનક કોઇ એક પુરુષ મસ્તક ધૂણાવતો આવીને કહેવા લાગ્યો : ઓ પવનવેગ! મારી વાત સાંભળ. કોઇ એક સ્રીએ એક પુરુષ મરી ગયો એમ કરીને મધ્ય રાત્રીએ ત્યજી દીધો છે. ભવિતવ્યતાના યોગે ચંદ્ર પ્રભાવથી આશ્વાસિત શરીરવાળો, શીતલ સમીરથી અત્યંત ચેતનાવંત પ્રભાત સમયે વિકસિત નયનવાળો તે જોવા લાગ્યો. ત્યારે લોકોએ પૂછ્યું, ભદ્ર! કોણે તને આવી દુષ્ટ અવસ્થામાં પાડ્યો? ત્યારે તેણે કહ્યું : જો તમને કૌતુક હોય તો સાંભળો.

આ જ નગરમાં હું સુંદર નામનો કુલપુત્ર છું. બાહ્ય-વૃત્તિથી સ્નેહાનુરાગી, ઉત્તમ કુલ પ્રસૂતા વસુંધરા નામની મારી પત્ની શીલ સંપદાથી અન્ય નારી કરતાં તો ચઢીયાતી હતી. હું પણ તેની બાહ્ય વિનય પ્રવૃત્તિથી, શીલગુણથી આકર્ષાયો અને તે ઘરનો સઘળો કારભાર સોંપી દીધો અને ધન ઉપાર્જન કરવા લાગ્યો.

એકવાર બાલચંદ્ર નામના મારા મિત્રે મને ચેતવ્યો કે, તારી પત્ની દુઃશીલા છે. એમ સાંભળી હું તેની ઉપર ખૂબ રોષાયમાન થયો. મને કહેવા લાગ્યો કે, જો ઉત્તમકુળ પ્રસૂતા વિનીત દુઃશીલા હોય તો પૃથ્વી પર મહિલાઓમાંથી શીલ પલાયન થઈ ગયું જાણજે. દુર્જનોને કંઈ જ અવક્તવ્ય નથી.

તેથી તેનામાંથી એ દોષ દૂર થાઓ. જેમ વિષરહિત સર્પને વિષધર કહેવો તેમ સ્ત્રીઓના દોષનું આરોપણ કરવું ઉચિત નથી. ત્યારે બાલચંદ્ર મિત્ર મૌન રહ્યો.

પછી તેના વચનથી શંકાવાળા મેં તેની પરીક્ષા કરવાનું નક્કી કર્યું અને એક દિવસ મારે થોડા દિવસ બહારગામ જવું છે. એમ કહી હું ઘરની બહાર ચાલી નીકળ્યો. નજીકના ગામમાં બે ત્રણ દિવસ રહ્યો. ત્યારપછી રાત્રીએ વેશપરિવર્તન કરી, કાર્પટિકનું રૂપ કરી પોતાના ભવનમાં પ્રવેશ કર્યો. મેં વસ્તીની માંગણી કરી, ઘરમાં એક ભાગમાં સૂતો. ત્યારે ઘરથી સમીપવર્તી પુરુષની સાથે યથેચ્છ વિલાસ કરતી વસુંધરાને જોઈ. તેથી મિત્રના વચનમાં નિશ્ચય થયો કે, બાલચંદ્રે કહેલ તે સત્ય છે.

મહામોહથી મોહિત બુદ્ધિવાળા મેં તે સ્વીકાર્યું નહીં તો શું અત્યારે પ્રત્યક્ષ થાઉં? એ પડોશી દુરાચારીનો નિગ્રહ કરૂં. આ દુષ્ટ મહિલાની નાસિકા છેદી ઘરથી બહાર કાઢું? તેની દુષ્ટ ચેષ્ટા નિહાળી અનેક વિચારો આવ્યા પણ મનડું વાળી લીધું.

અરે! આના વડે શું? તેના દુર્વિલાસને જોઉં, એમ વિચારી મૌન રહ્યો.

કિંતુ તે પડોશી પુરુષને મનમાં વિકલ્પ થયો. આ કાર્પટિક એના ભર્તારે ચરપુરુષ તરીકે તો મોકલ્યો ન હોય. એમ શંકા કરતો તે જોવા ઉઠયો. તે મારી પાસે આવ્યો તે જાણ્યું ફરી હું કપટથી સૂતો અને તેણે વસુંધરાને અભિપ્રાય કહ્યો.

ત્યારે શંકિતા તે ધીરે ધીરે ખાત્રી કરવા પાછળ ખસી, તે સમયે દેવ-દુર્યોગે મને મોટી ઉધરસ આવી. તેથી તે ઓળખી ગઈ અને પાછી ફરી.

એટલે જાર પુરુષે પૂછ્યું : શું છે ? શા માટે પાછી જાય છે ? ત્યારે તેણે કહ્યું : કાર્ય નષ્ટ થઈ ગયું. આ મારો જ પતિ કાર્પટિક રૂપથી આપણા દુર્વિલાસને પોતે જ જોવા માટે આવ્યો છે. હવે શું કરૂં ! તેને મારી નાંખો. કેવી રીતે મારવો. જો શસ્ત્રથી ઘાત કરવામાં આવે તો શરીરમાંથી નીકળતી રૂધિર ધારાવડે લાલ ભૂમિતલને જોઇ જરૂર આપણા ઉપર કોઈ શંકા કરે, એટલું નહીં પણ અવશ્ય આપણો વિનાશ થાય. તેથી તેને પાડી નાંખી ગળચી દબાવી શ્વાસરહિત કરીને છોડી દેવો એમ નિશ્ચય કરી બંને દોડયા.

મને ઝડપથી ગ્રહણ કરી પૃથ્વી ઉપર પાડી, માટીના પિંડની જેમ લાકડીના પ્રહારાદિથી જર્જરિત કર્યો. ગળચી દબાવી ત્યારે ચેતનારહિત હું કાષ્ઠની જેમ પૃથ્વીતલ પર પડયો. સર્વ પ્રકારે મને મરેલો જાણી રાજમાર્ગ ઉપર ફેંકી દીધો. પણ નિરૂપક્રમ આયુષ્યના કારણે અવશ્યંભાવી આવા પ્રકારના ભાવથી, શીતલ પવનથી હું ચેતનાવંત થયો. પ્રભાત સમયે નવીન જીવનને પ્રાપ્ત કર્યું "ખરેખર, નારીઓ અનર્થમાં પાડનારી છે." એમ બોલતો પોતાના સ્થાને આવ્યો.

રાજાએ સર્વ હકીકત સાંભળી. તેની પત્નીની નાસિકાનો છેદ કરી નગરની બહાર કાઢી નાંખી. અને તે પુરુષને ગધેડા પર બેસાડી આખા નગરમાં ફેરવી મારી નાંખ્યો. આવા

વૈરાગ્યજનક પ્રસંગોના શ્રવણથી પવનવેગ વિદ્યાધર ઉંડા વિચારોમાં ડૂબી ગયો.

વિષયની વિષમતા વિચારી તે ભાવના રંગ રસે ચઢયો. તે જીવો ધન્ય છે! જે વિષયાભિલાષને ઇચ્છતા નથી. જ્ઞાનરૂપીનયનને વિષે તિમિર સમાન, વિવેકરૂપી તારાને આચ્છાદિત કરનાર વાદળા સમાન, સુગતિરૂપ વનને બાળવામાં દાવાનલ સમ, મહાશૈલ માટે વજ્ર સમ, દુર્વાસનારૂપી મહોદધિને ચંદ્રબિંબના ઉદ્દગમ સમ વિષય સંગ છે. મહાઅનર્થને ઉત્પન્ન કરનાર છે. સાક્ષાત્ ધૂમકેતુ સમાન નારીનો પરિગ્રહ કરવો નહીં, એ નિર્ણય કરી પવનવેગે તત્કાલ પધારેલ રાજર્ષિ સિંહરથ સમીપે પ્રવ્રજ્યા સ્વીકારી. દુષ્કર સાધના દ્વારા સંયમી જીવનની આરાધના કરતા મુક્તવિહારી–વિહાર કરવા લાગ્યા.

પણ કર્મના ખેલ નિરાળા છે. ઘડીમાં રંક તો ઘડીમાં રાય બનાવે છે. જ્ઞાની અજ્ઞાનને નાચ નચાવે છે. પવનવેગને પણ એક દિવસ દુષ્કર્મના સંયોગે સૂત્રાર્થને ભણતાં વિપર્યાસબુદ્ધિ ઉત્પન થઈ. અને તે પ્રમાદી બની ગયો. ત્યારે મધુરવાણીથી ગુરુએ કહ્યું “ભદ્ર! શા માટે કિંપાકફલ સમ મધુર, પણ અંતે કટુ ફલદાયી પ્રમાદાચરણનું સેવન કરે છે. શું તું તેના દારૂણ વિપાકને જાણતો નથી? ચૌદપૂર્વી, આહારક લબ્ધિધારી પણ પ્રમાદવશ નરકમાં પડે છે. શું તું અજાણ છે? તો પછી તારા જેવાની તે શી ગણના? તો પછી પ્રમાદને જીતવા પ્રયત્નવંત બનવું જોઈએ. પ્રમાદથી તુચ્છ સુખની પ્રાપ્તિ, પણ પાછળ દુઃખની હારમાળા સર્જે છે. તો ઘણા સુખનો અભિલાષી કયો પંડિત પ્રમાદને સેવે!

માનવભવની સમાનતા છતા પ્રમાદને વશ એક જીવ નરકમાં જાય છે. અને અન્ય અપ્રમાદ દશાને ધારણ કરી શિવસુખને પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે શિક્ષાપ્રદાનપૂર્વક તેને ભવભય ઉત્પન્ન કરાવ્યો. પરિણામે શુભભાવમાં રમતા તેઓ ઘોર તપશ્ચર્યા કરી પર્યંતે સમાધિમય મૃત્યુ દશા વર્યા.

દિવ્યકાંતિધારી–પલ્યોપમ આયુષ્યવાળો સૌધર્મ દેવલોકમાં દેવ થયો. આયુષ્ય ક્ષયે ત્યાંથી ચ્યવી વિક્રમસેન નામનો તું રાજપુત્ર થયો. વળી રાજપુત્ર પ્રથમાવસ્થામાં અત્યંત નિંદાપાત્ર થયો તેનું મૂળકારણ કલંકિત ચરણ પરિણામની સ્વીકૃતિ છે. પ્રમાદથી મૂળગુણોની ખંડના કરી પછી પશ્ચાત્ પુણ્યપરિણતિથી માર્ગે ઉત્ક્રાંતિ કરી. ભો વિક્રમસેન! અહીં પ્રસંગથી સર્યું. તેં જે પૂછયું તેનો ઉત્તર આપ્યો.

એ પ્રમાણે ભગવાન પાસેથી પૂર્વભવ સાંભળી યુવરાજ પૂર્વે અનુસરેલ દુષ્ટચેષ્ટાની પુનઃ પુનઃ ગર્હા કરતો સંવેગભાવમાં લીન થયો.

ભગવન્! તમે યથાસ્થિત કહ્યું, હું સર્વથા અયોગ્ય છું! હું–નિર્ભાગી છું. ત્યારે તેમણે કહ્યું. સાધુસંગતિ પૂર્વભવે થવા છતાં વિરાધના કરી જીવનને મલિન બનાવી ફરીથી ધર્મમાં જોડવા વડે મેં તને માર્ગમાં સ્થાપન કર્યો છે. અત્યારે કંઇ પણ નષ્ટ થયું નથી. દુષ્કૃત કરનાર તને ધર્મરત્નની પ્રાપ્તિ થઈ છે. એ રત્નની તેજ છાયામાં તારા જીવનને દીપ્તિવંત બનાવ. ખરેખર ભગવન્! દુષ્ટ ચેષ્ટા કરનાર પાપી એવા મને

તુજ ચરણરૂપી ચિંતામણીની ઉપલબ્ધિ થઇ છે. તો હવે આ ગૃહવાસથી સર્યું.

તો કૃપાકરી મને જ્ઞાનાદિ ગુણરૂપી રત્નોના નિધાનસમ, શિવપુરી રાજ્યને સાધનારી, સર્વસાવદ્ય ત્યાગમાં પ્રધાન પ્રવ્રજ્યાદાન કરો. ત્યારે કેવલી ભગવંતે કહ્યું; "રાજપુત્ર! તમારા જેવાને એ જ ઉચિત છે. પણ માતા–પિતાને પ્રતિબોધી જિનેશ્વર ભગવંતોની પૂજા કરી, મોટા આડંબરથી ઉલ્લાસ-પૂર્વક પ્રવ્રજ્યાનો સ્વીકાર કરવો એ ક્રમ છે. તે પ્રમાણે વર્તી તારા જેવાએ ઉદ્યમ કરવો જોઇએ. પછી ગુરુભગવંતના વચનને પ્રમાણ કરી રાજપુત્ર અસ્ખલિત પ્રયાણવડે માતા–પિતાની પાસે ગયો.

વિનયપૂર્વક માતા–પિતાની અનુજ્ઞા મેળવી, જિનપૂજાદિ કૃત્યો કરી–કરાવી, પૂર્વે કહેલ વિધિપૂર્વક રાજપુત્રે કેવલી પાસે પ્રવ્રજ્યા સ્વીકારી. પંચાચારના પાલનપૂર્વક સંયમલક્ષ્મીની વૃદ્ધિ પમાડતા, અણસણપૂર્વક પ્રાણ છોડી તે પ્રાણુંતકલ્પે દેવ થયો. દેવઋદ્ધિમાં મગ્ન, દિવ્યસુખોની ભુક્તિ કરી આયુષ્યક્ષયે, ત્યાંથી ચ્યવી તે દેવાત્મા પૃથ્વીલોક પર અવતર્યો. ત્યાં રાજકુલમાં જન્મી–બાલ્યવયથી જ વૈરાગ્યધારી રાજકુમારોની સાથે ક્રીડા કરવા ગયો, ત્યાં દેવતાઓનું આગમન જોઇ કુતુહલથી અહીં ઉદ્યાનમાં આવ્યો, મારા દર્શન માત્રથી આત્મા હર્ષિત બન્યો. મારી દેશના સાંભળી રાજકુમાર સહિત સંયમ સ્વીકાર્યું. અને તે ગણધર પદવી વર્યા.

---

# જાતિ-સ્મરણ-વીણા વાગે!

# એના નાદે આતમ જાગે!

અષ્ટમ ગણધર

શ્રી ભદ્રયશ

[૮]

## બે કલ્યાણ મિત્રોનું મિલન આત્મકલ્યાણ માર્ગે પ્રયાણ

પાર્શ્વનાથ પ્રભુની દેશના વેગીલી બની. એક પછી એક ગણધરોનાં પૂર્વભવોનું વર્ણન સાંભળી સંસારની અસારતા સમજાતાં મુક્તિપંથે કેટલાય આત્માએ પ્રયાણ કર્યું. હવે અશ્વસેન નરપતિની ઉત્કંઠાને પરિપૂર્ણ કરતા આઠમા ગણધરના પૂર્વભવોનું વર્ણન કરતાં પ્રભુ ફરમાવે છે કે—

અનાદિ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં આત્માને કલ્યાણ મિત્રોની પ્રાપ્તિ દુર્લભ છે. વળી "જેવો સંગ તેવો રંગ" આ ઉક્તિ અનુસારે કુસંગ જીવનનો નાશ કરે છે. પણ કલ્યાણ મિત્રોની સંગતિ સદાચારી બનાવે છે. વળી આત્માને સન્માર્ગમાં સ્થાપન કરી સ્વ-પરનું કલ્યાણ કરવા સમર્થ બને છે. માટે મિત્રો મળો તો કલ્યાણ મિત્રો કે, જે દુર્ગતિમાં પડતા જીવને સદ્‌ગતિમાં સ્થાપન કરે છે. જીવનને ઉર્ધ્વગામી બનાવે એવા કલ્યાણ મિત્રોની સંગતિ કરજો. જેથી આર્યાવર્તની સંસ્કૃતિ ઝળહળતી રહે. આવા બે કલ્યાણ મિત્રોનું મિલન આત્માને ઉન્નતિના શિખરે ચઢાવી. જીવનને ઉર્ધ્વગામી બનાવી, આત્માનું કલ્યાણ સાધી જાય છે. તેનું આબેહૂબ વર્ણન કરતાં સર્વજ્ઞ સર્વદર્શી પરમાત્મા ફરમાવે છે કે,

આ જંબૂદ્વીપમાં કુણાલા નામનો દેશ છે. ત્યાં કુશસ્થલ નામનું ગામ છે. ત્યાં કોલ્લાગ નામનો ગૃહપતિ વસે છે. તેની વૈશા નામની પત્ની છે. તેને બે સંતાનો છે. એક સંતક

નામને પુત્ર, બીજું દેવકી નામની પુત્રી છે. તેઓના સ્નેહ-ભાવથી ગૃહકાર્યને કરતાં આનંદપૂર્વક દિવસો વ્યતીત થાય છે. યૌવનવયને પામેલા બંનેને પિતાએ મહોત્સવપૂર્વક પરણાવ્યા.

પણ દેવકીના વિવાહ સમયે એક દુર્ઘટના બની. કર-મેળાપક થઇ ગયો છે. મંગળ ફેરાનો આરંભ થઇ ચૂકયો. ત્રણ ફેરાની સમાપ્તિ થઈ ગઈ. પણ કોને ખબર! તેના ભાગ્યમાં સુખાનુભૂતિ નહીં હોય. તેમ જણાવવા માટે જ ન હોય, તેમ ચતુર્થ મંગળ ફેરાની સમાપ્તિ પહેલાં જ દેવકીનો વર વિહ્વલાંગી થયો. આનંદ મંગળની ઘડી શોકમાં ફેરવાઈ ગઈ. તેના નયનયુગલો મીંચાઈ ગયા. શ્વાસોશ્વાસ વધવા લાગ્યા. તેની આવી અવસ્થા નીહાળી વૈદ્ય ઔષધિ વિગેરે સામગ્રી એકઠી કરવા સ્વજન વર્ગ પ્રવૃત્તિમય બન્યો

હજુ તો ઔષધોપચાર કરવામાં આવે, ત્યાં તો તેનું પ્રાણપંખેરૂં ઊડી ગયું. અનંતની યાત્રાએ આતમ સંચરી ગયો. બંને પક્ષના સ્વજનો દુઃખિત થયા. હાહારવ કરવા લાગ્યા. અરે દેવ! તેં આ શું કર્યું! એમ આક્રંદથી દિશાને પણ ગજાવી દીધી. પછી તેનું મૃત્યુ સંબંધી કાર્ય પતાવ્યું, ત્યારે તેની દયનીય મુખાકૃતિ નીહાળી ગ્રામનાં વૃદ્ધ પુરુષોએ કહ્યું: "ચતુર્થ ફેરાની મધ્યમાં આવું થયું. તેથી કન્યાને બીજા કોઈની સાથે પરણાવવી." કેમકે ઋષિવચન આ પ્રમાણે છે.

गते मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

તમારી વાત સત્ય છે. પણ આ તો અમારા કુળને વિષે

મોટું કલંક કહેવાય કે, પતિના વિનાશમાં કન્યાને અન્ય પુરૂષ સાથે પરણાવાય. માટે આ અનુચિત વ્યવહારને હું આચરીશ નહીં,

સારૂં ત્યારે "હવે તો તને જે યોગ્ય લાગે તેમ કર." એમ કહી ગ્રામ્યજન સ્વસ્થાને ગયો. બિચારી દેવકીના લલાટે વૈધવ્યનું દુઃખ લખાયું. તે દુઃખરૂપી અશાંતિથી જર્જરિત અંગવાળી જાણે જીવિતથી ત્યજાયેલી જ ન હોય. તેમ અતુચ્છ મૂચ્છીને ધારણ કરતી, શરીર સત્કારને પણ નહી કરતી, ભોજનાદિ કૃત્યો પ્રત્યે પણ અણગમો દર્શાવતી હતી. આવી સ્થિતિમાં તેણી રહી હતી. ત્યાં તો દિનલક્ષ્મી વ્યતીત થઈ ગઈ. અને તેનાં દુઃખને જોવા અસમર્થ સૂર્ય પણ અસ્તાચલે ચઢ્યો પૃથ્વી ઉપર સંધ્યાદેવીનું આગમન થયું. પક્ષીઓ કિલકિલાટ કરવા લાગ્યા. તમાલવૃક્ષના ગુચ્છ સદશ શ્યામકાંતિમય તિમિરપટલી પ્રકટ થઈ. આકાશમંડળની શોભા આહ્લાદકારી હતી, પણ દેવકીને તો દુઃખદાયી બની ગઈ.

વળી સંતાપને વહન કરતી, શોકાતુર પોતાના અભિપ્રાયને જણાવ્યા વિના, પતિના વિયોગથી દુઃખિત તે અનેક સંકલ્પ વિકલ્પ કરવા લાગી. પરિણામે તેને જીવિત ઉપર ધિક્કારવૃત્તિ પેદા થઈ ગઈ. અને તેથી જ જીવનલીલા સંકેલી લેવા હૈયુ આતુર બન્યું. તેણે ઘડી પણ દિવસો સરખી લાગવા માંડી, સ્વજન પરિવાર પણ તેને કારમો લાગ્યો. હવે પોતાનાં નિર્ધારને પરિપૂર્ણ કરવા આગેકદમ કરતી, પોતાની બેઠકને તિલાંજલિ દઈ, આત્મઘાત કરવાની ઈચ્છાથી સ્વજનોને

જણાવ્યા વિના સ્વગૃહને છોડી, વિરહનો અંતિમ અંજામ લાવવા એકલી અટૂલી ચાલી નીકળી. ઘરથી સમીપવર્તી કૂવામાં પડી આત્મઘાત કરવા તૈયાર થઇ.

અને "ફરી ફરી આવા દુઃખને પામું નહીં." એમ કહેવાપૂર્વક તેણે કૂવામાં પડતું મૂકયું. ધબ! ધબ! ધબ! અવાજ થતાં જ લોકો દોડી આવ્યા. કૂવામાં તરૂણપુરૂષો ઉતર્યા. દેવકી દૃષ્ટિપથમાં આવી. તેને બહાર કાઢી, પણ તેનું તો પ્રાણપંખેરૂં ઊડી ગયું. માત્ર દેવકીનાં નશ્વર દેહની પ્રાપ્તિ થઈ. આ વાતની જાણ તેના માતા-પિતાને થઇ. સૌ શોકમગ્ન બની ગયા.

હજુ તો દેવકીના પતિનાં મૃત્યુનાં દુઃખથી માતા-પિતા દુઃખી હતા તે દુઃખની ઉપશાંતિ પણ નહોતી થઇ. ત્યાં તો બીજું દુઃખ ઉપસ્થિત થયું. તેમની વ્યથામાં વધારો થયો. પડયા ઉપર પાટું માર્યાની જેમ થયું. હજુ તો દેવકીનું શું કરવું! તેની મુંઝવણનો ઉકેલ મળ્યો ન હતો, ત્યાં તો આ પ્રસંગ ઉપસ્થિત થયો છતાં વ્યથિત હૃદયે માતા-પિતાએ તેણીનું પારલૌકિક કાર્ય કર્યું.

એક પછી એક આપદાઓ સર્જાતા બંને સંતાપ કરતા હતા. અંતે આ સંતાપને જીરવી શકવા અસમર્થ તે બંને ટૂંક સમયમાં યમરાજનાં અતિથિ બન્યા. ઘરનાં સ્નેહીજન પણ મૃત્યુ શૈય્યાએ પોઢી ગયા. એક બાજુ ભગિનીના મૃત્યુનું દુઃખ વિસરાયું નહીં ત્યાં તો માતા-પિતાની છત્રછાયા પણ છીનવાઈ ગઇ. હવે રહ્યો એકલો અટૂલો સંતડ. તેને મન

સંસાર કારમો લાગવા માંડ્યો. દુઃખની અગન જ્વાલામાં સેકાતો સંતડ મનની સમતુલા ખોઈ બેઠો. તેણે પણ માતા-પિતાનાં અસ્થિને ગંગાનદીમાં વિસર્જન કરવા પ્રયાણ આદર્યું. માર્ગમાં મહાઅટવીની પ્રાપ્તિ થઇ. અટવીની ભયંકરતા ભલભલાને કંપાવી દેતી હતી, છતાં નિઃસહાય સંતડ આગેકૂચ કર્યે જતો હતો, તેના હાથમાં પોટલી હતી. ત્યાં તો એકદમ ચોરોની ટોળકી આવી ચડી. પોટલીને જોઇ કંઇક માલમિલ્કત હશે, એમ વિચારી તેની પાછળ પડયા. આગળ સંતડ! પાછળ ચોર! બિચારો શું કરે? ચોરોએ પકડી પાડયો. ઢેફા પત્થર વડે મારઝુડ કરી. અધમૂઓ કરી નાખ્યો. તેના ઘાતથી પૃથ્વી ઉપર પડયો.

પણ તેણે માતાપિતા ઉપરની ગાઢ પ્રીતિનાં કારણે અસ્થિની પોટલી મજબૂત પકડી રાખી, એટલે ચોરોએ તેનાં ગળા ઉપર પગ મૂકી તેની પોટલી આંચકી લીધી અને તેઓ પવનવેગે પલાયન થઈ ગયા.

પોટલીને જોઈ તેઓ હર્ષિત થયાં. પણ છોડીને જોતા જ હેબતાઇ ગયા. જેની આશા હતી, તે વસ્તુ ન હતી, પણ અન્ય વસ્તુ નિહાળી. અરે આ શું! મનની મનમાં રહી ગઇ. તેઓ વિલખા પડી ગયા.

આ બાજુ અતિશય થાકથી અને ચોરોના ઘાતથી વેદનાની અનુભૂતિ કરતો તે ચિંતનમાં ગરકાવ થઇ ગયો. ચિંતનથી માનસનું પરિવર્તન થયું. તેની ચિંતનધારા આગળ વધી. અહો! માનવી ચિંતવે કંઇ અને પ્રાપ્તિ પણ અન્યની થાય

છે. વિધિની વિચિત્રતા અજબ ગજબની છે. જુઓ તો ખરા! માતા–પિતાના અસ્થિને પધરાવવા નીકળેલ મને વિઘ્નની પ્રાપ્તિ થઈ છે. ખરેખર તે અયુક્ત છે. વિધિની પ્રબળતા તો જુઓ! તે બુદ્ધિવિહીન જીવોનાં મનોવાંછિતને પૂરતી નથી. તો પછી આ દુનિયામાં રહેવાથી મારે શું? તે કરતાં તો મૃત્યુ જ શ્રેષ્ઠ છે ખરેખર, મારા જીવતરને ધિક્કાર છે. નિષ્પુણ્યક એવા મેં માતા પિતાની છત્રછાયા ખોઇ, વળી વહાલસોયી ભગિનીનો સંગ પણ તૂટયો. હવે કંઈ મનોવાંછિતની પૂર્તિની શકયતા જણાતી નથી. તો પછી મારે જીવીને શું કરવું?

જયારે દુઃખની વેદના ભયંકર લાગે છે. ત્યારે માનવી શુભ વિચારમાં લયલીન બને છે. અને મૃત્યુલોકમાં રહેલા સુખના ભોગવટાને પણ દુઃખદાયી સમજી અસંગી બનેલા મહાત્માના જીવનોની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે. સંતદની વિચારધારા આગળ વધી રહી. અહો! તે ધન્યાત્મા! પુણ્યના ઉદયથી સુખની ઉપલબ્ધિ થવા છતાં સામગ્રી યુક્ત મનુષ્યપણામાં રાચતા નથી. જેઓ ઇહલૌકિક સુખસામગ્રી પણ તૃણ સમાન ગણે છે. વળી ઉત્તરોત્તર દિવ્યસંપત્તિના ભોક્તા બને છે. ખરેખર! તેઓ જ માનવલોક ઉપર અવતરેલા પુણ્યાત્માઓ છે! તેમનું જીવન પણ ધન્યાતિધન્ય છે? જયારે અમારા જેવા પામર, કેવલ સુખની પાછળ પાગલ, અનેક દુઃખરૂપી કાદવમાં ખૂંપી જાય છે. છતાં સુખની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરે છે. ખરેખર! પેલા વિષયમાં સુખાનુભૂતિ કરતાં ભૂંડ અને

વિષયસુખની અભિલાષા કરતાં અમારા જીવનમાં શું ફેર? કણુ સુખની પાછળ મહા દુઃખ ઉપાર્જન કરનારી આ અભિલાષાઓ છે. પણ સત્યની પીછાણુ થતી નથી. ખરેખર! આજનું જગત પણુ ભૌતિક સુખની પ્રાપ્તિ માટે, વાસનાઓની પૂર્તિ માટે હરણફાળ ભરી રહ્યું છે. તેમાં કયારેક જીવન રહેંસાઇ જાય તો પણુ પ્રવૃત્તિ તો ચાલુ જ છે.

જગતના તમામ જીવોને દુઃખ ગમતું નથી, દુઃખનો પ્રતિકાર કરવો છે. પણુ પ્રવૃત્તિ ઉંધી કરે. વળી દુઃખની પ્રાપ્તિ શાથી થાય છે. તેના પ્રતિકારના ઉપાયો કયા છે? એનો તેઓને ખ્યાલ નથી, માટેસ્તો દુઃખ વિમોચનના ઉપાયો આદરવા છતાં તેઓ બંધનમાં સપડાઈ જાય છે. વાસનાના ત્યાગ વિના સત્ય સુખની પ્રાપ્તિ કે દુઃખ વિમોચનનો કોઇ ઉપાય નથી. કૂદકે ને ભૂસકે વધતી જતી વાસનાઓ માનવીને કોરી ખાય છે. પરિણામે તેઓને સુખની પ્રાપ્તિ થતી નથી. અને તેઓ દુઃખની ઊંડી ખાઇમાં પટકાઈ જાય છે.

હવે તે મહાનુભાવ, માત-પિતાની અસ્થિની બાંધેલી પોટલી નષ્ટ થતાં ચિત્તમાં અશાંતિ ધારણુ કરતો, વેદનાથી પરાભૂત થતો, વેદનાનો અંત અને જીવિતનો અંત લાવવાની ઇચ્છાથી ઉન્નત સિંવલીવૃક્ષ ઉપર ચડયો. તેણે લત્તાના સમૂહથી પાશ બનાવ્યો. તે કંઠમાં આરોપણુ કરવાની તૈયારી કરે છે, ત્યાં એક બનાવ બને છે. તેનું શ્રવણુ થતાં આત્મઘાત કરવાની

પ્રવૃત્તિ ત્યજી આત્મકલ્યાણના માર્ગની તેને પ્રાપ્તિ થાય છે. પતનમાંથી ઉત્થાન સર્જતી તે ઘટના કઈ? તે હવે સાંભળીએ.

આ જ વૃક્ષ ઉપર એક પોપટ અને પોપટી રહેતા હતા. ત્યાં શુકરાજ બહાર જઈ ક્યાંકથી આવી ચઢ્યા.

ત્યારે શુકીએ કહ્યું : ઓ પ્રિયતમ! કેમ આજે આટલી રાત્રિ વીતી ગયા પછી આવ્યા? તમે ક્યાં ગયા હતા? હે પ્રિયા! મેં આજે આશ્ચર્યભૂત ઘટના સાંભળી. તેથી અહીં આવતા વાર લાગી છે. હેં! શું કહો છો? એમ જ છે, તો મને પણ તે વાત કહો ને!

ચાલ ત્યારે સાંભળ:

જો આજે હું ક્યાંકથી મલયગિરિ ઉપર ગયો હતો. ત્યાં શંખપુરાધિપ રાજર્ષિ સૂરદેવ નામના મહામુનિ હતા. દુષ્કર તપ કરતાં, તપનાં પ્રભાવથી તેમને જંઘાચરણ લબ્ધિ ઉત્પન્ન થઈ હતી. તે મહાત્મા નિર્વિઘ્ન ધર્મધ્યાનમાં આરૂઢ થવા એક નિર્જન જંગલમાં વનનિકુંજમાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા હતાં. ત્યાં સોમિલ નામનો બ્રાહ્મણ સંશય પૂછવા મુનિભગવંતની સમીપે આવ્યો. તે સમયે મુનિપુંગવ પણ અવિચલ કાયોત્સર્ગમાં, શરીરની સર્વ ચેષ્ટાના રોધપૂર્વક તરંગરહિત સમુદ્રની જેમ સ્થિર શાંતરસમાં તરબોળ ધ્યાનમાં મગ્ન બન્યા હતા.

ધ્યાનનો પ્રભાવ તો અચિંત્ય છે! શીતવાયુ પણ તેમના દેહને કંપાવી શકે નહીં. ખરપવનથી પ્રેરિત અગ્નિ પણ ઉપદ્રવ કરી શકતો નથી. વળી સુરાસુરોએ કરેલ કોલાહલ

પણ શ્રુતિપથમાં આવતો નથી, તો પછી ભુજંગાદિ દુષ્ટતત્ત્વોની પીડાની તો શી ગણુના? દેહનું પણ ભાન ભૂલી જવાય, આવા ધ્યાનમાં શૈલરાજની જેમ અડગ, વળી સૌમ્યગુણે કરી પૃથ્વીતલ ઉપર પ્રાપ્ત થયેલ જાણે ચંદ્રબિંબ જ ન હોય, એવી તેમની અવસ્થા નિહાળી બ્રાહ્મણ તો તેમના મુખકમલને વારંવાર એકીટસે નીહાળવા લાગ્યો. તેમને જોતાં નયન તૃપ્ત થતા ન હતા. દૃષ્ટિ તેમના મુખારવિંદ ઉપરથી હટતી નહોતી. જ્યારે શિલા ઉપર સ્થિત તેમણે ધ્યાનની સમાપ્તિ કરી, ત્યારે ભાલતલથી ભૂતલને સ્પર્શ કરી મુનિવૃષભને તેણે વંદના કરી.

અહો ભગવંત! ઘણા સમયે ચિંતામણિરત્નથી પણ અતિદુર્લભ આપનું દર્શન થયું છે! વળી આપના દર્શનમાત્રથી હું આનંદિત થયો છું. ખરેખર! મારૂં જીવન ધન્ય બની ગયું છે.! જંગલમાં મંગલમય મુનિ ભગવંતનું દર્શન મારા ભાગ્યોદયને સૂચિત કરે છે! એમ કહી વિપ્રે કહ્યું : "ઓ કરૂણાસાગર! મારા ઉપર કૃપા કરો. મારી વ્યથાને આપ સાંભળો. પ્રતિસમય મારૂં શરીર રોગોથી ઘેરાયેલું રહે છે. ક્યાંય સુખે રહી શકતો નથી. તો હે નાથ! મેં પૂર્વે એવા કેવા કર્મ કર્યા હશે કે, અત્યારે હું દુઃખી છું. આપ સિવાય મને આ વાત કહેવા કોઈ સમર્થ નથી. ઓ સ્વામી! કૃપા કરી મને જણાવો.

વિપ્રની ગદ્‌ગદ્ વાણી સાંભળી નિર્મલ અવધિજ્ઞાનથી તેના પૂર્વભવને જાણી કરૂણાસભર હૃદયથી તેમણે કહેવાનું શરૂ કર્યું.

અરે બ્રાહ્મણ ! જેમ તું દુઃખને પામ્યો છે. તેમ તારી પત્ની પણ દુઃખને પામી છે. તારા–પૂર્વભવનું સમગ્ર વૃત્તાંત તું સાંભળ :

હાથીઓનાં સમૂહથી ભરચક, અનેક વૃક્ષોથી ગહન, સૂર્યના કિરણોનો પ્રસાર પણ જ્યાં અટકી ગયો છે, એવી લતાઓથી આચ્છાદિત વિંધ્યાટવી નામની મહાઅટવી હતી. તેનાં એક ભાગમાં આશ્રમ છે. ત્યાં બે બ્રાહ્મણ પુત્રો માતા-પિતાની સાથે કલહ કરીને આવ્યા હતા. ત્યાં કુલપતિએ તેઓને ધર્મ દર્શાવ્યો. પ્રતિબોધ પામી તેમણે તાપસવ્રત સ્વીકાર્યું. ત્યાં તેઓ કંદમૂળ–ફલાદિનો આહાર, ત્રિસંધ્યા-દેવતાપૂજન, અતિથિનું સન્માન વગેરે કૃત્યો દ્વારા દિવસો પસાર કરે છે.

એકવાર આહારની શોધ માટે તેઓ વનમાં–ભટકતા હતા, પણ તેઓને વિશિષ્ટ ફલની પ્રાપ્તિ થઈ નહીં. ત્યારે તેઓ દેખાવમાં સુંદર પાકી ગયેલા ઉંબરના ફલોને લઈને જંગલમાંથી આવ્યા. પછી દેવતા અતિથિનું સ્મરણ કરી આહાર કરવા માટે ફળોને તોડીને જુએ છે, ત્યાં તો ચારે-બાજુથી કૃમિના આકારવાળા ઘણા જીવો નીકળ્યા. તેથી તેને અતુચ્છ ફળ માની તેઓ પરસ્પર ચિંતવવા લાગ્યા. અરે! અરે! આ તે ધર્મ કહેવાય કે, જ્યાં જીવોનો વધ જણાય ! પહેલા ગુરુએ કંદમૂળ ફલાદિ નિર્જીવ કહ્યા હતા. પણ અત્યારે આપણે ચર્મચક્ષુથી અનેક જીવોને નીકળતા જોઈ રહ્યા છીએ. તો શું એવા તુચ્છ ફલોનો આહાર આપણાથી

થાય ખરો ! આમાં તથ્ય શું છે ? શું ગુરુએ આપણને ભોળવ્યા ? અહીં કંઈ જ રહસ્ય સમજાતું નથી. પણ હા. ચાલો, નજીકમાં જ હસ્તિતાપસ છે. તેને જઈ પુછીએ અને આપણા સંદેહનું નિવારણ કરીએ. એમ નિશ્ચય કરી બંને હસ્તિતાપસ પાસે ગયા. આદરપૂર્વક પ્રણામ કરી ભૂતલે બેઠા. વિનયપૂર્વક પોતાનો સંદેહ તેમને જણાવ્યો કે, "એક આજીવિકા માટે અનેક જીવોનો નાશ કરવો તે શું યુક્ત છે ? સ્વરક્ષા માટે પરનો વિનાશ કરવામાં શું ધર્મ છે ?

ત્યારે તેમણે પણ વિચારીને પ્રત્યુત્તર આપ્યો : જુઓ; આ કંદમૂળાદિનો આહાર કરવાથી અનેક જીવોનો નાશ થાય છે. પણ તે તાપસોને ઉચિત લાગ્યો છે. પણ અમારા ગુરુને તે અનુચિત લાગતાં અમને આ પ્રમાણે કહ્યું : 'હાથીનું માંસ ખાવું' વળી એક જ હાથીનો વધ કરતાં તેનું માંસ પણ ઘણા દિવસ સુધી ચાલે છે. વળી શરીરની સ્થિતિ પણ ઘણા કાળ સુધી ટકાવી શકાય છે. માટે હાથીના માંસનો આહાર કરવામાં દોષ નથી પણ ગુણ છે. કેમકે એક જીવના વધથી અનેક જીવોનું રક્ષણ કરવું તે શ્રેષ્ઠ ધર્મ છે. વળી ઘણા ગુણોની સિદ્ધિ થતી હોય, તો લેશમાત્ર દોષ સેવવો તે ઇષ્ટ છે. જેમ સમગ્ર શરીરની રક્ષા માટે સર્પદંશવાળી અંગુલિનો છેદ કરવો હિતાવહ છે, તેમ હે વત્સ ! હાથીનું માંસભક્ષણ કરવામાં કંઇ દોષ નથી.

પોતાની મતિ અનુસાર હેતુ, ઉદાહરણ દર્શાવી તેણે પોતાના મતનું મંડન અને તાપસવ્રતનું ખંડન કર્યું. અને

પેલા ભોળા અજ્ઞાનીના ચિત્તને આકર્ષી લીધું અને મૂઢ એવા તેમણે હસ્તિતાપસ વ્રત અંગીકાર કર્યું. ત્યાર પછી વ્રતનું પાલન કરતા, અજ્ઞાનથી અંધ બની, ધર્મના બહાને ઘણું પાપ ઉપાર્જન કરી, મરીને તેઓ વ્યંતરનિકાયમાં ઉત્પન્ન થયા. ત્યાં દશહજાર વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મર્ત્યલોકમાં અવતર્યા.

ત્યાં કૌસંબીનગરીમાં ગરીબ બ્રાહ્મણને ત્યાં પુત્રપણે અવતર્યા. ત્યાં વેદશાસ્ત્રનો અભ્યાસ કરી વેદજ્ઞ થયા. યજ્ઞ, પિતૃ શ્રાદ્ધ વગેરે કૃત્યો કરી જીવન ગુજારતા હતા. તેમને રાજરાજેશ્વરો, શ્રેષ્ઠી સેનાપતિ વગેરે યજ્ઞાદિ કરવા માટે આમંત્રણ આપતા હતા.

એકવાર કૌસંબી-નરાધિપને દુઃસ્વપ્ન આવ્યું. તેના ફળને જાણવા વેદશાસ્ત્રમાં પારંગત તે બંને ઉપાધ્યાયોને તેણે બોલાવ્યા. પછી પોતાના દુઃસ્વપ્નને જણાવી તેનો પ્રતિકાર કરવા શું કરવું જોઇએ! એ સંબંધી તેમણે પૃચ્છા કરી. ત્યારે તેમણે કહ્યું: દેવ! દુઃસ્વપ્ન, કુગ્રહ, દુર્નિમિત્ત, ભૂત-પ્રેતાદિ પીડાઓની ઉપશાંતિ માટે એકસો આઠ ઘોડાઓનો બલિદાનપૂર્વક હોમહવન કરવો જોઇએ.

તુર્ત જ નરપતિએ અશ્વમેધ યજ્ઞની સામગ્રી ભેગી કરી લીધી એકસોને આઠ શ્રેષ્ઠ ઘોડાઓ તૈયાર કર્યા, અગ્નિકુંડોનું નિર્માણ કર્યું. પછી પેલા બ્રાહ્મણ પુત્રોને આમંત્રણ આપ્યું.

પૂજા, સત્કારાદિપૂર્વક રાજાએ તેઓને યજ્ઞ કાર્યમાં જોડયા.

તેમણે પણ ઘોડાઓને મંત્રથી અધિવાસિત કર્યા પછી અશ્વમેઘ યજ્ઞની પ્રથમ શરૂઆત થઇ. તેઓએ મૂળમંત્રોની ઉચ્ચારણા કરી.

ऑं लोकप्रतिष्ठितान् चतुर्विंशतीर्थंकरान् ऋषभाद्यान् वर्धमानान्तान् सिद्धान् शरणं प्रपद्यामहे, ऑं पवित्रमग्निमुपस्पृशामहे, येषां ज्ञातं सुज्ञातं, येषां धीरं सुधीरं, येषां नग्नं-सुनग्नं ब्रह्मि-सब्रह्मिचारिणं, उद्दितेन मनसा देवस्य महर्षिभिमहर्षयो गुहाति । यजतस्य च एष रक्षा भवतु, शांतिर्भवतु, श्रद्धाभवतु, तुष्टिर्भवतु, वृद्धिर्भवतु स्वाहा ।

આ પ્રમાણે શાંતિ મંત્રનો ઉચ્ચાર કરી જ્યાં બન્ને બ્રાહ્મણ પુત્રો અશ્વોને હોમવાની તૈયારી કરે છે. ત્યાં તો એક આશ્ચર્યકારી ઘટના બની ગઈ. હોમ-હવનની તૈયારી જોતા એક અશ્વને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેને પૂર્વભવની સ્મૃતિ થઈ ગઇ. અહો! પૂર્વે પણ આ બ્રાહ્મણોએ મને હવનમાં હોમ કર્યો હતો. હવે તો આ ઉપાધ્યાયોનો નાશ કરી બીજા અશ્વોને બચાવું. એમ વિચારી ખૂર પ્રહારથી તેઓના હૃદય ઉપર પ્રહાર કર્યો.

જોરદાર પ્રહારથી બન્ને મૃત્યુને ભેટ્યા.

તેઓ જીવસંહાર મહા મિથ્યાત્વની પુષ્ટિ, ઉન્માર્ગમાં પ્રવૃત્તિથી પાપ ઉપાર્જન કરી. પાપથી ભારે શરીરી લોહપિંડની જેમ સિમંત નરકાવાસમાં ઉત્પન્ન થયા. અહો જ્યાં ગાઢ અંધકાર! પ્રકાશનું તો નામ જ નહીં. વેદનાની પરાકાષ્ઠા તો જાણે ત્યાં જ દૃષ્ટિગોચર થાય! પાપની અનુભૂતિનું સ્થાન જાણે બીજે ક્યાંય નહીં. વળી ત્યાં તાડન,

તર્જન, સામલીવૃક્ષ ઉપર આરોપણ, વૈતરણીના પ્રવાહમાં પ્રવહણ, છેદન, ભેદન, વજ્રશિલા ઉપર આસ્ફાલન, વજ્રાનલની અંદર શેકાવું કુંભીમાં પચન વગેરે વેદનાને સહન કરતાં દુઃખ પૂર્વક તેઓ જીવન પસાર કરવા લાગ્યા.

ખરેખર પાપનો ભોગવટો કરવા જીવ નરકમાં ચાલ્યો જાય છે, માટે જ માનવ ! ક્ષણભંગુર જીવન પાછળ પાપારંભો કરી જીવનની ઉજ્જવલ ચાદરને મલીન કરવી નહીં. નહીંતર તારૂં અસ્તિત્વ અહીં નહિ રહે. કદાચ આવી નરકભૂમિમાં ચાલ્યો જઈશ. માટે માનવ ! ચેત ! અને જીવનને ઉજ્જવળ બનાવ.

આ બાજુ નરકમાં વેદનાને સહી આયુષ્ય ક્ષયે ત્યાંથી બન્ને જ્વલન નામના બ્રાહ્મણના પુત્રપણે અવતર્યા. પૂર્વભવના સંબંધથી પરસ્પર પ્રીતિને વહન કરતાં તેઓ વૃદ્ધિને પામ્યા. પણ તેઓ વેદાદિના વહન વિનાના અભણ, બ્રાહ્મણ સમાચારીની આચરણા રહિત, જીવન નિભાવવા જુગારાદિ વ્યસનમાં પ્રવૃત્ત થયા. વ્યસન એટલે વિષવેલડી, તેને પાંગરતાં વાર જ નહીં લાગે. એક વ્યસનની લતે ચઢેલો જીવ અનેક વ્યસનમાં પ્રવૃત્તિ કરે છે. અહીં બન્ને જણા ચોરી કરવામાં આસક્ત થયા. તેઓની કુચેષ્ટાની જાણ પિતાને થઈ ગઈ. ત્યારે તેમણે રાજ્યના કારણિક પુરૂષો દ્વારા તર્જના કરાવી પોતાના ઘરથી તેઓને કાઢી મૂકયા.

આ છે આર્યદેશના મા-બાપો ! પુત્રની કુચેષ્ટાને જરાય ચલાવતા નહીં. અનીતિને આવકારતાં નહીં. ત્યારે આજની ભારતીય

પ્રજામાંથી સંસ્કૃતિએ તો જાણે દેશવટો લીધો છે. મા–બાપો પણ કુસંગે ચડેલા પુત્રોને આવકારે છે. પરિણામે સંસ્કૃતિનો સત્યાનાશ થઈ રહ્યો છે. ત્યારે આ બધી કથાઓ સદાચારના પાઠ શીખવે છે. જીવનને સદાચારી બનાવી ઉર્ધ્વગામી બનાવે છે.

હવે મા–બાપથી તિરસ્કાર પામેલા તેઓ નગરના બાહ્ય પ્રદેશોમાં ભટકવા લાગ્યા. ત્યાં કોઇ ભૂતિલ નામના ધાતુવાદી સાથે તેઓનું મિલન થયું. તેણે બન્નેને ભોજન કરાવ્યું. વસ્ત્રાદિ દાનપૂર્વક તેઓનું સન્માન કર્યું. તેણે બન્નેના ચિત્તને આકર્ષી લીધું. તેઓની પરમમૈત્રી બંધાઈ ગઇ. હવે એકવાર ભૂતિલે કહ્યું : જુઓ ! તમારે કુબેરની જેમ ઋદ્ધિ–સિદ્ધિથી ભરપુર થવું છે? તો મારા વચનને સ્વીકારો. તો તમને અક્ષીણ વૈભવશાળી જાવજ્જીવ ખૂટે નહીં તેમ ધનથી પરિપૂર્ણ બનાવી દઉં. પછી લાંબાકાળ સુધી સુખ જ સુખ! દુઃખનું નામ જ નહીં. તે સાંભળી સુખની પાછળ આંધળી દોટ મૂકનારા બન્ને તૈયાર થઇ ગયા. અને તેનું વચન સ્વીકાર્યું એટલું જ નહીં. પણ તેને અનુસરવા લાગ્યા.

ભૂતિલે પણ કાર્યવાહી શરૂ કરી. પછી તેઓને દષ્ટિંયામોહથી સુવર્ણસિદ્ધિનો પ્રયોગ બતાવ્યો. પેલા ભોળા તો વિશેષથી તેની આરાધનમાં તત્પર થયા. પોતાના હાથમાં આવેલા જાણી તેણે એકવાર કહ્યું." અરે પુત્રો ! હાલમાં સુવર્ણસિદ્ધિ માટે જરૂરી ઔષધિરસ નથી. માટે તેની શોધ માટે તમે તુંગાર ગિરિવર ઉપર ચાલો, ત્યાં લક્ષવેધક

રસકુંપિકામાંથી રસ ગ્રહણ કરી આપણે પાછા ફરીશું, દારિદ્રને જલાંજલિ દઇશું અને સુખાનુભૂતિ કરીશું.

બન્ને જણા તૈયાર થઇ ગયા. શુભમુહૂર્તે તેઓએ પ્રયાણ આદર્યું. કુંભ પ્રમાણનાં બે તુંબડા, દોરડા, માંચી વગેરે ઉપકરણો લઈ ભૂતિલ સાથે ચાલ્યા અને પૂર્વકથિત ગિરિ ઉપર આવ્યા. ત્યાં અત્યંત ગંભીર રસકૂપ નીહાળ્યો. સર્વે આનંદિત થઈ ગયા. પછી ભૂતિલે ચારે દિશામાં બલિપ્રક્ષેપ કરી પૂજા કરી. યોગિની–કુલને પ્રીતિ પમાડી, પછી બન્નેના શરીરે ચંદનનું વિલેપન કર્યું. તેમને મનોવાંછિત ભોજન કરાવ્યું. શ્વેતવસ્ત્રનું પરિધાન કરાવી એક હાથમાં તુંબડું બીજા હાથમાં દોરી સહિત રસકૂંપિકામાં ઉતાર્યા.

જ્યાં ત્યાં ગાઢ અંધકાર હતો. જાણે યમરાજના મુખમાં જ પ્રવેશ કર્યો ન હોય? છતાં મહાન અપાયને અવગણતા, એકાંતે ફલમાં આસક્ત, ધનાર્થી મૂઢજીવો પ્રત્યક્ષ દુઃખ જાણવા છતાં પ્રાણનાશને પણ જોતા નથી. જુઓ તો ખરા! રૂપમાં આસક્ત પેલું પતંગિયું! પ્રદીપની જ્યોતિમાં ઝંપલાવી જીવન ગુમાવી દે છે, તેમ મૂઢ જીવો પોતાનું જીવન ગુમાવી દે છે.

હવે કૂવામાં અધોમુખ કુંભ રાખી રસ ભરવાનો પ્રારંભ કરે છે. ત્યાં તો તેમણે અત્યંત શુપક અને દુર્ગંધી બે શબ જોયા. તેઓ ભયભીત બની ગયા. અરે આ શું? એમ વિતર્ક કરવા લાગ્યા. શું અહીં પહેલા કોઇએ રસ માટે મોકલેલા માણસ હશે કે ક્ષુધાતુર તેઓ મરણને પામ્યા હશે. અથવા

શું રસાર્થીઓની ભૂતાદિ આવી અવસ્થા કરતા હશે? અથવા કોઇએ પૂજા નિમિત્તે બલિદાન દીધું હશે?

એમ ભયથી આકુળ-વ્યાકુળ તેઓ વિચારણા કરતા હતા, ત્યાં તો જાણે મરણાંતિક સંકેતનો સાક્ષાત્કાર કરાવવા માટે જ ન હોય, તેમ તેઓની ડાબી આંખ સ્ફુરાયમાન થઇ. તેમને અપશુકનની એંધાણી થઇ ગઇ. છતાં ધીરે ધીરે તુંબડા ભરીને દોરડું હલાવી ભૂતિલને સંકેત કર્યો. તુર્ત જ ભુતિલે કહ્યું: "પહેલા તુંબડાને કાઢું પછી તમને કાઢીશ." બન્નેએ તેનું વચન સ્વીકાર્યું. ભૂતિલ પણ સંતુષ્ટ થયો.

રસતુંબડાને બહાર કાઢી, સ્વાર્થી ભૂતિલ પોતાનું કાર્ય-સિદ્ધ થતાં બંને બ્રાહ્મણોને રસકૂંપિકામાં પૂજાબલિ નિમિત્તે નાંખી પોતાના સ્થાને ચાલ્યો ગયો. તે બન્ને ક્ષુધાતુર કૂપમાં મૃત્યુ પામ્યા. પછી બન્ને જઘન્યઆયુષ્યવાળા વ્યંતરદેવ થયા.

આયુષ્ય ક્ષયે ત્યાંથી ચ્યવી તેમાંથી એક તે હે ભદ્ર! મલયગિરિ તટ પર બિભેતકપુરમાં, તું સોમિલ નામે બ્રાહ્મણ-પુત્ર થયો છે અને બીજો કુણાલદેશમાં કુશસ્થલ સંનિવેશમાં કોલ્લાગગૃહપતિનો સંતડ નામે પુત્ર થયો છે. હાલમાં તે કૂવામાં પતન દ્વારા મરણ પામેલી ભગિનીના દુઃખથી દુઃખિત માતા-પિતાના મૃત્યુ પછી તેના અસ્થિને ગ્રહણ કરી તીર્થમાં પધરાવવા જતાં માર્ગમાં તેને ચોરોએ લૂંટયો. હવે અસ્થિ ગ્રંથિના નાશથી મહાશોકાકુલ તે પ્રાણત્યાગ કરવા તત્પર થયો છે. તો હે સોમિલ! હાલમાં તારા પૂર્વભવનાં બાંધવની આ સ્થિતિ છે.

વળી હાલમાં હે મહાનુભાવ! તું પૂર્વે કરેલ દુષ્કર્મના યોગે મહાતીક્ષ્ણ દુઃખનાં ભાજનભૂત આવી દુઃખી અવસ્થા અનુભવી રહ્યો છે. ક્યારેક સર્વાંગે દાહજ્વર, ક્યારે ધનનાશથી શોક, ક્યારેક સગા સંબંધીઓના દગાથી દુઃખ તો ક્યારેક લાભના અભાવે ચિંતાતુર, ક્યારેક પેટમાં શૂલાદિ વેદનાથી તું દીન બની જાય છે. આવી બધી અવસ્થા નિમિત્તે વિના બનતી નથી. એમાં નિમિત્તભૂત છે. તારા દુષ્કર્મો! તેથી જ તને લેશમાત્ર સુખની પ્રાપ્તિ થતી નથી.

હે ભદ્ર! હવે જો તારા મનમાં કોઇ સંશય હોય તો જણાવ. તેનું નિવારણ કરી હું કૃતાર્થ થાઉં. મુનિભગવંતના મુખે પૂર્વભવ સાંભળી તત્ક્ષણે તેના કર્મપડલો શિથિલ થયા. સોમિલ બ્રાહ્મણને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પૂર્વે અનુભૂત દુઃખને નજરોનજર નીહાળ્યું. ત્યારે આત્મસંવેદન થતાં વધુ દુઃખિત હ્રદયવાળા તેણે કહ્યું : ભગવન્! તમે જે કહ્યું તે સત્ય જ છે. તેમાં તલમાત્ર ફેર નથી. ખરેખર! જગતમાં આપ જ જ્ઞાનદિવાકર છો. તો હવે મારા એક સંશયનું નિરાકરણ કરો.

અત્યંત દુઃખથી આક્રાંત મારા દેહનો નાશ ઝંપાપાતથી કે અગ્નિમાં બળી મરી, કે ગળે ફાંસો ખાઇ કરૂં. હવે તો આ દુઃખથી ત્રાસી ગયો છું. મારૂં જીવન નિરસ બની ગયું છે. અથવા કોઈ બીજો પ્રતિકાર છે ખરો? આપ જ મને ઉપાય બતાવો અને દુઃખથી મુક્ત કરો.

હે ભદ્ર! સાંભળ! તેનો કોઈ જ પ્રતિકાર નથી કેવલ

તારા આ વિચારો દુઃખ–પરંપરાને વૃદ્ધિ પમાડનારા છે. વળી અન્ય જીવોના નાશથી આત્માનું રક્ષણ થતું નથી. પણ પરરક્ષાથી સ્વરક્ષા થાય. સર્વે જીવોને સમાન ગણવા તેમના નાશથી પરાંમુખ બનવું જોઇએ.

વળી તપ, નિયમ, ક્રોધાદિનો નિગ્રહ, ઇંદ્રિયોનું દમન કરવા દ્વારા દુઃખપરંપરાનું વિસર્જન થાય છે. પણ દેહના નાશથી કદી દુઃખનો અંત આવતો નથી. કોઈનો આવ્યો નથી અને કોઈનો આવશે પણ નહીં દુઃખનાશ માટે દેહનાશ એ તો અજ્ઞાની જીવોની ચેષ્ટા છે. પણ દુઃખનાશ માટે દુઃખ પ્રાપ્તિમાં કારણભૂત જે દોષો છે તેનું ઉન્મૂલન કરવું જોઇએ. દોષઉન્મૂલનથી દુઃખનાશ થાય છે. પરિણામે જીવને સુખની પ્રાપ્તિ થાય છે.

વળી દોષો તો અજ્ઞાન, મિથ્યાત્વ–રાગદ્વેષાદિ અંતરંગ શત્રુ છે. સર્વ દુઃખોનું મૂળ આ દોષો જ છે. તેનો નાશ વિવેક, જ્ઞાન, ભાવનાથી થાય છે. માટે શ્રુતમય જ્ઞાનમાંથી ચિંતનમય જ્ઞાન અંતે ભાવનામય જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ. ઉત્તમ ભાવનાથી અંતરંગ શત્રુનો પ્રતિકાર કરી શકાય છે. અને દુઃખદાયી કર્મનાશથી જીવને સુખાનુભૂતિ થાય છે. તેથી જ હે સોમિલ! તેના વિનાશ માટે જ તું પ્રયત્નવંત બન. સ્વયં વિનાશી દેહના વિનાશથી શું ? વળી દેહના વિનાશ દ્વારા સર્જાતી જીવહિંસાનો તું વિચાર કર. આ વિચારણા જ તને દુઃખવિમોચનના સત્યરાહને બતાવશે.

વળી ગિરિ ઉપરથી ઝંપાપાત કરવાથી શું તારા દુઃખનો

તું નાશ કરી શકીશ? કેવલ તારા સુખને ખાતર ભૂમિતલવર્તી અનેક જીવોનો કચ્ચરઘાણુ થાય તે શું તને સુખ આપશે? કદાપિ નહીં. કિંતુ પાપનો બંધ કરાવી મહાદુઃખની પ્રાપ્તિ કરાવશે. તારા સુખનાં વિચારો તો હવામાં ફંગોળાઇ જશે. માટે જ ગિરિ ઉપરથી પતન દુઃખદાયી છે, જલ, અગ્નિમાં પડવાથી તેમાં રહેલ જીવોનો ઘાત થાય છે. તે અનિષ્ટ ફલદાયક છે. માટે હે ભદ્ર! તું સંયમયોગનો આદર કર. વળી તું વાંછિતાર્થને સંપાદન નહીં કરનારી વિરૂદ્ધ મતિનો ત્યાગ કરી દે.

મુનિ વચનથી ધર્મનું સત્ય સ્વરૂપ સમજાતાં વિપ્રનો મોહ દૂર થયો. મોહાંધકાર હરી જતાં દિવ્યપ્રકાશમાં આત્મવિકાસનો માર્ગ દૃષ્ટિગોચર થયો. અને તે જ મુનિ ભગવંત સમીપે દુઃખનાશિની પ્રવ્રજ્યા સ્વીકારીને અણુગારી આલમમાં તેણે પ્રવેશ કર્યો! હે સુતનુ! આ આશ્ચર્યકારી કથા મેં આજે સાંભળી. તેથી જ આવતાં આટલું મોડું થયું છે.

બન્ને વચ્ચેનો વાર્તાલાપ સાંભળી આત્મઘાત કરવા પ્રવૃત્ત થયેલા સંતડને વૃક્ષ ઉપર પૂર્વાનુભૂત ભાવનું સ્મરણુ કરતાં જાતિસ્મરણુ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેને અગમ-અગોચરભાવની સ્ફૂરણુા થઈ આવી. પૂર્વભવની પ્રત્યક્ષતા સાથે તેને દુઃખ વિમોચનનો ઉપાય લાધ્યો. સત્યનું અન્વેષણુ કરતાં તેણે આત્મઘાતના વિચારથી પીછેહઠ કરી. અને તુર્ત જ વૃક્ષ ઉપર બેઠેલા શુકને કહ્યું: ભો! ભો! નિષ્કારણુ બાંધવ! શ્રેષ્ઠપંખી! તારે બીવું નહીં. પણુ હું કહું તે તું સાંભળ. તું મારો ખરેખર ઉપકારી છે.

કેમકે તારા પ્રિયા સાથેના વાર્તાલાપથી મારી રહસ્યમય જીવન કહાની પ્રગટ થઇ ગઈ. જે સોમિલ બ્રાહ્મણની તે વાત કહી તે મારો જન્માંતરીય બાંધવ હતો. વળી મુનિપુંગવે જે ભાવોનું પ્રતિપાદન કર્યું, તે મેં યથાસ્થિત અનુભવ્યું છે વળી હાલમાં હું આત્મઘાત કરવા જ આ વૃક્ષ ઉપર ચઢયો છું. પણ ખરેખર ! મારૂં અહીં આગમન અને તારો વાર્તાલાપ શ્રવણ કરવાથી મને તત્ત્વદૃષ્ટિની પ્રાપ્તિ થઈ છે કોઇ સુકૃતાનુસારે મારૂં તારી સાથે મિલન થયું છે. અને જીવન પરિવર્તન કરવામાં તું સહાયક થયો છે. હવે હું આત્મઘાતની ઇચ્છા સંકેલી લઇ કર્મઘાત કરવા ઈચ્છું છું.

હે શુકરાજ ! મારો સર્વ અભિપ્રાય કહ્યો, અત્યારે તને એક પ્રાર્થના કરૂં છું, તું સ્વીકારીશ તો જરૂર મારો આત્મકલ્યાણનો માર્ગ સરળ બની જશે. તેથી જ હે પ્રિયમિત્ર શુકરાજ ! જો તે મુનિ ભગવંતનું અહીં કોઇક રીતે આગમન થાય, તો નિશ્ચિત હું સોમિલે પ્રાપ્ત કરેલ માર્ગને અનુસરૂં. પણ મારી આ અભિલાષા પૂર્ણ કરવામાં તું સહાયક થા, તું ત્યાં જઇ તે મુનિ ભગવંતને મારો અભિપ્રાય જણાવજે. નહીંતર તો તેમના અભાવમાં વાંછિતાર્થની પ્રાપ્તિ કેવી રીતે સંભવશે ?

અરે ભલા મિત્ર ! એટલા માત્રથી જ કાર્યની સિદ્ધિ થતી હોય, તો તું વિષાદ કર નહીં. હું તેમની પાસે જાઉં છું, એમ કહી રાત્રી પૂર્ણ થતાં શુકરાજ ગગનમાં વિહરી ગયા. અને કાળક્ષેપ વિના બંને મલયાચલ પર્વતે આવી ચઢયા.

ત્યાં જગત્પ્રકાશક જાણે સૂર્યદેવ જ ન હોય, તેવા તેજસ્વી સૂરદેવ રાજર્ષિને જોયા. તેમને વંદનાપૂર્વક સંતડે પોતાના અભિપ્રાયને તેમની સમક્ષ વિદિત કર્યો.

ત્યારે પાર્શ્વવર્તી સોમિલે પૂછયું: ભગવાન્! તે કોણ? જે મેં તને પૂર્વ જન્મના ભાઇની વાત કરેલ તે જ આ સંતડ છે. અહો ગુરુદેવ સંતડ! સંતડ! નામશ્રવણથી પૂર્વ ભવની સ્મૃતિ પ્રત્યક્ષ થઈ ગઇ. તેનું હૈયું આનંદથી થનગની ઉઠયું, તેને નવીન રસની અનુભૂતિ થઇ.

પછી તો ગુરુ ભગવંતને ચરણે પડી સંતડે વિજ્ઞપ્તિ કરી. ઓ કરૂણાનિધાન! વાત્સલ્ય મહોદધિ! ગુરુદેવ! ગુરુદેવ! મને આ ભવસાગરથી તારો. ત્યારે દીક્ષાની માંગણી કરતા સંતડ સમક્ષ ભગવંતે વિસ્તારપૂર્વક પ્રવ્રજ્યાનું સ્વરૂપ જણાવ્યું. તેને ઉત્સાહિત જાણી તેને આધિ–વ્યાધિ–ઉપાધિજન્ય દુઃખ નાશિની દીક્ષા પ્રદાન કરી. દેવતાએ તેને ધર્મોપકરણ આપ્યા. પછી પૂર્વભવના સહચારી પ્રીતિપૂર્વક બન્ને રહેવા લાગ્યા. ગુરુ પણ ગ્રહણાસેવન શિક્ષા પ્રદાન કરતાં સૂત્રાર્થની વાંચના આપતા હતા. તપની આરાધના કરતાં, અનિયત વિહારવડે પૃથ્વીતલ ઉપર તેઓ વિચરવા લાગ્યા.

સુંદર પ્રકારે સંયમી જીવનનું પાલન કરતાં ગુણાનુરાગી સંતડ મુનિ ઉચ્ચ ભાવના ભાવતા પોતાના લક્ષ્યને સાધવા તત્પર બન્યા.

તેઓ મુનિઓની વૈયાવચ્ચ વિગેરે કાર્યમાં ઉદ્યમી બન્યા.

"ગુરુ આજ્ઞાને પ્રાણ" માની સતત ગુરુ સેવામાં તત્પર બન્યા. અને કોઈ અલૌકિક જીવન જીવવા લાગ્યા. સુકૃત દ્વારા તેમના દિવસો વ્યતીત થવા લાગ્યા. સાથોસાથ પુણ્ય પણ અગણિત ઉપાર્જન થવા માંડયું કલ્યાણ મિત્રના મિલનથી જીવન પણ કલ્યાણમય બન્યું.

એકવાર વ્યાધિની વેદનાથી નજીકમાં જીવનનો અંત જાણી મહાત્મા સંતડે અણસણ સ્વીકાર્યું. તે અંતિમ આરાધનામાં પ્રવૃત્ત થયા. તેમણે પંચનમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી લીધી. ઇહલૌકિક આશંસાથી રહિત, ધર્મધ્યાનમાં પરાયણ સંતડમુનિએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો.

કાયા પડી રહી ને મહાત્માનો જીવ દિવ્યલોકમાં પ્રયાણ કરી ગયો. મહાત્મા મટી દિવ્યાત્મા પર્યાયને તેમણે ધારણ કર્યો, દિવ્યરૂપ ધારી શક્રસમ વૈભવશાલી, વીસ સાગરોપમ આયુષ્ય વાળો પ્રાણતકલ્પમાં તે દેવ થયા. રૂપલાવણ્યધારી તેણે ત્યાં વિષયસુખની અનુભૂતિ કરી આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને માનવલોકમાં તેનું અવતરણ થયું.

માનવલોકમાં પોતનપુરનગરમાં સમગ્ર ક્ષત્રિયકુલમાં પ્રધાન શ્રી સમરસિંહ રાજવી છે. તેની પદ્મા નામની પ્રધાન પત્ની છે. તેણીના ગર્ભમાં પુત્રપણે અવતર્યો. યોગ્યાવસરે તેણે પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મની વધામણીથી સમગ્ર રાજમંદિરમાં હર્ષના સાગરિયા ઉમટયા. નગરમાં આનંદ-મંગલ પ્રવર્ત્યા.

સમગ્ર પૃથ્વી ઉપર આનંદનું મોજું ફરી વળ્યું. દીન અનાથને મહાદાન અપાવ્યું. ખરેખર હર્ષિત થયેલા પુરુષોને किमदेयं હોય ? શું આપવા યોગ્ય ન હોય ? સર્વ આનંદમય વાતાવરણ પ્રસરી ગયું.

હવે જ્યારથી તે મહાત્માનું માતાના ગર્ભમાં આગમન થયું. ત્યારથી જ રાણી ભદ્રયશવાળી થઇ. તે નિમિત્તને અનુસરી કુલના સ્થવિરજનોએ યોગ્યાવસરે પુત્રનું "ભદ્રયશ" નામ સ્થાપન કર્યું. પંચધાત્રીથી પુષ્ટિ પામતો દેહથી વૃદ્ધિ પામી કુમારાવસ્થાને પ્રાપ્ત કરી તેણે સમગ્ર કલાઓનું શિક્ષણ મેળવ્યું. જાણે બૃહસ્પતિ જ ન હોય, તેમ સર્વશાસ્ત્રમાં થોડા સમયમાં જ પારંગત થયો.

એકવાર સમાનવયસ્ક રાજપુત્રો સહિત ઇચ્છાનુસાર ક્રીડા કરતાં મત્તકુંજર નામના ઉદ્યાનમાં ક્યાંકથી તે આવી ચઢયો. ત્યાં આજુબાજુ પરિભ્રમણ કરતાં એકાકી જ કદલી ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં સર્વાંગે સુતીક્ષ્ણ લોહકીલિકામય મહાદુઃખથી શબ્દોચ્ચારણ કરવા અસમર્થ એક પુરૂષ જોયો. તેને જોતાવેંત જ રાજપુત્ર વિસ્મય પામ્યો. અને વિચારવા લાગ્યો કે, શું આ બિભીષિકા ? કે દૃષ્ટિનો વિભ્રમ ? અથવા બુદ્ધિનો વિપર્યાસ ? ભલે જે હો, તે પણ અત્યારે તો દુઃખથી સંતપ્ત જીવનું રક્ષણ કરવું એ પુરૂષધર્મ છે. તો તેનું આચરણ કરૂં.

તરત જ તેની પાસે જઈ લોહકિલિકા બહાર કાઢી, તેની વેદનાનો વેગ મંદ થયો. એટલે રાજપુત્રે પૂછ્યું. "હે ભદ્ર ! તું કોણ છે ? તારૂં નામ શું ? અને કોનાથી તને આવી

મરણાંતિક આપદાની પ્રાપ્તિ થઈ. તે પરમાર્થને તું જણાવ. ત્યારે દીર્ઘ શ્વાસપૂર્વક અશ્રુ પરિપૂર્ણ નયનથી તેણે કહ્યું : ભો મહાભાગ ! જીવિતદાતા ! જો કોઇ કથનીય હોય, તો તને નિવેદન કરીશ. નહિંતર સર્વથા ન કહેવું એ જ સુંદર છે. વળી સુજનોને કથનીય તે જ છે કે જે મનને સંતુષ્ટ કરે. નહીં તો તે અકથનીય જ સારૂં.

વળી જે મારી આ અવસ્થા સાક્ષાત્ તેં જોઇ. તો નિર્લજ્જ એવા મારા નામને તારી આગળ કેવી રીતે પ્રગટ કરૂં ? વળી જેનાથી મને આવી અવસ્થા થઇ, તેનું નામ પણ લજ્જિત એવા મારે શી રીતે કહેવું ? તારી આગળ કહેવું અનુચિત છે. એમ કહી તે મહાદુઃખને પામ્યો. તે મૂર્ચ્છિત થયો. તેની આંખો મીંચાઇ ગઈ, તે ચેતના રહિત થયો. તેની આવી દશા જોઇ રાજકુમારે વિચાર્યું : અરે ! મેં આ મહાનુભાવને નામાદિ પૂછીને ફરીથી આવી દુષ્ટાવસ્થામાં નાંખ્યો.

શોકાતુર રાજકુમાર વસ્ત્રાંચલથી પવન નાંખવા લાગ્યો, શીતોપચાર કર્યો. શરીર સંવાહન કર્યું. તેથી તેને થોડીક સ્વસ્થતા પ્રાપ્ત થઇ. તે પુરૂષને આરામ કરતો મૂકી રાજકુમારે સંરોહિણી નામની ઔષધિ મંગાવી. તેના રસને તે વ્રણ ઉપર લગાડયો. તુર્ત જ મંત્રૌષધિના અચિંત્ય–પ્રભાવથી તે સ્વસ્થ–શરીરી થયો. પછી રાજપુત્ર તેને રાજમંદિરમાં લઇ ગયો.

તેને સ્નાન, વિલેપન, ભોજનાદિ, કરાવ્યું. સ્વસ્થ થઇ તેને ઉચિત સમયે રાજપુત્રે કહ્યું : હું તીક્ષ્ણદુઃખ ઉત્પન્ન

કરવા વડે તને જાણું છું. વળી તને પૂછવું યોગ્ય નથી. છતાં પૂર્વાપર તારા સ્વરૂપને નહીં સાંભળવાથી મને ક્યાંય ચેન પડતું નથી. શું કરું? ત્યારે તે પુરૂષે તેના અભિપ્રાયને જાણીને કહ્યું. "નરેન્દ્રસુત! એમ જ છે, તો મૂળથી મારી વાત તું સાંભળ.

વૈતાઢ્ય પર્વતના પૂર્વભાગમાં ભોગપુર નામનું નગર છે. ત્યાં સમર નામનો ખેચરરાજનો અમાત્ય છે. તેના બે પુત્રો છે. તેમા જયેષ્ઠ પુત્ર હું સાગર અને બીજો રૂદ્રદેવ. અમને બન્નેને શાસ્ત્રાદિનો અભ્યાસ કરાવ્યો. અમે ગગનગામિની આદિ વિદ્યાઓના જ્ઞાતા થયા.

યુવાવસ્થાને પ્રાપ્ત થયેલ અમે ગૃહકાર્ય ચિંતવવા પ્રવૃત થયા. પણ તે લઘુબાંધવ પદે પદે મારા છિદ્રોને શોધતો હતો. થોડી પણ ભુલને શોધી પિતાને બેવડી કરી કહેતો. પણ તે મહાનુભાવ ગાઢપ્રીતિથી શ્રવણ કરી તેની અવધીરણા કરતા પણ મને કંઈ જ કહેતા નહીં. બે, ત્રણ, પાંચ, વાર આળ-પંપાળ કરતા તે લઘુબાંધવને જોઈ પિતાએ નિશ્ચય કર્યો કે "આ કોઈ આનો જન્માંતરનો શત્રુ હશે."

તેના ઘણા પ્રકારના વિરૂદ્ધ વચન સાંભળવા છતાં પિતા મારા પ્રત્યે તો અનુચિત વાણીનો ઉચ્ચાર કરતા નહીં, પણ પ્રીતિભાવથી દિવસો પસાર થતાં હતા. ક્યાંયથી પણ મારી દુષ્ટાવસ્થાને નહીં જોતો રૂદ્રદેવ ચિત્તથી દુઃખિત હતો. તેના અભિપ્રાયને સ્વજનોએ જાણ્યો.

એકવાર મારા શરીરમાં વેદના પ્રગટી ઔષધાદિના ઉપચારો શરૂ કર્યા. ત્યારે મારી પ્રત્યે શત્રુતા ધરાવતો રૂદ્રદેવ વિરૂદ્ધ ઔષધાદિનું સંયોજન કરવા લાગ્યો તેની જાણ પિતાને થઇ. તેને ધડકાવ્યો. ત્યારે વિલક્ષમુખવાળો "હું કંઇ જ કરૂં નહી" એમ કહી ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારથી માંડી પિતાએ લોકોની અવરજવર બંધ કરી દીધી અને પોતે જ આદરપૂર્વક મારી સારસંભાળ કરવા લાગ્યા. કેટલાક દિવસો પછી હું સ્વસ્થ થયો. ત્યારે પિતાએ કહ્યું : વત્સ ! રૂદ્રદેવની સાથે તારે ભોજન શયન, ગમનાગમન ક્રીડા વગેરે કરવું નહીં. તે તારો કલ્યાણકારી નથી. પણ તારી સાથે શત્રુતાથી વર્તે છે. તે તને અનર્થમાં પાડશે. તેથી તારે ચેતીને ચાલવું. પિતાનું વચન મેં સ્વીકાર્યું.

એકવાર રૂદ્રદેવને ખબર પડી કે આ મને અનુસરતો નથી. વિરૂદ્ધ ચાલનારો છે. તેથી બાહ્યવૃત્તિથી સ્નેહ ધારણ કરી મને વિશ્વાસ પમાડતો હતો "વળી કયારેક લાગ મળે તો એને આપત્તિમાં પાડું" એમ વિચારી મારી સાથે ગાઢ પ્રીતિથી રહેવા લાગ્યો. વળી કુસુમ, તંબોલ ફલ પ્રદાન પૂર્વક મને હર્ષ પમાડતો હતો. તેથી આવી પ્રીતિ–ભક્તિ નીહાળી મેં પણ કુવિકલ્પો છોડી દીધા. અને પ્રથમની જેમ જ પ્રેમપૂર્વક ભોજન શયનાદિ સાથે કરવા લાગ્યો.

એકવાર તે મને પુષ્પાવતંસ નામના ઉદ્યાનમાં લઇ ગયો. ત્યાં અમે અનેક પ્રકારે ક્રીડા કરી, પછી લતાઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં શ્યામલ શ્રેષ્ઠીની મલયસુંદરી નામની પુત્રી પુષ્પો

વીણીને થાકી જવાથી આરામ કરવા પ્રવૃત્ત થઈ હતી. હવે લાંબા કાળથી ઉપાયને શોધતાં રુદ્રદેવે મને કહ્યું : તું આ લતાઘરમાં ક્ષણ માત્ર આરામ કર. એટલામાં હું સમીપવર્તી પ્રદેશમાંથી ઔષધિ લઇને પાછો ફરૂં. પછી આપણે બન્ને સાથે ઘરે જઇશું. મૂઢ બુદ્ધિવાળા મેં તેનું વચન સ્વીકાર્યું,

ત્યાર પછી રુદ્રદેવ ક્યાંક ગયો. કેટલાક પગલા! દૂર જઇને મોટી બૂમરાણ મચાવી કે "શ્યામલ શ્રેષ્ઠીની પુત્રીને કોઇ પુરુષ પકડે છે" તરત જ હાથમાં તલવારાદિ ધારણ કરી. વનરક્ષક પુરૂષો ત્યાં દોડી આવ્યા. તેમણે લતાગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં સખીવૃંદનાં મધ્યમાં શ્રમિત થયેલી શ્યામલ શ્રેષ્ઠીની પુત્રીને જોઇ. અને એક ખૂણામાં અવિરૂદ્ધ વૃત્તિથી રહેલ મને જોયો. ત્યારે તેઓ વિસ્મય પામી ચિંતવવા લાગ્યો કે શું તે સમર અમાત્યપુત્ર રૂદ્રદેવે અનુચિત બૂમરાણ માંડી! કંદર્પથી જ તેણે આ પ્રમાણે કોલાહલ કર્યો હોય એમ અમે માનીએ છીએ.

પછી મને જોઈ તેમણે પૂછ્યું : અમાત્ય પુત્ર! તું અહીં કેમ ઉભો છે? મેં કહ્યું : વિશ્રામ નિમિત્તે. ત્યારે વિલખા પડેલા તેઓ જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા. હું પણ ક્ષણ માત્ર પસાર કરી કાર્યને નહીં જાણતો સ્વમંદિરે ગયો. રૂદ્રદેવે મને જોયો. સંભ્રમિતપણે મને પૂછ્યું : તું ક્યારે આવ્યો?

હવે આ બાજુ વચગાળામાં વનરક્ષક પુરૂષોએ સર્વ વૃત્તાંત મારા પિતાને જણાવ્યો હતો. તે સાંભળી પિતા શોકાતુર થયા. આનું પરિણામ સુંદર નથી. એમ જાણી ચિંતા

તુર થયા. એકવાર પિતાએ મને ઉદ્યાન સંબંધી વાત કરી. ફરીથી મને રૂદ્રદેવની સંગતિ છોડાવી મારા દોષને બતાવ્યો.

ત્યારથી માંડી હું સર્વ બાહ્ય વિચારોને ગુપ્ત રાખી માધ્યસ્થ્ય ભાવને અવલંબી મહા મુનિની જેમ રહેવા લાગ્યો. આ રીતે વર્તતા કેટલા વર્ષો પસાર થઇ ગયા. મારી આવી શુભ વર્તણુંકને જોઈ પિતા વિગેરે સ્વજનો ખુશ થયા.

હવે એક દિવસ શ્યામાચાર્ય નામના તપસ્વીની નગરમાં પધરામણી થઇ. તેમને વંદન કરવા માટે મારા પિતા અને નગરજનો ગયા. હું પણ સંસારના આવા સ્વરૂપને જોઇ સત્ય સમજવા પિતાની સાથે ત્યાં ગયો.

ત્યાં મુનિ ભગવંતે પ્રાણીવધ, જુઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ દોષોના નાશ માટે સર્વજ્ઞ ભાષિત ક્ષમાદિ ધર્મનું સવિસ્તાર વર્ણન કર્યું. પ્રમાદી જીવો સંસાર અટવીમાં પરિભ્રમણ કરતાં મિથ્યાત્વાદિ ઉપાર્જન કરી ધર્મથી વિમુખ વર્તે છે. ધર્મથી રહિત મનુષ્ય મનવાંછિત વસ્તુને ઇચ્છે છે, તેને હું મૂર્ખ માનું છું. જેમ ઉખર ભૂમિમાં બીજને વાવીને ફળ ખાવાની ઇચ્છા રાખવી વ્યર્થ છે, તેમ ધર્મ વિહીન જીવોને ઇપ્સિતાર્થની પ્રાપ્તિ થવી અશકય છે. સાચા સુખાભિલાષીએ ધર્મમાં પ્રયત્નવંત બનવું જોઈએ, વળી ઘર–ધન–સ્વજનાદિ પરમાર્થથી તો નિસ્સાર છે. સુત–પિતાદિ સ્વરૂપથી સંસારમાં ભમતાં જીવોને કોણ પોતાનું ! કોણ પરાયું ! વળી સુખસંપત્તિને પ્રાપ્ત કરી કોણે આપત્તિ સહી નથી ? સુખની પાછળ ભટકતાં જીવોએ જીવન બરબાદ કર્યું છે. અને

દુઃખની હારમાળા સર્જી છે. વળી તે પુરૂષો ધન્ય છે. શ્લાઘનીય છે, વંદનીય છે કે જેઓ સંસારની અસારતાને સમજી સર્વસંગના ત્યાગી થઈ સાધુ બન્યા છે. અને મુક્તિ મંઝીલે પહોંચવાની કેડીએ પગલા માંડી અણનમ પણે શત્રુઓનો સામનો કરી કર્મરાજાની સામે જંગે ચડ્યા છે.

આવી તેમની ધર્મદેશના સાંભળી, મહાભાગ્યશાળી પિતા વૈરાગી બન્યા રાગીની દુનિયાના રંગરાગોથી તેમનું ચિત્ત વિરામ પામ્યું. વિરતિના પરિણામ જાગૃત થયા. પરિણામે સાધુ ભગવંતોને વંદના કરી ઘરે આવ્યા. સ્વજનોને એકત્રિત કર્યાં. સર્વસંગ ત્યાગની અનુમતિ માંગી અને સૌની સાથે ક્ષમાપના કરી. અભિમાન–પ્રમાદ–હાસ્ય–રોષથી કોઇની પ્રતિ પણ દુઃખદાયી પ્રવૃત્તિનું આચરણ કર્યું હોય, તો સર્વને ખમાવું છું. એમ કહી સર્વ જીવોની સાથે ક્ષમાપના કરી લીધી.

આ મારા પુત્રોને પણ ન્યાય માર્ગમાં સ્થાપન કરવા જોઈએ. એમ વિચારી મને પણ એકાંતમાં પિતાએ કહ્યું: વત્સ! લઘુબાંધવ સાથે થોડી પણ સંગતિ કરીશ નહીં. પછી સર્વજનને ખમાવી શ્યામાચાર્ય સાધુ સમીપે પિતાએ પ્રવ્રજ્યા સ્વીકારી મૌનીન્દ્ર શાસનમાં જોડાયા. તેઓ તપ–નિયમ જ્ઞાનાભ્યાસ, સંયમી ક્રિયાઓનું પાલન, ગામ નગરાદિમાં ગુરુ સંગાથે વિચરતા પૃથ્વીતલને પાવન કરવા લાગ્યા.

હવે માયાવી ભાઇએ કહ્યું, " આટલા દિવસ સુધી મૂઢતા અને અજ્ઞાનતાથી તારી સાથે સારી વર્તણુંક કરી નથી. પણ તારે તેને હૃદયમાં ધારણ કરવી નહીં. ખરેખર તું

જ પિતાના સ્થાને છે. સર્વ સ્વજનોના ચક્ષુભૂત તું જ છે. તારે લેશમાત્ર પણ વૈમનસ્ય ધારણ કરવું નહીં મને તારા દાસની જેમ નિશંકપણે કાર્યમાં જોડવો. મને આજ્ઞા ફરમાવવી. તેની મધુરવાણી સાંભળી, પૂર્વે આચરેલ દુષ્ટચેષ્ટાનું વિસ્મરણ કરી, આ રુદ્રદેવ ખરેખર સાચી મૈત્રી દાખવે છે. એમ મેં નિશ્ચય કર્યો. અને ફરી મૈત્રીથી વિચરવા લાગ્યો.

એકવાર સ્નેહપૂર્વક રૂદ્રદેવે મને કહ્યું. "ભાઈ! જંબૂદ્વીપની પદ્મવરવેદિકા નિહાળવા મને કુતૂહલ થયું છે. તો તું પણ ચાલ" હું પણ તેને અનુસર્યો. પછી વાયુવેગે બન્ને જણા ગગનતલને ઉલ્લંઘી પોતનપુરનગરના સીમાડે રહેલ આ ઉદ્યાનમાં આવ્યા. ત્યારે રૂદ્રદેવે કહ્યું, અહો! ઉદ્યાનની રમણીયતા! અહો! સુગંધથી વાતાવરણને મહેંકાવનાર કુસુમો! અહો! મોટા ફલોના સમૂહથી લચી પડેલી શાખાઓથી વ્યાપ્ત, વૃક્ષોની સ્નિગ્ધછાયા! ચાલો ભાઈ, આપણે ત્યાં જઈએ. ક્ષણમાત્ર વિશ્રાંતિ લઈએ. વિકલ્પથી રહિત એવા મેં પણ તેનું વચન સ્વીકાર્યું. અને અમે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો.

ત્યાં આ લતાગૃહમાં રક્ત અશોક પલ્લવોથી તેણે શૈય્યા રચી તેના પર મને સુવડાવી મારા શરીરને સંવાહન કરવા લાગ્યો. તે સમયે મનોહર પ્રદેશ શીતવાયુના સ્પર્શથી આલિંગન કરાયેલ, વળી શ્રમને કારણે મને તુર્તજ ગાઢ નિદ્રા આવી ગઇ. ત્યારે અમારા કુલમાં ધૂર્તકેતુ સમાન તે ભાઇએ સુતેલા એવા મારા શરીરને પૂર્વે લાવેલા તીક્ષ્ણલોઢાના

ખીલાથી જડી દીધું. પૃથ્વીતલને ભેદતા તેનાથી મારા હાથ-પગ-પણ સજ્જડ કરી દીધા. આ પ્રમાણે મરણાંતિક દુઃખ ઉત્પન્ન કરીને આનંદિત થતો તે દુષ્ટ વાયુવેગે પલાયન થઈ ગયો.

એ સમયે રાજપુત્ર જો તારૂં આગમન અહીં ન થયું હોત, તો નિશ્ચિત મરણને શરણ થયો હોત. સ્વસ્થ કરનાર તેં મને પૂછ્યું કે તું કોણ છે? વગેરે ત્યાં શું કહેવું? એક ગોત્રીય ભાઈ પણ આવું અયુક્ત આચરે તો પછી કહેવું તે શું યુક્ત છે? આવું કહેતાં હું લજ્જા પામું છું. વળી સુકુલમાં જન્મેલ લોકપ્રસિદ્ધ, લજ્જાળુ એવા મારે તારી સમક્ષ વર્ણન કરવું અયુક્ત છે. છતાં પણ જનની-જનક તુલ્ય તારી સમક્ષ મારા દુશ્ચારિત્ર ને કહેતા હું લઘુતા માનુ છું.

એમ કહી તે વિરામ પામ્યો. રાજપુત્ર વિસ્મિત થયો. છતાં વિચારવા લાગ્યો અહો! વિષમ ભવસ્વરૂપ! ગૃહવાસ કોને માટે કરવો? વળી પ્રણય સહિત બંધુ બુદ્ધિથી કોને જોવો? જુઓ તો ખરા! સહોદર બંધુ પણ અત્યંત વિરૂદ્ધ આચરણ કરે છે. ખરેખર! તેનો અન્યજન્મનો વૈરી હશે. તો જ તેને આવી વિપરીત બુદ્ધિ જન્મે, એમ હું માનું છું. વૈરનો અંજામ કરૂણ દુઃખદાયી હોય છે. આવી વિચારણામાં રાજકુમાર ચઢયો છે. ત્યાં તો પ્રતિહારિએ વિજ્ઞપ્તિ કરી, "રાજપુત્ર! દેવ સમરસિંહ આપને જલ્દી આવવા આજ્ઞા ફરમાવે છે.

કેમકે ત્રિજગત્પૂજ્ય, યાદવકુલનભને વિશે ચંદ્રમા સમ ભગવંત અરિષ્ટનેમિનાં સંતાનીયા ગુણદત્ત કેવલી સમોસર્યા

છે. તેમને વંદન કરવા જાય છે. માટે તમે જલ્દી ચાલો. તે સાંભળી હર્ષથી ઉત્ફૂલ્લ લોચનવાળો વિદ્યાધરને સાથે લઈ તે ઉઠયો. શૃંગારાદિ કરી શ્રેષ્ઠરથમાં આરુઢ થઈ, રાજવીને મળ્યો. પછી તેની સાથે પૃથ્વીપતિ મહાઋદ્ધિ, સમૃદ્ધિ સહિત નગરમાંથી નીકળ્યો. અને મત્તકોકિલ નામનાં ઉદ્યાનમાં આવ્યો.

તે સમયે કેવલી ભગવંતે પણ દેવનિર્મિત્ત સુવર્ણકમલમાં બેસી, દેવતાઓથી સેવાતા ચરણકમલવાળા ત્રિકાળવર્તી પદાર્થોના સ્વરૂપને પૂછતાં ભવ્યજીવોની સમક્ષ ધર્મકથા ફરમાવી રહ્યા હતા. ત્યારે સપરિવાર રાજા ત્યાં આવ્યો. ત્રણ પ્રદિક્ષણા પૂર્વક કેવલી ભગવંત અને સમગ્રમુનિ પુંગવોને તેમણે વંદના કરી, તેઓ યોગ્ય સ્થાને બેઠા. ભગવંતે પણ સમ્યક્ત્વમૂલ સંસાર સમુદ્ર તરવામાં નાવસમાન, પ્રાણીવધ, જુઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની વિરતિરૂપ, નિસંગતા ધારક, સમગ્ર મનો-વાંછિત પૂરવામાં કલ્પવૃક્ષ સમ, અનેક પ્રકારે ધર્મનું વર્ણન કર્યું. વળી સુરા–સુરાધીશ ઇંદ્રિની સંપત્તિની પ્રાપ્તિ એ ધર્મનું અવંધ્ય ફલ છે. એમ પણ દર્શાવ્યું.

વળી ધર્મવિરૂદ્ધ પ્રવૃત્તિ આચરનાર આ ભવ અને પરભવમાં પણ દારૂણ વિપાકને અનુભવે છે તે પાપવૃત્તિનું સ્વરૂપ સમજાવી, સ્વભાવથી વિરસ, દુઃખફલક, દુઃખનું અવં-ધ્યકારણ પૂર્વે કરેલ દુષ્કૃતની કટુતા છે. એમ વસ્તુનું પરમાર્થ સ્વરૂપ વર્ણવ્યું.

તે સાંભળી ભાલતલે કરકમલને સ્પર્શી પૂર્વે ઉત્પન્ન સંશયનું નિરાકરણ કરવા રાજપુત્ર ભદ્રયશે પૂછયું, "ભગવન્!

આ વિદ્યાધરના ભાઈ વિદ્યાધરે તેને મરણાંતિક અનર્થ ઉત્પન્ન કરવા વડે કેમ અનુચિત આચરણ કર્યું? ત્યારે કેવલી ભગવંતે કહ્યું. ” પૂર્વજન્મે નિકાચિત વૈરભાવ જ અહીં કારણ છે ત્યારે રાજપુત્રે પૂછ્યું. પુનઃ એણે શું અપરાધ કર્યો? ત્યારે કેવલી ભગવંતે કહ્યું, “ તેના પૂર્વભવને તું સાંભળઃ—

આ ભવથી ત્રીજા ભવે કનકખલ સંનિવેશમાં વાસિષ્ઠ-ગોત્રી એ અગ્નિસિંહ બ્રાહ્મણનાં શંકર અને કેશવ નામના બન્ને પુત્રો હતા. તેમાં પ્રથમ સરળ સ્વભાવી હતો. બીજો કુટિલ સ્વભાવી હતો. બન્ને મોટા થયા ને ઘરકાર્ય સંભાળવા લાગ્યા. કાલક્રમે માતા–પિતા મૃત્યુ પામ્યા. તેના મૃત્યુ સંબંધી કાર્યને પતાવ્યું. પછી બન્ને પરસ્પર પ્રતિથી ગૃહકાર્ય કરવા લાગ્યા. તે બંને લોક સ્થિતિનું સમ્યક્ પ્રકારે પાલન કરતા હતા. તેથી તેઓ લોકોને માનનીય થયા.

એકવાર કુટિલ સ્વભાવી કેશવને શંકરે કહ્યું: વત્સ! કુટિલ હૃદયવાળાનો સુશીલ હોવા છતાં લોકો વિશ્વાસ કરતાં નથી તેથી તારે સર્પની જેમ કુટિલતાનો ત્યાગ કરવો જોઇએ. સરળ સ્વભાવથી જે કાર્યની સિદ્ધિ થાય છે, તે કુટિલ સ્વભાવવાળાને થતી નથી. તેવા જીવો ગુણીઓમાં દોષોનું આરોપણ કરે છે. એમ સ્પષ્ટાક્ષરે મોટા ભાઈએ નાના ભાઇને વિનવ્યો. ત્યારે તે કુપિત થયો. પછી આકારને ગોપવી હૃદયમાં મત્સરને ધારણ કરતો બાહ્યવૃત્તિથી પૂર્વની જેમ તેની સાથે વર્તવા લાગ્યો.

હવે એકવાર વ્યાપાર કરવા યોગ્ય સામગ્રીથી ગાડું ભરીને શંકરે કેશવને પરદેશ વ્યાપાર કરવા મોકલ્યો. ત્યાં વ્યાપાર કરીને ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. પછી કેટલાક કાળે સ્વદેશે પાછો ફર્યો. પોતાનાં ઘરે આવ્યો. પણ મૂળ દ્રવ્યમાંથી કેટલુંક દ્રવ્ય સંતાડી થોડું ધન વડીલ બાંધવને બતાવ્યું. તે જોઈ કોપાયમાન શંકરે કહ્યું : અરે! શું મૂળ દ્રવ્યમાં પણ તેં હાનિ કરી! અહો! તારૂં કળામાં કુશલપણું! અહો! લાભોદયપ્રકર્ષ! કેવી રીતે તું કુટુંબ નિર્વાહ કરીશ! ત્યારે કેશવે કહ્યું : આય-વ્યય કરતાં આટલું જ ઉપાર્જન થયું, તેમાં હું શું કરૂં? તે સાંભળી શંકર મૌન રહ્યો.

આ બાજુ કેશવે પોતાના સેવકોને પ્રથમથી જ કહી દીધું હતું કે, મોટા ભાઇ તમને પરદેશમાં ઉપાર્જન કરેલ ધન સંબંધી કંઈ પૂછે તો કોઇએ પણ સત્ય હકીકત કહેવી નહીં. પણ એક દિવસ કેશવને એક નોકર સાથે લડાઇ થઇ. દુર્વચન, કરચેષ્ટા, પ્રહારવડે એક બીજા સાથે લડવા લાગ્યા. ત્યારે ક્રોધે ભરાયેલા તે નોકરે દેશાંતરમાં ઉપાર્જન કરેલ કેશવની પાસે જે દ્રવ્ય છે, તે સંબંધી હકીકત ખુલ્લી કરી દીધી.

ત્યારે મૌનને ધારણ કરી વિચારને દબાવીને શંકર રહ્યો. પછી હંમેશ ઘરની ચારે બાજુ તે ધનની શોધખોળ કરવા લાગ્યો. એકવાર પ્રભાત સમયે શંકર સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતો હતો. ત્યાં તેણે એક કાટખૂણામાં ધૂળથી આચ્છાદિત ભૂમિભાગ જોયો. અને નિશ્ચય કર્યો કે અહીં કંઈ દ્રવ્ય દાટેલું હશે. એમ વિચારી જ્યારે કોઇપણ માણસની ઘરમાં હાજરી ન

હતી. ત્યારે તેણે તે બહાર કાઢી જોયું તો વીસ કનકની લગડી જેટલું નિધાન નીકળ્યું. તે બહાર કાઢી ઘેર લઇ ગયો. અને ખાડો પાછો ધૂળથી પૂરી દીધો. પહેલા જેવી સ્થિતિમાં હતો. તેમ કરી તે ઘરકાર્ય કરવા લાગ્યો. પછી વીસ તાંબાની લગડી ઉપર નિપુણ સુવર્ણકાર પાસે સોનાનો રસ ચઢાવી શંકરે નિધાનના સ્થાને તેને સ્થાપિત કર્યા. જેને જોઈ કેશવ મોહ પામે. એમ કરતા કેટલાક દિવસો પસાર થઈ ગયા.

એકવાર બન્નેની વચ્ચે વિક્ષેપ પડ્યો. અને જુદા જુદા આવાસો કરાવ્યા. ધન–ધાન્ય–ક્ષેત્રાદિ નવવિધ પરિગ્રહની પણ વહેંચણી કરી લીધી. ધંધા પણ જુદા કરવા લાગ્યા. કાળક્રમે કેશવનું ધન ખૂટી ગયું. પરિણામે રાત્રીએ તે એકાકી ચાલી નીકળ્યો. અને પૂર્વે જે જગ્યાએ નિધાન છૂપાવ્યું હતું, તે સ્થાને આવી જમીન ખોદી તેણે નિધાન બહાર કાઢયું. વીસ લગડી જોઇ તેના લાભથી તે આનંદિત થઈ ગયો

એકવાર વેપાર માટે ધનની જરૂરિયાત જણાતાં તેણે એક સુવર્ણની લગડી સુવર્ણકારને બતાવી તેને જોતાવેંત અત્યંત કુશલ સુવર્ણકારે કહ્યું : અરે કેશવ! આ તો કૃત્રિમ સુવર્ણમય છે. તે સાંભળી કેશવ ક્ષોભ પામ્યો. પોતાને હાથે નાંખેલ સુવર્ણ કૃત્રિમ શી રીતે થાય! અહો! દૈવની પ્રતિકૂલતા! એમ વિચારી તે સંતાપ કરવા લાગ્યો. ત્યારે ફરીથી સુવર્ણકારે કહ્યું : જો વિશ્વાસ ન તો હોય તને પ્રત્યક્ષ ખાતરી કરાવી બતાવું. ત્યારે કેશવે પણ ખાતરી કરાવવા કહ્યું : અને સુવર્ણકારે તે લગડીના બે ટૂકડા કરી તાંબુ બતાવ્યું. જેવી

રીતની આ લગડી છે. તેવી જ સર્વે હશે. તેથી કેશવ ખૂબ સંતાપ કરવા લાગ્યો. ફરીથી સુવર્ણકારે કહ્યું : "આ પ્રમાણે કૃત્રિમ સુવર્ણ બતાવીશ તો ક્યારેક તું રાજાથી પણ નિગ્રહને પામીશ." તેથી તેને ઘરમાં જ છૂપાવી રાખજે. સારૂં, એમ કહીને કેશવ ઘરે આવ્યો. તેણે કૃત્રિમ સુવર્ણને મૂકી દીધું.

હવે અત્યંત ચિંતાતુર તે ચિંતવવા લાગ્યો." આ અનર્થનિર્માણમાં શું કારણ હશે ! શું પૂર્વકૃત દુષ્કૃત્ય ! શું પિશાચાદિથી કરાયેલ હશે ? અથવા કોઈએ લઈને કૃત્રિમ સુવર્ણને ફરીથી સ્થાપન કર્યું હશે ! કંઈ જ કારણ જણાતું નથી. આમ અનેક સંશયરૂપી અનિલ લહરીથી ડોલાયમાન ચિત્તવાળો તે શોક કરવા લાગ્યો. પરિણામે તેની રતિ દૂર થઈ ગઇ. તેની ભોજનેચ્છા તૂટી ગઈ. રાત્રીમાં તેની નિદ્રા હરામ થઇ ગઈ, તેની ધીરતા પણ ખૂટી અને તેણે કુલમર્યાદા પણ ત્યજી દીધી.

જાણે મદોન્મત્ત જ ન હોય, તેમ તે મૂર્છિત, ચિત્રમાં આલેખિત જ ન હોય તેમ તે નિશ્ચેષ્ટ–શરીરી થયો. દીર્ઘ શ્વાસોશ્વાસ લેતો હોય, તેમ તે વિવિધ વિચારોમાં પણ ધનની અનર્થતા પ્રદર્શિત કરતો હતો, એમ કરતાં તે મહાદુઃખી થયો. પરિણામે તેનાં શરીરમાં જ્વર લાગુ પડ્યો, તે વિવશ થઇ પડ્યો રહેતો. લોકોમાં વાત ફેલાઇ કે કેશવને જીવલેણ રોગ થયો છે. તેનો પ્રતિકાર કોઈ જ કરી શકતું નથી. વાયુવેગે ફેલાયેલી આ વાત શંકરના કાને પડી. ત્યારે પોતાની બુદ્ધિથી નિધાન સંબંધ જ રોગનું કારણ છે એમ જાણી શંકર ભ્રાતૃપ્રેમથી કેશવ સમીપે ગયો.

તેણે સ્નેહપૂર્વક પૂછયું. અરે તને આ શું થયું ! ત્યારે કેશવે કહ્યું : હું કંઇ જ જાણતો નથી. કોણ જાણે કેમ મારી ભોજનની અભિલાષા પણ દૂર થઇ ગઇ. હાલતો હું શરીરથી અદ્ધર જ રહું છું. હવે જીવન પણ ટૂંકુ જણાય છે. એમ કહેતા તો તેની આંખમાં આંસુ આવી ગયા. અને કહ્યું ભાઈ મારી તું એક પ્રાર્થના સાંભળ. મારા સ્વજનોની તું સાર સંભાળ કરજે. ભાઇની આવી વાત સાંભળી શંકરનું મન પણ ચલિત થઈ ગયું, તે સ્નેહાનુબંધથી વિચારવા લાગ્યો કે વ્યવસાયથી ભગવતી લક્ષ્મી તો સુલભ છે. પણ સહોદર ભાઇની પ્રાપ્તિ દુર્લભ છે. તો ઉભયભવ વિરૂદ્ધ આ દ્રવ્યથી શું ? અત્યારે ભાઇનું જીવન બચાવવું એજ મારી ફરજ છે.

તરત જ તેણે કહ્યું : વત્સ ! તું ધીરો થા ! ટૂંક સમયમાં તું નિરામય શરીરવાળો થઇશ તેમ હું કરીશ ! તું શાંત થા ! એમ કહી એકાંતમાં અમૃતરસ જ ન હોય તેવી મધુર-વાણીથી કેશવના કાનમાં અપહરણ કરેલ સુવર્ણની લગડી સંબંધી વાત કરી. અને કૃત્રિમસુવર્ણમય બનાવી તે પણ જણાવ્યું. આ વાત સાંભળી કેશવના નયનકમલ વિકસિત થયા. તેનાં રોમાંચ ખડાં થયા. તેને રતિની પ્રાપ્તિ થઇ. તેને ભોજનની વાંછા ઉત્પન્ન થઈ. તે ઉભો થયો અને શંકરના ચરણમાં પડયો. અને કહેવા લાગ્યો કે ભાઇ ! તેં સારૂં કર્યું કે આ ધન હરી લીધું. હું મહાપાપી અને અસત્યવાદી છું. અને આવી શિક્ષાને યોગ્ય છું. મેં સર્વથા અનુચિત કર્યું છે. આજથી જીવન પર્યંત આવી દુષ્ટચેષ્ટાથી

હું નિવૃત થાઉં છું. ભાઇ! ખરેખર તું જ મારો ઉપકારી છે. પણ મેં તારી પ્રત્યે શત્રુતા ધારણ કરી હતી.

તે સાંભળી શંકર સંતુષ્ટ થયો. સુવર્ણની લગડી મંગાવી અર્ધી–અર્ધી વહેંચી લીધી. પણ કોઇ રીતે તેનો ઉપઘાત કરવા અસમર્થ કેશવ હૃદયથી તો દુઃખી જ હતો. છતાં ભોજનાદિ કાર્યમાં તે પ્રવૃત્ત થયો.

સંસારના આવા સ્વરૂપને નિહાળી ધનની પાછળ સર્જાતી અનર્થ પરંપરાને જોઇ કામભોગથી વિરક્ત થયેલ શંકરની ભાવના પ્રદીપ્ત થઈ ગઈ અને વિષયવાસનાથી મુક્તિ અપાવનારી પ્રવ્રજ્યાને સ્થવિરો પાસે સ્વીકારી. અને તે દુષ્કરતપ કરતો, સમ્યક્ પ્રકારે સંયમનું પાલન કરવા લાગ્યો.

આ બાજુ કેશવ પ્રથમથી જ તેના પ્રત્યે મત્સર વહન કરતો "તે મરી ગયો" હશે એમ વિચારી શંકરના પુત્રને કહ્યું: અરે! તારા પિતાએ તો અહીંથી–તહીંથી એમ કરી અમારૂં ધન ગ્રહણ કર્યું છે. તેમાંથી થોડું જ મને આપ્યું છે. તેથી મને અનુસરતા તારે કંઇપણ બોલવું નહીં. તારે તે ધન મને આપવું જોઈએ આ રીતે તેમની વચ્ચે બોલાચાલી વધી પડી. ધનને માટે લડાઈ ઉપસ્થિત થઇ. મામલો વિફર્યો. ત્યારે બન્ને પક્ષોએ રાજ્યના કારણિક પુરૂષોને સર્વ હકીકત નિવેદન કરી. તેઓએ પણ વસ્તુસ્થિતિને નહીં જાણતાં શંકર પુત્ર પાસેથી તેને ધન, અપાવીને કેશવનો વિસંવાદ છેદી દીધો.

આ છે ધન! દુનિયાના જીવોને આંધળા કરનાર, સગા ભાઇઓ વચ્ચે પણ કલહ કરાવનાર, અનર્થની હારમાળાને

સર્જાવનાર, કુળને કલંક લગાડાવનાર ધન તેના લોભી જીવોને જીવન ખેદાન-મેદાન કરી નાંખે છે. તેથી ધનની મૂર્છા ઉતારી સુપાત્રમાં વ્યય કરી પુણ્યાનુબંધીપુણ્યના ભાગી બનવા પ્રયત્નવંત થવું જોઇએ.

હવે એકવાર વિહાર કરતાં શંકર મુનિ ત્યાં આવ્યા. સ્વજન પરિવારે વંદના કરી, પછી એકાંતમાં પુત્રે કેશવને સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળી મુનિને થોડો કષાય થયો. પણ તેને ગોપવી તે વિચારણામાં પ્રવૃત્ત થયાં. રે જીવ! પુત્રના વિષયમાં કષાય કરવો એ અયોગ્ય છે. પણ સંયમ યોગમાં વર્તવું એ જ સાર છે. વળી પુત્રાદિ સંયોગ પણ અનર્થની વૃદ્ધિ કરનારા છે. આલોક અને પરલોકમાં અત્યંત દુઃખની ખાણ સમાન છે. વળી અહીં જ અનર્થો દેખાય છે. ખરેખર સંગથી દુઃખની અને નિઃસંગથી સુખની પ્રાપ્તિ થાય છે. તેથી સંગના ત્યાગમાં પણ ઉદ્યમ કરવો જોઇએ. સંગના ત્યાગી બનેલા મુનિઓના સુખની તોલે ચક્રીનું સુખ પણ તૃણ સમાન છે. ખરો સુખી તો સર્વસંગ સાધુ ત્યાગી જ છે. તેથી જ કહ્યું છે કે—

परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखं ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥

તેથી જ સર્વ સંગના ત્યાગી બની નિઃસંગદશાનાં રાગી બનેલા જીવો સુખી છે. વળી પરપદાર્થોનો સંગ સુગતિરૂપ ગૃહને અર્ગલા સમાન છે. એમ વિચારી ફરીથી મધ્યસ્થભાવને ધારણ કરી પ્રમાદને ત્યાગી તે મહાત્મા સંયમયોગમાં ઉદ્યમવંત થતા, અને દીર્ઘકાળ પર્યંત સંયમનું પાલન કરી

પલ્યોપમ આયુષ્યવાળા સૌધર્મ દેવલોકમાં દેવ થયા. અને કેશવે પણ દીર્ઘ ગૃહસ્થ પર્યાયને પાળી મુનિ સમીપે પ્રવ્રજ્યા સ્વીકારી. તે સરાગ સંયમને પાળી અસુર નિકાયમાં દેવ થયો. ત્યાં તે દિવ્યસુખ ભોગવવા લાગ્યો. હવે તે શંકરમુનિનો જીવ કાળક્રમે આયુષ્ય ક્ષયે સૌધર્મ દેવલોકથી ચ્યવીને વૈતાઢ્ય પર્વત ઉપર ભોગપુરનગરમાં વિદ્યાધરરાયના સમર અમાત્યનો સાગર નામનો તું પુત્ર થયો. અને કેશવનો જીવ અસુરનિકાયથી ચ્યવીને તારો રૂદ્રદેવ નામનો લઘુબાંધવ થયો.

અને હે સાગર વિદ્યાધર! પૂર્વભવના અમર્શથી ક્રોધથી તને ક્ષુદ્રોપદ્રવ કરવાની તેણે પ્રવૃત્તિ આચરી છે. આ સર્વ હકીકત સાંભળી ભદ્રયશ રાજપુત્રને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. તે સંવેગરસમાં તરબોળ બન્યો. અને સુખી સ્વજન પરિજનના પ્રતિબંધથી સર્યું એમ તેણે નિશ્ચય કર્યો. પરિણામે તેને સર્વ વિરતિના પરિણામ જાગ્યા, પછી કેવલી ભગવંતને વંદન કરી તે સ્વગૃહે ગયો.

માતા-પિતા પાસેથી સંયમની સંમતિ મેળવી વિદ્યાધર પુત્ર અન્ય રાજપુત્રોથી પરવરી આશ્રયપદ ઉદ્યાનમાં આવ્યો. અને મારી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પછી બુદ્ધિમાન તેણે સકલ સુરાસુર નરવરને પૂજનીય, મોક્ષદાનમાં દક્ષ, પરમ ગણધર પદવી પ્રાપ્ત કરી. આ છે ભવ સ્વરૂપની ભીષણતાને દર્શાવતું અષ્ટમ ગણધર ભદ્રયશનું ચરિત્ર. હે અશ્વસેન મહીપતિ! હવે તો સંવેગરસમાં લયલીન બનાવનાર નવમા-દશમા ગણ-ધરના પૂર્વભવથી સંકલિત દેશનાને તમે સાંભળો.

---

## જાતિ-સ્મરણ-વીણા વાગે!
## એના નાદે આતમ જાગે!

નવમ-દશમ ગણધર

શ્રી જય-વિજય

[૯-૧૦]

# મોહજાળ છેદી બની ગયા અણગાર

જંબૂદ્વીપના મુકુટ તુલ્ય, દક્ષિણ દિશાના અલંકારભૂત કુરૂદેશ છે. તેમાં સર્વત્ર વિસ્તાર પામેલ છે યશ જેનો એવું હસ્તિનાપુર નામનું નગર છે. તેમાં પરાક્રમી વૈરી વર્ગને વશ કરનાર, અનેક યુદ્ધમાં વિજયી બનેલ વિજયબલ નામના રાજવીનું શાસન ચાલે છે. તેને સર્વ અંતઃપુરમાં પ્રધાન, મનોહર રૂપ–લાવણ્યશાલી બે પત્નીઓ છે. તેમાં પ્રથમ ભાર્યા તિલકસુંદરી છે. તેનો ગુણગણોથી પરિપૂર્ણ વિજયચંદ્ર નામનો પુત્ર છે. અને બીજી સૌભાગ્યસુંદરી અને તેનો પદ્મદેવ નામનો પુત્ર છે.

બાલ્યવયમાં ક્રીડા કરતાં બન્ને શોભતાં હતા. વળી રૂપલક્ષ્મીથી તેઓ વૃદ્ધિ પામતા હતા. તેમ રાજાના મનના મનોરથો પણ વૃદ્ધિ પામતા હતા. તેઓને જોતા શત્રુ પણ ખેદ પામતા હતા. તેઓનું મનોહર રૂપ સૌ કોઇને આકર્ષણ કરતું હતું. જેના દૃષ્ટિપથમાં તેઓ આવે, તેને સુરાંગનાં પણ ન ગમે, સ્વચ્છંદપણે તેઓ નગરમાં ભમતાં હતાં. વળી પૂર્વ પુણ્યોદયથી અલંકૃત જાણે માણિક્યરત્ન જ ન હોય તેમ કૌતુકથી લોકો તેને આનંદ ઉપજાવતા હતા. બાલ્યવયમાં જાણે સુંદર કલ્પવૃક્ષ જ ન હોય, તેમ બન્ને શોભતા હતા. એકવાર પૂર્વે નિકાચિત અશુભ કર્મના ઉદયથી વિજયચંદ્રની માતા તિલકસુંદરીને જલોદર નામનો રોગ ઉત્પન્ન થયો. પરિણામે સુંદરીની કાયા કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ ક્ષીણ

કાંતિવાળી થઇ ગઈ. તેના મૃણાલ એવા સુંદર બાહુ યુગલ ક્ષીણ થયા, ચામડાની સોટી જ ન હોય, તેવા જંઘાયુગલ થયા. ત્યારે તેની ચિકિત્સા માટે રાજાએ ઘણા વૈદ્યોને બોલાવ્યા તેમણે પણ અનેક ઔષધોનું પાન કરાવ્યું. પણ તેણીના શરીરમાં લેશમાત્ર ફેરફાર થયો નહીં. બધા જ ઉપાયો વ્યર્થ ગયા. દિન–પ્રતિદિન તેની કાયા ક્ષીણ થવા લાગી. ત્યારે તિલકસુંદરી આકુળવ્યાકુળ થઇ ગઇ. પોતાના પ્રાણને ધારણ કરવા અસમર્થ થઇ, અને રાજવીને બોલાવ્યા. તેણે પ્રણામ-પૂર્વક કહ્યું. "હે દેવ! આપના ચરણારવિંદના દર્શન કરવા હું અયોગ્ય છું. તેથી જો મારી ઉપર તમને સ્નેહભાવ હોય, તો મારા પરલોકના હિતાર્થે દાનાદિકને કરો." રાણીનાં વચન સાંભળી દુઃખિત અશ્રુપૂર્ણનયનથી રાજાએ કહ્યું. "દેવી! કાનને વજ્રાશનિ સમાન આવા વચનોને તું શા માટે ઉચ્ચારે છે! મને આ રાજસુખથી શું? અને આવી રાજ્યલક્ષ્મીથી પણ શું? આ ચાતુરંગ સૈન્યથી પણ શું? તારા જીવિત વિના સર્વ ફોગટ છેઃ મારે એની કશી કિંમત નથી. પ્રાણથી પણ અધિક પ્યારી, હૃદયાનંદકારી તું જ છે. તારી હાજરીમાં જ આ પદાર્થો મને આનંદ આપનારા છે, તારી ગેરહાજરીમાં નહીં. માટે જ દેવી! તારા પ્રાણને બચાવવા કદાચ મારા જીવનની આહૂતિ આપવી પડશે, તો હું આપી ચૂકીશ. પણ તું આવા વચનો ઉચ્ચાર નહીં. તું ધીરજ ધારણ કર તારો વિરહ હું જીરવી શકીશ નહીં. સર્વ પ્રયત્નોથી તારા રોગના પ્રતિકાર માટે પ્રયત્ન કરીશ, પ્રાણના ભોગે પણ તારી રક્ષા કરીશ. ત્યારે રાણીએ કહ્યું : હે પ્રિયતમ! શરીરની ક્ષીણતા

અને આવી દુઃખાવસ્થાને દૂર કરવા ઇંદ્ર પણ સમર્થ ન થાય, તો પછી હે દેવ ! અવસ્થાને તમે શું કરશો ? ત્યારે રાજાએ કહ્યું : દેવી ! આવી અમંગલકારી કથાથી સર્યું.

પછી રાજાએ રાજ્યસભામાં પ્રવેશ કર્યો. મંત્રી મંડલને એકત્રિત કર્યું. અને તિલકસુંદરીના રોગ સંબંધી વાતો કરી. ત્યારે મંત્રીએ કહ્યું : દેવ ! વિશિષ્ટ વૈદ્યોને બતાવો અને ઔષધાદિ ઉપચારો કરો. "સર્વ ઉપાયો કર્યા પણ નિષ્ફળ થયા" દીર્ઘ નિઃશ્વાસપૂર્વક ભૂપતિએ કહ્યું હવે કોઈ બીજા ઉપાયો બતાવો, જેથી દેવી સ્વસ્થતાને પામે.

ત્યારે વામદેવ મંત્રીએ કહ્યું : દેવ ! અત્યારે મારા સ્મૃતિપથમાં આવ્યું છે કે, સમસ્ત શાસ્ત્રના પરમાર્થને જાણનાર, સિદ્ધ છે કાત્યાયની મંત્ર જેને એવા અમારા ભૈરવ નામના ગુરુ છે. વળી આકૃતિ, મુષ્ટિભેદ, દષ્ટિબંધ વગેરે કૌતુકમાં તે સામર્થ્ય ધરાવે છે. તેમજ અંગુષ્ઠાપ્રતારિક દેવતાના વચનથી તે અતીત, અનાગત, વર્તમાનભાવને જાણવા શક્તિમાન છે. તો આ કાર્યમાં તેમને પૂછવું યુક્ત છે. તથા લાભ-અલાભમાં, જીવિત-મરણમાં; જય-અજયમાં તે જે કહે તે જાણે કેવલી દષ્ટ જ ન હોય, તેમ સત્ય સિદ્ધ થાય છે. રોગનાં વિષયમાં તે જેમ કહે, તેમ જ બને છે. સાધ્ય-અસાધ્યપણું પણ જણાય છે. વળી તેના બીજા ઘણા આશ્ચર્યજનક અતિશયો છે. તો દેવ અત્યારે રોગની વાત તેને કરવી જોઈએ. કદાચ તેનાથી પણ દેવીને ઉપકાર થાય. હવે મંત્રી વચનને અંગીકરી રાજવીએ પ્રધાનપુરૂષો દ્વારા ભૈરવયોગીને બોલાવ્યો.

રાજાના કહેણુથી તે તુર્ત જ આવ્યો, તેને આસન પ્રદાન કર્યું. અને તેણે આશીર્વાદ પ્રદાન પૂર્વક આસન શોભાવ્યું.

રાજવીએ પણ આદરમાનપૂર્વક તેની સાથે વાર્તાલાપ કર્યો. રાણીની કુશળતા સંબંધી પૃચ્છા કરી. ઉચિત સમયે અંજલિપૂર્વક રાજવીએ કહ્યું : ભગવન્! કૃપા કરો. દેવી નિરોગી ક્યારે થશે? તે જણાવો.

ત્યારે ભૈરવે કહ્યું : મહારાજ! જેવો પવનનો પ્રવાહ હોય છે. તેના અનુસારે દેવીને આરોગ્યની પ્રાપ્તિ અસંભવિત છે. ભગવાન્! એમ કેમ! ત્યારે ભૈરવે કહ્યું : સાંભળો. જે પવન વહે છે, તે જ પવન પૃચ્છા કરનારમાં વહેતો હોય તો કાર્ય સિદ્ધિ થાય, નહીંતર વિપરીત પરિણામ ઉત્પન્ન થાય છે. એમ જ પરંતુ કેટલીકવાર વાત, પિત્ત, કફ, શ્લેષમ પરિશ્રમને કારણે પણ અન્યથા પવનનો પ્રવાહ જોવા મળે છે. તેથી તમે કોઈ દેવતા વચનથી દેવીના રોગના નિદાન સંબંધી નિશ્ચય કરો. સારૂં ત્યારે એમ જ કરૂં એમ કહી તેણે મંડલ આલેખ્યું ત્યાં અક્ષતશરીરી સ્નાન કરાવેલી, ધવલવસ્ત્રોથી શોભિત, ચંદન રસથી વિલેપન કરેલી એક કુમારિકાને બેસાડી મંત્ર-સામર્થ્યથી તેનામાં આવેશ ઉત્પન્ન કરી દેવતાનું સંક્રમણ કર્યું. તુર્ત જ તે બોલવા લાગી.

રાજાએ પોતે જ કર્પૂરાગરૂ ધૂપ કર્યો. જે પૂછવામાં આવે તેના જવાબો સ્પષ્ટાક્ષરે તે કુમારિકા બોલતી હતી. ત્યારે રાજાએ કહ્યું : ભગવતી! કૃપા કરી દેવી તિલકસુંદરીના આરોગ્ય સંબંધી પ્રત્યુત્તર આપો. મહાશય! દેવીને કહો આજથી

ધર્મૌષધ કરે. લાખો દેવો મળે તો પણ કાયા નિરોગી કરી શકે નહીં. માટે તમે દેવીના જીવિતની આશા છોડી દેજો. તત્ક્ષણ રાજા વિલખો પડ્યો. મુખ શ્યામ કાંતિવાળું બન્યું. તેની આંખોમાંથી આંસુધારા વહી રહી. તે જોઇ કુમારિકાએ કહ્યું : મહારાજ ! બીજા લોકોની જેમ કેમ ધીરજ છોડી કાયર બનો છો ?

વળી પૂર્વભવમાં અજ્ઞાનતા, રાગ-દ્વેષથી જીવે જે અશુભ કર્મ ઉપાર્જ્યા હોય, તેનું અનિષ્ટફળ મળે જ છે. તેનું નિવારણ કરવા ઔષધો, વિવિધ પ્રકારના દેવો કે દાનવો પણ સમર્થ થતાં નથી. કેવલ ભોગવ્યા વિના તેનાથી છૂટકારો થતો નથી. કરેલા કર્મની અનુભૂતિ કરવી જ પડે છે. અને કર્માનુસાર સુખ-દુઃખની પ્રાપ્તિ થાય છે. તેમાંથી સર્વથા મુક્તિ મેળવવા ધર્મૌષધ જ રામબાણ ઈલાજ છે.

હે દેવી ! તમે કહો કે પૂર્વભવે તેણે શું કર્યું હતું ? ત્યારે કુમારિકાએ કહ્યું : રાજન્ ! પૂર્વભવે તેણે શું કર્યું તે સાંભળો :

બંગાલ નામનો દેશ છે. તેમાં પદ્મસંડ નામનું નગર છે. ત્યાં વસે અભયકુમાર નામના શ્રેષ્ઠિ. તેની શાંતિમતિ નામની પત્ની છે. તેની સહચારીણી પણ અનુપમ છે. દરેક કાર્યમાં પતિદેવની આજ્ઞા શિરસાવંદ્ય કરનારી છે. બન્ને જિનધર્મના રાગી છે. યથાશક્તિ ધર્મારાધના કરતા તેઓ કાળ પસાર કરતા હતા. એકવાર શાંતિમતિએ પ્રયત્નથી ભોજન નિષ્પાદન કર્યું. પણ કોઇ પણ વિષપ્રયોગથી વિરસતાને પામેલું જોઈ

તેણે વિચાર્યું. શું તેનો ત્યાગ કરૂં? અથવા કોઈને આપી દઉં.

ત્યાં તો ભિક્ષાર્થે ધર્મયશ નામના સાધુએ તેના ઘરમાં પ્રવેશ કર્યો. જાણે તેની ચિંતાનું નિરાકરણ કરવા જ આગમન થયું ન હોય, તેમ સાધુને પ્રણામ કરી તે આહાર વહોરાવવા લાગી. સાધુએ પણ પોતાની મતિથી ઉદ્‌ગમ, ઉત્પાદના દોષથી વિશુદ્ધ જાણી તે આહાર ગ્રહણ કર્યો. "સિદ્ધ કાર્ય" એમ વિચારી સાધુજી ત્યાંથી પાછા ફર્યા અને ગુરુ સમીપે આવ્યા.

ગમનાગમન આલોચનપૂર્વક ઇરિયાવહિયા પ્રતિક્રમી ગુરુ ભગવંતને આહાર બતાવ્યો. પછી અપટુશરીરી ગુરુને ભોજનાર્થે બેસાડચા ત્યારે તેમણે દેવ-ગુરુનું સ્મરણ, બાલ-ગ્લાન મુનિઓની ચિંતાપૂર્વક રાગ-દ્વેષ રહિત મનથી વાપરવાનો આરંભ કર્યો. વિકારી-વિરસ એવો આહાર વાપરતાં સૂરિના દેહે અતિદુસ્સહ જરા, અતિસાર વગેરે મહારોગો સંક્રાંત થયા. સાધુએ ઔષધાદિથી તેમના રોગનો પ્રતિકાર કર્યો. મહાકષ્ટે મહાસત્ત્વશાલી ગુરુ ભગવંતને આરોગ્ય સાંપડચું. પછી જીવોની રક્ષા માટે પ્રતિદિન શાસ્ત્રાર્થનો વાર્તાલાપ કરવા લાગ્યા. ઉપદેશ-લબ્ધિથી ભવ્ય જીવોને પ્રતિબોધ કરી આત્માની પરિકર્મિતા જાણી, જિનકલ્પ અંગીકાર કર્યો, પર્યવ-સાને અણસણ કરી નશ્વર દેહને ત્યાગી તે દેવલોકની ઋદ્ધિના ભોક્તા બન્યા.

અત્યંત વિરૂદ્ધ ભક્તદાનથી મહાદુઃખ ઉપાર્જન કરી, પરિણામે કર્મફલની અનુભૂતિ કરવા શાંતિમતિ મરીને સાધુના

દેહને પીડા ઉપાર્જન કરવા દ્વારા નિંદિત જાતિમાં ઉત્પન્ન થઈ. ક્યારેક તે જરાથી પીડાતી, તો ક્યારેક તીવ્ર શ્વાસકાસની વેદના અનુભવતી, ક્યારેક નિર્ધનપણાને પામી તે મૃત્યુને ભેટી. પછીના ભવોમાં તો ક્યારેક વિષધરના વિષથી ચેતના રહિત બની, તો ક્ષુધા-તૃષાથી પીડાતી અનેક દુખપરંપરા અનુભવી દીન-અશરણપણે તેણીએ અનેક જન્મો ગુમાવ્યા.

પૂર્વે ઉપાર્જન કરેલ કર્મના કટુવિપાકને અનુભવી, તે કર્મની લઘુતા થતાં દરિદ્ર-કુલમાં પુત્રીપણે જન્મી ત્યાં દુર્ભાગી તેને કોઇ પરણ્યું નહીં ત્યારે વૈરાગી બની, પોતે કરેલ પાપ સમજાતાં, પાપથી મુક્તિ મેળવવા પાપના નાશ માટે સાધુ ભગવંત સમીપે ગઇ. તેમની પાસે ધર્મશ્રવણ કર્યું. તે દિવસથી સંવેગરંગ-તરંગમાં ઝીલતી છઠ્ઠ, અઠ્ઠમ, તપ કરતી, ધર્મરસની અનુભૂતિ કરતી આ દુનિયાને તેણે છેલ્લી સલામ ભરી. મહારાજ! તે શાંતિમતિનો જ જીવ હાલમાં તારી અગ્રમહિષી થઇ છે. અને હાલમાં અનિર્જરિત પૂર્વ કર્મોદયથી જલોદરની મહાવ્યાધિ અનુભવતી અંતિમ અવસ્થામાં રહેલી છે. હાલમાં આયુષ્ય ક્ષય થતાં તે મૃત્યુ પામશે. આ રીતે સમગ્ર હકીકત જણાવી દેવતાધિષ્ઠિત કુમારી વિરામ પામી.

રાજા પણ તિલકસુંદરીના શરીરને તેવા પ્રકારનું જાણી શોકાતુર થયો. ભૈરવને વિદાય કર્યો. અને અંતઃપુરમાં તેણે પ્રવેશ કર્યો. તિલકસુંદરીને નિહાળી. તેણે પ્રેમપૂર્વક કહ્યું: હે સુતનુ! જેમ તેં કહ્યું તેમ જ દેવતાધિષ્ઠિત કુમારીએ પણ કહ્યું છે. વ્યાધિની ઉપશાંતિ થાય તેમ નથી. મૃત્યુ ડોકિયું

કરી રહ્યું છે. ત્યારે તિલકસુંદરીએ કહ્યું: આવી અવસ્થાનું દેવતાએ શું કારણ કહ્યું? ત્યારે ભૂપતિએ દેવતાએ કહેલ તેનો પૂર્વભવ જણાવ્યો.

તે સાંભળી...." આ તો સ્વયં મેં અનુભવ્યું છે. એમ વિચારતા તેને નવીન રસની અનુભૂતિ થઈ. તેના કર્મપડલ દૂર થયા. અને જાતિસ્મરણ જ્ઞાન પ્રકટયું. જાતિસ્મરણ જ્ઞાનનાં પ્રકાશમાં મહા અનિષ્ટ પરંપરા નિહાળી હૃદય રડી રહ્યું. તે પાપનો પશ્ચાતાપ કરવા લાગી. રે પાપીજીવ! આત્માને અનર્થકારી એવું તેં શું કર્યું! મુનિભગવંતને અનુચિત આહાર પ્રદાન કરી મહાપાપ તેં ઉપાર્જન કર્યું. અરે પાપી! તારા આચરણને ધિક્કાર છે. એક પુદ્‌ગલની વિરસતા નિહાળી તે અનેક ભવ દુઃખદાયી કર્મ ઉપાર્જન કર્યું. અને સંસાર–પરિભ્રમણમાં વૃદ્ધિ કરી.

હવે અત્યારે શું કરવું જોઇએ? થોડા સુખની પાછળ અનેક દુ:ખ ઉત્પાદક દોષના સેવનથી અનાર્યકુલમાં જન્મ ઈત્યાદિ આવું બધું જોતા તો એમ જ થાય કે "ઉગ્રવિષા-હારનું ભક્ષણ કરવું શ્રેષ્ઠ છે, શૂલની શૈય્યામાં સુવું શ્રેષ્ઠ છે, પ્રબલ જ્વાલાકૂલ અગ્નિમાં પ્રવેશ શ્રેષ્ઠ છે, પણ અવિચારી ચેષ્ટા કરવી યુક્ત નથી. જે અનેક અનર્થ પરંપરાને સર્જ-નારી છે. વારંવાર પૂર્વકૃત દુષ્કૃત્યોની ગર્હા કરવા લાગી. પોતાના આત્માની દુષ્ટ ચેષ્ટાને ધિક્કારવા લાગી. પાપકર્મોને નિંદતી સંવેગભાવમાં લયલીન બની ધર્માભિમુખી થઈ. તે પૂર્વે સ્વીકારેલ જૈન ધર્મનું સ્મરણ કરવા લાગી.

ખરેખર મુનિને અયોગ્ય દાનથી જ મહાપાપનો અનુબંધ થાય છે, તે જાણી આવી અનુચિત ચેષ્ટાનો ત્યાગ કરવો જોઇએ. નહીં તો ભવપરંપરા–દુઃખાનુભૂતિ–જન્મ–જરા–મૃત્યુની પ્રાપ્તિ થાય છે. તે પણ દુઃખદાયી હોય છે. મુનિ ભગવંતની આશાતનાનું ફલ! તિલકસુંદરી પણ પૂર્વકૃત કર્મનાં ફલાસ્વાદને કરી રહી છે. તેનું હૈયું રડી રહ્યું છે. છાતી ધ્રૂજી રહી છે, મન પોકારી રહ્યું છે, રોમાંચ ખડા થઈ ગયા છે, અંતિમ પળો ગણાઈ રહી છે, પણ આત્મા ધર્મમાં લયલીન બની ગયો.

ત્યારે રાજાએ કહ્યું : દેવી! કુમારીએ કહેલ વૃત્તાંત સત્ય છે? નરવર! સર્વ સત્ય છે, તો હવે પરભવમાં જતાં જીવને પથ્યભૂત કાર્યમાં મારે ઉદ્યમ કરવો જોઇએ, ત્યારે રાજાએ કહ્યું : દેવી! હવે તો તને જે યોગ્ય લાગે તે કર. તારી અંતિમ પળોને તું ધન્ય બનાવી સુકૃતની ભાગી થા! વિશિષ્ટ તપ–ચરણવાળા જ્ઞાનવાન પાત્રને ધર્માર્થે દાન પ્રદાન કર. દીનજનોનો ઉદ્ધાર કર. અત્યારે તો તારે માટે રાધાવેધ તુલ્ય પ્રસ્તાવ છે. દેવી! સજ્જ થા. મૃત્યુની સામે અડગ બની અંતિમ પળોને ધન્ય બનાવી લે. તું વિલંબ કરીશ નહીં. મૃત્યુનો મહોત્સવ ઉજવી પાપકર્મના નાશપૂર્વક પુણ્યાનુબંધ કરી લેજે.

ત્યારે રાજાના હિતકારી વચન સાંભળી તિલકસુંદરીએ સર્વ અંતઃપુરની સ્ત્રીઓ–અને સૌભાગ્યસુંદરીને બોલાવી. અને અંતિમપળોને ધન્ય બનાવવા ઈચ્છતી તે વિનયભાવે સર્વ

જીવોની સાથે ક્ષમાપના કરવા લાગીઃ મારા વડે મદથી, ક્રોધથી, લોભથી કે ઠગવૃત્તિથી કોઈને પણ દુઃખ ઉપજાવ્યું હોય તો મને તમો ક્ષમા કરજો. મારા દોષને હૃદયમાં ધારણ કરશો નહીં. મને ક્ષમા કરો ! ક્ષમા કરો ! મારો અપરાધ ખમાવો !

પછી સૌભાગ્યસુંદરીને અલંકારના પ્રદાનપૂર્વક તેણે સ્નેહપૂર્વક કહ્યુ : ભગિનિ ! હાસ્યાદિથી મારો કંઇ પણ અપરાધ કર્યો હોય, તો મને ક્ષમા આપજે. અને આ વિજયચંદ્ર રાજપુત્રને તું પદ્મદેવ તુલ્ય ગણજે. "सुज्ञेषु किं बहुना ?" એમ કહી ગદ્‌ગદ્ અક્ષરે બોલતી વિજયચંદ્રકુમારને તેના ખોળામાં અર્પણ કર્યો અને કહ્યું : તને જેમ યોગ્ય લાગે તેમ કરજે. હવે મારી કોઇ આશા નથી. ટૂંક સમયમાં જ મારૂં પરલોક તરફ પ્રયાણ થશે.

એમ કરી તેણે વિજયચંદ્રકુમારને હિતકારી વચન કહ્યા. પુત્ર ! આજથી આને તારી મા માનજે, મારાથી પણ અધિક મનથી તું તેને જોજે. તેની સર્વ વાત માન્ય કરજે. તેમની આજ્ઞા શિરોધાર્ય કરજે. હે વત્સ ! આજ કે કાલ હવે તો હું અકલ્યાણભાગી, મરણને શરણ થઈશ. મારી અંતિમ શિખામણ તું અવધારજે. તું સર્વની સાથે વાત્સલ્યભાવથી વર્તજે એમ બોલતાં-બોલતાં વાત્સલ્યમયી માતાની કરૂણામય આંખો રૂદન કરવા લાગી.

સ્વજન પરિવાર પણ રૂદન કરવા લાગ્યો. શોકાતુર પરિજન સહિત સૌભાગ્યસુંદરીએ કહ્યું : દેવી ! આજથી તું પુત્રની

ચિંતા કરીશ નહીં. પ્રથમ વિજયચંદ્રને મારો પુત્ર ગણીશ, પછી પદ્મદેવને ગણીશ. સાંત્વન આપી તેને સંતોષ પમાડયો.

ત્યારબાદ અંતઃપુરની સ્ત્રીઓ ચિત્તમાં સંતાપ વહતી, શ્યામમુખાકૃતિ સહિત "एवं पज्जवसाणो जीवलोगोत्ति" એમ બોલતી તિલકસુંદરીને સમ્યક્ પ્રકારે ખમાવીને પોતપોતાના સ્થાને ગઈ. અને દેવી સૌભાગ્યસુંદરી પણ વિજયચંદ્રરાજપુત્રને આદરપૂર્વક ગ્રહણ કરી, સંસારની અસારતાને ભાવતી પરિચારીકા બની તેની પાસે જ રહી. ત્યારબાદ પતિદેવની સાથે અંતિમ સમાલોચના કરવા તત્પર બની. અને હરઘડી આંખોમાંથી શ્રાવણ ભાદરવા વર્ષાવતા, શોકાતુર રાજવીને તિલકસુંદરીએ કહ્યું : દેવ ! બીજા લોકની જેમ તમે શા માટે શોક કરો છો ! શું કયાંય તમે સાંભળેલું છે કે, જોયેલું છે, કે અહીં લોક નિત્ય જ રહે ! કોઇ મરતું નથી ! શું કોઈ જીવ અમરપણાની ચિઠ્ઠી લખાવીને આવેલ છે? તો પછી રાજન્ ! તમે શા માટે સંતાપ કરો છો ? જે કોઈ માનવી જન્મે છે, તે સાથે મૃત્યુની ચિઠ્ઠી લખાવીને જ આવે છે. જગતમાં કોઈ એવો જીવાત્મા નથી, જેણે આ દશા અનુભવી ન હોય. ચક્રવર્તી મોટા મોટા રાજવીઓને પણ અહીંથી વિદાય લેવી પડે છે. તો પછી મારા જેવાની તો શી વાત ! દરેક ઈતિહાસમાં, શાસ્ત્રના પાને પાને આ વાત સુવર્ણાક્ષરે આલેખાયેલી છે. તો પછી હે રાજન્ ! શા માટે તમે ખેદ કરો છો ! ચતુર્ગતિરૂપ સંસારમાં જીવોને જન્મ-જરા મરણાદિની પ્રાપ્તિ અવશ્યંભાવી છે. કાચી તે કાયા કારમી, સડી

પડી વિણસી જાય, જીવડો જાય ને કાયા પડી રહે મૂઆ પછી બાળી કરે રાખ” આવી સ્થિતિ છે. તો પછી શા માટે શોક કરવો જોઈએ? એમ રાજાને આશ્વાસન પમાડી દેવીએ સર્વસંગનો ત્યાગ કર્યો. પરમેષ્ઠિ સ્મરણમાં લયલીન બની ગઈ. અંતિમપળોને પાવની બનાવી દીધી. તિલકસુંદરીનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું અને તિલકસુંદરીનો જીવ દેવલોકમાં અવતર્યો, ત્યાં દિવ્યઋદ્ધિ પ્રાપ્ત કરી.

નરપતિએ પણ પરલોક ગયેલી તિલકસુંદરીનું પારલૌકિક કાર્ય કર્યું. કાળક્રમે તે પુત્રની ઉપર સ્નેહભાવ દર્શાવતો અલ્પ-શોકવાળો થયો. બન્ને પુત્રને વ્યાકરણ, કાવ્ય, છંદ, કથા સંબંધી શાસ્ત્રાભ્યાસ કરાવ્યો.

વળી કરવાલ, કુંત, સરાસણ, ચક્રાદિ શસ્ત્ર પ્રક્ષેપણ-વિધિમાં કુશળ બનાવ્યા. યૌવન વયને પામેલા બન્નેને પરમ ઋદ્ધિપૂર્વક રાજપુત્રીઓ પરણાવી. તેઓ બંને પરસ્પર સ્નેહ-પૂર્વક દિવસો પસાર કરે છે.

આ બાજું તે રાજા પણ માતાના વિયોગના દુઃખને વિસ્મરણ કરાવતો, માતૃવિયોગી રાજપુત્ર વિજયચંદ્ર ઉપર કરૂણા દાખવતો વિશેષ સાર સંભાળ કરતો હતો. તેને વસ્ત્રા-લંકાર અર્પણ કરવા લાગ્યો. પરસ્પર તેમની વચ્ચે સ્નેહભાવ વૃદ્ધિ પામવા લાગ્યો. આ બાજુ રાજાની આવી વર્તણુંક જોઈ, વિચાર કરવામાં નાજુક, તુચ્છતા જોવામાં પ્રધાન છે બુદ્ધિનો પ્રકર્ષ જેનો એવી તે સૌભાગ્યસુંદરીને ઇર્ષ્યા જન્મી. તે હૃદયમાં બળવા લાગી. તેને અગ્નિજ્વાલા સમ દાહ પેદા થયો. ઇર્ષ્યાના

પાપે બીજાનું જીવન ખેદાનમેદાન કરવાની ભાવના તેને પેદા થઇ ગઇ, પરિણામે ખરાબ વિચારો આવવા લાગ્યા.

રાજા કોઈપણ કારણથી વિજયચંદ્રને અધિક દાન સન્માન આપે છે. અને સ્નેહભાવ પણ રાખે છે. તેવો મારા પુત્ર ઉપર કેમ નહીં! આવું શા માટે રાજા કરે છે. અથવા શું મારાથી અધિક કૃપાપાત્ર વિજયચંદ્રની જનની હતી કે તે સંબંધથી તેના પુત્ર ઉપર પણ અધિક સ્નેહભાવ રાખે? એટલા માત્રથી કોઇ દોષ નથી. પણ ભૂપતિ કયારેક મારા પુત્રને મૂકી તેને રાજ્ય અર્પણ કરશે તો? તો ઘણું જ અનુચિત થશે. એમ વિચારતી દિવસો પસાર કરવા લાગી.

"ઇર્ષ્યા અગનજાલ, જીવન કરે હવાલ" ઈર્ષ્યાથી અનેકોના જીવન ખતમ થયા છે. ઇર્ષ્યાલુ પોતે તો બળે, પણ બીજાને પણ ભસ્મીભૂત કરે છે. સાંસારિક સુખને માટે જીવનમાં ઇર્ષ્યાનો પ્રવેશ થવા દેશો નહીં. ઇર્ષ્યાને દેશવટો દેશો, કોઈની સુખી જિંદગી જોઈ બળશો નહીં, નહિંતર તમારૂં જ જીવન બરબાદ થઇ જશે. તમને મળશે શું? કંઇ નહીં, પાપની કમાણી બીજું કંઇ નહીં.

હવે એકવાર રાજવીને કાલસેન નામના ભીલ્લપતિની સાથે અકાળે કલહ થયો. ત્યારે કોપાતુર રાજવી તેનો નિગ્રહ કરવા જાતે જ તૈયાર થયો. આ વાત જાણી કુમાર વિજયચંદ્રે પિતાશ્રીનાં ચરણકમલમાં પ્રણામ કરી રાજાને પાછો વાળી, હાથી–ઘોડા–રથ–પાયદળ સહિત પ્રયાણ કર્યું. પાંચ દિવસ

ચાલે તેટલું ભાથું લીધું, અને વેગથી પલ્લી સન્મુખ પ્રયાણ કર્યું. એક દિવસમાં બાર યોજન મઝલ કાપતા પલ્લી આગળ તે આવી પહોંચ્યો.

તે સમયે દિનકર અસ્ત પામ્યો હતો. તે સમયે ખરીના પ્રહારથી ક્ષોણીતલની રજને ઉછાળી ગગનમંડલને આચ્છાદિત કરતી ગાયો પ્રવેશ કરી રહી હતી, પોતાના માળા તરફ પક્ષીઓ પણ ફરી રહ્યા હતા, કોલાહલથી દિશા પણ ગર્જના કરી રહી હતી, ત્યારે ગુપ્તચરોને પણ જાણ ન થાય અને આરક્ષક પુરૂષો પણ ઓળખી શકે નહિં, તેવી રીતે અકાલે જાણે યમરાજનું આગમન જ ન હોય, તેમ રાજપુત્રે કાલસેનના ભવનમાં પ્રવેશ કર્યો અને બોલી ઉઠચો : અરે ! અરે ! દુરાચારી ! અધમ ! તારા ઉપર વિજયબલ ભૂપતિ રૂષ્ટ થયો છે તેથી તું બળવાન રાજવીની શરણાગતિ સ્વીકારી લે. તે સિવાય તારો મોક્ષ નથી. એમ કહીને રાજપુત્રે ચેષ્ટાના ઘાતથી પલ્લીપતિને પૃથ્વી ઉપર પાડચો. અને તેને બંધનમાં ઘાલ્યો. અને ક્ષણમાત્રમાં પલ્લીમાંથી ધન, કંચન વસ્ત્રાદિ-ઉત્તમ વસ્તુઓને ગ્રહણ કરી પલ્લીનાથને બેડીમાં નાંખી કુમાર પાછો ફર્યો.

પાંચ રાત્રિ જેટલા ટૂંકા સમયમાં તે પોતાના નગરે પહોંચ્યો, રાજાના ચરણમાં પલ્લીનાથને સ્થાપન કર્યો. અને પલ્લીમાંથી પ્રાપ્ત કરેલી વસ્તુઓને અર્પણ કરી. રાજપુત્રનું પરાક્રમ નિહાળી રાજા સંતુષ્ટ થયો. મહાપુરૂષોની કૃપાદૃષ્ટિ શું ન કરે ? રાજવીની કૃપાદૃષ્ટિ પડી અને કુમારને યુવરાજ પદવી મળી, એટલું જ નહીં પણ તેને હાથી-ઘોડા-કોશ કોષ્ઠાગાર ભેટમાં મળ્યા.

હવે એકવાર યુવરાજ હાથીની ઉપર આરૂઢ થયા. મસ્તકે શ્વેત આત્તપત્ર શોભી રહ્યું છે. બન્ને બાજુ ચામર વીંઝાય છે. આવા રાજવૈભવથી શોભિત કુમારને નગરજનો નિહાળી રહ્યા છે, માગધ ચારણો ગુણસ્તુતિ કરી રહ્યા છે. અને નગરજનને આનંદ આપતા યુવરાજ રયવાડીએ જઈ રહ્યા છે. આ દશ્ય ગોખમાં બેઠેલી સૌભાગ્યસુંદરીના દૃષ્ટિપથમા આવ્યું. તેની ઋદ્ધિ સમૃદ્ધિને જોતાં જ તે સ્તબ્ધ થઈ ગઈ. તે સંતાપ કરવા લાગી. અને ચિંતવવા લાગી : અત્યારે મારે શું કરવું યોગ્ય છે ? ત્યાં તો ઇર્ષ્યાની અગનજાલ પ્રજવલી ઉઠી.

અરે ! મારા પ્રણયભંગની અપેક્ષા રાખ્યા વિના જ રાજાએ સપત્નીના પુત્રને આવી પદવી આપી. એટલું જ નહીં, પણ ક્યારેક રાજગાદી પણ અર્પણ કરશે, તો મારા પુત્રનું શું થશે ? તો હું એવું કરૂં કે એને રાજ્યગાદીની પ્રાપ્તિ ન થાય, પણ તે માટે તો તેના પ્રાણ–નાશ સિવાય બીજો કોઈ ઉપાય નથી. પરની સ્પૃહા કરતી રાજ્યના લોભે તેને મારવા કામણ કર્યું. એકવાર પાનની સાથે ચૂર્ણ ભેળવી દીધું અને પાનબીડું તેને અર્પણ કર્યું. તેણે પણ નિઃશંક–પણે તેનો ઉપભોગ કર્યો. તરત જ વિજયચંદ્રકુમારના શરીરમાં દાહજ્વર આદિ દોષોએ પ્રવેશ કર્યો.

કુમારની આ વાતની જાણ રાજાને કરાઈ. અને દુઃખાનુભૂતિ કરતાં તેણે મંત્ર–તંત્રાદિના જાણકારોને બોલાવ્યા. અને કુમારની વાત કરી, તેમણે પણ રોગપ્રતિકાર માટે અનેક ઉપાયો પ્રારંભ્યા, પણ તેનામાં વિશેષ કંઇ જ ફેરફાર થયો

નહીં. ત્યારે વિલખામુખવાળા મંત્રિકો અને તાંત્રિકો પોત-પોતાના સ્થાને ગયા.

રાજપુત્રની કાયા દિન-પ્રતિદિન સૂકલકડી જેવી બનતી ચાલી. તેના બાહુયુગલો કૃશ થયા. તેનું મુખકમલ, નયન, વગેરે સંકુચિત બન્યા. તેના શરીરની શોભા અદર્શનીય બની. તેથી રાજપુત્ર લજ્જા પામતો કોઈને પણ પોતાનું મુખ બતાવતો ન હતો. કેવલ આત્માથી આત્માની વિચિકિત્સા કરતો તે વિચારવા લાગ્યો : અરે! વ્યાધિગ્રસ્ત મને સાથે ક્રીડા કરનાર લોકો પણ ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, તો આ રોગાવસ્થા ખરે જ અનુચિત છે. જ્યાં પ્રિયજનો સ્નેહતંતુથી બંધાયેલા મહા પ્રીતિભાવને દર્શાવનારા પણ આજ વિમુખ થઈને મો[illegible]નું પ[illegible]ત કરે છે. તો ત્યાં આગળ રહેવું બુદ્ધિવંતને યુક્ત નથી.

વળી બીજા અભિમાનીઓના પરાભવને સહવામાં અસ-સર્થ, આપદામાં પડેલા મારે બીજા કોઈને મારા આત્માને બતાવવો નથી. તો હાલમાં મારે શું કરવું જોઈએ ? શું અગ્નિમાં પડી કાયાને ભસ્મસાત્ કરું ? કે જલમાં પ્રવેશ કરું ? ભૈરવપતન કે ગિરિશિલા ઉપરથી આત્માને પાડું ? હું શું કરું ? ભગવાન્ ! કોઈ જ માર્ગ જણાતો નથી. હા ! હવે યાદ આવ્યું. શાસ્ત્રાર્થને જાણનારા મુનિ પાસે હું જાઉં, તેમને પૂછું. તે જરૂર મને માર્ગ દેખાડશે. પછી જે યોગ્ય હશે, તેમ કરીશ. એમ વિચાર કર્યો.

અને પછી પોતાના બાલ્યકાળનો સાથી, શુભંકર નામના

બાલમિત્રની પાસે ગયો. અને કહ્યું : મિત્ર ! તું મારૂં એક કામ કરીશ ? કોઇ કુશલ મુનિ પાસે જઈ પૂછજે કે, મરવાને ઇચ્છતા માનવે ગિરિપતનાદિ મરણમાંથી કયું મરણ સ્વીકારવું જોઇએ ? શાસ્ત્રમાં શ્રેષ્ઠ શું કહ્યું છે ? તેણે પણ તેની વાત સ્વીકારી અને ક્ષેમદત્તનામના મુનિની પાસે જઇ વિનયપૂર્વક પ્રણામ કરી સમુચિત મરણ સંબંધી પૃચ્છા કરી, મુનિવરે પણ કહ્યું : અનેક જીવોના દુઃખના કારણભૂત ગિરિશિખર ઉપરથી પતનાદિ રૂપ મરણ યુક્ત નથી ! પણ તપ–સંયમમાં ઉદ્યમીને પોતાના ક્રમથી પ્રાપ્ત થયેલ આરાધના પ્રધાન મરણ શ્રેષ્ઠ છે. તેની જ શ્લાઘા કેવલી ભગવંતોએ કરી છે.

આ વાત સાંભળીને પછી તેણે સર્વ અભિપ્રાય રાજપુત્રને જણાવ્યો. ત્યારથી તેનું ચિત્ત મરણની ઇચ્છાથી વિરામ પામ્યું. અને તે ચિંતવવા લાગ્યો. અહીં રહીને હું કંઈ જ કરવા શક્તિમાન નથી. તેથી કોઇ એવા દેશમાં ચાલ્યો જાઉં કે, મને કોઇ જ જાણે નહીં, વળી આ શરીરને હાલમાં કાંતિમય સુંદરાવયવવાળું શી રીતે કરી શકું ? અથવા મારે શોક કરવાથી શું ? પોતે કરેલા દુષ્કર્મોને અનુભવ્યા વિના કદી જીવનો છૂટકારો થતો નથી. સંપત્તિમાં અને આપત્તિમાં સમચિત્તવાળા ધીર પુરુષો જ હોય છે. અધીર પુરુષો આવી વૃત્તિવાળા જગતમાં હોતા નથી. તો હે જીવ ! તું લવમાત્ર પણ સંતાપને વહન કર નહીં. કર્મવશ ચક્રી–ઇંદ્રાદિ પણ આપદાને પ્રાપ્ત કરે, તો કીટતુલ્ય મારી તો શી દશા ! મારે શા માટે સંતાપ કરવો જોઇએ ? એમ ધીરતા ધારણ કરી, થોડી

રાત્રી વ્યતીત કરી, કોઇને પણ કહ્યા વિના, વેશપલટો કરી, કાંઇક ભાથુ લઇ રાજમહેલને છોડી રાજપુત્ર ચાલી નીકળ્યો.

ધીમે ધીમે ચાલતા પ્રાપ્તાલય નામના સન્નિવેશમાં વૈદ્દેશિક મઠમાં આવાસ કર્યો. ત્યાં તેને એક કાર્પટિકનો ભેટો થયો. તેણે કુમારના શરીરને નિહાળી, તેમાં રોગનિદાનને જાણી પોતાની બુદ્ધિથી કહ્યું—

મહાનુભાવ ! તમે ક્યાં રહો છો ? ક્યાંથી તમને રોગ લાગુ પડ્યો છે ? ત્યારે તેણે કહ્યું : હું હસ્તિનાપુરનો વાસી છું. રોગોત્પત્તિને જાણતો નથી કે કેવી રીતે થઈ ?

સારૂં. ત્યાં તારા ઘરમાં કોઈ સાવકી માતા, અથવા પ્રતિકૂલ પત્ની, અથવા કોઇ વિરૂદ્ધ પુરુષ છે કે નહિ ?

હા ! મારી સાવકી માતા છે. પણ તેને વિરૂદ્ધ આચરણવાળી મેં ક્યાંય દીઠી નથી.

વારૂ ત્યારે તેને પુત્ર છે કે નહીં ? " પુત્ર તો છે " આ સાંભળી કાર્પટિકે કહ્યું : ત્યારે તો કાર્ય નાશ પામ્યું. મહાનુભાવ ! પ્રતિકૂલ એવી તારી સાવકી માએ પોતાના પુત્રના ઇચ્છિત અર્થના વિનાશની શંકા કરતી તેણે તારા ભોજનમાં કાર્મણ સંક્રમણ કર્યું છે. એમ હું માનું છું.

કુમારે કહ્યું : દુનિયામાં શું ન સંભવે ? દ્રવ્યની પ્રાપ્તિ પાછળ બધું જ સંભવે છે. તેં સારૂં કહ્યું : ભો મહાનુભાવ ! આવું જાણનાર તને આરોગ્યની પ્રાપ્તિ થાય, પણ કોઈ

પોતાના શરીરનો ત્યાગ કરી ઉપકાર કરે તો ! ફક્ત તું આ વાત ઇચ્છે છે કે નહીં ? તે હું સમ્યક્ પ્રકારે જાણતો નથી.

રાજપુત્ર કહે : મહાભાગ ! કોણ આ વાત ઇચ્છે નહીં ? આરોગ્યથી પ્રાપ્ત થતાં સુખને કોણ ઇચ્છે નહીં ? કોણ કમલદલ સરખી વિપુલ નયનવાળી લક્ષ્મીને ઇચ્છે નહીં ? દુષ્ટાવસ્થાને પ્રાપ્ત થયેલ જીવિતને કોણ ઇચ્છે નહીં ? તો પછી નિઃશંક મનથી જે ઉચિત હોય તે તું કર. રાજપુત્રના કહેવાથી નિષ્કપટી કાર્પટિકે સુશિરવેણુ દંડિકાના મધ્ય ભાગમાંથી એક મહૌષધિથી સંસિદ્ધ ગુટિકા કાઢી તે ત્રણ દિવસની છાશ સાથે ચૂર્ણ કરી રાજપુત્રને આપી.

ગુટિકાના પ્રભાવથી તેને વચન-વિરેચન થયું. વચગાળામાં તેણે ક્ષીરનું ભોજન કરાવ્યું. બે-ત્રણ દિવસ સુધી તેને ઉપર મુજબ ગુટિકા આપી. પરિણામે તેનો સમગ્ર કાર્મણદોષ નષ્ટ થયો. અને પુનઃ તે અભિનવ શરીરધારી રાજપુત્ર થયો.

પછી "આ કાર્પટિક મહા ઉપગારી છે" એમ વિચારી રાજપુત્રે પોતાની પાસેનું જે ભાથું હતું તે તેને આપ્યું. અને કહેવા લાગ્યો, ભો મહાનુભાવ ! તું પરમોપકારી છે ! તારી આગળ ત્રિલોકનું દાન પણ સ્તોક છે ! તો વળી બીજા પદાર્થો આપવાથી શું થાય ? તને હું શું આપું ? તારૂં શું કરૂં ? આવી અવસ્થામાં રહેલ મારી પાસે સંપત્તિ કઈ ? કેવલ તું એટલું કરજે કે ક્યારેક તારા સાંભળામાં આવે કે વિજયચંદ્ર નામના રાજપુત્રને રાજ્ય સમૃદ્ધિ મળી, તો ત્યારે

ફરીથી તારે મને મળવું. એમ કરી રાજપુત્રે પૂર્વદેશ તરફ પ્રયાણ આદર્યું".

પગચારી તેને કેટલાક કાળે પાટલિખંડ નગરની પ્રાપ્તિ થઈ માર્ગમાં પરિશ્રમથી થાકી ગયેલો. તે નગરની સમીપવર્તી રક્ત-અશોક-વૃક્ષતળે મણિ પીઠીકા ઉપર બેઠો. વળી તે પ્રદેશની રમણીયતા, શિશિરઋતુના પવનના સપાટાથી તે સુખે નિદ્રાધીન થયો. તે સમયે તેણે સ્વપ્ન જોયું. જેમાં પોતાના ઉદરમાંથી નિકળી વિસ્તાર પામેલ આંતરડા વડે પાટલિખંડ નગરને તેણે વીંટી દીધું. આ પ્રમાણે સ્વપ્ન નિહાળી તે જાગૃત થયો. અને વિચારવા લાગ્યો કે, "પૂર્વે નહીં જોયેલા એવા આ સ્વપ્નનું શું ફળ હશે ?"

આ બાજુ સ્વપ્નના ફળની વિચારણા ચાલી રહી છે, ત્યાં શું બનાવ બને છે, તે જોઈએ, વળી સ્વપ્નનું સાક્ષાત્ ફળ પણ આપણે નિહાળીશું.

ચાલો ત્યારે આ બાજુ તે નગરનો રાજા કીર્તિશેખર કે, જેને અચાનક રાત્રીએ મહાવ્યાધિ ઉત્પન્ન થયો તેની વેદના નિવારવા અનેક ઔષધાદિ ઉપચારો કર્યા. દેવતાઓની પૂજા, નવગ્રહપૂજા, વગેરે શાંતિ કર્મ પુરોહિતે કર્યા તો પણ વ્યાધિએ વેગ પકડયો, અંતે રાજા મૃત્યુ પામ્યો.

મંત્રી-સામંતાદિએ નરપતિનું પારલૌકિક કાર્ય કર્યું. આ બાજુ રાજગાદી માટે ચિંતા થઇ પડી, કેમકે તે રાજા અપુત્રીઓ હતો. એટલે શ્રેષ્ઠ હાથી-ઘોડા-અભિષેકાદિ પાંચ દિવ્યો કર્યા અને નિર્ણય કર્યો કે, એનાથી જે પ્રતિષ્ઠિત થાય,

તે રાજા થશે. હવે તે પાંચ દિવ્યો નગરમાં ભમીને રાજ્યયોગ્ય પુરુષને નગરના છેડે જોતાં ત્યાં ગયા, જ્યાં રાજપુત્ર સ્વપ્નફલની વિચારણા કરતો હતો. ત્યાં જઇ ગર્જારવ કરતાં હાથીએ તેને પૃષ્ઠ ઉપર સ્થાપન કર્યો, મેઘ સમ નાદથી વાંજિત્રો વાગી ઉઠયા, જાતે જ રાજપુત્રના મસ્તકે છત્ર ધર્યું. બન્ને બાજુ ચામરો વીંઝાવા લાગ્યા મંત્રી-સામંતો નમવા લાગ્યા પછી મંત્રી સમુદાયથી પરિવરેલો પૂર્વભવાકૃત સુકૃતાનુસારે રાજ્ય-લક્ષ્મીને પામેલા તે મહાત્માએ નગરમાં પ્રવેશ કર્યો.

નગરમાં મહોત્સવ પ્રવર્ત્યો. તે સમયે અજ્ઞાની લોકલુંપક ચરટો નાશી ગયા, એ રાજ્યલક્ષ્મી ભોગવતો હતો ત્યારે તેનો એક સુરસેન નામનો સામંત નમતો ન હતો. તે તેનો દ્વેષી હતો. તેથી કહેતો કે જાતિ-કુલ જાણ્યા વિના નિર્વિવેકી તિર્યંચવડે કોઇક ને રાજ્યપદે સ્થાપન કરેલ છે. તો કુશલ એવો કોણ પુરૂષ એને નમે? જાતિ-કુલાદિ જાણ્યા વિના રાજ્યપદે સ્થાપન કરે તેને ખરેખર મૂઢ લોકો જ નમે છે, બીજા નહીં. કદાચ વાગ્ચાતુર્ય પરાક્રમ વગેરે મનોહર ગુણો હોય, તો પણ જ્યાં જાતિવિશુદ્ધિ નથી ત્યાં બીજું શું સંભવે? આ પ્રમાણે અવિનયયુક્ત વચનોને સાંભળી રાજા તેના પર અત્યંત ક્રોધાતુર થયો, ક્રોધ અનેક અનર્થોને સર્જે છે, ક્રોધી રાજાએ પ્રતિહારીને આજ્ઞા કરી :

રે! રે! તું એકલો જઇ દંડવડે હણીને ગાઢ બંધનથી બાંધી તેને અહીં લઇ આવ, તરત જ તેણે રાજાની આજ્ઞા શિરસાવંદ્ય કરી. તેને પણ તેના માહાત્મ્યથી પ્રબલ વીર્યોલ્લાસ

ઉત્પન્ન થયો. પરિણામે હરિહરાદિને તૃણું સમ ગણતો મોટા આરંભથી દંડને ઉછાળતો જાણે યમરાજ જ ન હોય, તેમ અસ્ખલિતપણે પાદક્ષેપ કરતો સુરસેન સામંત પાસે ગયો. અને કહ્યું: રે! રે! દુષ્ટ સામંત, ચારે બાજુથી પ્રતિપક્ષ-ભાવને પામેલ તું હાલમાં કોઇનું શરણુ સ્વીકાર. એમ કહી તેના મસ્તક ઉપર દંડથી માર માર્યો. અને તેને બાંધવા ગયો. ત્યાં તો બાહુયુગલ જોડી તે પાછળ ચાલવા લાગ્યો. તેનો સેવક વર્ગ હાથમાં શસ્ત્ર ધારણ કરી જાણે કોઈએ સ્થંભિત કર્યો ન હોય તેમ સ્થિર રહ્યો.

અહો! રાજાનો પાપપ્રકર્ષ તો જુઓ! હું જ મારા શરીરનો સ્વામી છતાં એકાકી નરાધમે મને બાંધ્યો. એમ તે સંતાપ કરવા લાગ્યો. અને તેને પ્રતિહાર વિજયચંદ્ર રાજાની પાસે લઇ આવ્યો. દેવ! આ તે દુષ્ટ સામંત! તેને બાલ-હસ્તીની જેમ આપનાં ચરણુકમલમાં લાવ્યો છું. પ્રસરતા મહાતેજવાળા સૂર્યને જોવા જાણે અસમર્થ હોય તેમ, તે અધોમુખ નયન વિચ્છાયવદન. દીર્ઘ ઉષ્ણ ઉશ્વાસને વહન કરતો હતો. તેને મંત્રીવર્ગે કહ્યું: ભો સુરસેન! તેં ઘણું અયુક્ત કર્યું. જે સિંહાસન ઉપર બેઠેલા, પૂર્વભવકૃત સુકૃતથી મહાભ્યુદયને વહન કરતાં, દેવની તેં અવજ્ઞા કરી અને અયુક્ત બોલતા તને શું શરમ નથી આવતી? તેના ચરણુકમલમાં તું કેમ નમતો નથી? તેના માહાત્મ્યને નહીં જાણતા તું જે કંઈ બોલ્યો હોય, તે તારા અપરાધની ક્ષમા માંગ, ફરી ફરી દેવના ચરણુકમલમાં પડી તું અપરાધની ક્ષમા માંગ. નહીંતર દુર્વિનયરૂપ રથ ઉપર આરૂઢ થયેલો તું યમમંદિરે જઇશ.

તે સાંભળી સુરસેનને પશ્ચાત્તાપ થયો, અને વિજયચંદ્ર રાજાને ખમાવી કહેવા લાગ્યો: હું એટલું પણ જાણતો નથી કે પુણ્ય વિના રાજ્યલક્ષ્મીની પ્રાપ્તિ થતી નથી. હે નરેન્દ્રચંદ્ર! જેને સમગ્ર પ્રજા નમે છે તેનું દાસપણું સ્વીકારે છે, તેની કોણ અવજ્ઞા કરી શકે? ખરેખર વિધિએ વિટંબણા કરવા દ્વારા માનવ છતાં મને પશુરૂપ બનાવ્યો છે. તો દેવ મારા સર્વ અપરાધોને તમે ખમો.

હે સ્વામી! તું જ ગતિ! તું જ મતિ! બાળકની દુષ્ટચેષ્ટા પંડિત પુરૂષના મનને શું ક્યારેય દુઃખ ઉત્પન્ન કરે ખરી? તેમ હે નાથ! મારા ઉપર કૃપા કરો. મનોવાંછિત પૂરવામાં કલ્પવૃક્ષ સમ તમે કૃપાદષ્ટિ પ્રસારો. એ સાંભળી વિજયચંદ્ર રાજાના કોપની ઉપશાંતિ થઈ, તત્ક્ષણ તેને બંધનથી છોડાવી અભયદાન આપી, સુરસેનનું સન્માન કર્યું. અને તેના સ્થાને વિદાય કર્યો. તેના પ્રતાપને જોઇ સામંતમંડલ પણ ભયથી નમતો હતો. આ રીતે અસ્ખલિતપણે રાજ્યને ભોગવતો, પ્રચંડ શાસનને પાળતો તે કાળ પસાર કરે છે.

હવે એકવાર તે અશ્વવારોની સાથે પરિવરેલો પવનવેગી જાત્ય ઘોડા પર આરૂઢ થઈ અશ્વ ખેલવા નગરથી બહાર ગયો. અનવરત કશાઘાતથી ઘોડાઓ ભયભીત થયા. અને વેગીલા બની કેટલાક યોજન સુધી ગયા. ત્યાં તેણે પૂર્વોપકારી કાર્પટિકને જોયો. જેને ચોરોએ બાંધ્યો હતો. તેનું સર્વસ્વ લૂંટી લીધું હતું. તેને જોતાવેંત જ તે ઓળખી ગયો. પછી ચોરોને પૂછ્યું: અરે! શા કારણથી આ મહાનુભાવને આવા પ્રયત્નથી લઇ જવાય છે.

"આ તો પૂર્વ વૈરી છે, તેણે કરેલા કાર્યનું ફળ તે અવશ્ય ભોગવે" એમ ચોરોના મુખથી સાંભળી ઇંગિતાકારમાં કુશળ રાજાએ કહ્યું: અરે! તમે આ ખોટું કર્યું છે. અરે! તેણે તમારો શો અપરાધ કર્યો છે? આ મહાનુભાવ વિરૂદ્ધાચારી સંભવે નહીં? કેમકે વિરૂદ્ધાચારી પુરૂષો તો ચક્ર, ધનુષ્ય, ખડ્ગ, મુદ્‌ગર વગેરે શસ્ત્રધારી હોય. આ તો તેનાથી રહિત છે. જ્યારે તમે તો શસ્ત્રધારી છો! તો દુષ્ટ કોણ? તમે કે તે?

અરે રે! પુરૂષો આ અનાર્યોને ગ્રહણ કરો. એમ રાજાનું ફરમાન થતાં, જવાબ દીધા વિના જ તેઓ ચારે દિશામાં પલાયન થઇ ગયા. વેગીલા ઘોડાને રાજપુરૂષોએ થંભાવ્યા. તેણે કાર્પટિકને આલિંગન કરી પ્રીતિપૂર્વક પુછ્યું: મહાનુભાવ! આ દુષ્ટોના દષ્ટિપથમાં તું ક્યાંથી આવ્યો? ત્યારે કાર્પટિકે કહ્યું: સાંભળ હું પૂર્વે સેવા કરેલ વિજયચંદ્ર રાજવીના દર્શનાર્થે જતો હતો. ત્યાં રસ્તામાં મારી માલ-મિલ્કત પડાવી લઈ, આ ચોરો બાંધીને મને લઇ જતા હતા. પણ મહારાજ! કોઇક સુકૃતથી તમે સન્મુખ થયા છો.

ત્યારે રાજા વિચારવા લાગ્યો: "અરે! શું આ મને ઓળખતો પણ નથી? અને પછી તે પૃચ્છા કરવા લાગ્યો. અરે મહાભાગ! તેં વિજયચંદ્રની ઉપર શો ઉપકાર કર્યો. હા! મેં વ્યવહારથી તેના શરીરનો રોગ દૂર કરી કંઈક ઉપકાર કર્યો છે. પણ નિશ્ચયથી તો કાંઇ જ નહીં. ખરેખર તે પુણ્યશાલી હતો કે પોતાના માહાત્મ્યથી રોગને પણ જાણતો

ન હતો. આ સાંભળી રાજાએ વિચાર્યું, “ અહો ! તેની વચનવિન્યાસમાં કુશળતા તો જુઓ ? અહો ! તેની ગંભીરતા ! અહો ! તેનું નિરૂપમચરિત ઉપકારીપણું ! ત્યાં તો એકદમ વેગવાન હાથી ઉપર આરુઢ થઇ ત્યાં એક પુરૂષ આવ્યો.

અને તેને કહેવા લાગ્યો. “ દેવ ! અશ્વ ક્રીડા કરતાં ઘણો સમય થઇ ગયો. પણ તમારૂં આગમન થયું નહીં. તમારી ઘણી રાહ જોઇ છતાં તમારા કંઇ જ સમાચાર નહીં. તેથી મંત્રીમંડલે મને મોકલ્યો છે. તો દેવ ! કૃપા કરીને આપ પાછા વળો ત્યારે કાર્પટિકને પોતાના ઘોડા ઉપર બેસાડી રાજા પાછો વળ્યો અને પોતાના નગરમાં આવ્યો.

ત્યાં સ્નાન–ભોજન–શયન–તંબોલ–પ્રદાન વગેરે ક્રિયાઓ તેની સાથે કરી ત્યારબાદ મહામૂલ્યવાન મણિરત્નોથી તેનું સન્માન કર્યું. તેની આવી પ્રતિપત્તિ નિહાળી કાર્પટિક તો આશ્ચર્યચકિત થઇ ગયો. અને વિચારવા લાગ્યો અહો ! આનું દાક્ષિણ્ય તો જુઓ. કોઇ પણ જાતનાં સંબંધ વિના એમણે મારી ભક્તિ કરી. એટલું જ નહીં પણ રાજા મને બંધુ પરમમિત્ર સ્વજન અને પરમોપકારી માને છે. અહીં શું કારણ હશે ? તો શું તેને પૂછું ? કે શા માટે તે મારા ઉપર વાત્સલ્યનો ધોધ વહાવે છે ? વળી આમ પૂછીશ તો તે મને ગામડિયો જાણશે.

ભલે ક્યારેક તે બધું મને જાણવા મળશે. પણ મહાપુરૂષોની સામે જેમ તેમ બોલવું યુક્ત નથી. એમ વિચારી મૌન ધારણ કરી કેટલાક દિવસો રાજમહેલમાં પસાર કર્યા

તો પણ કાર્યને નહીં જાણતા રાજમહેલમાં રહેવા અસમર્થ તેણે એકવાર રાજાને કહ્યું : દેવ ! અહો આપનો વાત્સલ્ય ભાવ ! તેનું વર્ણન હજારમુખવાળો પણ કરવા અસમર્થ છે.

અહો આપની રૂપસંપદા, આપના મુખ ઉપરથી નીતરતું લાવણ્ય ! લાખો નયનવાળાને પણ દૃષ્ટિ પથમાં ન આવે. વળી આપની ગુણસંપદાની તો શી વાત કરૂં ? શક્ર પણ પ્રકાશિત કરવા અસમર્થ છે. તો પછી જડમતિ એવો હું તમારૂં સ્વરૂપ કેવી રીતે પ્રકટ કરૂં ?

ખરેખર ! ઘણાં જ પુણ્યથી મને આપનું દર્શન થયું છે. આજ મારા નયન પણ સફલ થયા છે. આટલા દિવસ રાજ-મહેલમાં ક્યાં પસાર થઈ ગયા, તેનો પણ મને ખ્યાલ આવ્યો નહીં. હાલમાં તો હે દેવ ! જો તમે મને રજા આપો, તો હું વિજયચંદ્ર-નરેન્દ્રના દર્શન માટે જાઉં. હું તેના દર્શનનો અભિલાષી છું. એટલું જ નહીં પણ તેણે વારંવાર પ્રાર્થના કરી હતી કે જ્યારે મને રાજ્યસંપદા પ્રાપ્ત થઈ એમ તું સાંભળે ત્યારે મને જરૂર મળજે. તેથી તમે મને રજા આપો.

આ સાંભળીને રાજા હાસ્ય છૂપાવીને વિચારવા લાગ્યો. આ તો મને ઓળખતો પણ નથી. હું તો તેને ઓળખી ગયો. અને તરત જ બન્નેને આશ્ચર્યચકિત થાય એવો તેણે ઘટસ્ફોટ કર્યો. મહાભાગ ! તે હું જ વિજયચંદ્ર છું. તારા ઉપકારથી જ હું આવી રાજ્યસંપદાને પામ્યો છું, તે સાંભ-ળીને કાર્પટિક વિસ્મય પામ્યો. અને કહેવા લાગ્યો : તે સમયે રોગથી તમારૂં શરીર કાંતિરહિત જણાતું હતું. અને

અત્યારે તો અપ્રતિમ રૂપશોભાને નિહાળીને હું તો મૂઢ બની ગયો છું તેથી આપની ઓળખાણ-પીછાણ થઈ નહીં,

વળી લોકો તમને વિજયચંદ્રરાજા તરીકે ગાય છે. તે હું સાંભળું છું, છતાં મનમાં શંકા કે વિજયચંદ્ર નામના તો ઘણા રાજવી પૃથ્વી ઉપર હોઇ શકે છે ! તેથી તમારા સંપર્કમાં રહેવા છતાં નિશ્ચય ન કરી શકયો. કે, તે આ જ વિજય-ચંદ્રરાજા છે. તમારી રૂપશોભાએ તો મને દ્વિધામાં નાંખી દીધો છે ! પરંતુ આજે આ રહસ્ય પ્રકટ થયું એટલું જ નહીં પણ ઘણું જ સારૂં થયું. કે તમને આવી રાજ્યસંપદાની પ્રાપ્તિ થઈ. વળી એ મહાભાગ ! તું જ કહે કે, સોળે કળાએ ખીલી ઉઠેલો પૂર્ણિમાનો ચંદ્ર કોને આનંદિત ન કરે ? વળી કિરણોના સમૂહથી અંધકારને નાશ કરનાર સૂર્યનું રૂપ કોને ન ગમે ? વળી ધનનું મુક્તહાથે દાન કરનાર દાતા કોને ન ગમે ? એવી જ તમારી રાજ્યસમૃદ્ધિ છે. આ સાંભળી ઉપકારને નહીં ભૂલતા વિજયચંદ્રરાજવીએ કહ્યું : મહાનુભાવ ! જો તે સમયે તેં મારો રોગ દૂર ન કર્યો હોત તો મને કેવી રીતે આવા ભોગવિલાસો રાજ્યસંપદાની પ્રાપ્તિ થાત ? પરમાર્થથી તો આ બધું તારૂં જ છે. મારૂં તો એમાં કંઈ જ નથી.

તેથી જ આ ધન-કનક-કોષ-કોષ્ઠાગાર-ચતુરંગીસેના-પુર-નગર-સર્વ વસ્તુને તું ગ્રહણ કર. અને મને ઋણમાંથી મુક્ત કર. ત્યારે કાર્પટિકે કહ્યું : પ્રચંડ પુણ્યના ભોક્તા એવા તમારે અદેય શું છે ? વળી નિષ્પુણ્યકને આપેલી

લક્ષ્મી પણ ચાલી જાય છે. તેનું સ્થાન તો કામદેવના વક્ષ-સ્થળે જ સારૂં. વળી પહેલા તારા વડે આપેલ ધન ચોરોએ હરી લીધું તો પછી નિર્ભાગી એવા મારી પાસે કેવી રીતે રાજ્યલક્ષ્મી સ્થિર રહેશે? વળી જલથી પરિપૂર્ણ નદીઓનું સ્થાન સમુદ્ર છે. તેમ લક્ષ્મીનું સ્થાન તમે જ છો. બીજા લોકો નહીં.

સારૂં ત્યારે, પણ તું મારૂં એક વચન સ્વીકાર આજથી તારે આ રાજમહેલમાં જ રહેવું. તારે બીજે ક્યાંય જવાનું નહીં. કાર્પટિકે પણ તેનું વચન સ્વીકાર્યું. તેને સામંતપદ આપી શ્રેષ્ઠ ગ્રામ-નગરથી સમૃદ્ધ પૃથ્વી અર્પણ કરી. એમ કરતાં રાજ્યલક્ષ્મીને અનુભવતા બન્નેના દિવસો પસાર થાય છે.

હવે આ બાજુ વિજયબલ રાજા વિજયચંદ્ર રાજપુત્રના વિયોગથી સુતીક્ષ્ણ દુ:ખ અનુભવતો બાહ્યવૃત્તિથી રાજ્યાદિ કરતો હતો. તેને વિયોગનું દુ:ખ સમાતું નહોતું છતાં તે પૃથ્વીનું પાલન કરતો હતો. હજુ તો પુત્રના વિયોગનું દુ:ખ દૂર થયું નહીં, ત્યાં તો હૃદયને હચમચાવી નાંખનાર બીજો બનાવ બન્યો. જે બીજો રાજપુત્ર પદ્મદેવ હતો. તેને પૂર્વકૃત દુષ્કર્મના યોગે અતિસારાદિ મહાવ્યાધિ લાગુ પડયો, તે દેખી સૌભાગ્યસુંદરી ક્ષોભ પામી

મંત્ર-તંત્રાદિ ઉપચારો કર્યા, પણ તેમાં થોડો પણ ફેરફાર થયો નહીં. પણ રોગમાં વૃદ્ધિ થવા લાગી. ત્યારે પૂર્વકૃત દુષ્કૃતની સ્મૃતિ થતાં સૌભાગ્યસુંદરી ચિંતવવા લાગી: અહો! દુષ્કર્મના કટુ અસુંદર પરિણામ તો જુઓ! જે મેં આજ

ભવમાં અનુભવ્યા. એક રાજ્યના લોભે પુત્રના સુખની પાછળ પાગલ બનેલ મેં વિજયચંદ્ર રાજપુત્રને અન્નમાં ચૂર્ણ ભેળવી કામણ–ટુમણથી જેવી અવસ્થા પમાડી, તેનું ફળ પ્રગટપણે મને પ્રાપ્ત થયું છે, ખરેખર ! મેં અયુક્ત કાર્ય કર્યું છે.

એમ તે સંતાપ કરતી રહી. ત્યાં તો એકદમ ધાત્રીએ પ્રવેશ કર્યો. એ વેગથી ચાલતી આંખોમાંથી આંસુ વહાવતી પ્રલાપ કરવા લાગી. હા વત્સ ! ક્યાં જઇ તને જોઇશ ? અરે પાપી દૈવ ? કેમ એકદમ પુરૂષરત્નથી રહિત પૃથ્વીતલને કરવા ઉપસ્થિત થયો ? અરે! અરે! દેવી! સૌભાગ્યસુંદરી! તું કેમ અનાકુલપણે રહી છે? તું જાણતી નથી કે વત્સ પદ્મદેવે કાળની દશમી અંતિમદશાને પ્રાપ્ત કરી છે. તેની ચેતના નષ્ટ થઈ છે. તેના નયનો મિંચાઈ ગયા છે. તેના શ્વાસોશ્વાસ વેગીલા બન્યા છે. વાણી નષ્ટ થઇ, શરીરને પીડા કરતી મહાનિદ્રા અવતરી છે. અને તું અહીં જ પડી રહી છે!

આ પ્રમાણે સાંભળી જાણે અકાળે વજ્રઘાતથી તાડન કરાયેલી જ ન હોય તેમ તે મૂર્છા પામી, તેની આંખો મીંચાઈ અને ધરણી તલે સૌભાગ્યસુંદરી પછડાઈ પડી. પછી તત્કાલોચિત ચંદનવિલેપન શીતલ પવન દ્વારા તે ચેતના પામી અને રડવા લાગી તથા વિલાપ કરવા લાગી. સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું. હા ! હા ! વત્સ ! મંદભાગી મને મૂકીને તું ક્યાં ચાલ્યો ગયો ? હા વત્સ ! ફરી ક્યારે તને જોઈશ ! તારા વિના મારું શું થશે, ? અરે ! ક્યારે મને તારૂં મિલન થશે ! એમ વિલાપને કરતી, છાતી કૂટતી રાજપુત્ર

પદ્મદેવની સમીપે ગઈ. ત્યાં તેણે ફક્ત શ્વાસો-શ્વાસમાત્રથી જીવિત કુમારને જોયો. તે એકદમ પૃથ્વી ઉપર ઢગલો થઇ ગઇ. તે હા હા રવ કરવા લાગી અને રૂદન કરતી બોલીઃ વત્સ! આ શું થયું? મંદભાગી મને પ્રત્યુત્તર કેમ આપતો નથી? કોઇને પણ નયન-પ્રક્ષેપપૂર્વકકેમ આનંદ પમાડતો નથી?

ત્યાં તો વિજયબલ રાજાનું આગમન થયું. રાજપુત્રની અવસ્થાને નિહાળી તે મહા-શોકાતુર થયા અને કહેવા લાગ્યા. દેવી! મંદભાગીઓમાં શિરોમણી હું છું. કેમકે એક-પુત્ર તો પરદેશનો અતિથિ થયો. અને બીજાની આવી વ્યાધિ-ગ્રસ્ત દશા થઇ. પુત્રવિનાના જીવન કરતાં પણ મારી પરિસ્થિતિ તો વધુ દુઃખદાયી છે. એક બાજુ તિલકસુંદરી ગઇ વળી વિજયચંદ્ર ગયો. હતો એક પદ્મદેવ તે પણ અંતિમ પળો વીતાવી રહ્યો છે. દેવી! હું શું કરૂં?

એમ કરૂણ સ્વરે વિલાપ કરતો હતો. ત્યાં તો પવનથી હણાયેલ દીપકની જેમ અતિદુસ્સહ વ્યાધિવાળા પદ્મદેવનો જીવનદીપ બુઝાઈ ગયો. તેના આત્માએ પરલોકમાં પ્રયાણ કર્યું. "હંસલો ગયો-દેવળ જુનું તો થયું" આ દશ્ય જોતા અંતઃપુર સાથે મહાદુઃખને વહન કરતો રાજા, ધીરતાને ત્યજી સામાન્ય માનવીની જેમ મુક્તકંઠે રડવા લાગ્યો.

પછી સ્વજનોએ અશ્રુપૂર્ણનયનથી રાજપુત્રનું મૃત્યુ સંબંધી કાર્ય પતાવ્યું. રાજા પણ અતિશોકથી વ્યાકુળ, કષ્ટથી દિવસો પસાર કરતો આ રાજ્યકાર્યને છોડીને જાણે સમગ્ર કાયાના વ્યાપારનો રોધ કરનાર યોગી જ ન હોય, તેમ રહેવા લાગ્યો. આવી અવસ્થામાં રાજવીને જોઈ મંત્રી આશ્વાસન આપવા

લાગ્યા "દેવ ! તમારા જેવાને શોક કરવો અયુક્ત છે ! ક્યાં સુધી શોક કરશો ?" તમને શોક મગ્ન જોઇ આખું જગત ખેદ કરી રહ્યું છે. વળી નરેન્દ્ર ! ત્રિજગતમાં ઉત્પન્ન થનારી સર્વ વસ્તુ વિલય વ્યયથી યુક્ત હોય છે. જે કોઇ ચરાચર વસ્તુ છે, તે સર્વ નાશવંત છે. જન્મે તેને મૃત્યુ અવશ્ય છે. અંધકારના નાશ સાથે પ્રકાશની પ્રાપ્તિ થાય છે. પતન પછી ઉત્થાન અવશ્ય થાય છે. તો પછી નરેન્દ્ર ! આખું જગત આવું જ છે, તો શોક શા માટે કરવો જોઇએ. વળી શોકથી કોઈ ગુણની પ્રાપ્તિ થતી નથી. કેવલ અર્થનો વિનાશ પ્રયોજનની હાનિ થાય છે. વળી રૂદન કરવાથી પરલોક ગયેલ આત્મા શું પાછો આવે છે ? ક્યારે પણ એવું બને છે ખરૂં ? તો પછી નિષ્ફળ એવા શોકથી શું ?

મંત્રીની વિનવણીથી રાજાનો સંતાપ કંઇક ઉપશાંત થયો. અને કહ્યું: મંત્રીજી ! આ કોણ જાણતું નથી કે શોક કરવાથી આત્માની અને શરીરની હાનિ સિવાય અન્ય કોઇ ઉપકાર થતો નથી. તે સૌ કોઈ જાણે છે. ફક્ત અત્યારે પરિણત વયવાળા અમે છીએ. અમારા જેવા રહી ગયા અને અમારા જીવતાં પુત્રની આ દશા ? વળી પ્રથમ પુત્ર ક્યાં ગયો ! તેનું નામઠામ પણ જાણતા નથી અને બીજો ભવાંતર ગયો. પૂર્વે રાજાઓએ પાળેલી આ પૃથ્વી શું મારી થશે ? આ મોટો સંતાપ મારા શરીરને બાળે છે.

આ વાતચીત ચાલતી હતી ત્યાં મંત્રીએ કહ્યું. દેવ ! અત્યારે બંદીખાનાનો નિયુક્ત બંધુમિત્ર નામનો પુરૂષ જાતે અહીં આવ્યો છે. તેણે કહ્યું કે, મેં સાક્ષાત્ લષ્ટ-પુષ્ટ શરીર

વાળા, પદ્મખંડપુરમાં અપુત્રીયો રાજા મરણ પામતાં પંચદિવ્યો વડે, મંત્રી સામંતોએ આદરપૂર્વક રાજ્ય પદે સ્થાપન કરેલ, રાજ્યલક્ષ્મીને અનુભવતા વિજયચંદ્ર રાજપુત્રને જોયો છે. પુત્રનાં શુભ સમાચારથી રાજવીનું હૃદય આનંદથી ઉછળી રહ્યું. પછી રાજાએ કહ્યુંઃ મંત્રીજી! જો આ વાત સત્ય જ હોય તો ફરીથી પ્રધાન પુરૂષોને મોકલી નિશ્ચય કરવો જોઇએ. પછી મને સંદેશો પહોંચાડજો. એમ કહી મંત્રીઓને વિદાય કર્યા. તેઓ પણ પોતપોતાના સ્થાને ગયા!

આ બાજુ રાજપુત્રના સમાચાર સાંભળી હર્ષિત થયેલો રાજા પુત્રના વિયોગરૂપી વજ્રથી જર્જરિત હૃદયવાળી, આહાર-પાણીનો ત્યાગ કરીને રહેલી સૌભાગ્યસુંદરીને આશ્વાસન આપવા અંતઃપુરમાં ગયો. તેમને દાસીએ આસન આપ્યું. તેના ઉપર બેઠો અને કહેવા લાગ્યો. દેવી! સર્વાહારનો ત્યાગ કરી તું શોકાતુર શા માટે થઇ છે? શું આમ કરવાથી તારૂં રક્ષણ થશે? અથવા શું પરલોક ગયેલ તારા પુત્રનું ફરી આગમન થશે? તો તું સ્વસ્થ થા. સ્નેહથી શિથિલ તારા હૃદયને મજબૂત બનાવ. ખરેખર ભવસ્થિતિ એવી જ છે જે જન્મે છે, તેને માથે હંમેશા મૃત્યુ ભમતું જ હોય છે. તેનો ભય જીવને ક્ષણે ક્ષણે સતાવે છે. તો પછી અવશ્યંભાવી મૃત્યુને જાણી પુત્રના વિયોગથી તું વિરામ પામ.

વસ્ત્રાંચલથી મુખને ઢાંકી, તે પૂર્વકૃત દુષ્કર્મોની અનુસ્મૃતિ થતાં અત્યંત શોકને હૃદયમાં ધારણ કરવા અસમર્થ મુક્તકંઠે રડવા લાગી. રાજાએ તેને અટકાવીને કહ્યુંઃ દેવી! શું હિતશિક્ષા આપવાથી શોકની વિશેષ વૃદ્ધિ થઈ કે તેં એકદમ

રડવા માંડયું! હવે દુઃખસહિત સૌભાગ્યસુંદરી બોલી. દેવ! સંકથાથી સર્યું, હું મહાપાપી છું! મહાવૈરી છું. મેં અનુચિત કાર્ય કરતાં અપયશ પણ જોયો નહીં. અસંખ્ય દુઃખની પ્રાપ્તિને પણ અવગણી નહીં, ભાવિમાં પ્રાપ્ત થનાર કટુફલની મેં વિચારણા પણ ન કરી. વળી મેં પરલોક વિરૂદ્ધ આચરણની પરવા કરી નહીં. તે સાંભળી રાજાએ કહ્યુંઃ દેવી! અહીં તારો શો દોષ? શા માટે તું આત્માને વારંવાર નિંદે છે? પોતે કરેલા કર્મ પ્રમાણે પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને મરણ પામે છે. ત્યાં માતા-પિતાનો શો દોષ?

પણ દેવ! અનાર્ય એવી મેં જે દુષ્કર્મ કર્યું તે કોઇને કહી શકાય તેમ નથી. તેથી જ તેને સહન કરવા હું અસમર્થ છું. વળી તેને ઢાંકવા પણ હું શક્તિમાન નથી, પણ રાજન! જે "ખાડો ખોદે તે પડે", "પાપ પીંપળે જઇ પોકારે" તેમ મારૂં પાપ પ્રગટ થયું. મેં કરેલ દુષ્કર્મથી આ આપદા આવી પડી અને ફલની અનુભૂતિ કરવી પડી. આ છે કર્મનો કોયડો, ઉકેલવો બહુ મુશ્કેલ છે. એ તો હું જ જાણું છું. મારી દુષ્ટ ચેષ્ટાનું ફલ નિહાળી મારૂં હૈયું પોકારી રહ્યું છે. આ પાપમાંથી મને કોણ બચાવશે? પણ દેવી! આ બાબતથી હું અજાણ છું. અહીં પરમાર્થ શું છે? તે તું સ્પષ્ટ કહે, ત્યારે હ્રદયમાં રહેલી ગુહ્યવાતને કહેવા અસમર્થ છતાં રાજપુત્ર સંબંધી કામણ-ટુમણની વાત કરી તેણે હૈયું ખોલી નાંખ્યું. તે સાંભળી રાજા અત્યંત કલુષિત મનવાળો થયો. શું આની ગંભીરતા છે. નહીંતર આવી મુખશોભા કયાંથી સંભવે? આ સાંભળી તેનું મન ચિંતનમાં ચડયું.

વળી દેવીએ કહ્યું. ” દેવ ! હું મહાપાપી છું ! તિલકસુંદરીએ અંતિમ સમયે પ્રણય–પૂર્વક મારા ઉપર વિશ્વાસ રાખી પોતાના પુત્રને મને આપ્યો હતો. “ સારી રીતે સંભાળ રાખજે” એમ કહી મને અર્પણ કર્યો હતો. છતાં મે વિશ્વાસઘાત કર્યો છે. તેના વચનને મેં મનમાં ધારણ કર્યું નહીં. હા હા ? વિશ્વાસઘાતીમાં હું પ્રથમ થઈ! એટલું જ નહીં દેવ! દુર્નયરૂપી વૃક્ષનું પુત્ર મરણરૂપી ફળ મને પ્રાપ્ત થયું. હજી પણ મને પરભવમાં દુ:ખદાયી વિવિધ ફળની પ્રાપ્તિ પણ થશે.

તો દેવ, તીવ્ર પુત્રવિયોગરૂપી વજ્રઅગ્નિથી બળતી હું જળમાં પડી મારા દેહને નષ્ટ કરવા ઇચ્છું છું. ત્યારે રાજાએ કહ્યુંઃ જે બનવાનું હોય, બને જ છે. તેને કોઇ રોકી શકતું નથી. તું તો નિમિત્તમાત્ર છે. તો વિષાદને મૂક અને સમયોચિત કાર્યને કર.

પણ રાજન્ ! સાંભળો ! પુત્ર વિયોગનું દુઃખ મારા મનને વ્યથિત કરતું નથી, પણ સંતતિ–વિચ્છેદનું પ્રત્યક્ષફળ જોતા મારું હૃદય દ્રવી ઉઠે છે. અનાર્ય એવી મેં કેવલ મારા આત્માને અનર્થમાં નાંખ્યો નથી. કિંતુ જયેષ્ઠપુત્રના નાશથી નરનાથ ! તમને પણ અનર્થમાં નાંખ્યાં છે. આ દુઃખ કાંઈ જેવું તેવું નથી. તેના ચિત્ત સંતાપને જોઈ અવસર પામી રાજાએ વિજયચંદ્રકુમારને વિજય, રાજ્યલાભ થયો, વિગેરે તે સંબંધી વાતો કરી. તે સાંભળતા જ અગ્નિમાં ઘી નાંખવાથી અગ્નિજવાળા પ્રદીપ્ત થાય, તેમ સૌભાગ્યસુંદરી હૃદયમાં પ્રદીપ્ત થઈ, સાંભળતા જ તેના મનમાં ચમત્કાર થયો. પછી મધુરવાણીથી આશ્વાસન પમાડી, દેવીને ભોજન કરાવી રાજા રાજમહેલમાં ગયો.

આ બધા પ્રસંગો જોઈ રાજાની ચિંતન ધારા વેગવતી બની. રાજાને સંસારની અસારતા અને સ્વાર્થ પરાયણ જીવોની સ્થિતિ સમજાઇ. વિશેષમાં નારી ચરિત્રની પીછાણ થઈ. અહો! નારીનું ચરિત્ર દુર્લક્ષ્ય છે. કેવલી જ પોતાના જ્ઞાન દ્વારા જાણે છે. સામાન્ય મનુષ્યની દૃષ્ટિમાં તો આવે પણ નહિ.

અહો! નારી કૂડકપટની ખાણ! નરકની દીવડી! અરે તેની વાણીમાં કંઈ, આચરણમાં કંઇ અને હૃદયમાં પણ જુદુ જ હોય છે. એનો તાગ પામી શકાય નહીં. અન્યની સાથે રમે અને અન્યને કાર્યમાં જોડે. અનાચારના કામ કરી પતિને પણ પાયે લગાડે છે. આવી નારી! વળી મૃદુ, મધુર, મનોહર વાણીથી અન્ય માનવને બાંધે છે. આવી પાપી મહિલાઓનો વ્યવહાર પણ કંઇ જ જુદો જ દેખાય છે. પણ આ પાપીએ આવું કાર્ય કર્યું. તેને શરમ પણ ન આવી. ધિક્કાર છે આવી નારીને! તેના ચરિત્રને! વળી અકાર્ય કરીને પાછી દુઃખ ધારણ કરી બીજાને ઠગે છે! તેથી જ નારી એટલે તુચ્છ બુદ્ધિવાળી! કુટિલા! અકાર્ય કરવામાં સજ્જ! કુલ અને શીલને મલીન કરનારી! અનર્થને વિસ્તારનારી છે. તેથી જ તે મહાપુરૂષો ધન્ય છે કે, જેમણે અનર્થને પ્રાપ્ત કરાવનારી નારીનો સંગ, સર્પિણીની જેમ ત્યજ્યો છે. અને તે જ સુખી કે જેઓ ભયંકર ભવસમુદ્રનો પાર પામ્યા છે. અને તેઓ જ હાલમાં આ જગતમાં વિજયી બન્યા છે. અને તેઓ અહીં જ દેવ–દાનવોને પણ વંદનીય છે. અને દુઃસાધ્ય એવા કાર્યની સિદ્ધિ તેમને જ વરી છે. અહો! તે પુરૂષો ધન્ય છે જેઓ કટાક્ષ ફેંકતી ચપળ, પદ્મલોચનવાળી

લલનાની દૃષ્ટિપથમાં આવ્યા નથી. અને ગાઢ યોગરૂપી સન્નાહને ધારણ કરી ચારિત્રથી શરીરની રક્ષા કરનાર તે મુનિપુંગવો વંદનીય, પૂજનીય છે. વળી તે લોકો ધન્ય છે કે જેને આવા સદ્દ્ગુરુનો યોગ સાંપડે છે. અને ચિંતન મનન–પરિણામે રાજાને સાંસારિક વિષય સુખ તરફ નિરપેક્ષવૃત્તિ જન્મી. જેથી મન ધર્મારાધના કરવા તત્પર બન્યું. વિષયોની કારમી આસક્તિ, નારી પ્રત્યેની મમતા તૂટી ગઈ અને હવે તેમને સમતાસંગી બનવાના મનોરથો જાગ્યા. અને તેથી જ ત્યાર પછી રાજાએ મંત્રીઓને બોલાવ્યા અને તેમને વિજયચંદ્ર રાજવી પાસે જવાની આજ્ઞા કરી. તેને અહીં બોલાવી લાવવાનો સંદેશો આપ્યો. જેથી તે મહાત્મા આવીને રાજ્યનો ભાર વહન કરે. અને પોતાને આ ઉપાધિમાંથી મુક્તિ મળે તરત જ દેવની આજ્ઞાને પ્રમાણ કરી સંદેશો લઈને સુગુપ્ત–વામદેવ વગેરે મંત્રીઓ મહાપુરૂષોથી પરિવરેલા નગરથી નીકળ્યા. અને અનવરત પ્રયાણથી પદ્મખંડપુરમાં આવ્યા. ત્યાં વિજયચંદ્ર રાજવીની સભામાં ગયા. જોતાં વેંત જ તેણે તેમને ઓળખી લીધા કે, આ તો મારા પિતાજીના મંત્રીઓ છે.! તેથી સુંદર રીતે તેઓનું સન્માન કર્યું અને ઉચિત સમયે તેને નરપતિનો સંદેશો સુણાવ્યો.

ઘણાં સમયથી પિતૃમિલનની ઝંખના તો હતી જ, પણ આજ પિતાનો સંદેશો મળતા વિજયચંદ્ર રાજા તૈયાર થઈ ગયા. ત્યાં રાજકારભાર બરાબર કરી, કાર્પટિક સામંતની સાથે શ્રેષ્ઠહાથી, ઘોડા, વગેરે સામગ્રી સહિત વેગથી પ્રયાણ કરતાં હસ્તિનાપુર નગર સમીપે આવી પહોંચ્યા. વિજયચંદ્રના

આગમનના સમાચાર સાંભળી પ્રજા હર્ષ પામી. તેના પ્રવેશ મહોત્સવની તૈયારી અનુપમ કોટીની હતી. આખુ નગર ધ્વજ પતાકાથી સજ્જ કરવામાં આવ્યું હતું. શેરીએ-શેરીએ તોરણીયાં બાંધ્યા હતા, ત્રિક-ચત્વર-ચર્ચરમાં નાટચારંભ શરૂ થઇ ચૂકયો હતો. સમસ્ત નગરમાં આનંદની લહેરી લહેરાઈ ગઇ. વાતાવરણ આનંદથી ભરપૂર બની ગયું હતું.

ત્યારે રાજાએ પરમ ઐશ્વર્ય, ઋદ્ધિ, સમૃદ્ધિથી, પ્રશસ્ત તિથિ, મુહૂર્ત તથા યોગની પ્રાપ્તિ થતાં વિજયચંદ્ર રાજવીનો રાજમહેલમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં આવીને પિતાના ચરણકમલમાં પડયો. પુત્રવિયોગી પિતાએ પણ સ્નેહથી તેને આલિંગન કર્યું. અને તેને ખોળામાં બેસાડયો. પછી તેને મૂળથી પૃથ્વી પરિભ્રમણ સંબંધી વાતો પૂછી. સંતુષ્ટ વિજયચંદ્ર રાજવીએ પણ સર્વ હકીકત જણાવી, પછી ઉચિત સમયે રાજાએ પદ્મદેવના મૃત્યુની વાત કરી અને વિજયચંદ્રને કહ્યું: વત્સ! હવે સાંભળ! તારે મારી પ્રાર્થનાનો ભંગ કરવો નહીં. અત્યારે તું પૂર્વરાજવીના ક્રમથી પ્રાપ્ત થયેલ રાજ્યના મહાભારને વહન કર. તે સાંભળી વિજયચંદ્રે પિતાની ઘરવાસસંગ ત્યાગની ઇચ્છા જાણી. અને તે અરતિ પામ્યો અને શોક કરવા લાગ્યો. તે જોઇ મધુર વચનથી રાજાએ તેને આશ્વાસન પમાડયું અને તે વખતે તીર્થજલથી પૂર્ણ સુવર્ણ કલશો તૈયાર કરાવીને રાજ્યભાર વહન કરવા અનિચ્છા ધરાવતાં વિજયચંદ્રનો રાજ્યાભિષેક કરી રાજ્યપદે સ્થાપ્યો. પછી મંત્રી-સામંત પ્રધાનથી યુક્ત રાજાએ વિજ્ઞપ્તિ કરી. વત્સ! પહેલાં રાજ્યલક્ષ્મીને પ્રાપ્ત કરેલ તને રાજકાજનો અનુભવ

હોવા છતાં હું તને કંઇક કહું છું. જો કે તને કંઇ હિતશિક્ષા આપવાની નથી, તો પણ વત્સ! તું નીતિથી રાજ્યનું પાલન કરજે. રાજ્યલક્ષ્મી કેવલ ચિત્તને આકર્ષણ કરનારી છે. તેમાં તું લોભાઇશ નહીં. વળી હે વત્સ ! તું શયન, આસન, ભોજનાદિ કૃત્યોમાં અપ્રમત્ત બનજે. મૃત્યુના આ સ્થાનોથી તારા આત્માનું રક્ષણ કરજે. તું સદા ધર્મમાં પ્રયત્ન કરજે.

વળી ધર્મરહિત જીવ રાજ્યલક્ષ્મીને ભોગવવા સમર્થ થતો નથી. માટે ધર્મપાલનમાં પણ ઠીક-ઠીક સમય વ્યતીત કરજે. સુખ કે દુઃખમાં આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી તારૂં રક્ષણ એક ધર્મ જ કરશે, એ તું ધ્યાન રાખજે. વળી વત્સ! તું પ્રજાનો પાલકપિતા બની, એવી રીતે તેઓનું રક્ષણ કરજે કે તેઓ હંમેશા તને આશીર્વાદ આપવામાં તત્પર બને. તારા પ્રત્યે પ્રેમ-ભાવ અહોભાવથી તેમના મસ્તક ઝૂકી પડે. એવી રીતે હિતશિક્ષા પ્રદાન કરી રાજાએ વનવાસ સ્વીકાર્યો તાપસ-દીક્ષા અંગીકાર કરી અને ધર્મકાર્યમાં ઉદ્યમવંત થયો. આ બાજુ સૌભાગ્યસુંદરી ફરીથી વિજયચંદ્રને પ્રાપ્ત થયેલી રાજ્યલક્ષ્મી સમૃદ્ધિને જોઇ તેને જીરવી ન શકતી હૃદયમાં દુઃખિત થઇ મૃત્યુને પામી. વિજયચંદ્રરાજાએ પણ ઉભય-રાજ્ય પ્રબલકોષ, કોષ્ઠાગારને પ્રાપ્ત કરી, બીજા રાજાઓથી અધિક રાજ્યલક્ષ્મીથી શોભતો, ચિરકાલ વિષયસુખને ભોગવ્યા પછી સકલ કલામાં કુશળ પોતાના પુત્રને રાજ્યભાર અર્પણ કર્યો. એકવાર ધર્માભિમુખ થયેલો તે ચિંતવવા લાગ્યો. અહો ! કોઈ ભવમાં ઉપાર્જન કરેલ પુણ્ય હશે કે, જેથી મને પ્રતિકૂલ વસ્તુ પણ અનુકૂલપણે પરિણમી છે. તો ફરીથી પણ પરલોકમાં

સુખદાયી ધર્મનું હું આચરણ કરૂં. આ વાત તેણે કાર્પટિક સામંતને કરી. તેણે પણ તેનું વચન સ્વીકાર્યું. પછી ધર્મની વિશેષ જિજ્ઞાસાથી તેઓ શ્રી પુરૂષદત્તસૂરિની પાસે ગયા.

સૂરિભગવંતના દર્શનથી તે બન્ને હર્ષવિભોર બન્યા. તેમના દર્શનથી જ ચમત્કૃતિ સર્જાઇ, તો પછી તેમની વાણીનો પ્રભાવ તો કેવો હશે ! એમ વિચારી વાણીનું પાન કરવા તેઓ સૂરિભગવંત પાસે બેઠા. તેમણે પણ ધર્મરસિક, ધર્મ-શ્રવણની જિજ્ઞાસાવાળા તેમને ધર્મકથા કહીં. આ ધર્મકથા સંસારથી ઉદ્વેગ જગાડનારી હતી. તેનું શ્રવણ થતાં જ દુષ્કર્મરૂપી નિબિડ બેડી તૂટી ગઇ, તેમના કર્મપટલો શિથિલ થયા. આત્મ પ્રદેશ પર લાગેલી કર્મરજ ખરવા લાગી. તત્ત્વનું પાન કરવામાં તેઓ તત્પર બન્યા. જેથી મિથ્યાત્વરૂપી અંધ-કારથી ઢંકાઈ ગયેલી દૃષ્ટિ ઉન્મિલિત થઇ. તેમને ભવભ્રમણ કરાવનારા કર્મનું સ્વરૂપ સમજાયું. વિષય–કષાય વગેરેની દુષ્ટતા સમજાઈ. આ છે જિનશાસન દ્યોતક સૂરિવરના મુખ-કમલમાંથી પ્રગટેલી વાણીનો પ્રભાવ !

હવે સંવેગજનની ધર્મકથાના પાનમાં તરબોળ બનેલા બન્નેને સત્યની પિછાણ થઇ ગઈ. તેમને આત્મોન્નતિ કરવાના પરિણામ પ્રગટ્યા. પરિણામે ઘરવાસનાં ત્યાગની બુદ્ધિ પરિ-ણમી. વાણી શ્રવણથી અંધકાર ઉલેચાઇ જતાં તેમને આત્મ પ્રકાશ લાધ્યો.

ઇન્દ્રજાલ તુલ્ય સંસાર સ્વરૂપ દીઠું. સ્વજનાદિનો સંગમ બંધનસમ ભાસવા લાગ્યો. પરમાર્થથી સમસ્ત જગત દુઃખથી

પૂર્ણ લાગ્યું. જગતના જીવો અશરણ, અનાથ અસહાય લાગ્યા. તેમને અનેક આપદાઓની અનુભૂતિ કરતા નિહાળ્યા.

વાણીના પ્રભાવથી તે બન્ને જણા ધર્માનુરાગી થયા. રાગ-દ્વેષની અગન જ્વાળાથી જીવોને બળતા જોઇ, તેની ઉપશાંતિ માટે ઔષધ સમ દીક્ષા અંગીકાર કરવા તત્પર થયા અને તેમણે પોતાનો અભિપ્રાય સૂરિભગવંતને જણાવ્યો.

પછી ગુરુભગવંતને વંદના કરી, તેઓ રાજમહેલમાં આવ્યા. પોતાના પુત્રને રાજ્ય અર્પણ કર્યું બાદ વિજય-ચંદ્ર રાજવીએ હાથ જોડી કાર્પટિક સામંતને કહ્યું: મહા-ભાગ ! પરમાર્થથી તારા પ્રસાદથી જ મને આ ભોગવિલાસની પ્રાપ્તિ થઇ છે. એટલું જ નહીં, પણ રાજ્યસમૃદ્ધિ પણ તારા પ્રતાપથી જ મળેલી છે. વળી પરલોક વિશે હિતકારી અનુષ્ઠાન આદરવા મારૂં ચિત્ત તલસી રહ્યું છે. તૃણસમ નિઃસાર સંસાર સ્વરૂપને જોઇ હું ધર્મધુરા વહન કરવા ઇચ્છું છું. તો જો તું કહે, તો પદ્મખંડનગર સમર્પણ કરવા દ્વારા તને રાજપદે સ્થાપન કરૂં, અથવા ઉભયરાજ્ય તને સોંપું અથવા તો તને જે મનપસંદ હોય, તે સર્વ વસ્તુ સંપાદન કરૂં અને ઋણમાંથી મુક્ત થઈ હું આત્મકલ્યાણની કેડી એ પ્રયાણ કરૂં.

તે સાંભળી તેની આંખો અશ્રુપૂર્ણ બની. એકદમ અશ્રુ-ધારા વહી રહી છતાં નિષ્કપટ કાર્પટિક સામંતે કહ્યું :

હે દેવ ! અનુચિત સંભાવના ગર્ભિત આપ આમ કેમ બોલો છો ? શું હું તમારા ચરણ કમલથી વિખૂટો પડેલો મુહૂર્ત માત્ર પણ રહી શકું ખરો ? વળી હે દેવ ! દીપક વિના મંદિર કિશ્યો ! ચંદ્રમા વિનાની રાત્રિની શી શોભા ! તેમ

તુજ મુખ દર્શન રહિત નિસ્સાર રાજ્યલાભાદિ વડે મને શું? વળી મહારાજ! તમે મને જે પહેલા કહ્યું કે, તારા મનોવાંછિતને હું પૂર્ણ કરૂં. તો દેવ! આપના વિરહમાં તે શી રીતે સંભવશે?

વળી મૂશળધાર વરસતા મેઘનું જલ શું પર્વતના શિખર ઉપર અવસ્થાન કરી શકે? તો પછી તારા સાન્નિધ્યથી પ્રાપ્ત થયેલી ઋદ્ધિ–સમૃદ્ધિ શું નિષ્પુણ્યક સંતપ્ત એવા મારી પાસે ટકી શકશે? તો પછી દેવ! ઘરવાસમાં પણ તુજ પાદપદ્મ પ્રભાવથી મને ઋદ્ધિ સાંપડી, તો પરલોકમાં પણ તારા જ સાંનિધ્યથી મને પ્રાપ્ત થાઓ. વળી દેવ! તમારી સાથે જ પહેલા મેં દુષ્કર કાર્ય કરેલ, તો પછી અત્યારે તમારી સાથે જ મારૂં જીવન યા મરણ થાઓ. આપણે સાંસારિક સુખમાં ભાગી બન્યા. તેમ ત્યાગમાં પણ સંગી બનીએ.

આ પ્રમાણે રાજાએ તેનો નિર્ણય જાણી લીધો. તે સાથે આનંદિત થયો તેના સ્વામી સમોવડા બનવાના ભાવ જાણ્યા, એટલું જ નહીં પણ તે સંયમની સ્વીકૃતિ કરવા સજ્જ થયો. પછી રાજાએ દીન અનાથોનો ઉદ્ધાર કરવા દાન દીધું. બંદીખાનામાંથી અપરાધીઓને મુક્ત કર્યા. સંઘ અને જિનભવન જિનમૂર્તિની પૂજા કરી. જગતના સમસ્ત જીવોને આનંદ પમાડનાર મહોત્સવપૂર્વક અણગાર બનવા કેટલાક રાજકુમાર સહિત, સ્વામી સમોવડા બનવાની ભાવના સેવતા કાર્પટિક સામંતની સાથે શ્રીપુરૂષદત્તસૂરિની પાસે વિજયચંદ્ર રાજવીએ દીક્ષા અંગીકાર કરી.

સાધુ–સમાચારીનું પાલન કરવાપૂર્વક ગુરુવિનયમાં તત્પર, તપશ્ચર્યા કરતા તે બંને ક્ષીણશરીરી બન્યા. કર્મરિપુની સામે

લડવા આપદાઓનો સામનો કરવાં તેણે ગુરુ ભગવંતની અનુજ્ઞા લઈ સંલેખનાપૂર્વક અણુસણ સ્વીકાર્યું. જીવનને ધન્ય બનાવવા તે આત્માસાધનામાં લયલીન થયા. સંયમી–જીવનનું ઉત્તમ રીતે પાલન કરી, આયુષ્ય ક્ષયે મરીને તે કાર્પટિક મુનિ તથા વિજયચંદ્ર રાજર્ષિના આત્મા દેવલોકના અતિથિ બન્યા.

ત્યાં તેઓ દેવાલયમાં સૌધર્મદેવ લોકમાં પુષ્પાવતંસક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, બંને આત્માનું ત્યાંથી ચ્યવન થયું અને માનવલોકમાં અવતરણ થયું.

માનવ લોકમાં અવતરી આજ ભરતક્ષેત્રમાં શ્રાવસ્તિ નગરીમાં રાજકુલમાં રાજપુત્રો થયા, ત્યાં બન્નેના નામ અનુક્રમે જય અને વિજય પાડવામાં આવ્યા. પૂર્વભવના અભ્યાસથી તેઓ ધર્મમાં પરાયણ થયા. તે પરસ્પર ગાઢ મૈત્રીભાવ ધરાવવા લાગ્યા. અનુક્રમે તેઓએ કુમારાવસ્થાને પ્રાપ્ત કરી.

બન્ને સહયોગી એકબીજા વિના ફરી શકતા ન હતા., તેથી સાથે જ સ્નાન વિલેપન ભોજનાદિ ક્રિયામાં દિવસો પસાર કરતા હતાં. સાથે જ શાસ્ત્રાભ્યાસ કર્યો. અને સમગ્ર કલાઓના જ્ઞાતા થયા.

યૌવન વયમાં પ્રવેશ કરવા છતાં વિષયથી વિમુખ ધર્મ-કાર્યમાં ઉદ્યમી અને મુનિપાદ પંકજની સેવામાં હમેંશા રહેતાં હતાં. વિષયસુખની આકાંક્ષા રહિત તેઓ નારી પરિગ્રહ સંબંધી વાત પણ સાંભળવા ઇચ્છતા નહીં, તે વાત પણ તેમના કાનને પીડા ઉપજાવતી હતી. તો પછી પાણિગ્રહણ તો ક્યાંથી કરે ? કાદવમાં નિર્લેપ રહેનાર પંકજની જેમ સંસારમાં ઉત્પન્ન થવા છતાં કર્મભોગથી નિર્લેપ રહી તેઓ

સર્વવિરતિનાં ભાવમાં રમતાં હતાં. તેથી સંયમના અભિલાષી તેઓના દિવસો અધ્યાત્મ–ચિંતનમાં પસાર થતાં હતાં.

એકવાર રાત્રે તેમણે સ્વપ્ન નિહાળ્યું. સ્વપ્નમાં દેવતાએ પ્રગટ વાણીમાં કહ્યું: મહાનુભાવ! તમારું આયુષ્ય થોડું છે. તેથી આશ્રમપદમાં જઈ કેવલલક્ષ્મીથી સનાથ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણકમલમાં જીવન સમર્પિત કરો. અને દેવ અસુરોને પણ માનનીય એવી ઉત્તમ ગણધર પદવીને વરો." સ્વપ્નાવસ્થામાં દેવતાની વાણી સાંભળી તેઓ જાગૃત થઈ વિચારવા લાગ્યા. આ શું? સ્વપ્નાવસ્થા કે જાગૃત અવસ્થા? દેવ દર્શન નિષ્ફળ ન હોય. ન જોયેલું ન સાંભળેલું આવું સ્વપ્ન અમારા જેવાને ક્યાંથી સંભવે? માટે તેનું સુવિશિષ્ટ ફળ હોવું જોઈએ અને વિકલ્પતરંગમાં મશગુલ બનેલા બન્ને સ્વપ્નાનુસારે "આયુષ્ય થોડું છે." એમ જાણી બોધ પામ્યા. અને માનવ જીવનની સફળતા પ્રાપ્ત કરવા તેમજ અંતરંગ ભાવનાને સાકાર કરવા માતા–પિતાને સ્વપ્નની વાત કરી. પછી પ્રધાન પુરૂષો સહિત તેઓ આશ્રમપદમાં આવ્યા. અને અશ્વસેન નરપતિ! મારી પાસે પ્રવ્રજ્યા સ્વીકારી અનુક્રમે બન્ને જણા ગણધર પદવી વર્યા.

હે અશ્વસેન નરવર! તમે પૂર્વે પૂછેલ દશગણધરોના પૂર્વભવ સંબંધી વૈરાગ્યદાયી, ધર્મના મર્મ સમજાવનારી કથાઓ મેં સંપૂર્ણપણે કરી.

ત્યારે ભાલતલ પર કર કમલને સ્થાપિત કરી રાજવીએ કહ્યુ." ઓ નાથ! આપ વિના કોણ મને કહેવાને સમર્થ થાય? અને આપ લોકાલોક પ્રકાશી જ્ઞાનને ધારણ કરનારા,

અતીત અનાગત, વર્તમાનના ભાવોને જાણનારા છો, આપની આગળ તો આ થોડું જ છે ?

ખરેખર તેઓ મહાસત્વશાલી છે. તેઓજ ધન્યવાદને પાત્ર છે. કે જેઓ આપના ચરણ કમલના દર્શનથી પ્રમોદભાવની અનુભૂતિ કરે છે. વળી તે દશગણધરો પણ મહાભાગ્યશાલી છે કે, જેઓ પ્રતિદિન સમગ્ર સંશય હારિણી આપના મુખકમલમાંથી નીકળતી અમૃતતુલ્ય ધર્મવાણીનું શ્રવણ કરે છે. તેઓના જીવનને પણ ધન્ય છે કે તેમણે પોતાના જીવનને સફલ બનાવ્યું. મનુષ્ય જન્મને વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્તિ દ્વારા સફલ કર્યો. વળી નાથ ! તારી આજ્ઞાને મસ્તકે ચઢાવનાર ત્રિભુવનને પૂજનીય બને છે. અને પુણ્યશાળી જીવો તારા ચરણકમલની સેવા કરી સુખપૂર્વક દિવસો પસાર કરે છે.

તે ધન્ય ! મહાભાગ્યશાલી ! મહાસત્વશાલી ! કે જેઓ તારા ચરણપંકજની ઉપાસના દ્વારા શ્રેષ્ઠ ગણધરપદવી વર્યા ! જ્યારે અમારા જેવા પામર જીવો આશારૂપી તૃષ્ણામાં ફસાએલા રહે છે. તુચ્છ રાજ્યકાર્યમાં સદા ઉદ્યમી, સંતાપકારી, બંધનભૂત ગૃહવાસમાં પણ બંધુપણાની બુદ્ધિ ધરાવતા અમારૂં જીવન નિરર્થક છે.

હે નાથ ! આવા જીવિતનું ફળ દુર્ગતિ જ છે. હે નાથ ! વળી ગૃહવાસને તિલાંજલી દઈ તુજ ચરણ કમલની સેવા કરી શકતો નથી, પણ વાત્સલ્યનિધિ કૃપા સાગર સદા કૃપાદષ્ટિ વર્ષાવજો. અમારો પણ ઉદ્ધાર કરજો એમ કહી અશ્વસેન મહારાજા વિરામ પામ્યા.

—સંપૂર્ણ—

विशाल साहित्यसर्जक-संपादक पू. आचार्य म. श्री विजय कनकचन्द्र सूरीश्वरजी महाराजश्री द्वारा लिखित संपादित

## हिन्दी प्रकाशन

| | |
|---|---|
| पर्युषण के प्रेरक प्रवचन | ३-५० |
| बीत गई रात जाग उठा प्रभात | ५-०० |
| बूझ गई बत्ती जल रही ज्योति | ६-०० |
| जाग मुसाफिर भोर भई | ७-०० |
| पतन और प्रायश्चित | १२-५० |
| दीप से दीप जले | ४-५० |
| नवपद आराधना विधि | ७-०० |
| धर्म का मर्म | ६-०० |
| शांत सुधारस भावना | २-०० |
| त्रिषष्टि जिनेन्द्र स्तव संग्रह | २-०० |
| स्वप्नद्रव्य देवद्रव्य ही है | ६-०० |
| स्वाध्याय दोहन द्वितीयावृत्ति (प्रेसमें) | |

श्री वि

मणीला

ठी. केशर निवास, ग. ५ (उ.गु.)